Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Solanki, Ram B., 2010, *ઋગ્વેદ મંત્રસંહિતામાં આર્ય-અનાર્ય સંઘર્ષ" એક અધ્યયન*, thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/295

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટની વિનયન વિદ્યાશાખાની
પીએચ.ડી(સંસ્કૃત)ની પદવી માટે રજૂ કરવામાં આવનાર

# મહાનિબંધ

## 'ઋગ્વેદ મંત્રસંહિતામાં આર્ય-અનાર્ય સંઘર્ષ' એક અધ્યયન

(Arya and Anarya struggle in Rigved mantra samhita - A study)


**: સંશોધક :**

**પ્રા. સોલંકી રામ ભીમાભાઈ**

યુ.જી.સી. નેટ(સંસ્કૃત)
એમ.એ.(સંસ્કૃત)
પ્રાધ્યાપકશ્રી, મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ-કીડીવાવ
તા. વેરાવળ, જી. જૂનાગઢ

**: માર્ગદર્શકશ્રી :**

**પ્રો. ડો. એમ. એ. રામદેવપુત્રા**

અધ્યક્ષશ્રી, સંસ્કૃત વિભાગ
શ્રી કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ કોલેજ,
અમરેલી


ઈ.સ.૨૦૧૦

# જાહેરનામું

આથી હું સોગંદપૂર્વક જાહેર કરું છું કે પ્રસ્તુત મહાનિબંધ રૂપે થયેલું સંશોધન કાર્ય મેં સંલગ્ન ગ્રંથસૂચિમાં નિર્દિષ્ટ મૂળગ્રન્થો અને સંદર્ભગ્રન્થોના આધારે તૈયાર કરેલું છે. તેમાં આવતા નિરૂપણ અને નિષ્કર્ષ મૌલિક છે. તેની મૌલિકતાની ખાતરીપૂર્વક જાહેરાતથ કરું છું. આ મહાનિબંધમાં રજૂ થયેલા મંતવ્યો અને વિગતો માટેની જવાબદારી મારી પોતાની છે.

તારીખ : (આર. બી. સોલંકી)

સ્થળ : રાજકોટ

# પ્રમાણપત્ર

આથી હું પ્રમાણિત કરું છું કે પ્રા. રામભાઈ ભીમાભાઈ સોલંકી દ્વારા પ્રસ્તુત થનાર મહાનિબંધ "ઋગ્વેદમન્ત્ર સંહિતામાં આર્ય–અનાર્ય સંઘર્ષ – એક અધ્યયન" તેમનું મૌલિક અને સ્વતંત્ર સંશોધન કાર્ય છે. તેમણે મારા માર્ગદર્શન નીચે આવશ્યક અભ્યાસ – પરામર્શ અને સૂચનો દ્વારા તૈયાર કરેલ છે.

તારીખ :

સ્થળ : રાજકોટ

પ્રો. ડો. માધવદાસ એ. રામદેવપુત્ર
માર્ગદર્શક
અધ્યક્ષ, સંસ્કૃત વિભાગ,
શ્રી કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટસ
કોલેજ, અમરેલી

# ઋણ સ્વીકાર

આ મહાનિબંધ આર્ય–અનાર્ય સંઘર્ષ–તૈયાર કરવા માટે મેં અનેક વિદ્વાનો અને તેની કૃતિઓની સહાયતા લીધી છે. તે બધાજ લોકો પ્રત્યે સન્માન પ્રદર્શિત કરવાનું મારું પરમ કર્તવ્ય સમજું છું. આ બાબત સૌપ્રથમ મારા માર્ગદર્શક શ્રી એમ. એ. રામદેવપુત્રા સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું. જેમની કૃપા પ્રાપ્ત કરીને હું મારું કાર્ય કરી શક્યો જો તેમની સહાયતા ન મળી હોત તો વેદ જેવા વિષયનું આ કાર્ય દુષ્કર બન્યું હોત. આ ઉપરાંત જેમાં ચરણ–કમળમાં બેસીને પાંચ વર્ષ સુધી સંસ્કૃત કાવ્યમંજરીનું રસપાન કરવાની તક મળી છે તેવા ડો. આર. એ. ચોટલીયા સાહેબનો પણ આભાર માનું છું. જેમણે મને ખૂબ જ પ્રોત્સાહિત કર્યો છે. તેમજ મારા કોલેજકાળ ના સહાધ્યાયી અને પરમ મિત્ર ડો. આર. એન. કાથડ સાહેબ જેણે મને સંદર્ભ પુસ્તકોની સહાયતા કરી છે જેનો અતઃકરણપૂર્વક આભાર માનું છું. આ ઉપરાંત મારા કુટુંબિજનો અને મારી પત્ની ભાવના સોલંકી જેનો પણ આભાર માનવો યથાસ્થાને છે.

ઉપરોક્ત બધા જ મહાનુભાવોની પ્રેરણા, પ્રોત્સાહન માર્ગદર્શનના ત્રિવેણી સંગમથી આ કાર્ય સમ્પન્ન થયું છે. તેથી તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. સાથે સાથે મારી માતૃસંસ્થા શ્રી મહિલા આર્ટસ એન્ડ કોમર્સના સંચાલક શ્રી સંજયભાઈ ડોડીયાનો પણ આભારી છું. તેમજ ચોકસી એન્ડ ચોકસી કોલેજની લાઈબ્રેરી, શારદાગ્રામ આર્ટસ કોલેજની લાઈબ્રેરી, એન. પી. આર્ટસ એન્ડ કોર્મસ કોલેજની લાઈબ્રેરી તથા સંસ્કૃત ભવનની લાઈબ્રેરીના કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓનો આભાર માનું છું.

આ મહાનિબંધ અંતે બે પરિશિષ્ટો આપેલા છે તેમજ સંદર્ભ પુસ્તકનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

તારીખ : (આર. બી. સોલંકી)

સ્થળ : રાજકોટ

## પૂર્વભૂમિકા :

ગુજરાત રાજ્યનાં માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી યોગ્ય જ કહે છે ભારત વૈદિક સાહિત્યમાં વિ✓ની તમામ સમસ્યાઓનું સમાધાન રહેલું છે. વિજ્ઞાન, ધર્મ, જ્ઞાન, આધ્યાત્મિક વિચારો વગેરેની પૂર્ણ માહિતી વૈદિક સાહિત્યમાંથી મળી રહે તેમ છે. વેદો વિના વિચાર કે ચિંતનની કોઈ ધારા પ્રવાહિત થવી શક્ય નથી. સમષ્ટિરૂપમાં વેદોએ સમગ્ર તથા ભારતીય જન–જીવનમાં ✓ાસો✓ાસ સમાન સિદ્ધ થયેલાં અગણિત સિદ્ધાંતોની પુષ્પ વાટિકા છે. લૌકિક જગતને નિહાળવા માટે ચર્મચક્ષુઓની જરૂર પડે તેમ અલૌકિક રહસ્યોને નિહાળવા માટે વેદો ખૂબ જ ઉપયોગી છે. ભારતીય પરંપરા મુજબ વેદો લોકહિત રચેલી પરબ્રહ્મની સૃષ્ટિ સમાન છે. તેથી વેદોનો અભ્યાસ પ્રત્યેક જન માટે આવશ્યક જ નહીં પણ અનિવાર્ય છે.

કોઈપણ રાષ્ટ્રની મહત્તાનું માપદંડ તે રાષ્ટ્રની સંસ્કૃતિ છે. હિમાલય પૃથ્વીનાં માપદંડ સમાન છે તો હિમાલયનાં દેશની સંસ્કૃતિ વિ✓સંસ્કૃતિનો માપદંડ થવાની ક્ષમતા ધરાવે છે. ઐતિહાસિક દષ્ટિએ મૂલવતાં વિ✓ની કોઈપણ પ્રજાના ઉપલબ્ધ પ્રાચીન સાહિત્ય કરતાં વેદો પ્રાચીનત્તમ સાહિત્ય છે. ૨૧મી સદીમાં પ્રવેશી ચૂકેલા કોઈપણ માનવીને વેદોથી અલિપ્ત રહેવું શકય નથી. વૈજ્ઞાનિક શોધ કરવી હોય કે માનવજાતિનો પ્રારંભિક વિકાસક્રમ જાણવવો હોય તો વેદોનું અધ્યયન આવશ્યક છે.

**वेद** શબ્દના અનેક અર્થો થાય છે તેમાં મુખ્ય અર્થ 'જ્ઞાન' થાય છે. જ્યારે અન્ય અર્થોમાં ગ્રન્થ કે સાહિત્ય એવો અર્થ થાય છે. **वेद** જ્યારે એક વચનમાં પ્રયોજાય ત્યારે તેનો અર્થ જ્ઞાન થાય છે અને બહુવચનમાં પ્રયોજાય ત્યારે તેનો અર્થ **ऋक्, यजुष** અને **साम** તથા **अथर्व** નો ધોતક બને છે.

વેદના અર્થની જેમ તેના પર્યાયો પણ ઘણા છે સામાન્ય રીતે **श्रुति, आम्नाय, 'निगम'** એ વેદોના પર્યાય છે. શ્રુતિ એ વેદોનો પ્રથમ પર્યાય છે કારણ કે વેદો પ્રાચીન–કાળમાં ગુઢ–શિષ્ય પરંપરા મુજબ કર્ણોપકર્ણ કરવાની પ્રથા અમલમાં હતી. પરિણામે તેનું **श्रुति** એવું નામ આપવામાં આવ્યું. આ પ્રમાણે **निगम** અને **आम्नाय** પણ વેદ માટે વપરાતો શબ્દ છે.

**अनुश्रव** પણ વેદ માટે વપરાતો શબ્દ છે. શ્રુતિ પરંપરા મુજબ વેદોને મૌખિક રીતે જાળવવામાં આવતાં. અહીં એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે સાંભળીને યાદ રાખતા તેથી જે સાંભળવામાં આવે છે તેને "અનુશ્રવ" નામ આપવામાં આવ્યું છે.

વેદોની સંખ્યા ચાર છે. એટલે **ऋक्, यजुष** અને **साम, अथर्वण** પરંતુ વેદો માટે સામાન્ય રીતે 'ત્રયી' શબ્દનો પ્રયોગ થાય છે. ત્રયીનો સંખ્યાવાચક અર્થ 'ત્રણ' ગણવાનો નથી પરંતુ ત્રયી શબ્દ ત્રણ પ્રકારની વિદ્યાના અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. વળી ઋગ્વેદમાં જ **चत्वारी शृङ्गाः त्रयो यस्य पादाः ।** માં **चत्वारि** નો અર્થ ચાર વેદો એમ બતાવ્યું છે. એટલે વાસ્તવમાં વેદોની સંખ્યા ચાર છે.

વૈદિક સાહિત્યની વાત કરીએ છીએ ત્યારે એક વાત અવશ્ય સ્પષ્ટ કરવી જરૂરી છે કે વેદોમાં સંહિતાઓ, બ્રાહ્મણ ગ્રન્થો અને ઉપનિષદો આટલા સાહિત્યનો સમાવેશ થાય છે એટલે સંહિતાઓ પહેલા આવે છે ત્યારપછી બ્રાહ્મણગ્રન્થો, આરણ્યકો, ઉપનિષદો, કલ્પસૂત્રો વગેરેનો સમાવેશ થાય છે.

વૈદિકસંહિતાઓ પછીનું સાહિત્ય તેને બ્રાહ્મણ ગ્રન્થો કહેવામાં આવે છે. બ્રાહ્મણ ગ્રન્થ બીજી રીતે એક પ્રકારનું ભાષ્ય છે. તેમાં મુખ્ય વિધિ, વિનિયોગ, હેતુ, અર્થવાદ, નિઢકિત અને આખ્યાન એવા ૭ પ્રતિસાદ્ય વિષયો છે. બ્રાહ્મણ ગ્રન્થોનો આધાર મુખ્યત્વે સંહિતાઓ ઉપર છે અલગ–અલગ સંહિતાઓમાં અલગ–અલગ બ્રાહ્મણ ગ્રન્થો આવેલાં છે.

સંહિતાઓ, બ્રાહ્મણ ગ્રન્થો, આરણ્યકો અને ઉપનિષદો એ ક્રમ મુજબ જોઈએ તો આરણ્યકો ત્રીજા સ્થાને આવે છે. અરણ્યમાં પઠન કરવામાં આવતું હોવાથી આરણ્યક એવી સંજ્ઞા આપવામાં આવી છે. બ્રાહ્મણ ગ્રન્થોની જેમ આરણ્યકો પણ સંહિતા મુજબ અલગ–અલગ આવેલા છે.

વેદોનો અંતિમ ભાગ એટલે વેદાંતો– જેને **उपनिषद** એવું નામ આપવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં ઉપનિષદોનું સ્થાન પ્રાચીન કાળથી અદ્વિતીય રહ્યું છે. પ્રસ્થાનત્રયીમાં ઉપનિષદોનું સ્થાન પ્રથમ છે. ઉપનિષદોની સંખ્યા ચારે સંહિતાઓ મળીને ૧૦૮ની માનવામાં આવે છે. પરંતુ વર્તમાન સમયમાં ૧૦ ઉપનિષદો પ્રાપ્ત થાય છે.

ચારે વૈદિકસંહિતામાં ઋગ્વેદસંહિતા સૌથી પ્રાચીન ગણવામાં આવે છે તેમાં પણ બીજા મંડળથી માંડીને આઠમાં મંડળ સુધીના ભાગને ખૂબ જ પ્રાચીન મનાય છે. ઋગ્વેદમાં મંડળ પ્રમાણે વિભાજન જોઈએ તો ૧૦ મંડળોમાં તેનાં મંત્રોનું વિભાજન કરવામાં આવ્યું છે. મંડળ, દૃષ્ટા ઋષિ અને છન્દ પણ પ્રત્યેક મંડળના અલગ–અલગ જોવા મળે છે. (પરિશિષ્ટમાં વધુ વિગતો સામેલ છે).

ઋગ્વેદના પ્રતિપાદ્ય વિષયોમાં તેના મંત્રોનું વિભાજન અલગ–અલગ રીતે કરવામાં આવે છે. ઋગ્વેદમાં ૧૦૨૮ સૂક્તોનું તેના સૂક્તોના વિષય મુજબ જોઈએ તો જુદાં જુદાં દેવતાઓની કલ્પના કરીને લગભગ ૭૭૪૬ મંત્રોમાં તે દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના કરી છે. તેવા સૂક્તોના મંત્રોમાં નાટયાત્મકા–સંવાદ જોવા મળે છે તેથી તેને સંવાદસૂક્તો કહે છે તેની સંખ્યા ૧૯ છે જ્યારે કેટલાંક મંત્રોમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક ચર્ચા કરવામાં આવી છે તેથી તેને દાર્શનિક સૂક્તો કહેવામાં આવે છે. કેટલાક સૂક્તોમાં પ્રકૃતિના વિવિધ તત્ત્વોની પ્રશંસા કે સ્તુતિ કરવામાં આવી હોવાથી તેને પ્રકૃતિ સૂક્તો કહે છે. જ્યારે અમુક સૂક્તોમાં વેદકાલિન સામાજિક સમસ્યાઓ અને તેનું સમાધાન બતાવવામાં આવ્યું હોવાથી તેને સામાજિક સૂક્તો કહે છે. જ્યારે અમુક મંત્રોમાં ઐતિહાસિકતા જોવા મળે છે. તેના આ મહાનિબંધનો આધાર હોવાથી તેના વિશે ચર્ચા કરી લઈએ.

વૈદિક સાહિત્યના સર્જન થયા પછી તેના વ્યવસ્થિત અભ્યાસ માટે અલગ–અલગ પદ્ધતિઓ આવી આચાર્ય યાસ્ક નિરુક્તમાં આવી ૭ પદ્ધતિઓની ચર્ચા કરે છે. તેમાંથી એક પદ્ધતિ એટલે ઐતિહાસિક પદ્ધતિ. આ પદ્ધતિ પ્રમાણે પણ વેદોનું અધ્યયન કરવામાં આવે છે તેવું યાસ્ક જ નિરુક્તમાં કહે છે.

સામાન્ય રીતે આપણને પ્રશ્ન થાય કે વેદોની રચના ભારતીય પરંપરા મુજબ અપૌઢષેય માનવામાં આવે છે. ઋષિઓને વેદોના દૃષ્ટા માનવામાં આવે છે તો તેમાંથી ઈતિહાસ છે તેનો પણ ઈન્કાર કરી શકાય તેમ નથી. કેમ કે એવા ઘણા પ્રસંગો પ્રાપ્ત થાય છે તેમાં ઈતિહાસ વિષયક અર્થગ્રહણ કરવો પડે તેમ છે. ઋગ્વેદમાં આવતો **दासराज्ञयुद्ध प्रसंग** આ પ્રસંગને સંસ્કૃત સાહિત્યના વિદ્વાનો ઐતિહાસિક પ્રસંગ તરીકે માન્ય રાખે છે.

"દશરાજ્ઞપ્રસંગ" આ પ્રસંગનું કથા વસ્તુ જોઈએ તો, ઋગ્વેદના સમયનાં ૧૦ રાજાઓની વચ્ચે આ યુદ્ધ થયેલું હતું. જે ઋગ્વેદસંહિતાના મંડળમાં આવેલું છે તેમાં વસિષ્ટએ ત્રણ સૂક્તોમાં આ યુદ્ધનું વર્ણન કર્યું છે. આ સંગ્રામ ભરતવંશના રાજાઓનો

અન્ય દસ રાજાઓ વચ્ચે થયેલો હતો. ભરતોના પ્રસિદ્ધ રાજા સુદાસ હતો. તેના પુરોહિત વિ✓ામિત્ર હતાં. કોઈપણ કારણે સુદામે વિ✓ામિત્રને પુરોહિત પદેથી દૂર કર્યા તેથી વિ✓ામિત્રે તેના અપમાનનો બદલો લેવા માટે તેની સામે આ સંગ્રામ માંડ્યો હતો.

સુદાસ નામના આર્ય રાજાની સામે વિ✓ામિત્રે બીજા દસ આર્ય–આર્યેતર રાજાઓ તૈયાર કર્યા હતાં. આ રાજાઓમાં **पुढ, यदु, तुर्वश, अनु, दुह्य, अलिन, भलनस, शिव, यक्थ** તથા **विशाषिन्** આ દશ રાજાઓ સુદાસ સાથે લડ્યા હતાં પરંતુ સુદાસના પુરોહિત વસિષ્ટ હોવાથી આ યુદ્ધમાં સુદાસનો વિજય થયો હતો. ઋગ્વેદના અભ્યાસી વિદ્વાનો આ બધા જ રાજાઓને ઐતિહાસિક રાજાઓ તરીકે સ્વીકારે છે. કેટલાંક વિદ્વાનો આ સંગ્રામમાં અનાર્થ કે આર્યતઢ રાજાઓ જોડાયા હતાં તેવું કહે છે.

'આર્ય–અનાર્ય સંઘર્ષ' આ વિષય પર મહાનિબંધ લખવાની પ્રેરણા મને દશરાજ્ઞયુદ્ધ પ્રસંગમાંથી મળે છે. કેમ કે તેમાં જે રાજાઓ મળે છે તેને ઐતિહાસિક રાજા તરીકે સર્વમાન્ય રીતે સ્વીકારવામાં આવે છે. ઋગ્વેદસંહિતાના અમુક મંત્રોમાં આ રાજાઓનો સંબંધ અન્ય રાજાઓ અનાર્ય રાજાઓ સાથે જોડવામાં આવે છે. દા.ત. શમ્બર નામના અસુરાનો વધ ઋજિ✓ાન માટે કરવામાં આવે છે. જ્યારે તેની સહાયતા કરવા માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો. તેમાં પણ જ્યારે શમ્બર વગેરે નામનો ઉપયોગ થયો છે ત્યાં **दास, असुर, दस्यु** જેવા વિશેષણો અચૂક વપરાયેલા જોવા મળે છે.

આમ ઋગ્વેદસંહિતામાં બહુજન હિતાય બહુજન સુખાય માટેના અંગો છે સાથે–સાથે તત્કાલીન સામાજિક સંઘર્ષનું આલેખન પણ જોવા મળે છે. વળી ઋગ્વેદમાં બે વર્ગો સ્પષ્ટ રીતે જોવા મળે છે. એક આર્ય અને બીજો **दास, दस्यु** કે **असुर** આ બંન્નેની સામાજિક અને સાંસ્કૃતિક માન્યતાઓ પણ અલગ હતી. આર્યો અગ્નિપૂજક, દેવતાઓની સત્તામાં વિ✓ાસ રાખનારાં તથા યાજ્ઞિક અને વ્રતનિષ્ઠ હતાં. જ્યારે અનાર્યો આર્થિક રીતે સાધન સંપન્નવાળાં હોવા છતાં દાન–ધર્મ યજ્ઞો ક્રિયાકાંડ તથા દેવતાઓની સત્તાનો વિ✓ાસ કરતાં ન હતાં આથી બંને વચ્ચે સંઘર્ષો થતાં તેમાં ઈન્દ્રની સહાયતાથી આર્યોનો વિજય થયો.

ઋગ્વેદમાં આર્ય–અનાર્ય સંઘર્ષ માનવા માટે મને બીજું મહત્ત્વનું પાસુ એ જોવા મળ્યું કે નદીઓ અને પર્વતોના ઉલ્લેખો છે આજે પણ વિદ્યમાન છે. દા.ત. ઋગ્વેદમાં **सप्तसिंधु** નો પ્રયોગ વારંવાર થયેલો જોવા મળે છે તેના દ્વારા સાત નદીઓનો અર્થ

ઘટાવવામાં આવે છે. આ સાત નદીઓ વર્તમાન સમયમાં ઉત્તર ભારત તથા પાકિસ્તાનમાં વહે છે. કહેવત છે કે આર્યોનું નિવાસ્થાન ઉત્તર–ભારતમાં સપ્તસિંધુના કિનારે હતું. બીજું વર્તમાન સમયમાં હડપ્પા અને મોહેન્જો–દડો નામનાને પ્રાચીન નગરો મળી આવ્યા તેના દ્વારા એવું બતાવવામાં આવે છે આર્યો એ ભારત આગમન સમયે સિંધુઘાટીમાં વિકસીત થયેલી સંસ્કૃતિનો નાશ કર્યો અને ઋગ્વેદમાં જ કહ્યું છે **कुणवन्तु विक्तं आर्यम् । दासवणं अधरगुहाकः ।**

આમ આર્ય–અનાર્ય સંઘર્ષ એ જાતિઓનો સંઘર્ષ નથી પરંતુ બે સંસ્કૃતિઓનો સંઘર્ષ છે. બંને સંસ્કૃતિઓ પોત–પોતાના સ્થાને સાચી છે. પરંતુ બંને લોકોની માન્યતાના ભેદના લીધે બંને વચ્ચે સંઘર્ષ થયો. સંઘર્ષ પછી સમન્વય થયો તેમાંથી સુવ્યવસ્થિત આર્ય સંસ્કૃતિનો ઉદય થયો એ રજૂ કરવાનો મારો મૌલિક પ્રયત્ન છે.

આ મહાનિબંધ લખવાનો વિચાર દાસરાજ્ઞ યુદ્ધમાંથી સ્ફૂર્યો ત્યારપછી તેના વિશે લગભગ પાંચ વર્ષ સુધી અધ્યયન કર્યું ત્યારપછી મારા વંદનીય માર્ગદર્શકશ્રી એમ.એ. રામદેવપુત્રા સાહેબના માર્ગદર્શન, મદદ દ્વારા આ મહાનિબંધ તૈયાર કર્યો. વેદના વિષયનું હું વિશ્લેષણ કરી શકું તેટલો હું સમર્થ ન હતો પરંતુ સંસ્કૃત અભ્યાસી મિત્રોનો સાથ સહકાર મને સાંપડયો છે. આ તકે જેની છત્રછાયા નીચે પાંચ વર્ષ સુધી બેસીને સંસ્કૃત કાવ્યમંજરીનું રસપાન કરવાની તક મળી છે તેવા ડો. આર. એ. ચોટલીયા સાહેબનો હું ખૂબ ખૂબ ઋણી છું તથા જેની સાથે મહાધ્યાયી રહી પાંચ વર્ષ સુધી અભ્યાસ કર્યો છે તેવા ડો. આર. એન. કાથડસાહેબનો આભાર માનું છું આ ઉપરાંત મારા કુટુંબીજનો અને મારી ધર્મપત્ની શ્રી ભાવના સોલંકીનો આભાર માનવો યથાસ્થાને છે.

ઉપરોકત બધા જ મહાનુભાવોની પ્રેરણા પ્રોત્સાહન માર્ગદર્શનના ત્રિવેણી સંગમથી આ કાર્ય સંપન્ન થયું છે. તેથી તેના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરું છું. સાથે સાથે મારી માતૃસંસથા શ્રી મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના સંચાલક શ્રી સંજયભાઈ ડોડીયાનો પણ આભારી છું. તેમજ ચોકસી એન્ડ ચોકસી કોલેજ–વેરાવળની લાઈબ્રેરી, કંપાણી આર્ટસ કોલેજ–માંગરોળની લાઈબ્રેરી તથા એન. પી. આર્ટસ કોલેજની લાઈબ્રેરી, સૌરાષ્ટ્ર યુનિ. રાજકોટની લાઈબ્રેરી કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓનો પણ અતઃકરણપૂર્વક આભાર માનું છું.

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ❑ | **પ્રથમ અધ્યાયઃ –** | **૧–૪૪** |
| | **વેદ પરિચય** | |
| ૧.૧ | પૂર્વભૂમિકા | ૩ |
| ૧.૨ | 'વેદ'નો અર્થ અને વ્યુત્પત્તિ | ૪ |
| ૧.૩ | 'વેદ' શબ્દના પર્યાયો | ૬ |
| ૧.૪ | વેદોની સંખ્યા | ૬ |
| ૧.૫ | વેદોનો સમય | ૯ |
| ૧.૫.૧ | પરંપરાગત ભારતીય વિચારધારા | ૯ |
| ૧.૫.૨ | અર્વાચીન વિચારધારા | ૧૦ |
| ૧.૫.૨.૧ | પરંપરાગત ભારતીય વિચારધારા | ૧૧ |
| ૧.૫.૨.૨ | ડૉ. એ.સી. દાસનો મતઃ | ૧૨ |
| ૧.૫.૨.૩ | વિન્કલર હ્યુગોનો મત | ૧૩ |
| ૧.૬ | બ્રાહ્મણગ્રન્થો | ૧૪ |
| ૧.૬.૧ | ઋગ્વેદના બ્રાહ્મણગ્રન્થો | ૧૪ |
| ૧.૬.૧.૧ | ऐतरेयब्राह्मणम् | ૧૪ |
| ૧.૬.૧.૨ | शाखायनब्राह्मणम् | ૧૫ |
| ૧.૬.૨ | યજુર્વેદીય બ્રાહ્મણાહ્મગ્રન્થો | ૧૫ |
| ૧.૬.૨.૧ | शतपथब्राह्मणम् | ૧૫ |
| ૧.૬.૨.૨ | तैत्तिरीय ब्राह्मणम् | ૧૬ |
| ૧.૬.૩ | સામવેદસંહિતાના બ્રાહ્મણો | ૧૬ |
| ૧.૬.૩.૧ | तांड्यब्राह्मणम् | ૧૬ |
| ૧.૬.૩.૨ | षड्विंशब्राह्मणम् | ૧૬ |
| ૧.૬.૩.૩ | छान्दोग्यब्राह्मणम् | ૧૭ |
| ૧.૬.૩.૪ | वंशब्राह्मणम् | ૧૭ |
| ૧.૬.૩.૫ | आर्षयब्राह्मणम् | ૧૭ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૧.૬.૩.૬ | संहितोपनिषद ब्राह्मणम् | ૧૭ |
| ૧.૬.૩.૭ | दैवतब्राह्मणम् | ૧૭ |
| ૧.૬.૩.૮ | सामविधान ब्राह्मणम् | ૧૭ |
| ૧.૬.૩.૯ | जैमिनि ब्राह्मणम् | ૧૮ |
| ૧.૬.૩.૧૦ | गोपथब्राह्मणम् | ૧૮ |
| ૧.૭ | આરણ્યક ગ્રન્થો | ૧૮ |
| ૧.૭.૧ | ઋગ્વેદના આરણ્યકો | ૧૮ |
| ૧.૭.૧.૧ | ऐतरेय आरण्यकम् | ૧૮ |
| ૧.૭.૧.૨ | शांखायन आरण्यकम् | ૧૯ |
| ૧.૭.૨ | યજુર્વેદના આરણ્યક ગ્રન્થો | ૧૯ |
| ૧.૭.૨.૧ | बृहदारण्यकम् | ૧૯ |
| ૧.૭.૩ | સામવેદી આરણ્યકો | ૧૯ |
| ૧.૭.૩.૧ | तवलकार आरण्यकम् | ૧૯ |
| ૧.૮ | વેદાંગો | ૧૯ |
| ૧.૮.૧ | शिक्षा | ૨૦ |
| ૧.૮.૨ | कल्प | ૨૦ |
| ૧.૮.૩ | व्याकरणम् | ૨૦ |
| ૧.૮.૪ | निढक्तम् | ૨૦ |
| ૧.૮.૫ | छन्द | ૨૧ |
| ૧.૮.૬ | ज्योतिष | ૨૧ |
| ૧.૯ | ઉપનિષદો | ૨૧ |
| ૧.૧૦ | વૈદિક સંહિતાઓ | ૨૧ |
| ૧.૧૦.૧ | ‘સંહિતા’ શબ્દનો અર્થ | ૨૫ |
| ૧.૧૦.૨ | યજુર્વેદ સંહિતા | ૨૬ |
| ૧.૧૦.૩ | સામવેદ સંહિતા | ૨૯ |
| ૧.૧૦.૪ | અથર્વવેદ સંહિતા | ૩૪ |
| ૧.૧૧ | સારાંશ | ૪૦ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ❑ | દ્વિતીય અધ્યાયઃ – | ૪૫–૯૬ |
| | વિષયવિભાગની દૃષ્ટિએ ઋગ્વેદસંહિતા | |
| ૨.૧ | પૂર્વભૂમિકા | ૪૮ |
| ૨.૨ | 'ऋक्' નું લક્ષણ | ૪૮ |
| ૨.૩ | ઋગ્વેદસંહિતાનું ક્રમવિભાજન | ૪૯ |
| ૨.૪ | ઋગ્વેદ સંહિતાની શાખાઓ | ૫૧ |
| ૨.૫ | ઋગ્વેદના ઋષિઓ | ૫૨ |
| ૨.૬ | ઋગ્વેદની ઋષિકાઓ | ૫૪ |
| ૨.૭ | ઋગ્વેદ સંહિતાનું વિષયવસ્તુ | ૫૭ |
| ૨.૮ | ઋગ્વેદસંહિતા સંબંધિત અન્ય સાહિત્ય | ૭૩ |
| ૨.૮.૧ | ઋગ્વેદ પરંપરાનાં ઉપનિષદો | ૭૩ |
| ૨.૮.૨ | ઋગ્વેદસંહિતાનાં આરણ્યકો | ૭૪ |
| ૨.૮.૩ | ઋગ્વેદસંહિતામાં બ્રાહ્મણગ્રન્થો | ૭૪ |
| ૨.૮.૪ | ઋગ્વેદસંહિતામાં પ્રાતિશાખ્ય | ૭૪ |
| ૨.૮.૫ | ઋગ્વેદસંહિતામાં કલ્પસૂત્રો | ૭૫ |
| ૨.૮.૫.૧ | શ્રૌતસૂત્રો | ૭૫ |
| ૨.૮.૫.૨ | ગૃહ્યસૂત્રો | ૭૬ |
| ૨.૮.૫.૩ | ધર્મસૂત્રો | ૭૬ |
| ૨.૮.૫.૪ | શુલ્વસૂત્રો | ૭૭ |
| ૨.૯ | ઋગ્વેદના ભાષ્યકારો | ૭૭ |
| ૨.૯.૧ | સ્કંદસ્વામી | ૭૭ |
| ૨.૯.૨ | આચાર્યસાયણ | ૭૮ |
| ૨.૯.૩ | ઉદ્‌ગીથ | ૭૮ |
| ૨.૯.૪ | વેંકટમાધવ | ૭૮ |
| ૨.૯.૫ | આનંદતીથ | ૭૯ |
| ૨.૯.૬ | સ્વામીઆત્માનંદ | ૭૯ |
| ૨.૯.૭ | દયાનંદસરસ્વતી | ૭૯ |
| ૨.૧૦ | કેટલાકવિદેશીવેદનાઅભ્યાસીઓ | ૮૦ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૨.૧૦.૧ | રૂડોલ્ફ રોથ | ૮૦ |
| ૨.૧૦.૨ | મેકસમ્યૂલર | ૮૦ |
| ૨.૧૦.૩ | મ્યૂર | ૮૦ |
| ૨.૧૦.૪ | વિલ્સન | ૮૧ |
| ૨.૧૦.૫ | હેગી | ૮૧ |
| ૨.૧૦.૬ | લુડવિગ | ૮૧ |
| ૨.૧૦.૭ | પીશેલ | ૮૧ |
| ૨.૧૦.૮ | મેકડોનેલઅનેકીથ | ૮૧ |
| ૨.૧૧ | ઋગ્વેદમાંભૂગોળ | ૮૨ |
| ૨.૧૧.૧ | સમુદ્ર | ૮૨ |
| ૨.૧૧.૨ | પર્વતો | ૮૪ |
| ૨.૧૧.૩ | નદીઓ | ૮૫ |
| ૨.૧૧.૩.૧ | अंशुमती | ૮૫ |
| ૨.૧૧.૩.૨ | अनितभा | ૮૬ |
| ૨.૧૧.૩.૩ | गंगा | ૮૬ |
| ૨.૧૧.૩.૪ | गोमती | ૮૬ |
| ૨.૧૧.૩.૫ | द्षवती | ૮૬ |
| ૨.૧૧.૩.૬ | जह्नवी | ૮૬ |
| ૨.૧૧.૩.૭ | आपगा | ૮૭ |
| ૨.૧૧.૩.૮ | आर्जीकीया | ૮૭ |
| ૨.૧૧.૩.૯ | कृभा | ૮૭ |
| ૨.૧૧.૩.૧૦ | पढष्णी | ૮૭ |
| ૨.૧૧.૩.૧૧ | मढद्वधा | ૮૭ |
| ૨.૧૧.૩.૧૨ | यमुना नदी | ૮૭ |
| ૨.૧૧.૩.૧૩ | सरयूनदी | ૮૮ |
| ૨.૧૧.૩.૧૪ | सरस्वती नदी | ૮૮ |
| ૨.૧૧.૩.૧૫ | सिन्धु नदी | ૮૯ |
| ૨.૧૧.૩.૧૬ | सुषोमा नदी | ૮૯ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૨.૧૧.૩.૧૭ | सुसतु नदी | ૯૦ |
| ૨.૧૧.૩.૧૮ | रसा नदी | ૯૦ |
| ૨.૧૧.૩.૧૯ | वितस्ता नदी | ૯૦ |
| ૨.૧૧.૩.૨૦ | विपाश नदी | ૯૦ |
| ૨.૧૨ | દેશઅથવાપ્રદેશો | ૯૦ |
| ૨.૧૨.૧ | कीटक प्रदेश | ૯૧ |
| ૨.૧૨.૨ | गंधार के गन्धारि। | ૯૧ |
| ૨.૧૨.૩ | भरत | ૯૧ |
| ૨.૧૩ | સમાપન–સારાંશ | ૯૨ |
| ❑ | **તૃતીય અધ્યાયઃ –** | **૯૭–૧૨૭** |
| | **ઋગ્વેદના અધ્યયનની પદ્ધતિઓ અને ઋગ્વેદીય સમાજ** | |
| ૩.૧ | પૂર્વભૂમિકા | ૯૯ |
| ૩.૨ | ઋગ્વેદની વ્યાખ્યાન પદ્ધતિઓ | ૧૦૦ |
| ૩.૨.૧ | आधिदैवत पध्धति | ૧૦૦ |
| ૩.૨.૨ | आध्यात्मिक आख्यान | ૧૦૦ |
| ૩.૨.૩ | ऐतिहासिक व्याख्यान | ૧૦૦ |
| ૩.૨.૪ | नैदानिक व्याख्यान | ૧૦૦ |
| ૩.૨.૫ | परिव्राजक व्याख्यान | ૧૦૦ |
| ૩.૨.૬ | याज्ञिक व्याख्यान | ૧૦૦ |
| ૩.૨.૭ | वैयाकरण व्याख्यान | ૧૦૨ |
| ૩.૨.૮ | नैढक्त व्याख्यान | ૧૦૨ |
| ૩.૩ | ઋગ્વેદનું ઐતિહાસિક પદ્ધતિ પ્રમાણે અધ્યયન | ૧૦૨ |
| ૩.૪ | ઋગ્વેદની ભાષા | ૧૦૩ |
| ૩.૪.૧ | ઋગ્વેદની છંદ યોજના | ૧૦૪ |
| ૩.૪.૨ | ઋગ્વેદમાં અલંકાર સમૃદ્ધિ | ૧૦૭ |
| ૩.૪.૨.૧ | उपमा अलंकार | ૧૦૮ |
| ૩.૪.૨.૨ | ढपकः अलंकार | ૧૦૮ |
| ૩.૪.૩ | ઋગ્વેદમાં રસ સમૃધ્ધિ | ૧૦૮ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૩.૫ | ઋગ્વેદકાલીન સમાજ–જીવન | ૧૧૨ |
| ૩.૫.૧ | ઋગ્વેદસંહિતામાં વર્ણવ્યવસ્થા | ૧૧૨ |
| ૩.૫.૨ | ઋગ્વેદમાં વિવાહસંસ્કાર | ૧૧૩ |
| ૩.૫.૩ | ઋગ્વેદના સમયમાં સોમરસનું પાન | ૧૧૪ |
| ૩.૫.૪ | ઋગ્વેદકાલીન લોકોનો પહેરવેશ | ૧૧૬ |
| ૩.૫.૫ | ઋગ્વેદના લોકોનાં આભૂષણો | ૧૧૬ |
| ૩.૫.૬ | ઋગ્વેદમાં ખેતી અને પશુપાલન | ૧૧૭ |
| ૩.૫.૭ | ઋગ્વેદકાલીન વેપાર | ૧૧૮ |
| ૩.૫.૮ | ઋગ્વેદકાલીન નારી | ૧૧૯ |
| ૩.૫.૯ | ઋગ્વેદીય રાજ્યશાસન વ્યવસ્થા | ૧૧૯ |
| ૩.૫.૧૦ | ઋગ્વેદકાલીન લોકોનું ભોજન | ૧૨૨ |
| ૩.૫.૧૧ | ઋગ્વેદના સમાજનાં દૂષણો/માન્યતાઓ | ૧૨૨ |
| ૩.૫.૧૨ | ઋગ્વેદના લોકોના ધર્મ | ૧૨૩ |
| ૩.૬ | સારાંશ–નિષ્કર્ષ | ૧૨૪ |
| ❑ | **ચતુર્થ અધ્યાયઃ –** | **૧૨૮–૧૯૨** |
| | **ઋગ્વેદમાં જોવા મળતા આર્ય–અનાર્ય ઉલ્લેખો** | |
| ૪.૧ | પૂર્વભૂમિકા | ૧૩૧ |
| ૪.૨ | 'आर्य' શબ્દની સમજૂતી | ૧૩૨ |
| ૪.૩ | 'अनार्य' શબ્દની સમજૂતી | ૧૩૩ |
| ૪.૪ | આર્યોનું આગમન | ૧૩૪ |
| ૪.૩.૧ | આર્યોનું નિવાસસ્થાન | ૧૩૪ |
| ૪.૫ | ઋગ્વેદમાં જોવા મળતા 'આર્ય' શબ્દના ઉલ્લેખો | ૧૩૫ |
| ૪.૬ | આર્યો કોણ હતા ? | ૧૩૭ |
| ૪.૭ | ઋગ્વેદમાં જોવા મળતી આર્યજાતિઓ | ૧૪૧ |
| ૪.૭.૧ | आर्यजाति पुढ | ૧૪૧ |
| ૪.૭.૨ | आर्यजाति तृत्सु | ૧૪૨ |
| ૪.૭.૩ | આર્યજાતિ યદુ અને તુર્વશ | ૧૪૨ |
| ૪.૭.૪ | આર્ય અનુ અને દુહ્ય | ૧૪૩ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૪.૮ | આર્યનેતા તરીકે ઈન્દ્રની ભૂમિકા | ૧૪૪ |
| ૪.૮.૧ | ઈન્દ્રનો જન્મ | ૧૪૫ |
| ૪.૮.૨ | ઋગ્વેદ અનુસાર ઈન્દ્રના પિતા | ૧૪૫ |
| ૪.૮.૩ | ઈન્દ્રની માતા | ૧૪૬ |
| ૪.૮.૪ | ઈન્દ્રની પત્ની | ૧૪૬ |
| ૪.૮.૫ | ઈન્દ્ર માટે પ્રયોજાતા વિશેષણ | ૧૪૭ |
| ૪.૮.૬ | ઈન્દ્રનો દેખાવ | ૧૪૮ |
| ૪.૮.૭ | ઈન્દ્રનો ખોરાક | ૧૪૮ |
| ૪.૮.૮ | સોમપાન કરતો ઈન્દ્ર | ૧૪૯ |
| ૪.૮.૯ | નારીલોલુપ ઈન્દ્ર | ૧૪૯ |
| ૪.૮.૧૦ | ઋગ્વેદ અનુસાર ઈન્દ્રનું કાર્ય | ૧૫૦ |
| ૪.૮.૧૧ | ઈન્દ્રની પ્રશંસા પ્રિયતા | ૧૫૩ |
| ૪.૮.૧૨ | ઈન્દ્રની યુદ્ધ લાલસા | ૧૫૩ |
| ૪.૯ | આર્યનેતા ઈન્દ્રના વ્યક્તિત્વની વિકાસ યાત્રા | ૧૫૫ |
| ૪.૯.૧ | દેવતાઓની ઉત્પત્તિ અને વિભાજન | ૧૫૬ |
| ૪.૯.૨ | ઈન્દ્રના વ્યક્તિત્વનો વિકાસ | ૧૫૭ |
| ૪.૧૦ | વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ | ૧૭૨ |
| ૪.૧૦.૧ | કટલ હુયુક સભ્યતા | ૧૭૩ |
| ૪.૧૦.૨ | અસુરીય સભ્યતા | ૧૭૩ |
| ૪.૧૦.૩ | મિસ્ર સભ્યતા | ૧૭૩ |
| ૪.૧૦.૪ | સિંધુખીણની સભ્યતા | ૧૭૩ |
| ૪.૧૧ | અનાર્ય જાતિઓ | ૧૭૪ |
| ૪.૧૧.૧ | शम्बर | ૧૭૪ |
| ૪.૧૧.૨ | दस्युः | ૧૭૫ |
| ૪.૧૧.૩ | दास | ૧૭૬ |
| ૪.૧૧.૪ | पणि के पणयः | ૧૭૭ |
| ૪.૧૧.૫ | पिप्रु | ૧૭૭ |
| ૪.૧૧.૬ | नमुचि | ૧૭૮ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૪.૧૧.૭ | वर्चिन् | ૧૭૮ |
| ૪.૧૧.૮ | कुयवः | ૧૭૯ |
| ૪.૧૧.૯ | धुनि और चुमुरि | ૧૮૦ |
| ૪.૧૧.૧૦ | वृत्र | ૧૮૦ |
| ૪.૧૧.૧૧ | इलीविशः | ૧૮૧ |
| ૪.૧૧.૧૨ | અન્ય અનાર્ય જાતિઓ | ૧૮૧ |
| ૪.૧૨ | સારાંશ નિષ્કર્ષ | ૧૮૨ |
| ❑ | **પંચમ અધ્યાયઃ –** | **૧૯૩–૨૩૬** |
| | **આર્ય–અનાર્ય સંઘર્ષ** | |
| ૫.૧ | પૂર્વભૂમિકા | ૧૯૫ |
| ૫.૨ | ઋગ્વેદની યુદ્ધવિભાવના | ૧૯૫ |
| ૫.૨.૧ | ઋગ્વેદમાં રણવાદ્ય | ૧૯૮ |
| ૫.૨.૨ | ઋગ્વેદમાં સૈન્ય | ૧૯૮ |
| ૫.૨.૩ | યુદ્ધમાં વપરાતાં સાધનો | ૧૯૯ |
| ૫.૨.૪ | યુધ્ધમાં રથનો પ્રયોગ | ૨૦૦ |
| ૫.૨.૫ | યુધ્ધમાં અ✓ાદિ પ્રાણીઓનો પ્રયોગ | ૨૦૧ |
| ૫.૩ | ઋગ્વેદમાં યુધ્ધ પ્રસંગો | ૨૦૧ |
| ૫.૩.૧ | આર્યોનું આર્યો સાથે યુધ્ધ | ૨૦૨ |
| ૫.૩.૨ | આર્યો–દૈત્યોનો સંઘર્ષ | ૨૦૩ |
| ૫.૩.૩ | આર્યો–અનાર્ય યુધ્ધો | ૨૦૩ |
| ૫.૩.૩.૧ | ઈન્દ્ર–શમ્બર યુધ્ધ પ્રસંગ | ૨૦૫ |
| ૫.૩.૩.૨ | इन्द्र–पणि સંગ્રામ | ૨૦૯ |
| ૫.૩.૩.૩ | इन्द्र–पिपु યુધ્ધ | ૨૧૧ |
| ૫.૩.૩.૪ | इन्द्र–नमुचि યુધ્ધ | ૨૧૩ |
| ૫.૩.૩.૫ | इन्द्र–धुनि–चमुरी યુધ્ધ | ૨૧૬ |
| ૫.૩.૩.૬ | ઈન્દ્ર–वृत्र યુધ્ધ | ૨૧૭ |
| ૫.૩.૩.૭ | इन्द्र–वर्चिन યુધ્ધ | ૨૨૦ |
| ૫.૩.૩.૮ | इन्द्र–कुयव યુધ્ધ | ૨૨૦ |

| ક્રમ | વિષય | પૃષ્ઠ નં. |
|---|---|---|
| ૫.૩.૩.૯ | ઈન્દ્ર કર્ણજ અને પર્ણય યુધ્ધ | ૨૨૨ |
| ૫.૩.૩.૧૦ | इन्द्र–वृगद युध्ध | ૨૨૩ |
| ૫.૩.૩.૧૧ | અન્ય નાના યુધ્ધો | ૨૨૩ |
| ૫.૪ | યુદ્ધોની સમીક્ષા | ૨૨૪ |
| ૫.૫ | પારસ્પારિક વિરોધો | ૨૨૬ |
| ૫.૬ | પારસ્પરિક વિરોધોની સમીક્ષા | ૨૩૧ |
| ❑ | **ષષ્ઠ અધ્યાયઃ –** | **૨૩૭–૨૫૬** |
| | **સંઘર્ષ, સમન્વય અને સાંસ્કૃતિક ઉદય** | |
| ૬.૧ | પૂર્વભૂમિકા | ૨૩૮ |
| ૬.૨ | આર્ય–અનાર્યસંઘર્ષ | ૨૩૯ |
| ૬.૩ | સંઘર્ષના કારણો | ૨૪૦ |
| ૬.૩.૧ | અસ્તિત્વ માટેનો સંઘર્ષ | ૨૪૧ |
| ૬.૩.૨ | સાંસ્કૃતિક ભિન્નતા | ૨૪૨ |
| ૬.૪ | સંઘર્ષના અંતે સમન્વય અને પરિણામ | ૨૪૪ |
| ૬.૪.૧ | બન્ને પક્ષોનો વિનાશ | ૨૪૪ |
| ૬.૪.૨ | અનાર્યોની દયાજનક સ્થિતિ | ૨૪૫ |
| ૬.૪.૩ | સામાજિક પરિવર્તન | ૨૪૬ |
| ૬.૪.૪ | દેવતાઓની ઉપાસના | ૨૪૭ |
| ૬.૪.૫ | યજ્ઞકાર્યનો વિકાસ | ૨૪૮ |
| ૬.૪.૬ | નારી સન્માન | ૨૪૯ |
| ૬.૪.૭ | આર્યોનું અધ્યાત્મક ચિંતન | ૨૫૦ |
| ૬.૪.૮ | વિશ્વકલ્યાણની ભાવના | ૨૫૧ |
| ૬.૪.૯ | સંસ્કૃત ભાષાનો વિકાસ | ૨૫૩ |
| ૬.૪.૧૦ | સાંસ્કૃતિક સમન્વય | ૨૫૫ |
| ❑ | **પરિશિષ્ટ–૧** | **૨૫૭–૨૫૮** |
| ❑ | **પરિશિષ્ટ–૨** | **૨૫૯** |
| ❑ | **સંદર્ભગ્રંથ સૂચિ** | **૨૬૦–૨૬૮** |

# ॥ પ્રથમ અધ્યાયઃ ॥
# વેદ પરિચય

૧.૧ પૂર્વભૂમિકા
૧.૨ 'વેદ'નો અર્થ અને વ્યુત્પતિ
૧.૩ 'વેદ' શબ્દના પર્યાયો
૧.૪ વેદોની સંખ્યા
૧.૫ વેદોનો સમય
૧.૫.૧ પરંપરાગત ભારતીય વિચારધારા
૧.૫.૨ અર્વાચીન વિચારધારા
૧.૫.૨.૧ પરંપરાગત ભારતીય વિચારધારા
૧.૫.૨.૨ ડૉ. એ.સી. દાસનો મતઃ
૧.૫.૨.૩ વિન્કલર હ્યુગોનો મત
૧.૬ બ્રાહ્મણગ્રન્થો
૧.૬.૧ ઋગ્વેદના બ્રાહ્મણગ્રન્થો
૧.૬.૧.૧ ऐतरेयब्राह्मणम्
૧.૬.૧.૨ शाखायनब्राह्मणम्
૧.૬.૨ યજુર્વેદીય બ્રાહ્મણાહ્મગ્રન્થો
૧.૬.૨.૧ शतपथब्राह्मणम्
૧.૬.૨.૨ तैत्तिरीय ब्राह्मणम्
૧.૬.૩ સામવેદસંહિતાના બ્રાહ્મણો
૧.૬.૩.૧ तांड्यब्राह्मणम्
૧.૬.૩.૨ षड्विंशब्राह्मणम्
૧.૬.૩.૩ छान्दोग्यब्राह्मणम्

१.६.३.४ वंशब्राह्मणम्
१.६.३.५ आर्षयब्राह्मणम्
१.६.३.६ संहितोपनिषद ब्राह्मणम्
१.६.३.७ दैवतब्राह्मणम्
१.६.३.८ सामविधान ब्राह्मणम्
१.६.३.९ जैमिनि ब्राह्मणम्
१.६.३.१० गोपथब्राह्मणम्
१.७ આરણ્યક ગ્રન્થો
१.७.१ ઋગ્વેદના આરણ્યકો
१.७.१.१ ऐतरेय आरण्यकम्
१.७.१.२ शांखायन आरण्यकम्
१.७.२ યજુર્વેદના આરણ્યક ગ્રન્થો
१.७.२.१ बृहदारण्यकम्
१.७.३ સામવેદી આરણ્યકો
१.७.३.१ तवलकार आरण्यकम् :
१.८ વેદાંગો
१.८.१ शिक्षा
१.८.२ कल्प
१.८.३ व्याकरणम्
१.८.४ निढक्तम्
१.८.५ छन्द
१.८.६ ज्योतिष
१.९ ઉપનિષદો
१.१० વૈદિક સંહિતાઓ
१.११ સારાંશ
❍ પાદટીપ

## પ્રથમ અધ્યાયઃ

# વેદપરિચય

### ૧.૧) પૂર્વભૂમિકા :

વેદો આર્યસંસ્કૃતિનાં પ્રાણતત્ત્વો રૂપે ગણાય છે. તેઓ આર્યોના ધર્મ–સભ્યતા અને શ્રદ્ધાનું પ્રતીક છે. દર્શન, અધ્યાત્મ, આચાર–વિચાર નીતિ–રીતિ, જ્ઞાન–ભક્તિ અને વિજ્ઞાન વગેરેનું મૂળ છે. વેદો વિના વિચાર કે ચિંતનની કોઈપણ વિચારધારા પ્રવાહિત થવી શક્ય નથી. સમષ્ટિરૂપમાં વેદો એ સમગ્રતયા ભારતીય જન–જીવનમાં શ્વાસોચ્છ્‌વાસ સમા સિદ્ધ થયેલા અગણિત સિદ્ધાંતોની પુષ્પવાટિકા છે. વેદો એ દેવતાઓ, મનુષ્યો અને પિતૃઓના સાર્વત્રિક અને સર્વકાલીન ચક્ષુઓ છે.[૧] લૌકિક જગતને જોવા માટે જેમ ચર્મ ચક્ષુઓ અત્યંત ઉપયોગી છે તેમ અલૌકિક તત્ત્વોનાં રહસ્યોને જોવા માટે વેદો પણ ખૂબ જ ઉપયોગી છે. વેદો એ ઋષિઓનું વિશાળ દર્શન છે.[૨] પરમતત્ત્વોની સત્તાને ન સ્વીકારનારા પણ આસ્તિક શ્રેણીમાં આવે છે. પરંતુ વેદોની સત્તાનો વિરોધ કરનારા વેદના નિંદકો નાસ્તિક છે.[૩] ભારતના સનાતન મતાનુસાર વેદો લોકહિત માટે રચાયેલી પરબ્રહ્મની સૃષ્ટિ છે. તેથી વેદોનું અધ્યયન અત્યંત આવશ્યક છે.[૪] કોઈપણ દેશની મહત્તાનું માપદંડ તેની સંસ્કૃતિ છે. હિમાલય પૃથ્વીના માપદંડ સમાન છે તો હિમાલયના દેશની (ભારત)ની સંસ્કૃતિ વિશ્વસંસ્કૃતિનો માપદંડ થવાની ક્ષમતા ધરાવે છે. સર્વ વેદો એ ધર્મનાં મૂળ છે.[૫] વેદોને ભારતીય સંસ્કૃતિના સર્વોચ્ચ શિખરસમા જ્ઞાનના હિમાલય સાથે સરખાવી શકાય કે જેમાંથી ભારતીય પરંપરારૂપી જ્ઞાનની નિર્મળ અને પવિત્ર વિચારધારા પ્રગટ થઈ છે. વેદો એ માત્ર આર્યોના નહિ પરંતુ સમગ્ર માનવજાતિના પ્રાચીનતમ ગ્રન્થો છે. ભારતીય મનીષીઓના પરમજ્ઞાનના સોપાન એવા વેદોની વૈચારિક પૃષ્ઠભૂમિ પર ભારતીય સંસ્કૃતિ સદૈવ વૃદ્ધિ પામતી રહી છે, શોભતી રહી છે. વિશ્વની કેટલીયે સંસ્કૃતિઓ કાળની ગર્તમાં લય પામી છે. જ્યારે આર્યસંસ્કૃતિ આજે પણ વિશ્વમાં પ્રમુખ છે, અને પોતાની વિજય પતાકા લહેરાવે છે. ઐતિહાસિક દષ્ટિએ મૂલવતા વિશ્વની કોઈપણ પ્રજાના ઉપલબ્ધ પ્રાચીન સાહિત્ય કરતાં વેદો પ્રાચીનતમ સાહિત્ય છે. એકવીસમી સદીમાં પ્રવેશી ચૂકેલા

વિશ્વના કોઈપણ માનવીને અલિપ્ત રહેવું શક્ય નથી. વૈજ્ઞાનિક શોધખોળ કરવી હોય કે માનવજાતિનો વિકાસક્રમ જાણવો હોય તો વેદોનું અધ્યયન આવશ્યક છે. કારણ કે વેદો જ્ઞાનના અખૂટ ભંડાર છે. આથી જ પશ્ચિમનાં રાષ્ટ્રો પણ વેદાધ્યયન તરફ વળ્યાં છે.

## ૧.૨) 'વેદ'નો અર્થ અને વ્યુત્પત્તિ :

'વેદ' શબ્દનો અર્થ આપવાનો પ્રારંભ ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી થયેલો છે.

**वेदेन वै देवाः असुराणां क्तिं ।**
**वेदमविन्दन्त तद् वेदस्य वेदत्वाम् ॥**[६]

જ્યારે તૈત્તિરીય સંહિતામાં विद्-लाभे (ઉભયપદ) છટ્ઠો ગણ પરથી તેની વ્યુત્પત્તિ આ રીતે આપે છે.

विदन्ति जानन्ति विद्यन्ते भवन्ति અથવા विन्दन्ते लभन्ते विन्दति विचारयन्ति सर्वे मनुष्याः सर्वाः सत्यविद्या यैर्येषु वा तथा विद्वांसश्च भवन्ति तं वेदो। અર્થાત્ જેનાથી સર્વે મનુષ્યો સત્યવિદ્યા જાણે છે, જેમાંથી બધી સત્યવિદ્યાઓ રહેલી છે. જેનાથી સઘળી વિદ્યાઓ પ્રાપ્ત થાય છે અને જેનાથી સત્યવિદ્યા વિચારીને મનુષ્ય વિદ્વાન થાય છે, તેને વેદ કહેવાય છે. આ બધાજ અર્થોનું સંકલન કરતા દયાનંદ સરસ્વતીએ વેદ શબ્દની વ્યુત્પત્તિ આ રીતે આપી છે.

√विद्-ज्ञाने – બીજો ગણ
√विद्-सत्तायाम् – ચોથો ગણ
√विद्-लाभे – છટ્ઠો ગણ
√विद्-विचारणे – સાતમો ગણ

આ ચાર અર્થોના ધાતુઓને 'વેદ' શબ્દનું મૂળ માન્યા છે.

આયુર્વેદ અને નાટ્યશાસ્ત્રમાં વેદ શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. आयुस्मिन् विद्यतेऽनेन वा आयुर्विन्दतीत्यायुर्वेद। આ રીતે વેદ શબ્દની વ્યુત્પત્તિ विद-सतायाम् – ચોથા ગણ આત્મનેપદ અને विद्-लाभे – છટ્ઠો ગણ ઉભયપદ પરથી દર્શાવી છે. નાટ્યશાસ્ત્રની ટિકામાં नाट्य वेदनं सत्तालाभो विचारश्च यत्र तन्नाट्य

वेदशब्देन....उच्यते ।[૯] એટલે કે અભિનવગુપ્ત विद्-सत्तायाम् – ચોથો ગણ विद्-लाभे – છઠ્ઠો ગણ અને विद्-विचारणे – સાતમો ગણ–પરથી વેદ શબ્દની વ્યુત્પત્તિ બતાવે છે. આ ચર્ચામાંથી એક સ્પષ્ટતઃ જાણવા મળે છે કે विद्-ज्ञाने પરથી ઊતરી આવેલા વેદ–શબ્દને અનેક રીતે ઘટાવી તેની વ્યુત્પત્તિ જુદા–જુદા અર્થવાળા विद् ધાતુ પરથી થતી દર્શાવાય છે.

પ્રો. મેકડોનલ અને કીથ વૈદિક ઈન્ડેક્સમાં વેદ શબ્દ અથર્વવેદ અને પાછળથી શતપથબ્રાહ્મણમાં અને નિરુક્ત વગેરેમાં પવિત્રવિદ્યાનો દ્યોતક છે અને જ્યારે બહુવચનમાં પ્રયોજાય ત્યારે ऋक्, यजष् અને सामનો અર્થ બતાવે છે એમ કહે છે.

આમ વેદોનું શ્રદ્ધાપૂર્ણ નેત્રોથી અધ્યયન કરનારા વેદ શબ્દના અનેક અર્થો બતાવે છે. વેદનો મુખ્યાર્થ જ્ઞાન અને ગૌણ અર્થ ગ્રન્થ થાય છે. વેદ માટે छन्दांसि के छन्दस् શબ્દ પ્રયોજવામાં આવે છે. छन्दांसि जज्ञिरे।[૧૦] એટલે ગાયત્રી કે અનુષ્ટુપ ત્રિષ્ટુપ વગેરેથી યુક્ત ચાર સંહિતાઓ વેદ અને બાકીના બધા જ બ્રાહ્મણગ્રન્થો છે.

'त्रयी' કે 'त्रयीविद्या' વેદસમૂહ માટે પ્રાચીનકાળથી પ્રચલિત નામ છે. त्रयी वै विद्या। ऋषो यजूंषि सामानि।[૧૧] અર્થાત્ ત્રયી એટલે ऋक् સામ અને યજુસ્ એ ત્રણ પ્રકારના મંત્રોયુક્ત વિદ્યા છે. પરંતુ ખાસ ધ્યાન રાખવાનુ છે કે 'त्रयी' એટલે માત્ર ઋગ્વેદ, યજુર્વેદ અને સામવેદ જ પરન્તુ ત્રયીના અર્થવર્તુળમાં આ ત્રણ ઉપરાંત અથર્વેદનો પણ સમાવેશ થઈ જાય છે.

વેદના પ્રસિદ્ધ ભાષ્યકાર આચાર્ય સાયણ વેદ શબ્દનો અર્થ આપતા કહે છે કે इष्टप्राप्त्यनिष्टपरिहारयोरलौकिकमुपायं यो ग्रन्थो वेदयति स वदः।[૧૨] અર્થાત્ અભીષ્ટ વસ્તુની પ્રાપ્તિ અને અનિષ્ટના પરિત્યાગ માટે લૌકિક ઉપાયો જે ગ્રન્થમાં બતાવવામાં આવ્યા છે તે ગ્રન્થ એટલે વેદ. અન્ય અર્થ આપતા આચાર્ય સાયણ જણાવે છે કે मन्त्रब्राह्मणात्मकः शब्दराशिर्वेदः।[૧૩] એટલે કે મન્ત્રભાગ અને બ્રાહ્મણભાગને પણ વેદ કહેવામાં આવે છે.

અંતમાં એ નિષ્કર્ષ આપી શકાય કે 'વેદ' એટલે 'પરમજ્ઞાન' અને વેદો એમ બહુવચનમાં પ્રયોજીએ ત્યારે ऋग्वेद, सामवेद, यजुर्वेद અને अथर्ववेद એમ ચાર વેદોના વાચક બને છે.

## ૧.૩) 'વેદ'શબ્દના પર્યાયો :

સામાન્યરીતે વેદો માટે સંયુક્ત રીતે શ્રુતિ, આમ્નાય, નિગમ એવા શબ્દો વપરાય છે. શ્રુતિ એ વેદનો પ્રથમ પર્યાય છે. કારણ કે પ્રાચીનકાળમાં ગુરુ–શિષ્યપરંપરા મુજબ જ વેદોનું અધ્યયન કર્ણોપકર્ણ કરવાની પ્રથા અમલમાં હતી. પરિણામે તેનું શ્રુતિ એવું નામ આપવામાં આવ્યું જેનો સામાન્ય અર્થ સાંભળેલુ જ્ઞાન એવો અર્થ થાય છે. એટલે જ કહેવાયું છે श्रुतिस्तु वेदो विज्ञेयो।[૧૪]

'आम्नाय' શબ્દપણ વેદો માટે જ પ્રયોજવામાં આવે છે. તેના સામાન્ય અર્થ જોઈએ તો√म्ना–અભ્યાસે પરથી 'आम्नाय' શબ્દ ઊતરી આવ્યો છે. આ નામકરણ પાછળ એક પરંપરાગત માન્યતા છે કે વેદોની ઉત્પત્તિ થઈ નથી પરંતુ धाता यथा पूर्वकमकल्पत्।[૧૫] એટલે કે બ્રહ્માએ સૃષ્ટિના આરંભપૂર્વે જેવા હતા તેવા જ ફરથી આપ્યા. આમ વેદોનું પુનરાવર્તન થયું તેથી વેદોને 'आम्नाय' કહેવામાં આવે છે.

'નિગમ' શબ્દ પણ ચતુર્વિધ વેદો માટે પ્રયોજાતો શબ્દ છે. √नि+गम्- આવવું પરથી 'નિગમ્' શબ્દ બન્યો છે. શિષ્યપ્રદેય હોવાથી જે મુખ દ્વારા બહાર ને નિગમ निगमकल्पनरोर्गलति फलम्। માં ભાગવતપુરાણને નિગમરૂપ કલ્પદ્રુમનું પાકું ફળ કહેવામાં આવે છે.

'अनुश्रव' શબ્દ પણ વેદનો પર્યાય છે. ગુરુ–શિષ્ય પરંપરાથી વેદને મૌખિક રીતે સાંભળવામાં અને જાળવવામાં આવતા. અહીં એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ સાંભળીને યાદ રાખતા તેથી જે સંભળાવામાં આવે તેને અનુશ્રવ એવું નામ આપવામાં આવ્યું છે. જેમ કે दृष्टवदनुश्राविकः।[૧૭]

વેદ માટે 'સ્વાધ્યાય' શબ્દનો પણ વારંવાર પ્રયોગ થયેલો જોવા મળે છે. स्वाध्यायोऽध्येतव्यः।[૧૮] सु+आ+अध्याय શબ્દ પરથી સ્વાધ્યાય શબ્દ બન્યો છે. કુળ પરંપરાથી જે વિધિપૂર્વક સારી રીતે અધ્યયન કે અભ્યાસ કરવાને યોગ્ય છે તેને સ્વાધ્યાય કહેવામાં આવે છે. મૌખિક પરંપરાના સંદર્ભમાં સ્વાધ્યાય એવું નામ આપવામાં આવ્યું છે.

પ્રો. ટિ.એચ. ગ્રિફિથાના મતે વેદોનો અર્થ સાહિત્યિક જ્ઞાન કે જેનું નામ અમુક પ્રાચીન સાહિત્યએ આપેલ જે હિન્દુની માન્યતાઓના ધાર્મિક પાયામાંથી આવેલા ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ છે.[૧૯]

## ૧.૪) વેદોની સંખ્યા :

'त्रयी' એ શબ્દદ્વારા વેદો ત્રણ હતા અને અથર્વવેદ પાછળથી રચાયો છે એમ કેટલાક વિદ્વાનોએ ભ્રામક મત ઊભા કર્યા છે. વાસ્તવમાં વેદોના એકત્વ અને અનેકત્વના નિર્દેશોને તેના સંદર્ભમાં યથાયોગ્ય ન સમજી શકવાથી આવી માન્યતાઓ જન્મતી હોય છે. 'त्रयी' શબ્દ દ્વારા ऋग्वेद, सामवेद અને यजुर्वेद એમ ત્રણ વેદો અને અથર્વવેદ પાછળથી રચાયો એમ કેટલાક વિદ્વાનો માને છે. પરંતુ આ બાબત ઊંડો વિચાર માગી લે તેમ છે.

'त्रयी' એટલે 'ત્રણ' એવા સંખ્યાવાચક અર્થમાં આ શબ્દ નથી. પરંતુ ત્રણ પ્રકારની વિદ્યાના અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. જ્યારે પણ 'त्रयी' શબ્દનો પ્રયોગ થાય ત્યારે ऋग्वेद, सामवेद અને अथर्ववेद એમ ચાર વેદો જ સમજવાના છે. ઋગ્વેદમાં चत्वारि शृङ्गाः त्रयो अस्य पादाः।[૨૦]માં चत्वारि નો અર્થ ચાર વેદો કરવામાં આવ્યો છે. જ્યારે त्रयो अस्य पादा –ગદ્ય–પદ્ય અને ગીતબદ્ધ મંત્રો એ પાદનો નિર્દેશ કરે છે. પ્રાચીન કાળમાં ऋग्वेद, यजुर्वेद, सामवेद એવા ત્રણ જ વેદો છે એવો કોઈ ઉલ્લેખ મળતો નથી પરંતુ વેદો ચાર છે તેવા સ્પષ્ટ પુરાવાઓ પ્રાપ્ત થાય છે.

ऋग्वेद ના पुढषसूक्त માં सर्वहुतः યજ્ઞમાંથી ऋक्, साम અને यजुस् તેમજ छन्दांसि ઉત્પન્ન થયા એમ જણાવ્યું છે. પરંતુ વાસ્તવમાં અહીં તે નામના ત્રણ વેદોનો ઉલ્લેખ નથી. પરંતુ જેમાં અર્થાનુસાર પાદવ્યવસ્થા હોય તેને ऋक् કહેવાય છે.[૨૨] ગીતબદ્ધ મન્ત્રો હોય તેને 'સામ' કહેવાય છે[૨૩] અને બાકીના ભાગને यजुस् કહેવાય છે.[૨૪] જ્યારે છન્દાંસિને અથર્વવેદ કહેવાવાળા જોવા મળે છે. ટૂંકમાં ત્રયીનો અર્થ માત્ર ત્રણ વેદો નહીં પરંતુ ચાર વેદોના અર્થમાં આ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. જેમ કે, त्रयी वै विद्या। ऋषो यजूंसि सामानि। અને सैषा त्रयी विद्या यज्ञः।[૨૫] એમ બ્રાહ્મણગ્રન્થો બતાવે છે.

પ્રાચીનકાળથી જ વેદો ચાર હોવાના સ્પષ્ટ પુરાવાઓ પ્રાપ્ત થાય છે. चत्वारि शृङ्गेति वेदो वा एव उक्ताः।[૨૬] એટલે चत्वारि શબ્દથી યાસ્ક ચાર વેદ હોવાનો સ્પષ્ટ નિર્દેશ કરે છે. ઉપનિષદોમાં પણ ત્રયીનો અર્થ ત્રણ વેદ નહી પરંતુ ऋक् यजुष् અને साम રૂપી મંત્રાત્મક વિદ્યાઓ એવો અર્થ અભિપ્રેત છે. ઉપનિષદોમાં अग्न ऋचो वाचो यजूंषि सामान्यादित्यात्। स एतां त्रयी विद्यामभ्यतयत्।[૨૭] આવા અનેક

નિર્દેશો મળી આવે છે. પુરાણો અનુસાર સૌ પ્રથમ વેદો એક વાઙ્‌મય સ્વરૂપે હતાં. અને પાછળથી વ્યાસજીએ તેનું ચાર વેદોમાં વિભાજન કર્યું. વેદોને વ્યવસ્થિત રીતે વિભક્ત કરવાના કારણે वेदान् व्यस्यते इति व्यासः। એમ તેઓ વ્યાસ કહેવાયા. ચાર વેદોનું વિભાજન કરીને તેની સંહિતાઓ પોતાના ચાર શિષ્યોને પૈલ, વૈશંપાયન, જૈમિનિ અને સુમન્તુને ક્રમશઃ ઋક્‌સંહિતા, યજુસંહિતા, સામસંહિતા અને અથર્વવેદ સંહિતા એમ ચાર સંહિતાઓ તે શિષ્યોએ અનેક શિષ્યોને પરંપરાગત આપી પરિણામે અનેક શાખાઓ અસ્તિત્વમાં આવી.[૧૮]

નિરુક્તના વૃત્તિકાર આચાર્ય દુર્ગાચાર્યના મતે वेदं तावदेकंसन्तमतिमहत्वाद् दुरध्येय मनेकशाखा भेदेन समाम्नासिषुः। सुखग्रहणाय व्यासेन समाम्नातवन्तः।[૨૯] એટલે કે વેદ એક જ હતો તે અત્યંત વિશાળ હોવાથી અધ્યયન અશક્ય બનતું, માટે શાખાના ભેદમાં તેને વ્યવસ્થિત કર્યા. આમ સુખપૂર્વક તેનું કારણ ગ્રહણ થાય તે માટે વ્યાસે ચાર સંહિતાઓમાં વ્યવસ્થિત વિભાજન કર્યુ.

છાંદોગ્યોપનિષદમાં કહેવામાં આવ્યું છે કે से हौवाय ऋग्वेदं भगवोऽध्येमि यजुर्वेदं, सामवेदमार्थवणं चतुर्थम्।[૩૦] આ રીતે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ એમ ચાર વેદ હોવાના સ્પષ્ટ પુરાવાઓ મળે છે. વળી, बृहद्दारण्योकोपनिषद् પણ ऋग्वेदो, यजुर्वेदो, सामवेदोऽथर्वाङ्गिरसः।[૩૧] એમ કહીને વેદો ચાર હોવાની વાતને સમર્થન આપે છે.

એક કલ્પના એવી પણ બતાવી શકાય છે જ્યારે પણ મહાભારત કે નાટ્યશાસ્ત્રનું મહત્ત્વ બતાવવામાં આવે છે ત્યારે સન્માનપૂર્વક કહેવાય છે भारतं पञ्चमो वेदः। કે नाट्यं पञ्चमो वेदः। કોઈપણ જ્યારે चतुर्थो वेदः। એક કહેવાયું નથી. જો વેદની સંખ્યા ત્રણ જ હોય તો નાટક કે મહાભારત માટે 'પાંચમો વેદ' એવી સંજ્ઞા પ્રયોજાત નહીં.

આમ વેદની સંખ્યા પહેલાથી ચાર જ હતી. પહેલા ત્રણ અને અથર્વવેદ પાછળથી રચાયો એવી માન્યતા તદ્દન ખોટી અને વજૂદ વગરની છે. यज्ञैरथर्वा प्रथमः पद्यस्तते। એમ ઋગ્વેદમાં જ અથર્વવેદની પ્રાચીનતા બતાવવામાં આવી છે.[૩૨]

વળી 'त्रयी'માં અથર્વવેદનો સમાવેશ થતો નથી તેવી દલીલ ટકી શકે તેમ નથી. કારણ કે 'त्रयी' શબ્દ દ્વારા ત્રણ વેદો નહીં પણ ત્રણ પ્રકારના મંત્રોનો ઉલ્લેખ થયો છે.

હવે પ્રશ્ન એ થાય પૂર્વે વેદ એક જ વાઙ્મય સ્વરૂપે હતો તેનો અભિપ્રાય શું ? તેનો પ્રત્યુત્તર આપી શકાય કે વ્યાસ પૂર્વે સમગ્ર મન્ત્ર બ્રાહ્મણાત્મક સાહિત્ય વેદ કહેવાતું ''मन्त्रब्राह्मणात्मको हि वदः। એમ આચાર્ય સાયણ કહે છે. તેથી અધ્યયનની દુષ્કરતા નિવારવા માટે વ્યાસ દ્વારા તેની સંહતીકરણ થયું मुख ग्रहणाय व्यासेन समाम्नासिषु। એમ દુર્ગાચાર્ય નિરુક્તની ટીકામાં લખે છે.

આ ચર્ચાના અંતે એટલું સ્પષ્ટતઃ કહી શકાય કે વેદ એક જ છે કે ઘણાં બધાં એ વિધાનો વચ્ચે વિરોધ નથી પરંતુ વિરોધાભાસ છે જેની બુદ્ધિગમ્ય યુક્તિઓની નિરાકરણ થઈ શકે છે.

## ૧.૫) વેદોનો સમય :

વેદોનો રચનાકાળ કે આવિર્ભાવના વિષયમાં પરંપરાગત ભારતીય વિચારધારા અને અર્વાચીન વિચારધારા એમ બે વિચારધારા જોઈ શકાય છે. પરંપરાગત ભારતીય વિચારધારા પ્રમાણે તેનું સર્જન–તેની રચના અપૌરુષેય માનવામાં આવે છે. તે વેદ અનાદિ છે. વેદો તો મહાપુરુષોના નિઃ શ્વસિતમ્ છે. ઋષિઓ વેદના સૃષ્ટા છે. તેથી ભારતીયોને તેના સમય સાથે કોઈ નિસ્બત નથી. અર્વાચીન વિચારધારા પ્રમાણે વેદોનું સર્જન કોણે કર્યું ? વિશ્વભૂમિને પાવન કરનાર વૈદિક સભ્યતાની આ જ્યોત ક્યા સમયે પ્રજ્જવલિત થઈ તે વેદનો સૂક્ષ્મ અભ્યાસ કરનાર ભારતીય અને પાશ્ચાત્ય વિદ્વાનોને જાગ્યો છે. તેનો પરિચય આ રીતે આપીએ.

### ૧.૫.૧) પરંપરાગત ભારતીય વિચારધારા : Indian Tradition Views

આ વિચારધારા પ્રમાણે જોઈએ તો વેદોનો સમય નક્કી કરવા એ મૂર્ખતાભર્યો પ્રયાસ છે. કારણ કે તે સંભવ જ શક્ય નથી. તેઓના મત પ્રમાણે વેદો નિત્ય છે અને સૃષ્ટિના આરંભથી જ વેદોનો આવિર્ભાવ થયો છે. વેદોમાં જ વેદોની ઉત્પત્તિનું સ્વતઃ પ્રમાણ ઉપલબ્ધ છે. જેમ કે,

**तस्माद्यज्ञात् सर्वहुतः ऋचः सामानि जाज्ञिरे ।**

**छन्दांसि जज्ञिरे तस्माद्यजुस्तस्माद् जायते ॥**[૩૩]

એટલે કે પરમાત્માએ ધર્માદિ વ્યવહારોની સિદ્ધિ માટે કે જગતમાં સર્વ રૂપોને જ્ઞાનને માટે અગ્નિ, વાયુ અને રવિ–એ ત્રણ ક્રમશઃ ऋक् (જ્ઞાન), यजुस् (કર્મ) અને साम (ઉપાસના) રૂપ ત્રિવિધજ્ઞાનવાળા વેદોનું દોહન કર્યું. સૃષ્ટિની ઉત્પત્તિ કરી તે પહેલા વેદોનો આવિર્ભાવ કર્યો હશે.

વેદોના સર્જનની ક્ષમતા માનવીમાં નથી. જેમ કુંભાર ઘડાના રૂપ–આકાર વગેરેનો વિચાર કરીને ઘડાનું સર્જન કરે તેમ બ્રહ્મા કે ઈશ્વરે પહેલાં વેદોનું નિર્માણ કરી પછી જગતનું સર્જન કર્યું છે. જગતગુઢ શંકરાચાર્ય પણ આ વાતનું સમર્થન કરતાં કહે છે, महतः ऋग्दादे शास्त्रस्य अनकविद्या स्थानापिबृहितस्य प्रदीपवत् सर्वार्थाय द्योतिनः सर्वकल्पस्य यानि कारणं ब्रह्म न हि इदशस्य शास्त्रस्य ऋग्वेदादि लक्षणस्य सर्वगुणान्वितस्य सर्वज्ञान अन्वतः सम्भव अस्ति।[૩૪] ઋગ્વેદાદિ અનેક વિદ્યા સ્થાનોથી સમુદ્દ્ધૃત અને પ્રદીપવત્ બધા જ વિષયોને પ્રકાશિત કરે છે. તેથી આવાં સર્વજ્ઞાન સમ્પન શાસ્ત્રોનો ઉદ્ભવ બ્રહ્મામાંથી જ થઈ શકે છે.

આ ઉપરાંત મહર્ષિ બાદરાયણના મતે પણ “शास्त्र योनित्वात्॥” દ્વારા બ્રહ્માજીને જ વેદોનું ઉદ્‌ગમસ્થાન માનવામાં આવે છે.

આ પરંપરાના ફળરૂપ કંઈક કહેવું હોય તો કહી શકાય કે આ મતના સમર્થકો વેદોને ઈશ્વરકૃત માને છે એટલે કે વેદો નિત્ય છે તેથી કાલનિર્ણયનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી......

### ૧.૫.૨) અર્વાચીન વિચારધારા :

કેટલાક ભારતીયો અને વિદેશી વિદ્વાનોએ વેદનો રચનાકાળ નક્કી કરવાનો પ્રયત્ન કર્યો તેના વિચારોની સંક્ષિપ્તમાં રજૂઆત કરીએ.

ઈ.સ. ૧૮૫૯માં 'A History of Encient Sanskrit literature'[૩૬] નામના પોતાના ગ્રન્થમાં વેદોની રચનાકાળ નિર્ધારિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમના મતે ઈ.સ. પૂર્વે ૫૦૦ વર્ષ દરમ્યાન બુદ્ધે બૌદ્ધ ધર્મનો પ્રચાર કર્યો. તેમણે યજ્ઞાદિ અનુષ્ઠાનોનો વિરોધ કર્યો. આથી બ્રાહ્મણગ્રન્થો અને સૂત્રગ્રન્થોમાં યજ્ઞાદિનું વર્ણન જોવા મળે છે. તેથી બુદ્ધના સમય પહેલાં તેનું અસ્તિત્વ હતું એમ કહી શકાય. વળી તે વૈદિક યુગને ચાર કાળમાં વિભક્ત કરે છે.

૧. મન્ત્રકાળ　　　　３. બ્રાહ્મણગ્રન્થકાળ

૨. છન્દકાળ　　　　૪. સૂત્રકાળ

આ ચારે કાળની વિચારધારાને ગ્રન્થસ્થ કરવા માટે ૨૦૦–૨૦૦ વર્ષનો સમય ગાળો બતાવે છે. તેની માન્યતા મુજબ જોઈએ તો,

**(૧) છન્દકાળ :**

આ કાળમાં ઋગ્વેદસંહિતાના જૂનામાં જૂનાં સૂક્તો રચાયાં હશે તે ઈ.સ. પૂર્વે ૧૨૦૦ થી ઈ.સ. ૧૦૦૦ સુધીનો સમય હશે.

**(૨) મન્ત્રકાળ :**

આ સમય દરમ્યાન સંહિતાઓ તૈયાર થઈ હશે અને વિશેષ અર્વાચીન સૂક્તો રચાયાં તે ઈ.સ. પૂર્વે ૧૦૦૦ થી ઈ.સ. પૂર્વે ૮૦૦માં હોઈ શકે.

**(૩) બ્રાહ્મણગ્રન્થો :**

બ્રાહ્મણગ્રન્થોઅને તેની વિચારધારાને વિકસાવવા માટેનો સમયગાળો ઈ.સ. ૬૦૦ થી ૮૦૦ ગણવામાં અવો છે.

**(૪) સૂત્રકાળ :**

સૂત્રકાળનો નિર્ધારણ તેઓ ઈ.સ. પૂર્વે ૬૦૦ થી ૨૦૦માં માને છે.

આમ મેક્સમૂલર પોતાની ગણના પ્રમાણે વેદોનો સમય ઈ.સ. પૂર્વે ૧૨૦૦માં બતાવે છે. પરંતુ તેઓ પણ પોતાના આ મતથી સંતુષ્ટ નથી. જો કે મેક્સમૂલરે પણ ''Physical Religion''માં સ્વીકાર્યું છે કે આ પૃથ્વી ઉપર એવી કોઈ શક્તિ નથી કે જે નિશ્ચિત કરી શકે કે વૈદિક મન્ત્રોની રચના ઈ.સ. પૂર્વ ૧૦૦૦ અથવા ૧૫૦૦ અથવા ૨૦૦૦ અથવા ૩૦૦૦ વર્ષ પૂર્વે જ થઈ છે.[૩૭]

**૧.૫.૨.૧) પરંપરાગત ભારતીય વિચારધારા :**

વેદના વિદ્વાનોમાં બાળગંગાધર તિલકનો મત નોંધપાત્ર માનવામાં આવે છે. તિલક મહારાજે ઋગ્વેદમાં ઉપલબ્ધ જ્યોતિષવિષયક પ્રમાણોને આધારે વેદોના કાલનિર્ણય ૪૦૦૦ થી ૬૦૦૦ ઈ.સ. પૂર્વ સ્વીકાર્યો છે.

હાલમાં આજના વસંતપાત ભાદ્રપદ નક્ષત્ર પછી થાય છે. તેનો પ્રાચીન ભારતીય સાહિત્યમાં સ્પષ્ટ સંકેત છે. આ વસંતપાત અશ્વિની અને કૃતિકાના ઉદય વખતે થતો. પ્રાચીન આચાર્યોએ આ સૂર્યનાં સંક્રમણો ૨૭ નક્ષત્રમાં વિભાજિત કરેલ છે. સંક્રમણ ૩૬૦:૨૭ = ૧૩$^{૧}/_{૨}$ એ પ્રત્યેક નક્ષત્રમાં રહે છે. સૂર્યને એક અંશનું સંક્રમણ કરતા ૭૨×૧૩$^{૧}/_{૨}$ = ૯૭૨ વર્ષ એક નક્ષત્રનું સંક્રમણ થાય છે. પૂર્વ ભાદ્રપદનો વસંતપાત જ્યારે કૃતિકા નક્ષત્રમાં થયો એટલે કે ૪$^{૧}/_{૨}$ નક્ષત્ર જેટલો પૂર્વ થયો ત્યારથી આજની સ્થિતિએ આવતા ૯૭૨×૪$^{૧}/_{૨}$ = ૪૩૭૪–૧૮૯૩ = ૨૭૪૧ થાય. આમ વસંતપાત કૃતિકામાં ઈ.સ. પૂર્વે લગભગ ૨૫૦૦ વર્ષ થતો હોવો જોઈએ. તે કૃતિકાના થતો વસંતપાત મૃગશીર્ષમાં થતા વસંતપાતથી ૯૭૨×૨ = ૧૯૪૪ એટલે કે આશરે ૨૦૦૦ વર્ષ પૂર્વે થતો કારણ કે મૃગશીર્ષથી કૃતિકા નક્ષત્ર વચ્ચે રોહિણી હોવાથી બે નક્ષત્રના સંક્રમણ જેટલો ગાળો પસાર થાય છે. આગળ દર્શાવેલ કૃતિકાનો વસંતપાત સમય ઈ.સ. પૂર્વ ૨૫૦૦નો હતો. તેમાંથી મૃગશીર્ષના વસંતસંપાતનો ૨૦૦૦નો સમય ઉમેરતા ૨૫૦૦+૨૦૦૦ = ૪૫૦૦ પૂર્વમાં મૃગશીર્ષમાં થતો વસંતસંપાત તે સમય આજથી ૬૫૦૦ વર્ષ પૂર્વનો કહેવાય.

આ ચર્ચાનો અંત વેદોનો સમય ઈ.સ. પૂર્વ ૬૦૦૦–૪૦૦૦નો તિલક બતાવે છે અને ચાર યુગનો સમય નક્કી કરીને **(૧)** અદિતિયુગ– ઈ.સ. પૂર્વ ૬૦૦૦–૪૦૦૦ **(૨)** મૃગશીર્ષ યુગ ઈ.સ. પૂર્વ ૪૫૦૦–૨૫૦૦ **(૩)** કૃતિકાયુગ ઈ.સ. પૂર્વ ૨૫૦૦–૧૪૦૦ **(૪)** અંતિમ યુગ ઈ.સ. પૂર્વે ૧૪૦૦–૧૫૦૦ આ ઉપરાંત તેઓ કહે છે, આર્ય સભ્યતાના પ્રાચીન યુગને અદિતિયુગ અથવા પૂર્વમૃગશીર્ષયુગ કહેવામાં આવે છે. અને એને આશરે ૬૦૦૦–૪૦૦૦ BCની મર્યાદામાં ટાકી શકીએ.

### ૧.૫.૨.૨) ડૉ. એ.સી. દાસનો મત :

ડૉ. દાસ ૧૯૨૦માં "Rugvedic India" નામના ગ્રન્થમાં સપ્તસિંધુવાદ રજૂ કરીને ઋગ્વેદની રચના ઈ.સ. પૂર્વ ૫૦૦૦–૨૫૦૦ની આસપાસ સપ્તસિંધુના પ્રદેશમાં થઈ હોવાનું માને છે. વેદોનો સમય નક્કી કરવા માટે ઋગ્વેદમાં પ્રાપ્ત થતાં અનેક વર્ણન પરથી ભારતની ભૌતિક સ્થિતિનું વર્ણન પ્રસ્તુત કર્યું છે જેમકે,

**स्वायुधं स्ववसं सुनीथं चतुः समुदं धढणं रयीणाम् ।**
**चर्कृत्य शंस्यं भूरिवारस्मभ्यं चित्रं वृषणं रयिं दाः ॥**[૩૯]

અહિં સપ્તસિંધુનો પ્રદેશ વર્ણવાયો છે અને ચારે દિશામાં સમુદ્રનો નિર્દેશ મળે છે. આ મહાસાગરની વાત વેદમાં જોવા મળે છે. જેમકે,

**वातस्याश्वो वायोः सखा ऽथो देवेषितो मुनिः ।**
**उभौ समुद्रावा क्षेति यश्च पूर्व उतापरः ॥**[४०]

આ ઉપરાંત આર્યો સમુદ્રના માર્ગે દૂર સુધી વેપાર–ધંધા કરતાં હતા. આવા અનેક ઉલ્લેખો સપ્તસિંધુની ચારે બાજુના સમુદ્રના અસ્તિત્વને દર્શાવે છે. સરસ્વતી નદી પર્વતમાંથી નીકળીને સમુદ્રને જઈને મળે છે તેઓ પણ સ્પષ્ટ નિર્દેશ મળે છે જેમકે एकाचेतत् सरस्वती नदीनां शुचिर्यती गिरिभ्य आ समुद्रात्।[४१]

આવાં દષ્ટાંતો આપીને એ.સી. દાસ એવું સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે કે આર્યો આ ચાર સમુદ્રોની વચ્ચે આવેલા સપ્તસિંધુના પ્રદેશમાં રહેતા હતા. તે વખતે ભારતીય ઉપખંડ રાજસ્થાનથી છેક આફ્રિકાના વિસ્તાર સુધી જોડાયેલો હતો. પછી મહાભયંકર ધરતીકંપથી સમુદ્રોમાં સુનામીની ઘટનાઓ થઈ હશે આ ભાગમાં વારંવાર ધરતીકંપ થતો એ વિચારનો ઋગ્વેદમાં સ્પષ્ટ નિર્દેશ મળી આવે છે. જેમકે यः पृथिवीं व्यथमानामदृंहत् यः पर्वतान् प्रकृपितॉं अरम्णात्।[४३] મનુ આર્યોના નેતા હતા. મનુના જલપ્રલયની વાતો વૈદિક સાહિત્ય અને પુરાણોમાં જોવા મળે છે.[૪૪] જ્યારે મેસોપોટેમિયાનો જલપ્રલય ઈ.સ. પૂર્વે ૩૧૦૧માં થયો હતો. ભૂસ્તર શાસ્ત્રીઓ આ સાગરપરિવર્તન અને સુનામી ઘટનાઓનો સમય ઈ.સ. પૂર્વે ૫૦૦૦ થી ૨૫૦૦ વર્ષ સ્વીકારે છે.

આથી ઋગ્વેદની રચના સપ્તસિંધુના પ્રદેશમાં થઈ હશે અને તેના જેટલી પ્રાચીન હશે. એ.સી. દાસ કહે છે ભૂલરહિત બધા જ પ્રસંગો ઋગ્વેદમાં સપ્તસિંધુની અતિપ્રાચીનતા સાબિત કરે છે કે તેઓ અન્ય દેશના વસાહતી તરીકે સ્થાયી ન હતા.[૪૫]

### ૧.૫.૨.૩) વિન્કલર હ્યુગોનો મત :

આ વિદ્વાનને ૧૯૦૭માં બોગાદ–દૂઈ નામના સ્થળેથી કેટલીક માટીની પટ્ટીઓ મળી આવી હતી. તેણે ઋગ્વેદના સમય નક્કી કરવાની નવી દિશાઓ ખોલી આપી. આ માટીની પટ્ટીઓમાં આપણા વૈદિક દેવતાઓ મિત્ર–વઢણ–ઈન્દ્રને ઉપસાવવામાં આવેલા છે. ઈ.સ. પૂર્વે ૧૪૦૦માં હિતાઈટ્સના રાજાએ મીટાનીસના રાજાઓની સાથે જે સન્ધિ

કરાર કર્યા હતા તેમાં આપણા મિત્ર વઢણ જેવા વૈદિક–દેવતાઓને સાક્ષી તરીકે રાખવામાં આવ્યા હતા. આપણને પ્રશ્ન થાય કે આપણા વૈદિક દેવતાઓનાં નામો માઈનોરમાં મિટાનીસ પાસે કેવી રીતે પહોંચ્યાં હશે ? તેનો જવાબ આપી શકાય કે ભારત–ઈરાની લોકો છૂટા પડ્યા નહિ હોય ત્યારે આ દેવતાઓનાં નામો અહીં પહોચ્યા હશે. આ દષ્ટિએ વેદોનો સૂક્તોનો સમય મોડામાં મોડો ઈ.સ. પૂર્વે ૪૫૦૦ થી વધારે બનાવી શકાય તેમ નથી.[૪૬]

આમ ઉપરોક્ત રીતે અનેક વિદ્વાનોના મતોની સમીક્ષા પોતાની રીતે કરે છે. તેમાં મેકડોનલ, હીથ, ડૉ. સંપૂણાનંદ, વિન્ટરનિત્ઝ અને રઘુનંદશમાં વગેરે વિદ્વાનો પોતાના મતોની સમીક્ષા કરે છે. આ બધા જ મતોમાં બાલગંગાધર તિલક અને એ.સી. દાસનો મત નોંધનીય છે. કેમ કે તેઓ બુદ્ધિગમ્ય રીતે આપે છે. આપણે નિષ્કર્ષ રૂપ કહેવું હોય તો કહી શકાય કે વેદનો પ્રારંભનો સમય ઈ.સ. પૂર્વે ૨૦૦૦ થી ૨૫૦૦ વર્ષ અને અંતિમ તબક્કો ઈ.સ. પૂર્વે ૭૫૦ થી ઈ.સ. ૫૦૦માં સ્વીકારી શકાય.

## ૧.૬) બ્રાહ્મણ ગ્રન્થો :

બૃહ્–વ્યાપીને રહેવું–એ ધાતુ પરથી ब्रह्मन्–સ્તુતિ કે પ્રાર્થના એવો અર્થ થાય છે. ઋગ્વેદમાં ब्रह्मणोऽस्य मुखमासीद्[૪૭]માં વિરાટ પુઢષના મુખમાંથી બ્રાહ્મણો ઉત્પન્ન થયા છે. વેદોનું એક ભાષ્યસાહિત્ય છે તેને બ્રાહ્મણગ્રન્થો તરીકે ઓળખવામાં આવે છે તેના વિષયો અલગ–અલગ છે. તેમાં મુખ્યત્વે વિધિ, વિનિયોગ, હેતુ, અર્થવાદ, નિઢક્તિ અને આખ્યાન એવા છ પ્રતિપાદ્ય વિષયો છે. બ્રાહ્મગ્રન્થોનો આધાર વૈદિક સંહિતાઓ ઉપર છે. અલગ–અલગ સંહિતાઓને પોતાના અલગ–અલગ બ્રાહ્મણ ગ્રન્થો રહેલા છે. તેની માત્ર પરિચયાત્મક નોંધ મૂકીએ.

### ૧.૬.૧) ઋગ્વેદના બ્રાહ્મણગ્રન્થો :

સંહિતાઓમાં સૌથી પ્રાચીન સંહિતા ઋગ્વેદસંહિતા છે. આ સંહિતામાં બે બ્રાહ્મણો છે. જેમ કે (૧) ऐतरेयब्राह्मणम् અને शांखायन् કે कौषितकी ब्राह्मणम् તેનો પરિચય પ્રસ્તુત છે.

#### ૧.૬.૧.૧) ऐतरेयब्राह्मणम् :

આ બ્રાહ્મણનું વિભાજન પંચિકાઓ, અધ્યાયો અને કંડિકાઓમાં થયેલું છે તેમાં પ્રથમ ૮ પંચિકાઓ ૪૦ અધ્યાયો અને ૨૮૫ કંડિકાઓ આવેલી છે. અહીં વિવિધ પ્રકારના

યજ્ઞો જેવા કે અગ્નિષ્ટોમ, પ્રાતઃ સ્તવન, માધ્યંદિનસ્તવન, સાયંસ્તવન, દ્વાદશાહયાગ, સોમયોગ, રાજસૂયયજ્ઞ અને ઈન્દ્રમહાભિષેક એવા વિવિધ યજ્ઞોનું વિધાન કરવામાં આવ્યું છે.

**૧.૬.૧.૨)** शाखायनब्राह्मणम् **:**

આ બ્રાહ્મણને कौषितकीय ब्राह्मणम् પણ કહેવામાં આવે છે. આ બ્રાહ્મણને વિભાજન અધ્યાય અને ખંડોમાં કરવામાં આવ્યું છે. તેમાં ૩૦ અધ્યાયો અને ૨૨૬ ખંડો છે. તેમાં વિષયની દષ્ટિએ જોઈએ તો ઉત્તરવર્તી પ્રદેશોની સંસ્કૃતિ, રુદ્ર, વિષ્ણુ વગેરેનો મહિમા શકવરી ઋષિઓની નિયુક્તિ અને માહાત્મ્ય પ્રદર્શન તેના મુખ્ય પ્રતિપાદ્ય વિષયો છે.

**૧.૬.૨) યજુર્વેદીય બ્રાહ્મણગ્રન્થો :**

આ સંહિતામાં બે બ્રાહ્મણગ્રન્થો આવેલા છે. જેમાં शतपथ ब्राह्मणम् અને 'तैत्तिरीयब्राह्मणम्' એવા બે બ્રાહ્મણો પ્રસિદ્ધ છે. જેનો સંક્ષિપ્ત પરિચય મેળવીએ.

**૧.૬.૨.૧) शतपथब्राह्मणम् :**

આ शतपथब्राह्मणम् યજુર્વેદીય સંહિતાનો પ્રમાણભૂત ગ્રન્થ છે. તેનું સૌ પ્રથમ પ્રકાશન ૧૯૨૪માં થયેલું છે. તેમજ ૧૯૫૬માં તેનું બીજું પ્રકાશન થયું છે.[૪૮] આ બ્રાહ્મણગ્રન્થની બે શાખાઓ પ્રાપ્ત થાય છે. જેમાં માધ્યંદિન અને કાણ્વ શાખા.

માધ્યંદિન શાખા શુકલ યજુર્વેદની શાખા છે. જેમાં ૧૦૦ અધ્યાયો ૧૪ કાંડ ૫૮ પ્રપાઠક ૪૩૮ બ્રાહ્મણો ૭૬૨૪ કંડિકાઓ આવેલી છે. આ બ્રાહ્મણનો કર્તા યાજ્ઞવલ્કય માનવામાં આવે છે. અહીં યજ્ઞવિષયક વિધિ–વિધાનો આપવામાં આવ્યાં છે. જેમાં દર્શ પૌર્ણમાસ, સત્ર, અગ્નિહોત્ર, ચાતુર્માસ્ય, સોમયોગ, વાજપેય જેવા મોટા યજ્ઞની નાની નાની બાબતોની વિગતો આપવામાં આવી છે.

સરળ અને રસપ્રદ શૈલી, યજ્ઞોની સૂક્ષ્માતિસૂક્ષ્મ બાબતો ની રજૂઆત આખ્યાયિકા અને આખ્યાનોના લીધે આ ગ્રન્થ ખૂબ જ રસપ્રદ બન્યો છે.

કાણ્વ શતપથ બ્રાહ્મણ શુકલ યજુર્વેદીય શાખાનું બ્રાહ્મણ છે આ બ્રાહ્મણનું પ્રકાશન ૧૮૨૬માં પ્રકાશન કર્યું છે.[૪૯] આ બ્રાહ્મણમાં ૧૦૪ અધ્યાયો, ૪૪૬ બ્રાહ્મણો ૫૮૬૫ કંડિકાઓનું તેના ૧૭ કાંડમાં વિભાજિત કર્યા છે.

અહીં વિષયવસ્તુ માધ્યંદિન શાખા જેવું જ છે. તેમાં કથાવસ્તુની રજૂઆતમાં તફાવત જોવા મળે છે. માત્ર ક્રમના તફાવતને બાદ કરતાં વિષયો સમાન રીતે રજૂ થયેલા છે.

### ૧.૬.૨.૨) तैत्तिरीय ब्राह्मणम् :

આ બ્રાહ્મણ ગ્રન્થ યજુર્વેદની કૃષ્ણશાખા આધારિત છે. ત્રણ અષ્ટકોમાં આ બ્રાહ્મણનું વિભાજન થયેલું જોવા મળે છે. તેમાં પહેલા અષ્ટકમાં ૭૮ અનુવાક, બીજા અષ્ટકમાં ૯૬ અને અષ્ટકમાં ૧૭૯ અનુવાક આવેલા છે. પ્રથમ અષ્ટકમાં 'પારક્ષુદ્ર' બીજું 'અગ્નિહોત્ર' અને ત્રીજા અષ્ટકને જુદાં–જુદાં નામોથી ઓળખવામાં આવે છે. અહીં પણ આખ્યાનો અને કથાઓ જોવા મળે છે.

### ૧.૬.૩) સામવેદસંહિતાના બ્રાહ્મણો :

વેદોની બધી જ સંહિતાઓ કરતાં સામવેદસંહિતામાં બ્રાહ્મણગ્રન્થો વધુ જોવા મળે છે. એટલે કે ताण्ड्यब्राह्मणम्, षड्विंश ब्राह्मणम्, दैवतब्राह्मणम्, सामविधान ब्राह्मणम् અને जैमिनि ब्राह्मणम् એમ કુલ મળીને નવ બ્રાહ્મણ ગ્રન્થો આવેલા છે. જેનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ નોંધીએ.

### ૧.૬.૩.૧) तांड्यब्राह्मणम् :

આ બ્રાહ્મણને 'पंचविंश ब्राह्मणम्' પણ કહેવામાં આવે છે. આ બ્રાહ્મણનું પ્રકાશન સંસ્કૃત સિરિઝ વારાણસી દ્વારા થયેલું છે.[૫૦] આ બ્રાહ્મણમાં ૨૫ પ્રપાઠક અને ૩૪૭ ખંડો છે. આ બ્રાહ્મણમાં એકદિવસીથી માંડીને અનેક દિવસો સુધી ચાલનારા વિવિધ યજ્ઞોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ બ્રાહ્મણની વિશેષતા એ છે કે ઐતિહાસિક માહિતી પ્રાપ્ત કરવા આ બ્રાહ્મણ મહત્ત્વનો છે. આ ઉપરાંત વસ્ત્રો, આચાર ધર્માદિનું વિસ્તૃત વર્ણન તેમાં જોવા મળે છે.

### ૧.૬.૩.૨) षड्विंशब्राह्मणम् :

આ બ્રાહ્મણ ગ્રન્થમાં કુલ ૬ અધ્યાયો છે. આ ગ્રન્થનું વિષયવસ્તુ તાંડયબ્રાહ્મણ જેવું જ છે. કેટલાક વિદ્વાનો આ બ્રાહ્મણને સ્વતંત્ર બ્રાહ્મણ ગણતા નથી. પરંતુ તાંડ્ય બ્રાહ્મણોનું રૂપ માને છે.

### ૧.૬.૩.૩) छान्दोग्यब्राह्मणम् :

આ બ્રાહ્મણમાં ૧૦ પ્રપાઠકો છે. અહીં ગૃહ્ય સંસ્કારોનું વર્ણન કરવામાં આવ્યું છે. એટલે કે વિવાહ, ગર્ભાધાન, સીમન્ત, ચૂડાકરણ, ઉપનયન જેવા સંસ્કારોની રજૂઆત કરવામાં આવી છે. આ ઉપરાંત ભૂતબલિ, પિતૃપિંડ, દેવબલિહોમ, નવ ગૃહપ્રવેશ, સ્વસ્તિવાચન વગેરે મંત્રોનું સંકલન કરવામાં આવ્યું છે. અંતમાં છાંદોગ્યોપનિષદ આવે છે.

### ૧.૬.૩.૪) वंशब्राह्मणम् :

આ બ્રાહ્મણ ખૂબ જ નાનું છે તેમાં માત્ર ત્રણ ખંડો આવેલા છે. તેના વિષય તરીકે આચાર્યોની પરંપરાની નામાવલી રજૂ કરવામાં આવી છે. તેમાં સર્વદત્તગાર્ગ્યથી માંડીને બ્રહ્મા સુધીની પરંપરાનું વર્ણન જોવા મળે છે.

### ૧.૬.૩.૫) आर्षयब्राह्मणम् :

સામવેદની કૌથુમ શાખા સાથે આ બ્રાહ્મણ સંબંધ ધરાવે છે. તેમાં ત્રણ પ્રપાઠક, ૬ અધ્યાય અને ૮૨ ખંડ છે. તેમાં સામની ઉદ્‌ભાવના કરનારા ઋષિઓની નામાવલી રજૂ કરવામાં આવી છે.

### ૧.૬.૩.૬) संहितोपनिषद ब्राह्मणम् :

આ બ્રાહ્મણ ખૂબ જ નાનું છે. તેમાં પાંચ ખંડો આવેલા છે. અહીં સામગાનના વિવિધ પ્રકારોની સમીક્ષા કરવામાં આવી છે. જ્યારે ગુરુશિષ્યની પરંપરાનુ–તેની યોગ્યતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

### ૧.૬.૩.૭) दैवतब्राह्मणम् :

આ બ્રાહ્મણગ્રન્થને 'देवताध्याय' પણ કહેવામાં આવે છે. અહીં ત્રણ ખંડો જ છે. અહીં વિવિધ દેવતાઓના છન્દોની દેવતાઓ અને વર્ણોની માહિતી આપવામાં આવી છે. આ રીતે ભાષાવિજ્ઞાનની દષ્ટિએ આ બ્રાહ્મણ મહત્ત્વનું છે.[૫૧]

### ૧.૬.૩.૮) सामविधान ब्राह्मणम् :

આ બ્રાહ્મણના ૩ પ્રપાઠક અને ૨૫ ખંડો આવેલા છે. અન્ય બ્રાહ્મણ કરતાં આ બ્રાહ્મણ અલગ રીતનું છે. અહી વિવિધ વિષયો જેવા કે શત્રુનો વિનાશ, ઉપદ્રવોનું શમન,

જાદુ ટોણાનો પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે. આ રીતે અહીં કર્મકાંડ, ધર્મશાસ્ત્ર અને પ્રાયશ્ચિત્તનું વર્ણન કરવામાં આવ્યું છે.

### ૧.૬.૩.૯) जैमिनि ब्राह्मणम् :

આ બ્રાહ્મણને 'तलवकार' બ્રાહ્મણ પણ કહેવામાં આવે છે. તેમાં ત્રણ ભાગ છે. તેમાં કુલ ૧૧૮૨ ખંડો આવેલા છે. આ બ્રાહ્મણમાં તાંડય અને શતપથ બ્રાહ્મણને અનુરૂપ મંત્રો આવેલા છે.

### ૧.૬.૩.૧૦) गोपथब्राह्मणम् :

આ બ્રાહ્મણ ગ્રન્થના રચયિતા ગોપથ ઋષિ માનવામાં આવે છે. અહીં ૧૧ પ્રપાઠકો અને ૨૫૮ કાંડિકાઓ આવેલી છે. તેમજ પૂર્વગોપથ અને ઉત્તરગોપથ એવા બે વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. આ બ્રાહ્મણ ગ્રન્થમાં જુદા–જુદા વિષયો જેવા કે બ્રહ્મયજ્ઞના પ્રકારો, અશ્વમેધ યજ્ઞ, પુઢષમેધ યજ્ઞ જેવા વિવિધ યજ્ઞોનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

## ૧.૭) આરણ્યક ગ્રન્થો :

સંહિતાઓ, બ્રાહ્મણો, આરણ્યકો અને ઉપનિષદો એ ક્રમમાં જોતા આરણ્યકો ત્રીજા સ્થાને આવે છે. આરણ્યક શબ્દનો અર્થ अरण्ये पाठ्यत्वात् आरण्यकम् અર્થાત્ અરણ્યમાં પઠન કરવામાં આવતું હોવાથી આરણ્યક એવું નામ આપવામાં આવ્યું છે. વૈદિક સાહિત્યમાં જુદી–જુદી સંહિતાઓમાં અલગ–અલગ આરણ્યક ગ્રન્થો ઉપલબ્ધ થાય છે. સંહિતાઓ પ્રમાણે આરણ્યકોની વિગતે માહિતી નીચે મુજબ મેળવીએ.

### ૧.૭.૧) ઋગ્વેદના આરણ્યકો :

ઋગ્વેદ પરંપરાના આરણ્યકોની સંખ્યા બે છે. તેને ऐतरेय आरण्यकम् અને शांखायनारण्यकम् એવા નામથી ઓળખવામાં આવે છે.

#### ૧.૭.૧.૧) ऐतरेय आरण्यकम् :

આ આરણ્યકમાં ૫ આરણ્યક અને ૧૮ અધ્યાયો છે. તેમાં પ્રાણવિદ્યા, મહાવ્રત, સ્વર–વયંજનાદિનું સ્વરૂપ, નિષ્કૈવલ્ય શસ્ત્રની ચર્ચા વગેરે કરવામાં આવી છે.

### ૧.૭.૧.૨) शांखायन आरण्यकम् :

આ આરણ્યકમાં ૧૫ અધ્યાયો અને ૧૩૭ ખંડો છે અહીં ઐતરેય આરણ્યકના વિષયોની જ રજૂઆત કરવામાં આવી છે.

### ૧.૭.૨) યજુર્વેદના આરણ્યક ગ્રન્થો :

આ સંહિતાના બે આરણ્યક ગ્રન્થો મળી આવે છે. તેમાં 'बृहदारण्यकम्' અને 'तैत्तिरीयारण्यकम्' એવાં બે આરણ્યકો મળી આવે છે. જેની ચર્ચા નીચે મુજબ કરીએ.

### ૧.૭.૨.૧) बृहदारण्यकम् :

આ આરણ્યક યજુર્વેદની શુકલ શાખા સાથે સંબંધ ધરાવે છે તેમાં ૬ આરણ્યક અને ૪૭ બ્રાહ્મણો છે. જેમાં જનક, યાજ્ઞવલ્ક્ય અને ગાર્ગી તથા મૈત્રેયી વગેરેનાં વર્ણનો જોવા મળે છે. આ આરણ્યક અત્યંત પ્રાચીન માનવામાં આવે છે.

### ૧.૭.૩) સામવેદી આરણ્યકો :

આ સંહિતામાં એક માત્ર આરણ્યક પ્રાપ્ત થાય છે. તેને तवलकार આરણ્યક કહેવામાં આવે છે. તેની ચર્ચા કરીએ.

### ૧.૭.૩.૧) तवलकार आरण्यकम् :

આ આરણ્યકમાં ચાર અધ્યાયો છે અને આ ચાર અધ્યાયોનું પેટા ખંડોમાં વિભાજન કરવામાં આવ્યું છે. આ ગ્રન્થના સંકલનકર્તા જૈમિનિ એને તવલકાર હોવાથી તેને જૈમિનિ આરણ્યક કે તવલકાર આરણ્યક પણ કહેવામાં આવે છે.

### ૧.૮) वेदांगो :

તેના પ્રમાણે જોઈએ તો वेदांग એટલે કે વેદોનાં જે અંગભૂત છે તે વેદાંગ–વેદના અંગ એવો અર્થ આપવામાં આવ્યો છે. शिक्षा कल्पा, व्याकरणं, निढक्तं छन्दो ज्योतिषमिति । એમ ઉપનિષદોમાં ષટ્ વદાંગોનો નિર્દેશ મળે છે. વેદાંગોનું મુખ્ય પ્રયોજન વેદોની રક્ષા કરવાનું છે. સ્વરૂપરક્ષા, અર્થરક્ષા અને અનુષ્ઠાન રક્ષા એમ ત્રણ પ્રકારે વેદોની રક્ષા કરવામાં આવે છે. તેનો વિગતે પરિચય પ્રાપ્ત કરીએ.

## ૧.૮.૧) शिक्षा :

વેદાંગોમાં શિક્ષાનું મહત્ત્વ વિશેષ રહેલું છે. शिक्षा घ्राणं तु वेदस्य।–અર્થાત્ શિક્ષાએ વેદપુરુષનું નાક છે. શિક્ષા એટલે શુદ્ધ ઉચ્ચારણ. વેદના સમયથી જ શુદ્ધ ઉચ્ચારણને મહત્ત્વ આપવામાં આવ્યું છે. मन्त्र हीनो स्वरतो वर्णतो यथेन्द्रशत्रुः स्वरतोऽपराधात्।[૫૪] આ પ્રસિદ્ધ પ્રસંગનો ઉલ્લેખ કરીને શુદ્ધ ઉચ્ચારણનું મહત્ત્વ બનાવવામાં આવ્યું છે. ઉદાત્ત અનુદાત્ત અને સ્વરિત એમ સ્વરના ત્રણ પ્રકારો છે. મન્ત્ર સ્વર અને વર્ણના શુદ્ધ ઉચ્ચારણનો આગ્રહ રાખવામાં આવ્યો છે. वर्ण स्वर, मात्रा बल साम અને સંતાન એમ છ શિક્ષાનાં અંગો છે. દરેક ગ્રન્થસાથે શિક્ષાગ્રન્થ છે.

## ૧.૮.૨) कल्प :

વૈદિકસાહિત્યના અધ્યયન માટે કલ્પ સાહિત્યનું સ્થાન પણ અતિ મહત્ત્વનું માનવામાં આવ્યું છે. हस्तो कल्पोऽथ पाठ्यते।[૫૫] એટલે કે કલ્પને વેદપુરુષના હાથ માનવામાં આવ્યા છે. કલ્પોમાં યજ્ઞાદિ કર્મોનું વિસ્તૃત વિધાન છે. જોકે ત્યાં અનેક પ્રકારના મત–મતાન્તરો કે વિસ્તૃત ચર્ચાઓને ક્રમબદ્ધ કરવાની આવશ્યકતા જણાય છે. તેમાંથી કલ્પસૂત્રોનું નિર્માણ થયું. કલ્પસૂત્રો મુખ્યત્વે ચાર પ્રકારનાં મળી આવે છે. જેમકે (१) श्रौतसूत्र (२) गृह्यसूत्र (३) धर्मसूत्रो (४) शुल्वसूत्रो.

## ૧.૮.3) व्याकरणम् :

વેદાધ્યયન માટે વ્યાકરણનું મહત્ત્વ સવિશેષ છે. વ્યાકરણના જ્ઞાન વિના વેદોનું અધ્યયન શક્ય બનતું નથી. व्याक्रियन्ते शब्दाः अनेन इति व्याकरणम्। એવી વ્યાકરણની વ્યાખ્યા આપવામાં આવી છે. चत्वारि शृङ्गा એમ વૃષભરૂપે વ્યાકરણને महादेवः[૫૭] तरीके વ્યાકરણને ઋગ્વેદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી વ્યાકરણ ઉપર વધુ ભાર મૂકવામાં આવે છે. વર્તમાન સમયમાં મહામુનિ પાણિનિ રચિત એક માત્ર ‘अष्टाध्यायी’ વ્યાકરણ ગ્રન્થ ઉપલબ્ધ છે. તેમાં ૮ અધ્યાયોમાં ૩૨ પાદોમાં સૂત્રાત્મક શૈલીમાં સંસ્કૃત વ્યાકરણનું વિવેચન કરવામાં આવ્યું છે.

## ૧.૮.૪) निरुक्तम् :

निरुक्तम् श्रोत्रमुच्यते।[૫૮] એ મુજબ નિરુક્તને વેદપુરુષના કાનની ઉપમા આપવામાં આવી છે. મહર્ષિ વ્યાસ રચિત નિરુક્ત એજ નિરુક્ત પ્રકારનાં વેદાંગોનો હાલમાં

એકમાત્ર ગ્રન્થ છે. તેમાં વૈદિક શબ્દો કે મંત્રોની નિશ્ચયાત્મક અને નિ:શેષ વ્યુત્પત્તિપરક વિવેચના કરવામાં આવે છે. નિરુક્તના કુલ ૧૪ અધ્યાય છે. અહીં વેદના જુદા–જુદા શબ્દોની વ્યુત્પત્તિ પરક વ્યાખ્યા આપવામાં આવી છે.

### ૧.૮.૫) छन्द :

छन्दः पादौ तु वेदस्य। એ પ્રમાણે છંદોએ વેદપુરુષના ચરણ છે. તેનાથી વેદોની સ્વરૂપ રક્ષા થાય છે. આચાર્ય પિંગલાચાર્યકૃત છન્દસૂત્ર નામનો એકમાત્ર વેદાંગગ્રન્થ મળી આવે છે. કેવળ અક્ષરગણના યુક્ત અને પાદાક્ષર ગણનાનુસારી ૨૧ વૈદિક ત્રણ સપ્તકોમાં વિભાજિત છે.

### ૧.૮.૬) ज्योतिष :

ज्योतिषामनेयनं चक्षु:। એમ જ્યોતિષ વેદપુરુષનાં ચક્ષુઓ છે. માનવ શરીરમાં નેત્રોનું જેટલું મહત્ત્વ છે તેટલું જ વેદપુરુષના નેત્રો સમાન જ્યોતિષનું છે. આચાર્ય लगध કૃત ઋગ્વેદ સાથે સંબધિત आर्षज्योतिष અને યજુર્વેદ સાથે સંબંધિત 'याजुषज्योतिष' એમ મુખ્ય બે ज्योतिष ग्रन्थो છે.

### ૧.૯) ઉપનિષદો :

ઉપનિષદ્‌ને વેદાન્તો પણ કહેવામાં આવે છે. કારણ કે તેનું સ્થાન વેદના અંતભાગમાં હોવાથી તેને 'વેદાંતો' પણ કહેવાય છે. ઉપનિષદ શબ્દની વ્યુત્પત્તિ ઉપ+નિ = ઉપસર્ગ સાથે √षद् ધાતુના સંયોગથી નિષ્પન્ન થાય છે. ઉપનિષદોનું સ્થાન ભારતીય સંસ્કૃતિમાં પ્રાચીનકાળથી અદ્વિતીય રહ્યું છે. પ્રસ્થાનત્રયીમાં ઉપનિષદનું સ્થાન સૌ પ્રથમ આવે છે. ઉપનિષદોના અનુવાદો પણ ઘણી ભાષાઓમાં થયેલા જોવા મળે છે. ઋગ્વેદ સંબંધી ૧૦, યજુર્વેદ સંબંધી–૫૧, સામવેદ સંબંધી ૧૬ અને અથર્વવેદ સંબંધી–૩૧ એમ કુલ ૧૦૮ ઉપનિષદો છે. અહીં પ્રધાન ઉપનિષદોનો પરિચય સંક્ષિપ્તમાં મેળવીએ.

### ૧) ईशोपनिषद् ।

યજુર્વેદની શુકલ માધ્યંદિન શાખાનો ૪૦ અધ્યાય જેને 'ईशावास्यापनिषद' એવા નામથી પણ ઓળખવામાં આવે છે. આ ઉપનિષદમાં માત્ર ૧૮ મંત્રો આવેલા છે. પરંતુ તેમાં ઉત્તમોત્તમ જ્ઞાનરાશિ જોવા મળે છે. અહીં નિષ્કામભાવે કર્મ કરવાના કર્મયોગ પર ભાર મૂકવામાં આવ્યો છે.

## ૨) केनोपनिषद् ।

સામવેદસંહિતા આધારિત આ ઉપનિષદનો પ્રારંભ केनेषितं....થી થાય છે. તેથી તેને 'केनोपनिषद्' કહેવામાં આવે છે. આ ઉપનિષદમાં પ્રથમ અને દ્વિતીય ખંડો પદ્યમાં તથા તૃતીય અને ચતુર્થ ગદ્યમાં લખાયેલા ચાર ખંડો છે. અહીં પ્રતિપાદ્ય વિષય સગુણ અને નિર્ગુણનો તફાવત, બ્રહ્માના રહસ્યમય સ્વરૂપનું વર્ણન, તથા ઉમા હેમવતીનું આખ્યાન જોવા મળે છે.

## ૩) कठोपनिषद् ।

યજુર્વેદીય સંહિતાની ૮૮ શાખા સાથે સંબંધિત હોવાથી આ ઉપનિષદ્‌ને કઠોપનિષદ્ તરીકે ઓળખાય છે. આ ઉપનિષદ્‌માં ૬ વલ્લીઓ અને બે અધ્યાયો છે. નચિકેતાની સુપ્રસિદ્ધ કથા આ ઉપનિષદનું હાર્દ છે.

## ૪) प्रश्नोपनिषद् ।

આ ઉપનિષદ અથર્વવેદની પિપ્લાદશાખા સાથે સંબંધિત છે. તેમાં છ ખંડો છે અને છ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે. સંવાદાત્મક શૈલીમાં રજૂઆત હોવાથી તેને 'પ્રશ્નોપનિષદ' કહેવામાં આવે છે.

## ૫) मुण्डकोपनिषद ।

અથર્વવેદની શૌનકશાખા સાથે સંકળાયેલ ઉપનિષદનું જ્ઞાન પ્રાપ્ત કરનાર શિરોવ્રત રાખવું પડતું હશે, મુંડન કરવું પડતું હશે તેથી તેનું નામ 'मुण्डकोपनिषद' કહેવાયું છે. તેમાં ત્રણ મુણ્ડક એટલે કે પ્રકરણો આવેલાં છે. અહીં પણ શરૂઆત સંવાદથી થાય છે. અહીં શૌનક નામનો સુખી સંપન્ન વ્યક્તિ પ્રશ્ન કરે છે. कस्मिन भगवन् विद्यते सर्वमिदं विज्ञातं भवति- ત્યાંથી શરૂઆત થાય છે. તત્ત્વજ્ઞાન અને જગતની મીમાંસા કરતું આ ઉપનિષદ શ્રેષ્ઠ છે.

## ૬) माण्डूक्योपनिषद ।

આ ઉપનિષદ પણ અથર્વવેદની શૌનકશાખા સાથે સંબંધિત છે. તેમાં ૧૨ ખંડોમાં ઓમ્‌કારોપાસનાનું વર્ણન કરવામાં આવ્યું છે. ચતુષ્પાદ બ્રહ્મનું પણ સૂક્ષ્મ વિવેચન છે.

**૭) तैत्तिरीयोपनिषद ।**

કૃષ્ણ યજુર્વેદની તૈત્તિરીયારણ્યકના સાત, આઠ અને નવમાં ખાંડ સાથે સંબંધિત હોવાથી તેને 'તૈત્તિરીયોપનિષદ' કહેવામાં આવે છે. શિક્ષા, બ્રહ્માનંદ અને ભૃગુનામની ત્રણ વલ્લીઓમાં વિભાજન કરવામાં આવ્યું છે.

**૮) ऐतरेयोपनिषद ।**

ઋગ્વેદના ઐતરેયારણ્ય અંતર્ગત બીજા આરણ્યક સાથે સંબંધિત હોવાથી તેને 'ऐतरेयोपनिषद' કહેવામાં આવે છે. તેમાં કુલ ત્રણ અધ્યાયો છે.

આ ઉપનિષદમાં પરમાત્માના જ્ઞાનનું મહત્ત્વ રજૂ કરવામાં આવ્યું છે. પરમાત્માની ઉપાસના દ્વારા તેની કૃપા પ્રાપ્ત કરી અમર થઈ જવાનું આ ઉપનિષદ કહે છે.

**૯) छांदोग्योपनिषद् ।**

આ ઉપનિષદ સામવેદીય ઉપનિષદ છે. બ્રહ્મજ્ઞાનના પ્રતિપાદનની દષ્ટિએ સર્વ ઉપનિષદોમાં પ્રૌઢ છે. અહીં કુલ આઠ પ્રપાઠક એટલે કે અધ્યાયો છે અહીં ઈન્દ્ર–વિરોચન આખ્યાન પ્રસિદ્ધ છે.

**૧૦) बृहदारण्यकोपनिषद् ।**

શુકલ યજુર્વેદીય આ ઉપનિષદ પરિમાણ અને તત્ત્વજ્ઞાન જ્ઞાનની દષ્ટિએ ખૂબજ વિશાળ છે. મહર્ષિ યાજ્ઞવલ્કયના આધ્યાત્મિક જ્ઞાનથી ઓતપ્રોત આ ઉપનિષદમાં કુલ છ અધ્યાયો છે.

**૧૧) श्वेताश्वतरोपनिषद् ।**

આ ઉપનિષદ કૃષ્ણયજુર્વેદ સાથે સંકળાયેલ છે. તેમાં શૈવધર્મનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આ ઉપનિષદમાં કુલ છ અધ્યાયો આપવામાં આવ્યા છે.

આમ આ પ્રસિદ્ધ ઉપનિષદોનો ચર્ચા કરી શકાય કુલ ૧૦૮ ઉપનિષદો છે. તેમાં ઘણા અર્વાચીન લાગે છે. જગતગુરુ શંકરાચાર્ય પણ –ईशकेनकठप्रश्नमुण्डक माडूक्य तित्तिरः।

ऐतरेय छांदोग्य बृहदारण्यकं श्वेताश्वतरोप च एकादशा। આ ઉપનિષદો ઉપરજ ભાષ્ય લખ્યું છે.

## ૧.૧૦) વૈદિક સંહિતાઓ :

કોઈપણ સંબંધિત વિચારણીય તત્ત્વને જાણવા માટે અધિકારી, વિષય, સંબંધ અને પ્રયોજન એમ ચાર અનુબંધો જાણવા એ અતિઆવશ્યક છે. આ ચાર અનુબંધોમાં ોમાં બીજું અનુબંધ વિષય અથવા વિષયવસ્તુ નામથી સૂત્ર રૂપ કે એક શ્લોકમાં નિર્દેશિન થયું છે.

**ऋक्यजुस् सामथर्वाख्यान् वेदान् पूर्वादिभिमुखैः।**
**शस्त्रमिज्यां स्तुति स्तोमं प्रायश्चितं व्याधात् कर्मान् ॥**[60]

આ મુજબ ચારેય વિષયોના સંપાદન માટે ચાર પ્રકારના ઋત્વિજોની વ્યવસ્થા કરવામાં આવી છે. જે હોતા અધ્વર્યુ ઉદ્‌ગાતા અને બ્રહ્મા એમ ચાર છે. હોતા યજ્ઞકર્મના અવસર પર દેવતાવિશેષની પ્રશંસા મંત્રોના ઉચ્ચારણથી કરે છે. દેવોનું આહ્‌વાન કરવા માટે જે મંત્રોની આવશ્યકતા છે તે બધા જ મંત્રો ઋગ્વેદમાં સંગ્રહિત છે. અધ્વર્યુનું કાર્ય એટલે યજ્ઞોનું વિધિવત્ સંપાદન કરવાનું છે. તે ગદ્યાત્મક યજુષોનું ઉપાસનાના રૂપમાં ઉચ્ચારણ કરે છે. તેના માટે આવશ્યક મંત્રોનો સંગ્રહ યજુર્વેદમાં જોવા મળે છ. ઉદ્‌ગાતાનો સંબંધ સામવેદ સાથે છે. ઉદ્‌ગાતા શબ્દનો અર્થ જ ઉચ્ચ સ્વરથી ગાન કરનારા એવો થાય છે. ઉદ્‌ગાતા યજ્ઞોમાં આવશ્યક મંત્રોનું સ્વરરહિત ઉચ્ચગતિથી ગાન કરે છે. બ્રહ્માનું કાર્ય યજ્ઞનું સમ્યક નિરીક્ષણ કરવાનું છે. જો યજ્ઞમાં મંત્રોના ઉચ્ચારણમાં કોઈ ક્ષતિ જણાય તો બ્રહ્મા તરત જ મંગલકારી મંત્રોનું ઉચ્ચારણ કરીને તે વિઘ્ન દૂર કરી દેશે. તે બ્રહ્મા માટેના બધા જ મંત્રો અથર્વવેદમાં સંગ્રહિત કરવામાં આવ્યા છે.

વેદસંહિતાઓમાં પ્રધાનપણે ઋષિઓ દ્વારા થતા યજ્ઞના અનુષ્ઠાનમાં પ્રયુક્ત થનાર મંત્રોને ચાર સંહિતાઓમાં સંગ્રહિત કરવામાં આવ્યા છે. પહેલા વિભિન્ન ઋત્વિજો દ્વારા અનેક સંહિતાઓનું સંકલન થતું હતું. પરંતુ આજકાલ ચાર જ સંહિતાઓ ઉપલબ્ધ થાય છે. આ ચાર સંહિતાઓનો વિષયવસ્તુનો અભ્યાસ કરતાં પહેલાં સંહિતા શબ્દનો અર્થ તપાસીએ.

## ૧.૧૦.૧) 'સંહિતા' શબ્દનો અર્થ :

'સંહિતા' શબ્દનો શાબ્દિક અર્થ જોઈએ તો મિશ્રણ સંકલન કે સંગ્રહ–એવો કરવામાં આવે છે. વૈદિક સાહિત્યમાં સંહિતા શબ્દ ક્રમબદ્ધ મંત્રપાઠના અર્થમાં સામાન્ય રૂપમાં પ્રયોજવામાં આવે છે. અષ્ટાધ્યાયીમાં મહામુનિ પાણિનિએ સંહિતા શબ્દની વ્યાખ્યા આપતા કહ્યું છે પરઃ सन्निकर्ष संहिता।[६२] એટલે કે જ્યાં અત્યંત સામીપ્ય હોય તેને સંહિતા કહેવામાં આવે છે. આવી સંહિતાઓ નીચે મુજબ ત્રણ પ્રકારની હોય છે.

**૧) वर्णसंहिता ।**

જ્યાં વર્ણો અક્ષરો એકત્ર થઈને શબ્દ કે પદ બનાવે તેને વર્ણસંહિતા કહેવામાં આવે છે. જેમ કે રામ શબ્દમાં રા અને મ એ વર્ણના સામીપ્યને કારણે 'રામ' શબ્દ બન્યું છે.

**૨) पदसंहिता ।**

જ્યાં પદો એકત્ર થઈને વાક્ય બનાવે તેને पदसंहिता કહે છે. જેમ કે गाम પદ સાથે आनय એવું વાક્ય બને છે.

**૩) पादसंहिता ।**

જ્યારે અનેક મંત્રો કે શ્લોકો એકત્ર થઈને સંહિતા રચે તેને પાદસંહિતા કહેવામાં આવે છે. જેમકે અનેક ઋચાઓ એકત્ર થઈને ऋक्संहिता બની આ રીતે ચારે સંહિતાઓનો સમાવેશ પાદસંહિતામાં થાય છે.

अनकानां शब्दानां यत्र सन्धिर्भवति तत्र संहिता इत्युच्यते। એટલે કે જ્યાં અનેક શબ્દો કે પદોનો સંયોગ થાય તેને સંહિતા કહેવામાં આવે છે. ઋચા કે મંત્રોના સમૂહને સંહિતા કહેવામાં આવે છે.

કોઈપણ દેવતાવિશેષની સ્તુતિમાં પ્રયુક્ત થનારા અર્થનું સ્મરણ કરાવવાની ક્ષમતાવાળું હોય તે વાક્યને મન્ત્ર કહેવામાં આવે છે. અને આવા મંત્રોના સમૂહને સંહિતાના નામથી અભિહિત કરવામાં આવી છે. આ સંહિતાઓ ચાર છે.

એક માન્યતા એવી છે. કે વ્યાસે[૬૨] એક વેદ સંહિતામાંથી ચાર સંહિતાઓનું સર્જન કર્યું. એનો અર્થ એ થયો કે મૂળમાં એક જ મંત્રો હતા તેનું સંહતીકરણ કર્યું ઋગ્વેદમાં

ઋચા મૂકી ઋચાઓ એટલે अर्थवशेन पाद व्यवस्था એટલે કે જ્યાં અર્થને કારણે પાદ વ્યવસ્થા હતી. ને મંત્રોને એક સ્થાને મૂક્યાં साम એટલે ગેયાત્મકમંત્રો અને यजुष् એટલે બાકીના ગદ્યાત્મક તેમજ યજ્ઞમાં विनियोगार्थ ઉપયુક્ત મંત્રોને યજુર્વેદસંહિતામાં મૂક્યા જે મંત્રો શાંતિક પૌષ્ટિક વગેરે કાર્યોમાં ઉપયોગી હતા જે રાજા માટે તેમજ સમાજ માટે ઉપયોગી હતા તેને અથર્વવેદમાં સંગ્રહિત કર્યા આમ આ ચાર સંહિતાઓ જન્મી.

- ऋग्वेदसंहिता
- यजुर्वेदसंहिता
- सामवेदसंहिता
- अथर्ववेदसंहिता

આ પ્રકરણમાં હવે ત્રણ સંહિતાઓનો સંક્ષિપ્ત પરિચય પ્રાપ્ત કરીશું. ઋગ્વેદસંહિતા મુખ્ય વિષય હોવાથી તેનો વિગતે અભ્યાસ આગળના અધ્યાયમાં કરીશું. અહીં ત્રણ સંહિતાઓ જોઈએ.

## ૧.૧૦.૨) યજુર્વેદ સંહિતા :

એક સમયમાં ભારતીય ભૂમિમાં યજુર્વેદને પણ અતિ મહત્ત્વ મળતું. આજે પણ પ્રાચીન ભારતીય યજ્ઞસંસ્થાના અધ્યયન માટે યજુર્વેદ મહત્ત્વનો ગણાય છે. અહીં યજ્ઞયાગાદિના વિધિ–વિધાનની વિચારણા કરવામાં આવી છે. ભારતીય પરંપરામાં એક ઉલ્લેખ એવો પણ જોવા મળે છે. મૂળમાં યજુર્વેદ એક જ હતો પછી તેમાંથી ચાર વેદોની રચના થઈ. આપણે યજુર્વેદ સંહિતાનો પરિચય મેળવીએ.

### ૧) યજુસનું લક્ષણ :

'यजुस्' શબ્દ 'यज्' ધાતુ પરથી બન્યો છે. તેનો અર્થ यज् કે 'પૂજન કરવું' એવો થાય છે. આવા यज् કે પૂજાને લગતા મંત્રો જેમાં સમાવવામાં આવ્યા છે તે યજુર્વેદ સંહિતા જેમાં અક્ષરોની સંખ્યાને નિયત ન હોવાથી તેને अनियताक्षरावसानो यजुः। કહેવામાં આવે છે. જૈમિનિ શેષે यजुष् शब्दः। એવી યજુસ્‌ની વ્યાખ્યા આપે છે.[૬૪] તેમના મતે अर्थवशात् पादव्यवस्था। એટલે ઋક્ અને ગીતબદ્ધ મંત્રોની વ્યવસ્થાને સામ કહેવાય છે અને શબ્દોનું પ્રાધાન્ય હોય તેવા યજુસ્‌નો સંગ્રહ જે યજુર્વેદની ગદ્યાત્મકતાનો નિર્દેશ કરે છે.

## ૨) યજુર્વેદ સંહિતાની બે પરંપરાઓ :

આ સંહિતાની (૧) शुक्लयजुर्वेदसंहिता અને (૨) कृष्ण यजुर्वेदसंहिता– એમ બે પરંપરાઓ મળી આવે છે. આ પરંપરાઓ અલગ–અલગ વેદસંહિતાનો નિર્દેશ કરતી નથી. પણ એક જ સંહિતાનાં બે નામો છે. આ વેદસંહિતાના બે ભેદો માટે જવાબદાર એકાદ કારણની સમીક્ષા કરીએ.

शुक्लयजुर्वेदसंहिता ના મહિધર ભાષ્યના આરંભમાં કથા આપવામાં આવી છે કે વેદ વ્યાસના શિષ્ય વૈશમ્પાયને પોતાના શિષ્ય યાજ્ઞવલ્કયને પોતે ભણાવેલ યજુર્વેદસંહિતાને ત્યજી દેવા ગુસ્સે થઈને કહ્યું આથી યોગના સમર્થ્યથી તેણે આ વિદ્યાનું વમન કર્યું. વમન કરેલા યજુસનું સ્વીકાર કરો એવી વૈશંપાયને તેના શિષ્યોને આજ્ઞા કરી. તેથી અન્ય શિષ્યોએ તેતરનું રૂપ લઈને વાન્ત યજુસનું ભક્ષણ કર્યું. એ યજુસની બુદ્ધિની મલિનતાના કારણે કૃષ્ણ બની ગયા. દુઃખી થયેલા યાજ્ઞવલ્કયે સૂર્યોપાસના કરીને શુકલ યજુર્વેદ મેળવ્યા.[૬૫] આ રીતે શુકલ યજુર્વેદ અને કૃષ્ણ યજુર્વેદ સંહિતાઓ અસ્તિત્વમાં આવી.

આ ઉપરાંત શતપથબ્રાહ્મણમાં કહેવામાં આવ્યું છે કે બ્રાહ્મણ અને આદિત્ય એમ બે સંપ્રદાયો યજુર્વેદના છે. યાજ્ઞવલ્કયે સૂર્યોપાસના દ્વારા શુકલ યજુર્વેદ મેળવ્યો. તેથી આદિત્ય સંપ્રદાય યાજ્ઞવલ્કય દ્વારા પ્રવર્તિત થયો.[૬૬] આમ આદિત્ય–એટલે સૂર્ય પાસેથી આવ્યો એ શુકલયજુર્વેદ સંહિતા બીજી બાજુ કૃષ્ણ યજુર્વેદસંહિતા બ્રહ્મસંપ્રદાયનું પ્રતિનિધિત્વ કરે છે.

## ૩) યજુર્વેદસંહિતાની શાખાઓ :

एकशतकमध्वर्युशाखाः। યજુર્વેદની ૧૦૧ શાખાઓ હોવાનો ઉલ્લેખ પતંજલિએ મહાભાષ્યમાં કર્યો છે. एकशतम्નો અર્થ અહિં ‘एकाधिक शतकम्’ લેવાથી ૧૦૧ શાખાઓ કરવામાં આવે છે. વળી એમ પણ માનવામાં આવે છે કે ‘शतम्’ કહેવાથી सुप् પ્રત્યય એટલે કે પ્રથમા એકવચનથી જ ૧૦૦નો અર્થ આવી જતો હોવાથી અહીં જે એક શબ્દનો પ્રયોગ છે તે નિરર્થક બની જાય છે. હાલમાં શુકલ યજુર્વેદની ‘માધ્યંદિન’ અને ‘કાણ્વશાખા’ તથા तैत्तिरीय, मैत्रायणी कठ અને कपिष्ठल ચાર શાખાઓ પ્રાપ્ત થાય છે. તેનો પરિચય મેળવીએ.

### ૧) माध्यंदिनसंहिता ।

શુકલ યજુર્વેદની માધ્યંદિન કે વાજસનેયિ શાખા પૂર્ણરૂપમાં પ્રાપ્ત થાય છે. આ સંહિતામાં ૪૦ અધ્યાયો ૩૦૩ અનુવાક તથા ૧૯૭૫ કંડિકાઓ, છે. આ શાખાનું સંપાદન ઉવટ અને મહિધરભાષ્ય સહિત પણશીકરે ૧૯૨૯માં મુંબઈથી કર્યું હતું.

### ૨) काण्वसंहिता ।

શુકલ યજુર્વેદની આ શાખામાં ૪૦ અધ્યાય ૩૨૮ અનુવાક તથા ૨૦૮૬ કંડિકાઓ આવેલી છે. આ શાખાનું સંપાદન વાસુદેવે મુંબઈથી જ કર્યું હતું.

## ૨) કૃષ્ણયજુર્વેદસંહિતાની શાખાઓ :

આ સંહિતામાં ચાર શાખાઓ ઉપલબ્ધ છે. તે જેમ કે તૈત્તિરીય મૈત્રાયણી, કઠ અને કપિષ્ઠલ એમ ચાર છે. તેનો પરિચય મેળવીએ.

### ૧) तैत्तिरीयसंहिता ।

કૃષ્ણ યજુર્વેદની આ શાખાની સંહિતા સંપૂર્ણ રૂપમાં ઉપલબ્ધ છે. અહીં સાત કાંડ ૪૪ પ્રપાઠક અને ૬૫૧ અનુવાક આવેલા છે. અહીં વિષય તરીકે દસપૌર્ણમાસ અને રાજસૂય યજ્ઞાદિનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે.

### ૨) मैत्रायणिसंहिता ।

આ સંહિતામાં આદિમ મધ્યમ ઉપરિ અને ખિલ નામના ચાર અધ્યાયો છે. આ ચારે અધ્યાયોમાં અનુક્રમે ૧૧,૧૩,૧૬,૧૪ એમ ૫૪ પ્રપાઠકો છે. તથા ૧૬૫, ૧૫૧, ૧૮૦ અને ૧૫૮ એમ ૬૫૪ અનુવાક તથા ૬૯૫, ૭૮૩, ૪૮૫ અને ૧૧૪૨ એમ કુલ મળીને ૩૧૪૪ કંડિકાઓ આવેલી છે. અહીં વિષયવસ્તુ યજ્ઞોને લગતું જ છે.

### ૩) कठसंहिता ।

આ સંહિતામાં ઈડિમિકા, ઓમમિકા, યાજ્યાનુવાક્યા અશ્વમેધાદ્યનુવચન નામના પાંચ ખંડ છે. ૪૦ સ્થાનક ૧૩ અનુવાચન ૮૪૩ અનુવાક તથા ૩૦૯૧ મંત્રો આવેલા છે.

४) कपिष्ठलसंहिता ।

આ સંહિતા પૂર્ણ રૂપમાં પ્રાપ્ત થતી નથી તેના ખંડિત અધ્યાયો પ્રાપ્ત થાય છે. સંપૂર્ણ રૂપમાં તે મળતું નથી.

### ૩) યજુર્વેદ સંહિતાનું વિષયવસ્તુ :

શુકલ યજુર્વેદની માધ્યંદિન શાખા અનુસાર યજુર્વેદ સંહિતાનું વિષયવસ્તુ નોંધીએ તો અહીં ૪૦ અધ્યાય ૩૦૩ અનુવાક અને ૧૯૭૫ કંડિકાઓ આવેલી છે. આ શાખાની સંહિતામાં પ્રથમ બે અધ્યાયોમાં દર્શપૌર્ણમાસ યજ્ઞોનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં અગ્નિહોત્ર અને ચાતુર્માસ્ય યજ્ઞોપયોગી મંત્રોનું સંકલન છે. ચોથા અધ્યાયથી આઠમા અધ્યાય સુધી સોમયોગોનું વર્ણન છે. જેમાં અગ્નિષ્ટોમનું વિશેષ મહત્ત્વ છે. નવમા અને દશમા અધ્યાયમાં રાજસૂય અને વાજપેયી યાગોનું વર્ણન કરવામાં આવ્યું છે. અગ્યારથી અઢાર અધ્યાય સુધીમાં અગ્નિચયન એટલે કે હોમાગ્નિ વેદી નિર્માણ પદ્ધતિનું વર્ણન છે. આ વેદી નિર્માણ વિશિષ્ટ સ્થાનેથી વિશિષ્ટ રીતે લાવવામાં આવે છે. છવીસથી ઓગણત્રીસ અધ્યાય સુધી ખિલમંત્રોનો સંગ્રહ છે. જેમાં પૂર્વનિર્દિષ્ઠ અનુષ્ઠાનોનો વિષયમાં નવા જ મંત્રો આપવામાં આવ્યા છે. એકત્રીસમાં અધ્યાયમાં પુઢષસૂક્તનું વર્ણન છે. જેમાં ઋગ્વેદના પુઢષસૂક્તની અપેક્ષાએ ૬ મંત્રો વધારે છે. ચોત્રીસમાં અધ્યાયમાં શિવસંકલ્પોપનિષદનું વર્ણન છે. પાંત્રીસ અને છત્રીસમાં અધ્યાયમાં પિતૃમેધ અને પ્રવર્ગ્યયાગનું વિસ્તૃત વર્ણન છે. અંતમાં ચાલીસમાં અધ્યાયમાં 'ईशावास्योपनिषद' વર્ણિત છે. જે એક માત્ર પ્રાચીન ઉપનિષદ છે. આદિત્યસંપ્રદાયની માધ્યંદિનસંહિતાને આદિત્યની સાથે ઘનિષ્ઠતાનો પરિચય આ સંહિતાના અંતિમ મંત્રથી પ્રાપ્ત થાય છે. જેમ કે સાથે ઘનિષ્ઠતાનો પરિચય આ સંહિતાના અંતિમ મંત્રથી પ્રાપ્ત થાય છે. જેમ કે,

**हिरण्यमयेन पात्रेण सत्यस्यापिहितं मुखं ।**
**योवसावादित्ये पुढषः सोश्वसावहम् ॥[૬૭]**

### ૧.૧૦.૩) સામવેદ સંહિતાનો પરિચય :

વૈદિકસંહિતાઓમાં સામવેદ સંહિતાનું મહત્ત્વ નિતાન્ત ગૌરવપૂર્ણ રહ્યું છે. वेदानां सामवदोऽस्मि।[૬૮] એમ કહીને શ્રીકૃષ્ણ ભગવાન પણ સામવેદનું મહત્ત્વ જણાવે છે. તેમજ ઉપનિષદોમાં ऋच साम सार:।[૬૯] અર્થાત્ સામને ઋચાઓનો સાર કહેવામાં આવે છે.

यो जगार तमु सामानि यन्ति।[૭૦] આ ઉક્તિના આધારે ઋગ્વેદના સમયથી જ સામનું મહત્ત્વ પ્રસ્થાપિત થયેલું દષ્ટિગોચર થાય છે. અથર્વવેદમાં પણ અનેક જગ્યાએ 'સામ' શબ્દનો પ્રયોગ જોવા મળે છે. આ સંહિતાનો વિસ્તૃત પરિચય મેળવીએ.

## ૧) સામની વ્યાખ્યા :

'સામ' શબ્દનો શાબ્દિક અર્થ દેવતાઓને પ્રસન્ન કરનાર ગાન કે ગીત એવો થાય છે. 'साम' શબ્દની વ્યુત્પત્તિ √सा- ધાતુ સાથે अम् જોડાવાથી થાય છે. सा-ऋचा અને अम् षड्ज, ऋषभ्, गांधार વગેરે સાતસ્વરો. આથી ઋગ્વેદની ઋચાઓ જ્યારે સ્વરો સાથે જોડાય છે ત્યારે સામનો આવિર્ભાવ થાય છે. ઉપનિષદોમાં તેને સમર્થન આપતાં કહેવામાં આવ્યું છે કે सा य अम् श्वेति तत्साम। सामत्वम्। सा ऋक्। तया सह सम्बन्धो अमो नाम स्वरो तत्र वर्तते तत्साम्। सा અને अमः વિચારની એક સુંદરકાવ્યમય અભિવ્યક્તિ અથર્વવેદમાં જોવા મળે છે. अमोऽहमस्मि सा त्वम्। सामाहस्मि ऋक् त्वम् धोरहं पृथिवीं त्वम् तावहि सभावाव प्रजामाजनयावहै।[૭૨]

જૈમિનિ અનુસાર गीतिषु सामाख्या। એટલે કે સામ ગીત ઋચાઓને આધાર તરીકે સ્વીકારીને સામગાન કરવામાં આવે છે. સામવેદ સંહિતાને સંગીતનું મૂળ પ્રેરણાસ્રોત માનવામાં આવે છે. સામનો એક અર્થ પ્રિય અથવા પ્રીતિકર વચન એવો થાય છે. ગીત અથવા ગાન પ્રિય લાગે માટે ગાવામાં આવતી ઋચાઓને સામ કહેવામાં આવે છે.

सोमाहुतयो ह वाऽयता देवानां यत्सामानि અર્થાત્ સોમની આહુતિ જેના વડે દેવોને આપવામાં આવે તે साम्-√षा अन्तक कर्मणि એ ધાતુને મનિન્ પ્રત્યય કરવાથી સામ શબ્દ બને તેનો અર્થ અંત કરનાર કે નાશ કરનાર સામ એ પાપનાશક છે એવો ભાવ આ વ્યુત્પત્તિનો છે.

## ૨) સામવેદસંહિતાની શાખાઓ :

મહાભાષ્યકાર પતંજલિએ કહ્યું છે કે सहस्रवर्त्मा सामवेदः। એટલે કે સામવેદ ૧૦૦૦ શાખાઓ હતી પરંતુ આજે માત્ર ત્રણ જ શાખાઓ મળે છે. તેનો પરિચય નીચે મુજબ છે.

### १) कौथुमशाखा ।

આધુનિક સંસ્કૃત વિદ્વાનો કૌથુમ શબ્દનું મૂળ કૌસુમ માને છે. કારણ કે કૌસુમસૂત્ર અને પુષ્પસૂત્ર નામના બે પ્રાતિશાખ્ય મળી આવે છે. ગુજરાતના શ્રીમાળી શાખાના બ્રાહ્મણો આ શાખાના અધ્યેતા મનાય છે. આ શાખામાં રાણાયણીય શાખા કરતાં થોડાક જ વધુ મંત્રો મળી આવે છે.

### २) राणायणीयशाखा ।

રાણાયણીયશાખા અને કોથુમશાખા વચ્ચે બહુ ભેદ નથી. રાણાયણીયશાખામાં પ્રપાઠકમાં વિભાજન થયેલું છે. જ્યારે કૌથુમ શાખામાં અધ્યાયમાં વિભાજન થયેલું છે. આ શાખાના બ્રાહ્મણો મહારાષ્ટ્રીય બ્રાહ્મણો મનાય છે.

### ३) जैमिनीयशाखा ।

આ શાખાના બ્રાહ્મણો શ્રૌત અને ગૃહ્યસૂત્ર એમ બધાજ ભાગો પ્રકાશિત થયેલા મળે છે. તેના મંત્રોની સંખ્યા ૧૬૮૭ છે. અહીં કૌથુમી શાખાની સરખામણીમાં ૧૮૨ મંત્રો ઓછા જોવા મળી આવે છે. આ શાખામાં આવતું 'કેનોપનિષદ' પ્રસિદ્ધ છે.

## 3) સામવેદનું વિષયવસ્તુ :

આ સંહિતાનું વિષયવસ્તુ બે વિભાગોમાં વિભક્ત કરવામાં આવ્યું છે. જેમ કે પૂર્વાર્ચિક અને ઉત્તરાર્ચિક. તેનો પરિચય મેળવીએ.

### १) पूर्वार्चिक ।

સામવેદ સંહિતાના આ વિભાગમાં ૬ પ્રપાઠક ૧૨ અર્ધપ્રપાઠક ૬૪ દશતિ અને ૬૫૦ ઋચાઓ આવેલી છે. પૂર્વાર્ચિકના પ્રથમ પ્રપાઠકમાં અગ્નિ દેવતાનું નિરૂપણ કરતાં મન્ત્રોનો સમૂહ હોવાથી પ્રથમ પ્રપાઠકને आग्नेयकाण्ड કે आग्नेय पर्व કહેવામાં આવે છે. બીજાથી ચોથા પ્રપાઠકમાં ઈન્દ્રવિષયક મંત્રો હોવાથી તેને इन्द्रकाण्ड કે इन्द्रपर्व કહેવામાં આવે છે. પ્રથમ કાંડથી માંડીને પાંચમા પ્રપાઠક સુધીની ઋચાઓને ग्रामगानपर्व પણ કહેવામાં આવે છે. ષષ્ઠ પ્રપાઠક ને अरण्यकांड કે अरण्यपर्व કહેવામાં આવે છે.

## ૨) उत्तरार्चिकः ।

ઉત્તરાર્ચિકમાં ૯ પ્રપાઠક, ૨૨ અર્ધપ્રપાઠક, ૪૦૦ સૂક્તો અને ૧૨૨૫ ઋચાઓ આવેલી છે. ઉત્તરાર્ચિકમાં અનેક મંત્રો પૂર્વાર્ચિકમાંથી લેવામાં આવ્યા છે. અહીં दशरात्र, संवत्सर, एकार, अहान्, सत्र, प्रायश्चित्त, छंदसंज्ञक એમ સાત પ્રમુખ અનુષ્ઠાનોનો નિર્દેશ કરવામાં આવ્યો છે. પૂવાર્ચિક ઋચાઓના છન્દો દેવતાનુસાર છે. જ્યારે ઉત્તરાર્ચિક ઋચાઓના ક્રમ યજ્ઞાનુસાર છે. પૂર્વાર્ચિકની સહાયથી ઉદ્ગાતા પ્રથમ સંગીત શિક્ષણ–પ્રાપ્ત કરી શકે છે. ત્યાર ઉત્તરાર્ચિક મંત્રોને કંઠસ્થ કરીને યાજ્ઞિક પ્રસંગોએ તેનું ગાન કરે છે. આ માટે ઉત્તરાર્ચિકમાં ૪૦૦ સ્તોત્રનું સંકલન કરવામાં આવ્યું છે. પ્રત્યેક સ્તોત્ર ત્રણ કે ચાર મંત્રોના સમૂહનું બોધક છે. અહીં રજૂ કરવામાં ૧૨૨૫ ઋચાઓમાંથી ૨૬૭ ઋચાઓ પૂર્વાર્ચિકના જોવા મળે છે.

આમ, સામવેદ સંહિતાના બન્ને વિભાગો મળીને કુલ ૧૫ પ્રપાઠક ૩૪ અર્ધપ્રપાઠક અને ૧૮૭૫ ઋચાઓ આવેલી છે. આમ મોટા ભાગની ઋચાઓ ઋગ્વેદમાંથી લીધેલી જોવા મળે છે. એક મત મુજબ સામવેદમાં માત્ર ૭૫ મંત્રો જ નવા છે. બાકીના બધા જ મંત્રો ઋગ્વેદના છે. જોકે આધુનિક સંસ્કૃત પ્રેમી સ્વામી ગંગેશ્વરાનંદજી સામવેદ સંહિતાના મંત્રોની ગણતરી કરીને ૯૯ મંત્રો નવા હોવાનું સિદ્ધ કરે છે.

## ૪) સામવેદસંહિતાનું સામગાન :

સામગાન વિના કોઈપણ યજ્ઞ થઈ શકતો નથી. તેથી સામગાન વિષયક ચર્ચા અહીં અસ્થાને નહીં ગણાય. યજ્ઞમાં ઉદ્ગાતા સામગાન કરીને દેવતાઓને આનંદ આપવાનું કામ કરતો હતો એવું મનાય છે. ઉદ્ગાતા દ્વારા જે સામગાન કરાવમાં આવે છે તેને ચાર પ્રકારોમાં વહેંચવામાં આવે છે. (૧) ग्राम/प्रकृतिगान (૨) आरण्यकगान (૩) ऊहगान (૪) उह्नगान સામવેદના પૂર્વાર્ચિકમાં પ્રકૃતિગાન અને અરણ્યગાનનો સમાવેશ થાય છે. જ્યારે ઉત્તરાર્ચિકમાં ઊહગાન અને ઊહ્નગાન કહેવામાં આવે છે. આ ગાનની સંખ્યા શાખા અનુસાર ન્યૂન કે અધિક થતી હોય છે. સામગાન કરવામાં છન્દનું બંધન અવરોધરૂપ થતું નથી. સામગાન માટે આઠ પ્રકારના અવશ્યતાનુસાર ગાન પરિવર્તનો માન્ય રાખવામાં આવે છે. જે નીચે મુજબ બતાવી શકાય.

### १) विकार ।

એક વર્ણના સ્થાને બીજા વર્ણનો પ્રયોગ આપણી સરળતા માટે કરવો તેને વિકાર કહેવામાં આવે છે. જેમકે 'अग्न'માં अना સ્થાને आनो પ્રયોગ માન્ય રાખવામાં આવ્યો છે.

### २) विश्लेष ।

સંધિયુક્ત શબ્દને રાગમાં સરળતાથી ગાઈ શકાતું નથી તેથી સંધિ છોડીને પદોને છૂટા પાડીને તેને ગાવું તેને વિશ્લેષ કહેવામાં આવે છે. દા.ત. संवदन्तेमां सं। वदन्ते। એમ વિશ્લેષ કરીને ગાન કરી શકાય છે.

### ३) विकर्षण ।

કોઈપણ સ્વરનું ગાન કરતી વખતે ઘણી વખત એવું બને છે કે સહજ રીતે તેનું ગાન કરી શકાતું નથી ત્યારે અમુક સ્વરને ઘણો લાંબો ખેંચીને ઉચ્ચારણ કરી ગાવાની ક્રિયાને વિકર્ષણ કહેવામાં આવે છે.

### ४) अभ्यास ।

વારંવારનું પુનરાવર્તન એટલે અભ્યાસ. ગાવામાં સરળતા રહે તે માટે અમુક શબ્દ કે પદનું વારંવાર પુનરાવર્તન કરવામાં આવે છે.

### ५) विराम ।

'અટકવું' કે 'રોકાવું' એટલે વિરામ. અમુક પદોના ઉચ્ચારણ એટલે કે ગાયન પછી થોડા સમય માટે રોકાવું પડે તેને વિરામ કહેવામાં આવે છે.

### ६) स्तोम ।

સામગાન પ્રસંગે ગાવામાં સરળતા રહે તે માટે અમુક વર્ણોનો જરૂરિયાત મુજબ નિરર્થક ઉચ્ચારણ–ગાયન કરવામાં આવે તેને સ્તોમ કહેવામાં આવે છે.

### ७) आगम ।

અમુક વર્ણો પદમાં ન હોય છતાં આપણી સરળતા માટે પદોની વચ્ચે વર્ણો ઉમેરવામાં આવે તેને આગમ કહેવમાં આવે છે.

८) लोप ।

ગાયન વખતે અમુક વર્ણોને દૂર કરીને ગાવામાં આવે તેને લોપ કહેવામાં આવે છે.

સ્વરપરિવર્તન ના આઠ પ્રકારો ઉપરાંત સામગાનમાં પાંચ બાબતો મહત્ત્વની છે. જેમકે પ્રસ્તાવ–પ્રસ્તોતા દ્વારા ગાવામાં આવતા ભાગને પ્રસ્તાવ કહે છે. પ્રસ્તોતા કોઈપણ મંત્રના પ્રારંભના ભાગનું ગાન કરે છે. ઉદ્ગીથ નામના ગાયનમાં મુખ્ય ઋત્વિજ મંત્રોના આરંભમાં ૐ મૂકીને ગાય છે. પ્રતિહાર–પ્રતિહર્તા નામના ઋત્વિજ દ્વારા કરવામાં આવતા ગાનને પ્રતિહાર કહે છે. જ્યારે પ્રસ્તોતા ઉદ્ગાતા અને પ્રતિહર્તા દ્વારા જેનું ગાન કરવામાં આવે છે તેને નિધન કહે છે.

## ૧.૧૦.૪) અથર્વવેદ સંહિતાનો પરિચય :

અથર્વવેદ સંહિતાનું અધ્યયન વિદ્વાનો અનેક કારણોસર અનિવાર્ય ગણાવે છે. ભારતીય વેદકાલીન સમાજના વિચારોનું પ્રતિબિંબ અને વ્યાપક જ્ઞાન સંહિતાઓમાં પડેલું છે. કેટલાક વિદ્વાનો 'ત્રયી' શબ્દ દ્વારા ત્રણ વેદ ગણીને અથર્વવેદને પાછળથી રચાયેલો માને છે. પરંતુ આ માન્યતા ખોટી છે. કેમ કે यज्ञैरथर्वा प्रथमः।[૭૩] એ ઋગ્વેદ સંહિતાનો ઉલ્લેખ જ અથર્વવેદની પ્રાચીનતા સિદ્ધ કરે છે. વળી चत्वारि शृङ्गाः।[૭૪] નું વ્યાખ્યાન આપતા યાસ્ક કહે છે वेदा एवैने उक्ताः।[૭૫] એમ કહીને ચાર વેદોનું અસ્તિત્વ સ્વીકારે છે. વળી वाग्वा ऋग्वेद विज्ञाय यति यजुर्वेद सामवेदमाथर्वण चतुर्थम्।[૭૬] એવા અસંખ્ય ઉલ્લેખો ચાર વેદ સંહિતાઓ હોવાનું સિદ્ધ કરે છે. ઋગ્વેદાદિ સંહિતાઓની સરખામણીમાં અથર્વવેદ સંહિતા સંપન્ન કે ઉન્નતવર્ણના સ્થાને જનસાધારણ કે બહુજન સમાજની ભાવનાઓનું પ્રતિબિંબ પાડતી વેદ સંહિતા છે. તેનો પરિચય નીચે મુજબ મેળવીએ.

### ૧) અથર્વની વ્યાખ્યા :

સંસ્કૃતમાં થર્વ્–ધાતુ કુટિલના કે હિંસાવાચક અર્થ માટે પ્રયોજાય છે. તેથી 'अर्थव' એ નञ્માસ બનેલો શબ્દનો અર્થ હિંસારહિત કે અકુટિલ કર્મ એવો થાય છે. થર્વ–ચાલવું અને अथर्व–એટલે સ્થિર એ પ્રમાણે પણ તેનો અર્થ સિદ્ધ થાય છે. અથર્વવેદની માન્ય વ્યાખ્યા યાસ્ક આ મુજબ अथर्वणोऽथर्वन्तः। थर्वश्चरन्तिकर्मा तत्पप्रतिषेध।[૭૭] અર્થાત્ થર્વ એ ચલ કર્મ છે અને તેનો પ્રતિષેધ કરે તે અર્થવ એટલે તેની સંહિતા તે અથર્વવેદસંહિતા. આ સંહિતામાં મન કે પ્રાણને વશ કરવાની વાતો અનેક વખત આવે છે.

अथर्ववेदसंहिता– એવું નામકરણ કેવી રીતે થયું હશે તેના વિશે એક કથા ગોપથબ્રાહ્મણમાં આવે છે. તે અનુસાર કલ્પના આરંભમાં બ્રહ્માજી એકલા હતા. તેણે મનમાં વિચાર કર્યો કે મારા જેવા બીજા દેવો ઉત્પન્ન કરું. સ્વ સંકલ્પની સિદ્ધિ માટે બ્રહ્માએ એવું તો તપ કર્યું કે તેના પ્રત્યેક રુંવાટાઓના મૂળમાંથી પાણીની ધારાઓ વહેવા લાગી. થોડા સમયમાં એક સરોવર ભરાઈ ગયું. પછી બ્રહ્માએ જેવું પોતાનું પ્રતિબિંબ તેમાં જોયું કે તરત જ તેમનું તેજ સ્ખલિત થઈ ગયું. તેમાં ભળી ગયું. તે સરોવર જળ મધુર અને ક્ષાર એવા બે વિભાગોમાં વિભક્ત થઈ થયું. મધુરજળમાંથી ભૃગુઋષિનો જન્મ થયો. બ્રહ્માજી જળમાં સંતાઈ ગયા. ભૃગુએ પોતાના સર્જનહારની ઘણી શોધ કરી. એવામાં આકાશવાણી થઈ अथ अवङि एनम् एतासु एव अप्सु अन्विष्ठा હવે આ જળમાં તું એને શોધ. એટલે ભૃગુએ જળ તરફ જોયું તો તે ભૃગુ અથર્વા બની ગયા. પોતાના જેવા જ અથર્વાને જોઈને બ્રહ્માએ તેને પ્રજાનું ઉત્પાદન કરવા અને તેનું પાલન કરવા કહ્યું. અથર્વા પ્રજાપતિ બન્યા અને દશ ઋષિઓ પેદા કર્યા. તે દસ ઋષિઓએ બીજા દસ ઋષિઓ સર્જ્યા. આ સૌ ઋષિઓએ જે–જે મંત્રોનું સર્જન કર્યુ તે અથવર્વેદસંહિતા કહેવાય છે.

## ૨) અથર્વવેદસંહિતાનાં અન્ય નામ :

અથર્વવેદસંહિતાનું વિષયવસ્તું એ પ્રકારનું છે કે તેના લીધે તેનું સમાજમાં સ્થાન નિરાળું છે. પરિણામે તેને જુદાં–જુદાં ઘણાં નામોથી ઓળખવામાં આવે છે. તેનો સંક્ષિપ્તમાં પરિચય મેળવીએ.

### ૧) ब्रह्मवेद ।

જ્યારે કોઈપણ યજ્ઞ કર્મ ચાલતું હોય તેમાં ચાર ઋષિઓ હોય છે. તેમાં ઋગ્વેદના ઋત્વિજ હોતા, સામવેદના ઉદ્‌ગાતા, યજુર્વેદના અધ્વર્યુ અને અથર્વવેદના બ્રહ્મા હોય છે. તેથી અથર્વવેદસંહિતાને બ્રહ્મવેદ પણ કહેવાય છે.

### ૨) अथर्वाङ्गिरोवेद ।

અથર્વ અને અંગિરા નામના બે ઋષિઓએ અથર્વવેદના મંત્રોનું સર્જન કર્યું હોવાથી અથર્વવેદસંહિતાને अथर्वाङ्गिरवेद પણ કહેવામાં આવે છે.

### ૩) भृग्वङ्गिरोवेद ।

ગોપથબ્રાહ્મણની કથા અનુસાર બ્રહ્માથી પ્રથમ ભૃગૃ ઉત્પન્ન થયા હતા. અને ભૃગૃ પાછળથી અથર્વ બની ગયા. આ ભૃગૃ અને અંગિરા નામના ઋષિઓએ તેના મંત્રોનું દર્શન કર્યુ હોવાથી भृग्वङ्गिरवेद પણ કહેવામાં આવે છે.

### ૪) क्षात्रवेद ।

અન્ય વૈદિક સંહિતાઓની સરખામણીમાં અથર્વવેદસંહિતામાં રાજાનું ઘણું મહત્ત્વ છે. કારણ કે આ સંહિતામાં રાજ્યરક્ષણ, યુદ્ધ શસ્ત્રાસ્ત્ર વગેરેનું સારું એવું વર્ણન મળે છે. રાજા માટે સ્વરાજ્યમાં શાંતિ અને શત્રુતાપન કે નાશની અત્યંત આવશ્યકતા છે. આ માટે અથર્વવેદ સંહિતાના મંત્રો માર્ગદર્શક છે. આમ આ સંહિતામાં રાજ કર્માણિસૂક્તો હોવાથી તેને ક્ષાત્રવેદ કહેવાય છે.

### ૫) भैषज्यवेदः ।

અથર્વવેદસંહિતામાં ૧૪૪ સૂક્તોમાં વિવિધ રોગો અને તેનાં લક્ષણો નિદાન અને તેનાની જડીબુટીઓ વગેરેનું વિવેચન કરવામાં આવ્યું છે. આથી આ વિષયને અનુલક્ષીને તેને ''भैषज्यवेद'' પણ કહેવામાં આવે છે.

## ૩) અથર્વવેદની શાખાઓ :

પ્રાચીન સાહિત્યમાં અથર્વવેદની ૯ શાખાઓના ઉલ્લેખ જોવા મળે છે. ચરણવ્યુહમાં[૭૮] પણ નવ શાખાનો ઉલ્લેખ જોવા મળે છે. પતંજલિ પણ નવ શાખા સ્વીકારે છે. પરંતુ આ નવ શાખાઓમાં અલગ અલગ સાહિત્યમાં જુદાં–જુદાં નામો જોવા મળે છે. અત્યારે માત્ર બે જ શાખાઓ મળે છે. તેનો પરિચય મેળવીએ.

### ૧) शौनक અથવા शौनकीय ।

અથર્વવેદની આ શાખા પૂર્ણરૂપમાં પ્રાપ્ત થાય છે. સાતવલેકરજી દ્વારા મુદ્રિત આ સંહિતામાં ૨૦ કાંડ ૭૩૧ સૂક્ત અને ૫૯૮૭ મંત્રો જોવા મળે છે.

### ૨) पिप्लादशाखा ।

અથર્વવેદની આ શાખા પૂર્ણ રૂપમાંપ્રાપ્ત થતી નથી. આ શાખાની જે હસ્તપ્રતો મળે છે તે સ્વરરહિત અને અશુદ્ધ હોવાથી તેને સુવ્યવસ્થિત કરવાનું કામ ઘણું

કપરું છે. આ શાખાના પ્રવર્તક મહર્ષિ પિપ્લાદ હતા. તે બ્રહ્મવિદ્યાના પ્રખર જ્ઞાતા હતા. તેથી પોતાની આધ્યાત્મિક શંકાઓના નિવારણ માટે અન્ય ઋષિઓ પિપ્લાદ પાસે ગયા. આમ આ શાખાના પ્રવર્તક પિપ્લાદ ઋષિ હોવાથી તેનું નામ પિપ્લાદ પડ્યું.

આ બન્ને શાખાઓમાં શૌનક શાખાનો પ્રચાર વધુ જોવા મળે છે. આચાર્ય સાયણે પણ શૌનક શાખા ઉપર ભાષ્ય લખ્યું છે. આ બન્ને શાખાઓ અલગ–અલગ હોવાં છતાં વિષયમાં વધારે પડતો તફાવત જોવા મળે છે.

## ૪) અથર્વવેદસંહિતાનું વિષયવસ્તુ :

અથર્વવેદસંહિતાનું વિષયવસ્તુ ઐહિક છે. એટલે કે માનવજીવનને સુખમય અને કષ્ટરહિત બનાવવા જે–જે સાધનોની આવશ્યકતા હોય છે તેની સિદ્ધિ માટે વિવિધ પ્રકારનાં અનુષ્ઠાનોનું યોગ્ય વિધાન પ્રાપ્ત થાય છે. આ સંહિતાના આરંભિક ૧૨ કાંડોમાં મારણ સંમોહનાદિ વિષયો રજૂ કરવામાં આવ્યા છે. તેરમો કાંડ અધ્યાત્મ વિષયક છે. ચૌદમા કાંડમાં પ્રધાનપણે વિવાહ સંસ્કારનું વર્ણન છે. પંદરમો અને સોળમો કાંડ વ્રાત્યોના યજ્ઞ સંપાદનના આધ્યાત્મિક જ્ઞાન યુક્ત છે. સત્તરમો કાંડ પિતૃમેધ સંબંધી મંત્રોથી યુક્ત હોવાથી શ્રાદ્ધકાંડ કહેવામાં આવે છે. ઓગણીસમો અને વીસમો કાંડ ભૈષજ્ય રાષ્ટ્રવૃદ્ધિ અને આધ્યાત્મિક દૃષ્ટિએ અત્યંત મહત્ત્વપૂર્ણ છે.

અથર્વવેદના પ્રતિપાદ્ય વિષયની સમીક્ષા આ પ્રમાણે કરી શકાય.

### ૧) લગ્ન સંસ્કાર અને ગૃહસ્થ જીવન :

અથર્વવેદમાં વિવાહ અને લગ્નજીવન માટેના વિવિધ અને વિસ્તૃત વર્ણનો જોવા મળે છે. ૧૪મા કાંડમાં વિવાહ સંસ્કારનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. તે મુજબ વર કન્યાના ઘરે જાન(બારાત) લઈને આવે છે. અને કન્યાના પિતાજી તેનું સ્વાગત કરે છે. તથા સંસ્કાર કરીને કન્યાપ્રદાન કરે છે. તથા અનેક વસ્તુઓ દહેજમાં આપે છે. કન્યાને કહેવામાં આવે છે કે જેવી રીતે નદીઓ પર સિંધુનો પ્રભાવ હોય છે તેમ હે વધૂ તું પતિના ઘર અને બહારની સામ્રાજ્ઞી છે.[૭૯]

આ ઉપરાંત પતિ–પત્ની બન્નેને કહેવામાં આવ્યું છે કે તમે બન્ને એક–બીજાને ખૂબજ પ્રેમ કરો. બન્ને એકબીજા માટે જીવો તથા બન્નેનું સમ્પત્તિ, ધર્મ, કર્મ અને ઐશ્વર્ય સમાન હો અને બન્ને એકબીજાને સતત ચાહતા રહો.[૮૦]

## ૨) સંમોહન કે વશીકરણ :

અથર્વવેદમાં સંમોહન કે વશીકરણના મંત્રો આપવામાં આવ્યા છે. તેમાં પત્નીને વશ કરવા માટેના મંત્રો આપ્યા છે. એવું કહેવામાં આવે છે. પરંતુ આ મંત્રોનું અધ્યયન કરતાં જણાય છે કે તેમાં કોઈ સંમોહન ન હોય તેવું જણાય છે. અહીં તો એક પતિ પોતાની પત્નીને ઘર છોડીને–પોતાને છોડીને બીજી કોઈ જગ્યાએ ન જવા માટેની આજીજી કે વિનંતી કરતો હોય તેવું જણાય છે. જેમકે જેવી રીતે કોઈ લતા વૃક્ષપર ચૌતરફ વીંટળાઈ જાય તેમ હે કામિની તું મને એવી રીતે આલિંગન આપ અને મારાથી દૂર ન જાય.[૮૧] આ ઉપરાંત પોતાની પત્ની પોતાને છોડી ન જવા માટે આજીજી કરતો આ રહ્યો બીજો મન્ત્ર–

> यथेमे द्यवापृथिवी सद्यः पर्येति भूयः ।
> एवा पयोमे ते मनो यथा मां कान्मियसो यथा
> मन्नापत्रा उसः॥[८३]

## ૩) કૃષિ વિષયક મંત્રો :

અથર્વવેદનાં મંત્રો કૃષિ–ખેતી કરવાની સોનેરી સલાહ આપે છે. ઋષિઓ કહે છે કે હે ખેડૂતો ! ખેતી અમૂલ્ય ચીજ છે. તમારું હળ તૈયાર કરો અને તૈયાર થયેલી જમીનમાં બીજ વાવી દયો. પછી જ્યારે અન્ન તૈયાર થઈ જાય ત્યારે યોગ્ય સમયે કાપણી માટે તૈયાર થઈ જાવ.

## ૪) રાજધર્મ :

અથર્વવેદમાં રાજધર્મનું વિસ્તૃત વર્ણન છે. તેની બધી જ રજૂઆત કરવી અહી અયોગ્ય છે. માત્ર તેનાં કેટલાંક દષ્ટાંતો જોઈએ. રાજધર્મ એટલે રાજાનું કાર્ય રાજાએ પ્રજાનો પાલક–પોષણકર્તા છે. પ્રજાનો આરાધ્ય દેવ છે. અથર્વવેદ અનુસાર રાજાની પસંદગી પ્રજા દ્વારા કરવામાં આવતી પછી તેનો રાજ્યાભિષેક કરવામાં આવતો. આ રીતે રાજાની નિયુક્તિ થયા પછી રાજાઓ મંત્રીઓની નિયુક્તિ કરીને રાજ્યશાસન ચલાવતો. પ્રજાના યોગક્ષેમની જવાબદારી રાજાની રહેલી રાષ્ટ્રહિત કે પ્રજાકલ્યાણ એ રાજાનું પ્રધાન ધ્યેય હતું. રાજ્યનો વિકાસ, પ્રજાની શાંતિ, સુખ અને સહકાર સાથે રાષ્ટ્રની ઉન્નતિની ઈચ્છા વ્યક્ત કરવામાં આવે છે.

## ૩) ગૌ–ભક્તિ :

ગાય–પ્રત્યે અનુપમ લાગણી વૈદિક સાહિત્યના ધર્મનો એક ભાગ છે. વેદોમાં ગાયને અવધ્ય ગણાવી તેની કામના કરવામાં આવી છે. અથર્વવેદમાં ગાયને માતા જેટલું સન્નમાન આપી તેને માનવજીવનના સુખ શાંતિ અને દીર્ઘાયુ બનાવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે. ઋષિઓ સ્વીકારે છે ગાય નબળા માણસને સબળા બનાવે છે. શોભાવગરને સુંદર બનાવે છે. તેથી માતૃવત્ તેનું પૂજન કરી રક્ષણ કરવું જોઈએ.[૮૪]

## ૬) રોગ અને નિવારણ મંત્રો :

અથર્વવેદમાં રોગ, તેનું નિવારણ અને રોગને અનુરૂપ જડીબુટીના સેવનની રજુઆત કરતાં ૧૪૪ સૂક્તો છે. જેનો બધાનો ઉલ્લેખ અહીં શક્ય નથી. માત્ર દષ્ટાંતો જોઈએ.

અહીં સૌ પ્રથમ તો ઔષધિઓની સ્તુતિ કરવામાં આવી છે. તથા જુદી–જુદી ઔષધિઓનાં નામો આપવામાં આવ્યાં છે. માનવશરીરમાં થતાં કોઢ જેવા રોગ માટે 'कृष्णा' નામની ઔષધી અકસીર ગણવામાં આવે છે.[૮૫] આ ઉપરાંત કોઈપણ પ્રકારના વિષ(ઝેર)નું નિવારણ કરતાં મંત્રો પણ જોવા મળે છે. અથર્વવેદમાં વિષચિકિત્સાનું સૂચન કરતો આ મંત્ર જોવા જેવો છે.

**चक्षुषा ते चक्षुहान्मि विशेषण हन्मि ते विषम् ।**
**अहे म्रियस्व मा जीवीः प्रत्यगभ्येतु त्वा विषम् ॥**[૮૬]

આવા અનેક મંત્રો જોવા મળે છે અને કાર્યસાધન પણ થાય છે.

## ૭) અધ્યાત્મવિષયક મંત્રો :

અથર્વવેદમાં પરમાત્મા, આત્મા, સૃષ્ટિની ઉત્પત્તિને વગેરે વિષયોનું વિસ્તૃત વર્ણન છે. સમગ્ર જગતના કર્તા, હર્તા અને સ્વામી પરમાત્મા છે એ સર્વવ્યાપક છે, ચરાચરવાસી છે. તે એકજ માત્ર ઉપાસના અને સ્તુતિ કરવા યોગ્ય છે. જેમકે एक एव नमस्यो विक्ष्वीऽधः।[૮૭]

સૃષ્ટિનિર્માણની રજૂઆત કરતાં ઋષિ કહે છે કે આ પરમાત્માએ પહેલાં બ્રહ્માંડનું સર્જન કર્યું અને તેની સીમાઓમાં કાન્તિમાન લોકો પ્રગટ કર્યા તથા જગતને બનાવવાવાળી આધારભૂત વ્યવસ્થાનું નિર્માણ કરી વ્યક્ત અને અવ્યક્ત પ્રકૃતિનાં મૂળકારણો પ્રગટ કર્યાં.

આવી સૃષ્ટિનું નિર્માણ કરનાર પરમાત્માના દર્શન જ્ઞાની લોકે પોતાના હૃદયમાં કરે છે એ જ પરમાત્મામાં સમગ્ર જગત એકાકાર થઈ જાય છે.

આમ સમગ્ર રીતે જોઈએ તો અથર્વવેદ સંહિતાનું વિષયવસ્તુ બહુજન હિતાય–બહુજન સુખાય છે. સમાજજીવન જીવનને લગતી સમસ્યાઓ અને સમસ્યાઓનું સમાધાન સાધી આપે છે. આથી બધી સંહિતાઓ કરતાં અથર્વવેદ સંહિતાનો વિષય ચડિયાતો છે એમ કહેવામાં અતિશયોક્તિ નહિ ગણાય.

## ૧.૧૧) સમાપન–સારાંશ :

આર્ય સંસ્કૃતિના પ્રાણતત્ત્વરૂપ વેદો સર્વચિંતન કે વિચારધારાનાં મૂળ આદિમસ્રોત છે. ભારતીય જીવનનો ધબકાર સમા સિદ્ધ થયેલા આ વેદો એ ઋષિઓનું આપણી ઉપર ઋણ છે. એક માત્ર વેદો જ વિશ્વસંસ્કૃતિનું માપદંડ થવાની ક્ષમતા ધરાવે છે. વેદો એ ભારતીય સંસ્કૃતિને સૌથી પ્રાચીન સંસ્કૃતિનું ગૌરવ અપાવ્યું છે. વેદનો અભ્યાસ અતિ જરૂરી છે કારણ કે વેદો એ સર્વજ્ઞાનનું અક્ષયપાત્ર છે.

વેદોને નિગમ, આગમ, આમ્નાય, શ્રુતિ જેવાં નામોથી પણ ઓળખવામાં આવે છે. સાયણાદિ આચાર્યેએ વેદોની રક્ષા માટેના ઘણા ઉપાયો સૂચવ્યા છે. પાશ્ચાત્ય વિદ્વાનો મુખ્યાર્થ જ્ઞાનના બદલે ગૌણાર્થ ગ્રન્થો એવો અર્થ કરે છે. વેદોએ પરબ્રહ્મની કૃપાનું ફળ પરબ્રહ્મના શ્વાસોચ્છ્વાસ અને શ્રેષ્ઠ પ્રમાણ છે.

વૈદિક સંહિતાઓ સૌ પ્રથમ એક જ હતી. તેમાંથી વ્યાસે તેનું અધ્યયન કરી ચાર સંહિતાઓમાં વિભાજન કર્યું. એટલે કે ઋક્, યજુસ્, સામ, અથર્વવેદ સંહિતાઓ અસ્તિત્વમાં આવી. આ સંહિતાઓમાં પણ જુદા જુદા વિષયોનું અનુપમ જ્ઞાનરાશિ સંગ્રહિત કરવામાં આવી છે. બ્રાહ્મણો, આરણ્યકો, ઉપનિષદો અને વેદાંગો પણ તેના જેટલું મહત્ત્વ ધરાવે છે. ઉપનિષદોનું અધ્યાત્મક જ્ઞાનનો અમૂલ્ય ખજાનો છે.

ટૂંકમાં સમષ્ટિના હિતરૂપ વેદોએ વિશ્વપૂજાના સુખ શાંતિ માટે સંદેશ છે.

❑

## પાદટીપ

૧. पितृदेवमुनष्याणां वेदचक्षुः सनातनम् ।१२।४६॥
૨. साक्षात्कृतधर्माण ऋषयो बभूवुः। निढक्तम् १-३॥
૩. नास्तिको वेदनिन्दकः॥ मनुस्मृति ॥२-१२॥
૪. तस्मात् स्वाध्यायोऽध्येतव्य॥ शतपथब्राह्मणम्॥ १२-५-६-१२॥
૫. वदोऽखिलो धर्ममूलक॥ मनुस्मृति॥२-६॥
૬. कृष्णयजुर्वेदतैत्तिरीयसंहिता॥१-४-२०॥
૭. ऋग्वेदभाष्यभूमिका-पृ. १६-युधिष्ठिर संपादित।
૮. सुश्रुत आयुर्वेद सूत्रस्थान ॥१-२४॥**પ્રથમ ભાગ.**
૯. नाट्यशास्त्रम्-**અભિનવગુપ્ત ટિકા.**
૧૦. ऋग्वेदसंहिता-॥९०-५-२-४॥
૧૧. शतपथब्राह्मणम् ॥९-५-२-४॥
૧૨. तैत्तिरीयभाष्यभूमिका पृ. २, **બલદેવ ઉપાધ્યાય.**
૧૩. ऋग्वेदभाष्यभूमिका, पृ. १४, **બલદેવ ઉપાધ્યાય.**
૧૪. **મનુસ્મૃતિ** ॥२-९०॥
૧૫. ऋग्वेदसंहिता ॥१०-१९-३॥
૧૬. श्रीमद् भागवत पुराणम् ॥१-१-३॥
૧૭. सांख्यकारिका ॥२॥
૧૮. शतपथब्राह्मणम् ॥१२-५-६-२॥
૧૯. જુઓ Hymns of the Rigveda Pag-5
veda meaning literaly knowledge is the name given to ceratain ancient work which formod the faundation of early religious belief of the Hindus these are the Rigveda, the Samveda, the Yajurveda and the Atharveda.
૨૦. ऋग्वेदसंहिता ॥४-५८-३॥
૨૧. ऋग्वेदसंहिता ॥१०-९०-९॥
૨૨. तेषाम्भृग्यत्रावेशन पादव्यवस्था-ऋग्वेद ॥२-१-३६॥

२३. गीतीषु सामख्या। मीमांसादर्शनम् ॥२-१-३६॥

२४. शेषे यजुष शब्द। मीमांसादर्शनम् ॥२-१-३६॥

२५. शतपथब्राह्मणम् ॥८-५-२-८॥१-१-४-३॥

२६. निढक्तम् ॥१३-७॥

२७. छांदोग्योपनिषद् ॥४-१७-२-३॥

२८. श्रीमद्भागवद्पुराणम् ॥१२-६-४९-५३॥

२९. निढक्तम् ॥१-२०॥

३०. छांदोग्यनिषदम् ॥४-१७/२-३॥

३१. बृहदारण्यकोपनिषद् ॥४-५-१०॥

३२. ऋग्वेदसंहिता ॥१-९३-५॥

३३. मनुस्मृति ॥२-२३॥

३४. ब्रह्मसूत्रशांकरभाष्यम् ॥१-१-३॥

३५. ब्रह्मसूत्रम् ॥१-१-३॥

३६. A History of ancient

*Sanskrit literatur P. 95*

३७. We cannot hope to fix a terminus at then whether the vedic humns were composed 1000 or 1500 or 2000 or 3000 years B.C.No. Power on earth will ever determine.

*Physical Religion-P. 91*

३८. The oldest period in the Aryan civlization may therefore be called the Aditi or Pre-orion period and we may roughly assign 6000-4000 B.C. as limit.

*Orion-P. 206*

३९. ऋग्वेदसंहिता ॥१०-४७-२॥

४०. ऋग्वेदसंहिता ॥१०-१३६-५॥

४१. ऋग्वेदसंहिता ॥७-९५-२॥

४२. ऋग्वेदसंहिता ॥२-१२-२॥

४३. शतपथब्राह्मणम् ॥१-४-११॥

४४. महाभारतम् ॥३-१४५॥
मत्स्यपुराणम् ॥१-११-३४॥
भागवदपुराणम् ॥४-२८॥
૪૫. Rigvedic India-P. 63
૪૬. ऋग्वेदसप्तमण्डलम् (सायणभाष्यसहितम्) વ.મ. ભટ્ટ સંપાદિત, પૃ.–૯.
૪૭. ऋग्वेदसंहिता ॥१०-९०-१२॥
૪૮. वैदिक સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન–પૃ. ૫૭
૪૯. वैदिक સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન–પૃ. ૫૬
૫૦. वैदिक સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન–પૃ. ૫૮
૫૧. वैदिक સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન–પૃ. ૬૦
૫૨. વિષ્ણુસહસ્રનામ, પૃ. ૧૧૯, સંપાદિત
૫૩. पाणिनीयशिक्षा ॥४२॥
૫૪. पाणिनीयशिक्षा ॥५२॥
૫૫. पाणिनीयशिक्षा ॥४९॥
૫૬. पाणिनीयशिक्षा ॥४२॥
૫૭. पाणिनीयशिक्षा ॥८२॥
૫૮. पाणिनीयशिक्षा ॥४२॥
૫૯. पाणिनीयशिक्षा ॥९२॥
૬૦. श्रीमद् भागवत पुराणम् ॥३-१२-३७॥
૬૧. अष्टाध्यायी ॥१-४-१०९॥
૬૨. महाभारत ॥३-१४५॥
૬૩. विष्णुपुराणम् ॥३-४-११॥
૬૪. मीमांसादर्शनम् ॥२-१-३७॥
૬૫. शुक्लयजुर्वेदमहिधरभाष्यम् ॥१-१॥
૬૬. शतपथब्राह्मणम् ॥१४-९-५-३३॥
૬૭. शुक्लयजुर्वेद ॥४०-१७॥
૬૮. श्रीमदभगवदगीता ॥१०-१२॥
૬૯. छांदोग्योपनिषद ॥१-१-२॥

७०. ऋग्वेदसंहिता ॥४-३-११॥

७१. बृहदारण्योपनिषद ॥१-३-२२॥

७२. अथर्वसंहिता ॥१४-४-७६॥

७३. ऋग्वेदसंहिता ॥१-८३-५॥

७४. ऋग्वेदसंहिता ॥४-५८-३॥

७५. यास्क निढक्तम् ॥१-७॥

७६. छांदोग्यापनिषदम् ॥७-२-१॥

७७. निढक्तम् ॥११-२-७॥

७८. चरणव्युह परिशिष्ट ॥

तत्र ब्रह्मदेवस्य नवभेदा भवन्ति। तद्यथा पैप्लादा: स्तोदा:। भादा:। सौनक्तया:। जाजका:। जलदा:। ब्ररवदा। देवदर्शा:। त्रारणवैयाशश्वति।

७९. अथर्ववेदसंहिता ॥१४-७-४३॥

८०. अथर्ववेदसंहिता ॥२-३०-२॥

८१. अथर्ववेदसंहिता ॥६-८-९॥

८२. अथर्ववेदसंहिता ॥६-८-३॥

८३. अथर्ववेदसंहिता ॥३-४-२॥

८४. अथर्ववेदसंहिता ॥४-११-६॥

८५. अथर्ववेदसंहिता ॥१-२३-१॥

८६. अथर्ववेदसंहिता ॥५-१३-४॥

८७. अथर्ववेदसंहिता ॥१२-२-१॥

८८. अथर्ववेदसंहिता ॥२-१-१॥

OOO

# ॥ દ્વિતીય અધ્યાયઃ ॥
# વિષયવિભાગની દષ્ટિએ
# ઋગ્વેદસંહિતા

---


૧ પૂર્વભૂમિકા

૨.૨ 'ऋक्' નું લક્ષણ

૨.૩ ઋગ્વેદસંહિતાનું ક્રમવિભાજન

૨.૪ ઋગ્વેદ સંહિતાની શાખાઓ

૨.૫ ઋગ્વેદના ઋષિઓ

૨.૬ ઋગ્વેદની ઋષિકાઓ

૨.૭ ઋગ્વેદ સંહિતાનું વિષયવસ્તુ

૨.૮ ઋગ્વેદસંહિતા સંબંધિત અન્ય સાહિત્ય

૨.૮.૧ ઋગ્વેદ પરંપરાનાં ઉપનિષદો

૨.૮.૨ ઋગ્વેદસંહિતાનાં આરણ્યકો

૨.૮.૩ ઋગ્વેદસંહિતામાં બ્રાહ્મણગ્રન્થો

૨.૮.૪ ઋગ્વેદસંહિતામાં પ્રાતિશાખ્ય

૨.૮.૫ ઋગ્વેદસંહિતામાં કલ્પસૂત્રો

૨.૮.૫.૧ શ્રૌતસૂત્રો

૨.૮.૫.૨ ગૃહ્યસૂત્રો

૨.૮.૫.૩ ધર્મસૂત્રો

૨.૮.૫.૪ શુલ્વસૂત્ર

૨.૯ ઋગ્વેદના ભાષ્યકારો

૨.૯.૧ સ્કંદસ્વામી

૨.૯.૨ આચાર્ય સાયણ

૨.૯.૩ ઉદ્‌ગીથ

२.૯.४ વેંકટમાધવ

२.૯.५ આનંદતીથ

२.૯.६ સ્વામી આત્માનંદ

२.૯.७ દયાનંદ સરસ્વતી

२.१० કેટલાક વિદેશી વેદના અભ્યાસીઓ

२.१०.१ ઢડોલ્ફ રોધ

२.१०.२ મેકસમ્યૂલર

२.१०.३ મ્યૂર

२.१०.४ વિલ્સન

२.१०.५ હેગી

२.१०.६ લુડવિગ

२.१०.७ પીશેલ

२.१०.८ મેકડોનેલ અને કીથ

२.११ ઋગ્વેદમાં ભૂગોળ

२.११.१ સમુદ્ર

२.११.२ પર્વતો

२.११.३ નદીઓ

२.११.३.१ अंशुमती

२.११.३.२ अनितभा

२.११.३.३ गंगा

२.११.३.४ गोमती

२.११.३.५ द्‌षवती

२.११.३.६ जह्‌नवी

२.११.३.७ आपगा

२.११.३.८ आर्जीकीया

२.११.३.९ कृभा

२.११.३.१० पढष्णी

२.११.३.११ मढद्वधा

२.११.३.१२ यमुना नदी

૨.૧૧.૩.૧૩ सरयूनदी

૨.૧૧.૩.૧૪ सरस्वती नदी

૨.૧૧.૩.૧૫ सिन्धु नदी

૨.૧૧.૩.૧૬ सुषोमा नदी

૨.૧૧.૩.૧૭ सुसतु नदी

૨.૧૧.૩.૧૮ रसा नदी

૨.૧૧.૩.૧૯ वितस्ता नदी

૨.૧૧.૩.૨૦ विपाश नदी

**૨.૧૨ દેશ અથવા પ્રદેશો**

૨.૧૨.૧ कीटक प्रदेश

૨.૧૨.૨ गंधार के गन्धारि।

૨.૧૨.૩ भरत

**૨.૧૩ સમાપન–સારાંશ**

❍ **પાદટીપ**

**દ્વિતીય અધ્યાયઃ**

# વિષય વિભાગની દષ્ટિએ ઋગ્વેદ સંહિતા

## ૨.૧ પૂર્વભૂમિકા :

વૈદિકસંહિતાઓમાં ઋગ્વેદસંહિતાનું સ્થાન સર્વોચ્ચ માનવામાં આવે છે. तस्माद्यज्ञात् सर्वहुतः ऋचः सामानि जज्ञिरे ।[1] એમ આ સંહિતાનું ઋગ્વેદસંહિતાનું મહત્ત્વ આધુનિક યુગમાં જ છે એમ નથી પરંતુ વૈદિક–કાળમાં પણ તેનું સ્થાન અન્ય સંહિતાઓની સરખામણીમાં નિતાન્ત ગૌરવપૂર્ણ હતું. ઋગ્વેદ સહિતા સાહિત્યના કીર્તિસ્તંભ અને તત્ત્વજ્ઞાનના ઉદયશૃંઙ્ગ સમાન છે. વેદકાલીન પ્રાચીન ભારતને જાણવા માટે ઋગ્વેદને મહત્ત્વ આપવામાં આવે છે. હવે આપણે ऋक् સંહિતાનો વિગતે પરિચય પ્રાપ્ત કરીએ.

## ૨.૨ 'ऋक्' નું લક્ષણ :

સામાન્ય રીતે જેના દ્વારા દેવતાની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવે છે. તેને ऋक् કે ઋચાઓ કહેવામાં આવે છે. ઋગ્વેદ ઋચાઓનો સંગ્રહ છે. ऋक् કે ઋચાનું એક પ્રસિદ્ધ લક્ષણ ऋच्यन्ते स्तूयन्ते देवा अनया इति ऋक्। એટલે કે ક્રમાનુસાર મન્ત્રપાઠ દ્વારા દેવતાઓની સ્તુતિ કરવામાં આવે છે. તૈત્તિરીયસંહિનામાં કહેવામાં આવ્યું છે. यद् वै यज्ञस्य साम्ना यजुषा क्रियते शिथिलं तत् पद् ऋचा तट् द्रढमिति।[2] જ્યાં સામ અને યજુસ દ્વારા થતું યજ્ઞનું વિધાન શિથિલ હોય છે. ત્યાં ઋગ્વેદ દ્વારા થતું વિધાન દઢ હોય છે.

સાતવળેકરજી ऋग्वेद ने सूक्तवेद[3] કહે છે. સૂક્તોના અર્થ સુ+ઉક્ત = સુભાષિત–શ્રેષ્ઠ વચન થાય છે. એવાં ઉત્તમ વચન કે શ્રેષ્ઠ વચન જેમાં છે. તેના સમૂહને સૂક્ત કહેવામાં આવે છે. આમ ઋગ્વેદસંહિતા ધાર્મિક સ્તોત્રોનો એક વિશાળ નિધિ હોવાથી તે સર્વોચ્ચ છે. તેમાં અનેક ઋષિઓ સુલલિત દ્વારા અને ભાવુક શબ્દોથી વિવિધ દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે.

આ રીતે બધી જ સંહિતાઓમાં ઋગ્વેદસંહિતા સર્વશ્રેષ્ઠ અને પ્રાચીન સાહિત્યનો દસ્તાવેજ કહેવામાં આવે છે. એક જગ્યાએ સરસ રજૂઆત કરતાં કહેવાયું છે કે આર્યોના રીત રિવાજ, ધર્મ, સંસ્કૃતિ સમાજ માન્યતાઓ તત્ત્વજ્ઞાન નગર વ્યવસ્થા અને ઈતિહાસ એમ વિવિધ માહિતી પ્રાપ્ત કરવા માટે અગત્યનો અમૂલ્ય દસ્તાવેજ છે.[૪]

## ૨.૩) ઋગ્વેદસંહિતાનું ક્રમવિભાજન :

ઋગ્વેદસંહિતાના મંત્રોનુ વિભાજન બે રીતે કરવામાં આવ્યું છે. अष्टक्रम (૨) मणडलक्रम। તેનો વિસ્તૃત પરિચય મેળવીએ

### (૧) अष्टक्रम ।

ઋગ્વેદની શાકલશાખાનું વિભાજન અષ્ટકક્રમ મુજબ કરવામાં આવ્યું છે. આ વિભાજન મુજબ સંહિતાને જુદાં–જુદાં અષ્ટકોમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પ્રત્યેક અષ્ટકમાં આઠ–આઠ અધ્યાય દરેક આધ્યાયને પુનઃ વર્ગમાં વિભાજીત કરવામાં આવે છે. પ્રત્યેક અધ્યાયને વર્ગની સંખ્યા અલગ અલગ છે. તેમજ વર્ગનું ઋચાઓનું વિભાજન કરવામાં આવ્યું છે. આમ ઋગ્વેદ સંહિતા અષ્ટકક્રમ પ્રમાણે ૮ અષ્ટક ૬૪ અધ્યાયો ૨૦૨૪ વર્ગ અને ૧૦૫૮૦ ઋચાઓ આવેલી છે. તેનું કોષ્ટક માં વિભાજન આ રીતે પ્રસ્તુત કરી શકાય છે.

| अष्टकम् | अध्यायः | वर्गः | ऋचा |
|---|---|---|---|
| प्रथम | ८ | २६५ | १३७० |
| द्वितीय | ८ | २२१ | ११४७ |
| तृतीय | ८ | २२५ | १२०९ |
| चतुर्थ | ८ | २५० | १२८९ |
| पञ्चम | ८ | २३८ | १२६३ |
| षष्ठ | ८ | ३१३ | १२५० |
| सप्तम | ८ | २४८ | १२६२ |
| अष्टम | ८ | २४६ | १२८९ |
| वालखिल्य | – | १८ | १०८ |
| संपूर्णः योगः | ६४ | २०२४ | १०५८० |

## (૨) मण्डलक्रम ।

અષ્ટકક્રમની અપેક્ષાએ મંડળક્રમનું વિભાજન વધારે મહત્ત્વપૂર્ણ છે. કારણ કે તેની પદ્ધતિ વધારે વૈજ્ઞાનિક અને ઐતિહાસિક છે. વ્યવહારક્ષેત્રમાં વર્તમાન સમયમાં મંડળક્રમનો જ પ્રયોગ જોવા મળે છે. મંડલક્રમ અનુસાર ઋગ્વેદનું ૧૦ મંડલોમાં વિભાજન કરવામાં આવ્યું છે. પ્રત્યેક મંડલમાં અનુવાકો તથા પ્રત્યેક અનુવાકોનું સૂક્તોમાં વિભાજન તથા સૂક્તો ઋચાઓનો બોધ કરાવે છે. આમ ઋગ્વેદનું મંડલક્રમ પ્રમાણે ૧૦ મંડળો ૮૫ અનુવાક ૧૦૨૮ સૂક્તો અને ૧૦૫૮૦ મંત્રો આવેલા છે તેનું કોષ્ટકમાં રજૂઆત આ મુજબ કરી શકાય.

| मण्डलम् | अनुवाकः | सूक्तानि | ऋचा |
|---|---|---|---|
| प्रथम मण्डलम् | १४ | १९१ | २००६ |
| द्वितीय मण्डलम् | ४ | ४३ | ४२९ |
| तृतीय मण्डलम् | ५ | ६२ | ६१७ |
| चतुर्थ मण्डलम् | ५ | ५८ | ५८९ |
| पञ्चम् मण्डलम् | ६ | ८७ | ७२७ |
| षष्ठ मण्डलम् | ६ | ७५ | ७६५ |
| सप्तम् मण्डलम् | ६ | १०४ | ८४९ |
| अष्टम् मण्डलम् | १० | ९२ | १६३६ |
| नवम् मण्डलम् | ७ | ११४ | ११०८ |
| दशम् मण्डलम् | १२ | १९१ | १७५४ |
| वालखिल्य | – | ९१ | १०८ |
| संपूर्णः योगः | ८५ | १०२८ | १०५८० |

વર્તમાન વિદ્વાનોના મતે ઋગ્વેદસંહિતાના મંડલક્રમમાં જે મંડળોની વ્યવસ્થા છે. તેમાં મંડળના દષ્ટા–સર્જક એક ઋષિ ન ગણતાં તે નામના ઋષિના ગોત્ર કે પરિવારની અન્ય વ્યક્તિનો પણ સમાવેશ કરવામાં આવે છે. આ મત સ્વીકારવા માટેના આંતરિક પુરાવાઓ પણ પ્રાપ્ત થાય છે. આ મંડળોને પરિવારમંડળ કે વંશમંડળો તરીકે પણ ઓળખવામાં આવે છે.

જો કે આ બધાં મંડળોમાં ૨ થી ૫ મંડળો અતિ પ્રાચીન મંડળો છે. ત્યાર પછી આઠમુ અને નવમુ મંડળ ઉમેરાયા છે. ૧૦મુ મંડળ અર્વાચીન છે. કારણ ઋગ્વેદનાં વંશ મંડળો કરતાં ૧૦મા મંડળમાં ભાષા સ્વર–સંધિના પ્રયોગો છન્દરચના પ્રગતિ અને પરિવર્તન, તત્ત્વજ્ઞાનનાં સૂક્ષ્મ રહસ્યો અને ગહનતમ વિચારો આ બધાનું અધ્યયન કરતાં ૨ થી ૭ મંડળો ૧૦ મંડળથી અર્વાચીન હોય તેવી પ્રતીતિ થાય છે.

## ૨.૪) ऋग्वेदसंहिता–ની શાખાઓ :

મહાભાષ્યહાર પતંજલિએ ઋગ્વેદસંહિતાની ૨૧ શાખાઓ હોવાનો ઉલ્લેખ કર્યો છે. एकविंशति बहवृच्यं। પરંતુ શૌનકરચિત ચરણવ્યુહમાં ના પરિશિષ્ટ માત્ર પાંચ શાખાઓના ઉલ્લેખ જોવા મળે છે. આ પાંચ શાખાઓ વિગતે પરિચય પ્રાપ્ત કરીએ.

### (૧) शाकलशाखा :

વિષ્ણુપુરાણમાં શાકલસંહિતા અને તેના પાંચ શિષ્યોના ઉલ્લેખો થયા છે. જે આ પ્રમાણે છે. મુદ્‌ગલ (૨) ગોખલ (૩) વાત્સ્ય (૪) શાલીય (૫) શિશિર– આ પાંચ શિષ્યોના કારણે તેના પાંચ ભેદો શાખાનું પ્રાચીન સમયમાં ખૂબજ મહત્ત્વ હતું. ते शाकलस्य संहिताम्.......प्रावर्षत्।[૬] અર્થાત્ શાકલ્યની સંહિતા પછી વૃષ્ટિ કરી એટલે કે શાકલસંહિતા સાંભળી ઈન્દ્રે વૃષ્ટિ કરી આ અવતરણ પરથી મહાભારતમાં આ શાખા ખૂબજ પ્રચલિત હતી. તેના કર્તા શાકલ્ય હતા.

### (૨) बाष्कलशाखा :

વિષ્ણુપુરાણમાં બાષ્કલશાખા અને બૌધ્ધ અગ્નિમાકર પરાશર અને જાતુકર્ણ એમ ચાર શિષ્યોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.૭ પ્રાચીન કાળમાં આ શાખાનું મહત્ત્વ પણ શાકલશાખા જેટલું જ હતું. પ્રતિજ્ઞાસૂત્ર શાંખાયન શ્રૌતસૂત્રભાષ્ય વગેરેમાં તેના નિર્દેશો પ્રાપ્ત થાય છે.

### (૩) आक्तलायनशाखा :

ચરણવ્યુહમાં નિર્દિષ્ટ શાખા સમૂહમાં આ✓લાયન શાખાનું ત્રીજું નામ છે. તેનો વિશેષ પરિચય પુરાણોમાં પ્રાપ્ત થતો નથી. હાલમાં તો આ શાખાના માત્ર આ✓લાયન ગૃહ્યસૂત્રો અને આ✓લાયન શ્રૌતસૂત્રો જ પ્રાપ્ત થાય છે.

## (૪) शाखायन शाखा :

આ શાખાના બ્રાહ્મણગ્રન્થો અને આરણ્યક ગ્રન્થો આજે ઉપલબ્ધ હોવાથી આશ્વલાયન શાખા કરતાં વધુ માહિતી પ્રાપ્ત થાય છે. આ શાખાના ચાર ભેદો છે. (૧) शांखायन (२) कौषितकी (૩) महाकौषितकी (४) शाम्बव्य

## (૫) माण्डूकय शाखा :

આ શાખાને माण्डूकायनशाखा પણ કહેવામાં આવે છે. આ શાખાનું કોઈ પણ સાહિત્ય મળતું નથી.

ઋગ્વેદસંહિતાની શાખાઓની ચર્ચા સમાપ્ત કરતાં પહેલાં એ સ્પષ્ટતા જરૂરી છે કે આ સંહિતાની શાકલ અને બાષ્કલ શાખાઓ જ ઉપલબ્ધ થાય છે. હકીકતમાં આ બન્ને શાખાઓ અલગ–અલગ મળતી નથી પરંતુ અત્યારે જે મુદ્રિત સંહિતા છે. તેમાં બે પ્રકારના ક્રમ વિભાજન છે. (૧) મંડળ અનુવાક સૂક્ત– મંત્ર તથા (૨) અષ્ટક અધ્યાય ઋચા આમાં બન્નેમાં મંડળવાળો વિભાગ છે તે બાષ્કલ શાખા અનુસાર છે. જ્યારે અષ્ટકવાળો વિભાગ છે તે શાકલશાખા અનુસાર છે.

વાસ્તવિક્તા એ છે કે શાકલ અને બાષ્કલશાખામાં અમુક આંશિક ભેદ બાદ કરતાં અન્ય મહત્ત્વના ભેદો જોવા મળતા નથી તેથી ઋગ્વેદસંહિતાનું વાસ્તવિક વિષયવસ્તું સમાન છે.

## ૨.૫) ઋગ્વેદના ઋષિઓ :

વૈદિક વાઙ્મયમાં પ્રતિબિંબત થયેલી ભારતીય સંસ્કૃતિ આજે પણ વિ✓માં પ્રસિદ્ધ છે. તેનો યશ ક્રાન્તદષ્ટા વૈદિક ઋષિઓના ફાળે જાય છે. તેના પ્રયત્નોના કારણે આજે આવું મહામૂલ્ય તત્ત્વજ્ઞાન મેળવી શકય છે.

શતપથ બ્રાહ્મણગ્રન્થમાં[૮] ઋષિ– શબ્દ ઋષ્–''સખત મહેનત કરનારા'', ''સહન કરનાર'' માંથી નિષ્પન્ન થતો માન્યો છે. યજુર્વેદમાં ઋષિપદના વિશેષણ 'આર્ષેય'થી એવો ધ્વનિ નીકળે છે કે આર્ષેય અર્થાત્ ઋષિ સંબધી, તૈત્તિરીય આરણ્યકમાં[૯] 'ઋષિ' શબ્દની વ્યુત્પત્તિ ઋષિ–ની તરફ જવું– એવા શબ્દમાંથી આપવામાં આવી છે. એનો અર્થ એ થાય કે વેદની પ્રાપ્તિ માટે તપ કરનારા મહાનુભાવો સમક્ષ વેદ સ્વયં પધાર્યા માટે

તેઓ ઋષિઓ કહેવાય છે. 'ઋષિ' શબ્દને વધુ તપાસતા ગણાય કે 'ऋष् गतौ' –અર્થાત્ જવું એ અર્થવાળા બધા ધાતુઓને इण् લાગે છે.[૧૦] ત્યાં ઉપાન્ત્ય इक् વાળાને कित् લાગે છે.[૧૧] આમ આ બે સૂત્રોમાંથી ઋષિ શબ્દ બન્યો છે. જ્યારે બૌધાયન ધર્મસૂત્ર અનુસાર ઋષિ એટલે મન્ત્રાર્થને જાણનાર.[૧૨]

આમ ऋष् गतौ –જવું બીજો ગણ –પરસ્મેપદ –ઉપરથી ઋષિ શબ્દ બન્યો છે. જ્ઞાન વડે જે સંસારની પાર ચાલ્યો જાય તે ઋષિ.

ઋષિઓના અનેક પ્રકારો જોવા મળે છે. મહર્ષિ, ઋષિ, ઋષીક , ઋષિપુત્ર અને શ્રુતર્ષિ તો કેટલાક બ્રહર્ષિ, દેવર્ષિ અને રાજર્ષિ, એવા કેટલાક સાત પ્રકારના ઋષિઓ બતાવે છે. જેમ કે બ્રહર્ષિ, દેવર્ષિ, મહર્ષિ પરમઋષિ, કાંડર્ષિ અને રાજર્ષિ

ઋગ્વેદસંહિતામાં અનેક પ્રકારના ઋષિઓ જોવા મળે છે. જે અલગ અલગ મંડળો છે તેના કર્તા–અનેક ઋષિઓ કે તેઓના વંશજો માનવામાં આવે છે. ઋગ્વેદના મંત્રોમાં ઋષિઓનું કાર્ય, દેવો સાથે તેમનો સંબંધ અને તેમની કુલપરંપરા એમ વિવિધ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. સ્તુતિકર્તા[૧૩] ઋષિ, યજ્ઞકર્તા ઋષિ,[૧૪] સોમપાન કરતાં ઋષિ[૧૫] મેધાવી ઋષિ એવી ઘણી પ્રશંસા કરવામાં આવી છે. પ્રાચીન અને નવીન ઋષિઓના ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. એટલે જ નહીં પરંતુ પૃથ્વીના પાલનકર્તા,[૧૬] પ્રેરણાદાતા[૧૭] અને અનેક કર્મો કરતા[૧૮] ઋષિઓ દેવો અને દેવપુત્રો સાથે સંબંધ ધરાવતા હતા.

ઋગ્વેદસંહિતામાં અનેક ઋષિઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. એવું આપણે આગળ નોંધ્યું પરંતુ આ બધાજ ઋષિઓએ ઋગ્વેદનું સર્જન કર્યું કે નહીં તેના વિશે ચર્ચા ન કરતાં પરંપરા એક મંડળ સાથે એક ઋષિ કે તેના વંશોને જોડે છે. ઋગ્વેદનાં દશમંડળો સાથે જે ક્રાન્તદષ્ટા ઋષિઓનાં નામ જોડવામાં આવે છે. તે ઋષિઓ આ રહ્યા.

| | | |
|---|---|---|
| પ્રથમ મંડળ | – | मधुच्छन्दा ऋषि |
| દ્વિતીય મંડળ | – | गृत्समदगृऋषि |
| તૃતીય મંડળ | – | विक्तामित्र ऋषि |
| ચતુર્થ મંડળ | – | वामदेव ऋषि |
| પંચ્ચમ મંડળ | – | अत्रिऋषि |
| ષષ્ટ મંડળ | – | भारद्वाजऋषि |

સપ્તમ મંડળ – वसिष्ठऋषि
અષ્ટમ મંડળ – काण्वाङ्गिरावंशजः।
નવમ મંડળ – पृथक्ः ऋषयः
દસમ મંડળ – नारायणऋषिः

આમ ઋગ્વેદસંહિતામાં આ ઋષિઓનું કાર્ય પ્રશંસનીય રહ્યું છે.

## ૨.૬) ઋગ્વેદની ઋષિકાઓ :

આપણે આગળ નોધ્યુ તેમ साक्षात्कृतधर्माणः ऋषयो बभूवुः।[૧૯] પરંતુ વૈદિક ઋષિઓ એવી તો પરિશુદ્ધ વ્યક્તિોઓ હતી કે એમની પાસે અદ્વિતીય પૈગંબરીય જ્ઞાન, કાવ્યાત્મક દૃષ્ટિ હતી. પરેતુ વેદમંત્રોનું ગાન કરવું કે યજ્ઞમાં દેવતાઓનું આવાહન કરવું એ માત્ર પુરુષોનો જ ઈજારો ન હતો ઋગ્વેદ સમાજમાં એવી પણ તેજસ્વી અને મેધાવી સ્ત્રી હતી કે જે મંત્રોની સૃષ્ટા તરીકે જોવા મળે છે. બૃહદ્દેવતામાં[૨૦] આવી ૨૭ મંત્રદર્શિની ઋષિકાઓ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અહીં આ બધી સ્ત્રી–ઋષિકાઓનો ઉલ્લેખ કરવો શકય નથી માત્ર પ્રમુખ ઋષિકાઓનો પરિચય મેળવીએ.

### (૧) विक्तवारा :

વિ✓વારા પાંચમા મંડળના ૨૮ સૂક્તના દષ્ટા ઋષિકા છે. તે અગ્નિ દેવતાની પ્રાર્થના અને પ્રશંસા કરે છે. તેનો કૌટુંબિક પરિચય જોઈએ તો અત્રિ ઋષિના કુળ માં તેનો જન્મ થયો હતો. અનસૂયા તેની માતા હતી. ઋગ્વેદના સમયમાં વિવિધ યજ્ઞાયાગોના અનુષ્ઠાનમાં સ્ત્રીઓ પણ સહભાગી થતી હતી. આટલું જ નહીં તે યજ્ઞવેદી પાસે ઋત્વિજો સાથે મંત્રોનું ગાન કરતી હતી. આ કોટિની ઋષિકાઓમાં અત્રિકુલ દીપિકા વિ✓વારા હતી. અંહીની સ્તુતિ કરતાં તેઓ કહે છે.

**समिद्धो अग्निर्दिवि शोचिरश्रेत् प्रत्यङ्कुषसमुर्विया वि भाति ।**
**एति प्राची विक्तवारा नमोभिःर्देवाँ ई ळाना हविषा धृताची ॥**[૨૧]

આ ઉપરાંત વિ✓વારા પોતાના હૈયાની વાત કરતાં કહે છે અમારા શત્રુઓનો વિનાશ કરો. જેથી અમે ધનવાન અને સમૃદ્ધ બનીએ. એક આદર્શ ગૃહિણી અને સ્નેહબંધ રહી સમાજ અને કુટુંબમાં દઢ રીતે રહી શકીએ.[૨૨]

## (૨) आपाला :

આપાલા પણ અત્રિકુળમાં જન્મેલી મેધાવિની અને આર્ષજ્ઞાનવાળી સ્ત્રી છે. પરંતુ આપાલાની મજબૂરી એ છે કે તે પરિણીત હોવાં છતાં તેના પતિએ તેને ઘરમાંથી કાઢી મૂકી છે. ઋગ્વેદના આઠમા મંડળના ૯૧માં સૂક્તમાં તેની દર્દનાક નિઃ⁄વાસ જોવા મળે છે. પોતે સ્ત્રી હોવા છતાં તેના શરીરમાં સ્ત્રી હોવાનાં લક્ષણો જોવા મળતાં નથી. એટલે આપાલા પોતાની હૈયાવરાળ ઈન્દ્ર આગળ ઠાલવે છે તેની સ્તુતિ કરે છે તેને સોમરસ અને વિવિધ પુરોડાશ આરોગવા વિનંતી કરે છે. તેના જ શબ્દોમાં જોઈએ તો

> **कन्या३ वारदायती सोममपि स्रुताविदत्।**
> **अस्तं भरन्त्यब्रवीदिन्द्राय सुनवै त्वा शक्राय सुन वै त्वा ॥**[२३]

આપાલા એક દુઃખી સ્ત્રીના રૂપમાં જોવા મળે છે. આઠમા મંડળની ઋચાઓમાં તે ઈન્દ્રપાસે વિશિષ્ટ યાચના કરે છે. તેઓ કહે છે કે હે ઈન્દ્ર ! ત્રણ જગ્યાએ વાળ ઉગાડે[૨૪] મારા પિતાના મસ્તક પર, તેની જમીનમાં અને મારા શરીરમાં યથાયોગ્ય જગ્યાએ, તેમજ મને સ્ત્રી સહજ પ્રજનનક્ષમતાવાળી સ્ત્રી બનાવ જેથી હું સમાજમાં સન્નમાનપૂર્વક રહી શકું. ઈન્દ્રએ તેની અપેક્ષા પૂર્ણ કરી એવું અંતમાં બનાવામાં આવ્યું છે.

## (૩) घोषा :

ઋષિકા ઘોષાને 'ब्रहवादिनीघोषा' પણ કહેવામાં આવે છે. ઋગ્વેદ સંહિતામાં ઘણાં સૂક્તો એના નામે ચડાવવામાં આવ્યાં છે. તેમાં ૧૦ મંડળના ૩૯ અને ૪૦ આ બે સૂક્તો તેના નામે સ્પષ્ટ જોવા મળે છે. ઋગ્વેદસંહિતામાં તેને કક્ષીવાન કુળની બતાવવામાં આવે છે. એટલે ઘોષા કુળવાન અને સંસ્કારી નારી–સ્ત્રી હોવા છતાં તેને યોગ્ય પતિ પ્રાપ્ત થતો નથી એ એનું દુર્ભાગ્ય હતું. પિતાના ઘરે આટલા વર્ષા વિતાવ્યા તેથી તેનું જીવન નીરસ લાગવા લાગ્યુ પરંતુ તેમણે હિંમત હારી નહીં અને અશ્વિનૌની પ્રાર્થના શરૂ કરી અને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે સારો પતિ મેળવી આપવા તેણે અશ્વિનૌને વિનંતી કરી. ઘોષા કહે છે કે અવિવાહિત કન્યાના તમે ભાગ્ય બનો છો–તેને સારો વર મેળવી આપો છો.[૨૫] વળી ઘોષાને પૂર્ણ

વિશ્વાસ છે કે અશ્વિનૌ તેનું આ કાર્ય સાંધી આપશે તેથી તે જુદા–જુદા ઋષિઓના દાખલા આપીને અશ્વિનૌને વિનંતી કરે છે. એટલે ચ્યવન ઋષિને નવજીવન આપ્યું. કલિઋષિને ફરીથી જુવાન બનાવ્યો એમ અનેક ઋષિઓનાં દષ્ટાંતો આપની ઘોષા કહે છે કે જે મને અખૂટ પ્રેમ કરે, મને ચાહશે, એવા સુદઢ પતિના ઘરમાં રહેવાની મારી કામના પૂર્ણ કરો, મારી ઉપર પ્રસન્ન થાઓ.[૨૬]

આ રીતે ઘોષાની વિનંતી અશ્વિનૌએ સ્વીકારી અને તેને યોગ્યપતિ અને પુત્રો પણ આપ્યા હતા.

## (૪) अदिति :

ઋગ્વેદસંહિતામાં અદિતિ, આપાલા, ઘોષા કે વિશ્વવારા જેવી મજબૂર અને દુઃખી સ્ત્રી નથી. પરંતુ અદિતિ તો જ્ઞાની અને સર્વગુણ સમ્પન્ન સન્નારી છે. ઋગ્વેદના ૧૦ મંડળના ૭૨મા સૂક્તના દષ્ટા તરીકે રહેલી છે. જેણે ત્યાં બૃહસ્પતિના નામનો ઉલ્લેખ પણ થયેલો જોવા મળે છે. પરંતુ તેની ઉક્તિઓ તપાસતા મંત્રોના સર્જક અદિતિ હોય તેવું જણાય છે.

ઋગ્વેદના ૧૦–૭૨ સૂક્તોમાં અદિતિ પોતાને આઠ પુત્રો હોય તેવું હોય છે. અદિતિ સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ સંક્ષિપ્તમાં બતાવતા કહે છે કે લુહાર જેમ હવા પૂરીને અગ્નિ પ્રગટાવે તેમ પ્રાચીન સમયમાં બૃહસ્પતિએ વિશ્વના પ્રાણ પૂરીને તેને સજીવન કર્યું. પછી અસત્માંથી સતની ઉત્પત્તિ થઈ.[૨૭]

આમ અદિતિ એક જ્ઞાની સ્ત્રી ઋષિકા તરીકે જોવા મળે છે.

## (૫) वाक् ।

ખરાઅર્થમાં બ્રહ્મવાદિની કહી શકાય તેવી ઋષિકા વાક્ છે. તે અમ્ભૃણ મહર્ષિની કન્યા છે. અને ઋગ્વેદના ૧૦–૧૨૫ સૂક્તના સર્જન દર્શનમાં તેનું યોગદાન રહેલું છે. આ સ્ત્રી–લેખિકાની વિશેષતા એ છે કે માત્ર મંત્રોનું દર્શન કરતી નથી પરંતુ સમગ્ર સૃષ્ટિમાં વ્યાપ્ત વિરાટ બ્રહ્મતત્ત્વનું પણ તેઓ દર્શન કરે છે. તેના શબ્દોમાં જોઈએ તો 'હું સમગ્ર રાષ્ટ્રની દેવતા છુ, સંપત્તિ આપનારી છુ. પરમતત્ત્વને જાણનારી છુ. યજ્ઞોમાં હું જ પૂજનીય છું. સર્વત્ર રહેલા દેવોએ મને અનેક ઠેકાણે મૂકેલી છે.[૨૮]

આમ સંસારનાં સમગ્ર બંધનોથી પર બનેલી, અને જીવનમુક્ત દશા પામેલી અને પરમતત્ત્વનું યથાર્થ રૂપ વર્ણવતી આ બ્રહ્મવાદિની નારી નહીં પરંતુ નારાયણી છે.

આમ આવી અનેક સ્ત્રી–ઋષિકાઓએ ઋગ્વેદસંહિતામાં પોતાનું યોગદાન આપ્યું છે. આ સ્ત્રીઓની વિશેષતા એ જોવા મળે છે કે પ્રતિકૂળ સંજોગોમાં પણ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખે છે. ઈશ્વર પ્રત્યેની અનહદ શ્રદ્ધા, ભક્તિ તેને અલૌકિક સુખની પ્રાપ્તિ કરાવે છે. અપાલા, ઘોષા કે વિશ્વવારાનું દુઃખ તેની દુર્દશા તેના મૃત્યુનું કારણ બની શકે તેમ હતું છતાં હિંમત અને ઈશ્વરની શક્તિમાં અખૂટ વિશ્વાસ રાખી જીવનને નવપલ્લવિત કરતી આર્ય નારીઓ છે.

## ૨.૭) ઋગ્વેદસંહિતાનું વિષયવસ્તુ :

ઋગ્વેદસંહિતાઓમાં ૧૦ મંડળોમાં ૧૦૫૨૮ ઋચાઓ આવેલી છે. તેમાં મોટા ભાગની ઋચાઓમાં વિવિધ દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના મંત્રો જોવા મળે છે. જે તત્ત્વજ્ઞાનની દષ્ટિએ માનવજીવન માટે અત્યંત ઉપયોગી છે. त्रिशंत त्रीश्च देवान् अनुष्टवधम्[૨૯] અનુસાર ઋગ્વેદમાં ૩૩ દેવતાઓ હોવાનો મત નોંધાયો છે. એટલે કે તેમાં ઈન્દ્ર, અગ્નિ, વઢણ, વિષ્ણુ જેવા વિવિધ દેવતાઓની સ્તુતિ કરવામાં આવી છે. યાસ્કે નિઢક્તમાં આ દેવમંડળનું વિભાજન કરીને ઈન્દ્રાદિ દેવતાઓને અન્તરિક્ષ સ્થાનીય સૂર્યાદિ દેવતાઓને દ્યુલોક અને સોમાદિ દેવતાઓને પૃથ્વી સ્થાનીય એમ વર્ગીકૃત કર્યા છે. આ દેવતાઓની સ્તુતિઓ કે પ્રાર્થનાઓની સાથે ઋગ્વેદ સંહિતામાં તત્ત્વજ્ઞાન, સામાજિક સૂક્તો ઈતિહાસ વિષયક મંત્રો પણ આપવામાં આવ્યા છે. સંસ્કૃતના વિદ્વાનો ઋગ્વેદસંહિતાના વિષયવસ્તુને પોત–પોતાની રીતે વર્ગીકૃત કરીને રજૂ કરે છે. અહીં સમગ્ર કથાવસ્તુનું (૧) देवतासूक्त (૨) कथासूक्त (૪) संवादसूक्तम् (૫) दानसूक्तम् (૬) तत्त्वज्ञानसूक्तम् (૭) संस्कारसूक्तं (૮) लौकिकसूक्त (૯) आप्रीसूक्त તો કેટલાક વિદ્વાનો વિશિષ્ટ પરંપરાથી મંત્રોનું ચાર પ્રકારમાં વિભાજન કરે છે. (૧) ऋषिसूक्तम (૨) देवतासूक्त (૩) छन्दसूक्तं (૪) अर्थसूक्तम्। પરંતુ ગુજરાતીમાં ૭ પ્રકારનું વિભાજન કરવામાં આવ્યું છે.[૩૦] અહીં તેનો સ્વીકાર કરીને તે મુજબ વિષયવસ્તુની રજૂઆત કરવામાં આવે છે જે નીચે મુજબ છે.

(૧) ધાર્મિકસૂક્તો (૫) પ્રકૃતિસૂક્તો

(૨) તત્ત્વજ્ઞાનસૂક્તો (૬) આપ્રીસૂક્તો

(૩) સામાજિકસૂક્તો (૭) ઐતિહાસિકસૂક્તો

(૪) સંવાદસૂક્તો

હવે ઉપરોક્ત સૂક્તોનો પરિચય પ્રાપ્ત કરીએ.

## ૧) ઋગ્વેદસંહિતાનાં ધાર્મિક સૂક્તો :

ઋગ્વેદસંહિતાનાં ૧૦૨૮ સૂક્તોમાંથી મોટાભાગનાં સૂક્તોમાં વિવિધ દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. આવી પ્રાર્થના ક્યારેક ઋષિઓ પોતાના માટે, ક્યારેક અન્ય લોકો માટે, અથવા ક્યારેક અન્યના વિનાશ માટે પ્રાર્થના કરવામાં આવી છે. આવાં સૂક્તોને પ્રાર્થના વિષયક સૂક્તો કે ધાર્મિક સૂક્તો કહેવામાં આવે છે.

### (૧) इन्द्र :

ઋગ્વેદસંહિતામાં ઈન્દ્રની પ્રધાન સ્તુતિ જોવા મળે છે. ઈન્દ્ર આર્યોનો આરાધ્ય દેવ છે. સંહિતામાં ૧૦ મંડળોમાં ૨૫૬ સૂક્તોમાં ઈન્દ્રની સ્તુતિ પ્રાર્થના કરવામાં આવી છે. એટલે કે કુલ ૨૮૫૮ મંત્રોમાં ઈન્દ્રનાં વિવિધ કર્મોની પ્રશંસા કરવામાં આવી છે. સાથે—સાથે તેના જન્મ દેખાવ તથા સમગ્ર વ્યક્તિત્વનું નિરૂપણ થયેલું જોવા મળે છે. અન્ય દેવતાઓની અપેક્ષાએ ઈન્દ્રના પાત્રનું વિશદ્ વર્ણન જોવા મળે છે એટલે કે ઈન્દ્રનું માનવીકરણ થયેલું જોવા મળે છે.[૩૧]

### (૨) अग्नि ।

અગ્નિ આર્યોનો બીજો પ્રિય દેવતા છે. ઋગ્વેદસંહિતાનાં ૧૦ મંડળોનાં ૨૦૦ સૂક્તોના ૧૮૩૩ મંત્રોમાં આ દેવતાની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. સાથે—સાથે તેના જન્મ, તેના કાર્ય અને લોકપ્રિયતાની રજૂઆત કરવામાં આવે છે. અગ્નિ દેવસમુદાયમાં બીજા ક્રમના દેવતાના રૂપમાં નિરૂપિત થયો છે.

### (૩) વઢણ ।

ઋગ્વેદસંહિતામાં વઢણ દેવતાનું સ્થાન ઈન્દ્રસમાન જ છે. ઋગ્વેદનાં ૧૦ મંડળ માંથી ૧૨ સૂક્તોમાં એટલે લગભગ ૯૪ મંત્રોમાં વઢણની સ્તુતિ કરવામાં આવી

છે. ઋગ્વેદમાં ઈન્દ્રનું કાર્ય વિજય પ્રાપ્ત કરવાનું બતાવવામાં આવ્યું છે. જ્યારે રાજ્યશાસનનું કામ વઢણનું બતાવવામાં આવ્યું છે.[૩૨]

## (૪) मढतौ ।

ઋગ્વેદસંહિતામાં મઢતૌ દેવતાની સ્તુતિ કે પ્રાર્થના ક્યારેક મઢતૌ કે 'મઢત'ના રૂપમાં થાય છે. અહીં ૩૩ સૂક્તોમાં ૫૪ મંત્રોમાં સ્તુતિ કરવામાં આવી છે. તેને ઈન્દ્રના સહાયકો ગણવામાં આવ્યા છે.

## (૫) सोम ।

ઋગ્વેદસંહિતામાં સોમ એક મહત્ત્વનો દેવતા છે. ૯ મંડળનાં ૧૨૦ સૂક્તોના ૧૦૫૮ મંત્રોમાં તેની સ્તુતિ કરવામાં આવી છે. ઋગ્વેદમાં જોવાં મળતા વર્ણન અનુસાર સોમ એક જાતની વનસ્પતિ છે. જે મુજવાન પર્વત ઉપર જ મળે છે. તેના રસમાંથી સોમરસ બનાવવામાં આવે છે. ઈન્દ્રને આ સોમરસ અત્યંત પ્રિય હતો તેનાં અસંખ્ય પ્રમાણો ઋગ્વેદમાં મળે છે. જો તેને સોમરસ પીવાનું આમંત્રણ આપવામાં આવે તો યાચકનું ગમે તેવું કઠિન કાર્ય પણ પૂર્ણ કરી આપે છે. ઈન્દ્ર દ્વારા સોમરસનું પાન ક્યારેક દૂધ સાથે, ક્યારેક દહીં સાથે તો ક્યારેક સ્વતંત્ર રૂપમાં પીવામાં આવે છે. ઋગ્વેદના ઋષિઓ પણ આ સોમરસનું પાન કરતાં હતાં.

## (૬) विश्वेदेवा: ।

ઋગ્વેદસંહિતામાં 'विश्वेदेवा:'નું સ્થાન મહત્ત્વનું છે. ૧૦મા મંડળનાં ૪૦ સૂક્તોમાં ૪૮૦ મંત્રોમાં આ દેવતાનું વર્ણન કરવામાં આવ્યું છે. આ દેવતા સંબંધી ૮ મંડળનું ૨૧મું સૂક્ત મહત્ત્વનું મનાય છે.

## (૭) सूर्य ।

ઋગ્વેદના ઋષિઓએ સૂર્યને દેવતાના રૂપમાં નિહાળ્યો છે. સાથે–સાથે તેમના માતા–પિતાના નામનો ઉલ્લખ પણ કરવામાં આવ્યો છે. સૂર્યની સ્તુતિ કે પ્રાર્થના માટે અન્ય દેવતાઓની જેમ અલગ અને સ્વતંત્ર સૂક્તોની રચના કરવામાં આવેલ નથી પરંતુ અન્યની સાથે સૂર્યની પણ સ્તુતિ કરવામાં આવી છે. અહીં અલગ–અલગ સૂક્તોના ૭૦ મંત્રોમાં સૂર્યની સ્તુતિ કરવામાં આવી છે.

## (૮) विष्णुः ।

ઋગ્વેદસંહિતામાં વિષ્ણુનું સ્થાન ઈન્દ્ર–અગ્નિ જેવું જોવા મળતું નથી. ઋગ્વેદના પ્રથમ મંડળમાં તેની સ્તુતિ કે પ્રાર્થના જોવા મળે છે. 'ऊढगाय' એવું વિશેષણ વિષ્ણુ માટે વપરાયો છે. ઋગ્વેદમાં પ્રથમ મંડળમાં ૧૨૧ વખત 'ऊढगाय' શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે.

## (૯) सविता ।

ઋગ્વેદસંહિતામાં સવિતાની દેવતાના રૂપમાં સ્તુતિ કરવામાં આવી છે. તેના માટે અલગ સ્વતંત્ર સૂક્તો રચાયાં નથી. પરંતુ અન્ય દેવતાઓની સાથે ૮૬ મંત્રોમાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

## (૧૦) उषा ।

ઋગ્વેદસંહિતામાં ઉષાની એક દેવીના રૂપમાં સ્તુતિ કરાવામાં આવી છે. ૨૦ સૂક્તોના ૧૩૭ મંત્રોમાં તેની સ્તુતિ જોવા મળે છે. સૌંદર્યની દેવીના રૂપમાં એક મનોહર યુવતીના રૂપમાં તેનું વર્ણન છે.

## (૧૧) पुषन् ।

ઋગ્વેદસંહિતામાં પૂષા કે પુષન્ દેવતાની સ્તુતિ આઠ સૂક્તોના ૩૦ મંત્રોમાં પુષાની સ્તુતિ કરવામાં આવી છે. અહીં પૂષાની આકૃતિનું સ્પષ્ટ વર્ણન જોવા મળતું નથી પરંતુ તેના પગ અને જમણા હાથનું તેમજ તેના વાળ અને દાઢીનું વર્ણન મળે છે.

## (૧૨) वात ।

ભૌતિકવાયુનો દેવતા વાત છે. તેને વાયુનો પ્રેરક અને આત્મા કહ્યો છે. ઋગ્વેદના નાનકડાં બે સૂક્તોમાં ૧૦ મંત્રોમાં તેની પ્રાર્થના કરવામાં આવી છે.

## (૧૩) मित्र ।

ઋગ્વેદસંહિતામાં મિત્રનો સંબંધ વઢણ સાથે બતાવવામાં આવ્યો છે. તેને 'मित्रावढणौ' તરીકે રજૂ કરવામાં આવે છે. માત્ર એકજ મંત્રમાં તેને 'मित्र' તરીકે સ્વતંત્ર પ્રયોગ થયો છે. ઋગ્વેદના ૫૬ મંત્રોમાં તેનું વર્ણન જોવા મળે છે.

## (૧૪) वास्तोष्पति ।

આ દેવતાવિષયક સ્વતંત્ર સૂક્તો ઋગ્વેદમાં મળતાં નથી. માત્ર એક જ નાનકડા સૂક્તના ૪ મંત્રોમાં આ દેવતાની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. અન્ય દેવતાઓના વર્ણનોની અપેક્ષાએ આ દેવતાનું સ્થાન નહિવત્ છે.

## (૧૫) अश्विनौ ।

ઋગ્વેદના મંત્રોમાં આ દેવતાયુગલ સ્વરૂપમાં ઉપસ્થિત છે. જ્યારે પણ તેનો ઉલ્લેખ થયો છે ત્યારે 'अश्विनो' રૂપે થયો છે. ઋગ્વેદનાં ૫૦ સૂક્તોના ૭૨૫ મંત્રોમાં તેનું વર્ણન જોવા મળે છે. ઈન્દ્ર, અગ્નિ, સોમ પછી આ ચોથા ક્રમના દેવતાના રૂપમાં જોવા મળે છે. આ દેવતાને પ્રકાશ, પ્રાકૃતિક આનંદ અને કામપૂર્તિનાં સાધનો પ્રસ્તુત કરનાર દેવતાના રૂપમાં માનવામાં આવે છે.

## (૧૬) द्यावापृक्ष्वी ।

ઋગ્વેદમાં દ્યુલોક અને પૃથિવીની યુગલ દેવતાના રૂપમાં કલ્પના કરવામાં આવી છે. તેની સ્તુતિ માટે સ્વતંત્ર સૂક્તોની રચના થઈ નથી. પરંતુ બધાં જ મંડળોના છૂટા–છવાયા ૪૧ મંત્રોમાં તેનું સ્પષ્ટ વર્ણન જોવા મળે છે.

## (૧૭) अपस् ।

ઋગ્વેદમાં અપસ્ દેવતાને ચાર સૂક્તોમાં સંબોધિત કરવામાં આવ્યા છે. તેમનો હંમેશા બહુવચનમાં પ્રયોગ થયેલો જોવા મળે છે. આ દેવતાનું વર્ણન ક્યારેક પ્રેમાળ માતાના રૂપમાં તો ક્યારેક યુવતીના રૂપમાં જોવા મળે છે.

## (૧૮) अदिति ।

ઋગ્વેદનાં જુદાં–જુદાં સૂક્તોમાં ૩૦ મંત્રોમાં અદિતિનો ઉલ્લેખ થયેલો છે. તેને ક્યારેક દક્ષની માતા કે ક્યારેક દક્ષની પુત્રી તરીકે રજૂ કરવામાં આવે છે. અદિતિ બંધનરહિત છે. તે અસીમ દેવતા છે. ઋગ્વેદમાં બધાજ દેવતાઓની જન્મદાત્રીના રૂપમાં પણ તેનું વર્ણન કરવામાં આવે છે.

**(૧૯) बृहस्पति ।**

ઋગ્વેદનાં જુદાં જુદાં ૧૨ સૂક્તોના ૬૬ મંત્રોમાં બૃહસ્પતિ દેવતાની સ્વતંત્ર સ્તુતિ કરવામાં આવી છે. તેના દેહનું સ્પષ્ટ વર્ણન પણ જોવા મળે છે. તેનો વર્ણ સ્યામ છે. તેને તીક્ષ્ણ શિંગડા છે. તેના હાથમાં ધનુષ્ય અને બાણ છે તેના ઘોડાનો રંગ લાલ છે. તે ક્યારેક વજ્ર પણ ધારણ કરે છે. યુદ્ધમાં ઈન્દ્રના સહાયક તરીકે મોખરે છે.

આમ આપણે ઉપર નોંધ્યું તેમ ઋગ્વેદસંહિતાના ૧૦૨૮ સૂક્તોમાંથી લગભગ ૯૦૦ સૂક્તોમાં દેવતાની સ્તુતિ કે પ્રાર્થના જોવા મળે છે. એટલે કે બાકીનાં ૧૨૮ સૂક્તોમાં બીજા અન્ય વિષયોની રજૂઆત થઈ છે. વળી આ દેવતાઓના મંત્રો જોઈએ તો એમાં યજ્ઞપરક મંત્રો હોય તેવું પણ જણાતું નથી કારણ કે તેમાં સ્તુતિ, પ્રાર્થના કે પ્રશંસા જ જોવા મળે છે.

## ૨) ઋગ્વેદનાં સંવાદસૂક્તો :

ઋગ્વેદસંહિતાનાં દાર્શનિક સૂક્તો તેના તાત્ત્વિક વિવેચન માટે પ્રસિદ્ધ છે. તેવી જ રીતે કેટલાંક સૂક્તોને નાટક સાથે જોડવામાં આવે છે. તેવાં સૂક્તોને સંવાદસૂક્તો કહેવામાં આવે છે. અહીં ૧૦ મંડળોમાં ૧૯ સંવાદ સૂક્તો આવેલાં છે. પશ્ચિમી વિદ્વાનો તેમાં નાટકના અંશ જુએ છે તો ગુજરાતી વિદ્વાન તેને લોકવાર્તાના[૩૩] અંશ ગણાવે છે. જ્યારે કેટલાક તેને નાટ્ય સાહિત્યનો પૂર્વાભાસ પામે છે. તેનો સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે.

### (૧) એક પાત્રવાળા સંવાદો :

આ પ્રકારના સંવાદસૂક્તોમાં એક જ પાત્રના સંવાદો કે એકોક્તિઓનો પ્રયોગ જોવા મળે છે. જેમ કે,

इन्द्रसूक्त–१–११९

अक्षसूक्त–१०–३४

### (૨) બે પાત્રોવાળાં સંવાદસૂક્તો :

આ પ્રકારનાં સંવાદસૂક્તોમાં બે પાત્રોની સામ–સામી વાતચીત કે સંવાદો હોય છે. ઋગ્વેદમાં જોવા મળતાં આવાં સંવાદસૂક્તો જેમકે,

इन्द्रवढण संवाद सूक्तम्-४-४२
यम-यमी संवाद सूक्तम्-१०-१०
पुढरवा-उर्वशी संवाद सूक्तम्-१०-९५

**(૩) ત્રણ પાત્રોવાળાં સંવાદસૂક્તો :**

ઋગ્વેદમાં ક્યારેક એક સૂક્તમાં ત્રણ પાત્રોનો સંવાદ પણ જોવા મળે છે. આવાં સૂક્તો જેમ કે–

इन्द्र-विश्वामित्रजमदाग्नि संवाद-१-१६१
विश्वमित्रनदी संवाद-३-३३
इन्द्र-इन्द्राणी-वृषाकपि संवाद-१०-८६

**(૪) વ્યક્તિ અને સમૂહનો સંવાદ :**

આ પ્રકારના સંવાદસૂક્તોમાં એક કરતા વધારે વ્યક્તિઓના સમૂહની સામે એક પાત્રનો સંવાદ જોવા મળે છે. ઋગ્વેદમાં આવાં સૂક્તો જેવાં કે–

इन्द्रमढतौ संवाद-१०-१७०
सरमा-पणि संवाद-१०-१०

**૩) પ્રસિદ્ધ સંવાદસૂક્તો :**

ઋગ્વેદસંહિતામાં ૧૯ સંવાદસૂક્તો જોવા મળે છે તેમાંથી પ્રસિદ્ધ સંવાદસૂક્તોનો પરિચય અહીં ટૂંકમાં નોંધીએ.

## (૧) पुढरवा-उर्वशी संवादसूक्तम्-१०-९५

આ સંવાદસૂક્તમાં ૧૮ મંત્રો છે. તેમાં બે પાત્રોમાં ઉર્વશી અને પુરુરવા વચ્ચેનો સંવાદ છે. આ સૂક્તમાં ઉર્વશી અને પુરુરવાની ઉત્પત્તિ જોવા મળતી નથી. પરંતુ એક સ્ત્રી–ઉર્વશી જે પોતાના પ્રેમી કે પતિને છોડીને ચાલી જાતી હોય છે ત્યારે વિયોગી પુરુરવા તેને રોકવા વિનંતી કે આજીજી કરતો હોય એમ જણાય છે. ત્યારે ઉર્વશી કહે છે देरापना वात इवाहमस्मि।[૩૪]

દામ્પત્યજીવનનાં ચાર વર્ષ મેં તારી સાથે પસાર કર્યાં છે. દિવસમાં તું ત્રણ વખત મારો ઉપભોગ કરતો હતો. त्रिः स्म माह्नः श्नथयो वैतसेनो। મેં તને

કહ્યું હતું કે તારું સર્જન પ્રજાપાલન માટે થયું છે મારામાં ગર્ભ મૂકીશ નહી છતાં તે મારી શરતનો ભંગ કર્યો. હવે તારે અફસોસ કરવાનો સમય નથી. તને સારાં કર્મો કરવા માટે દેવતાઓએ શક્તિ આપી છે. જો તારો પુત્ર અવતરશે તો તારી પાસે છોડી જઈશ. ચિંતા કરીશ નહિ, મૃત્યુ પામીશ નહીં, ક્યારેય સ્ત્રીઓની મિત્રતા કરીશ નહીં કારણ કે સ્ત્રીઓનાં હૃદય માણસખાઉ વઢઓ જેવા હોય છે.[૩૫]

૧૮ મંત્રોના આ નાનકડા સૂક્તમાં રિસાયેલી સ્ત્રી ઉર્વશીને પુરુરવા નામનો તેનો પ્રેમી મનાવે છે. પુરુરવા તેને સમજાવી સ્વગૃહે લાવવા પ્રયત્ન કરે છે. સ્ત્રી કોઈપણ સંજોગોમાં તેની સાથે રહેવા માનતી નથી. આ બન્ને પાત્રોનો ઉલ્લેખ ઋગ્વેદ પછીનાં સાહિત્યોમાં વધું જોવા મળે છે. આ સૂક્તની વિષયપસંદગી, તેની ભાષા કાવ્યતત્ત્વ સામાજિક સ્થિતિ વિશેષની જાણકારી માટે આ સૂક્ત મહત્ત્વનું છે.

## (૨) यम–यमी संवादसूक्तम्–१०–१०

ઋગ્વેદસંહિતાના ૧૪ મંત્રના નાનકડા સૂક્તમાં યમરાજ વૈવસ્વત અને તેની બહેન યમીનો સંવાદ છે. આ સૂક્તની કથા મુજબ યમી પોતાના ભાઈ યમ સાથે એકાંતમાં સંભોગ કરવા કહે છે. પરંતુ યમરાજ સંયમ જાળવીને તેને કહે છે તું મારી સહોદરા–બહેન છે હું તારી સાથે આવો સંબંધ કોઈ પણ સંજોગોમાં બાંધી શકું નહિ. આ સૂક્તના મંત્રો અનુસાર યમ–યમીના માતા તરીકે યોષા અને પિતા તરીકે આદિત્યનો ઉલ્લેખ છે.[૩૬]

યમ પોતાની બહેનને સમજાવવા પ્રયત્ન કરે છે પરંતુ યમી કહે છે દેવતાઓ એજ આપણો સંબંધ નક્કી કર્યો છે. આપણે જ્યારે ગર્ભમાં હતાં ત્યારે જ દેવતાઓ આપણને પતિ–પત્ની બનાવી દીધા હતા.[૩૭] આ સંબંધ સ્વર્ગ અને પૃથ્વી અર્થાત્ બધા જ જાણે છે. ત્યારે યમ કહે છે ગર્ભાવસ્થાનો સંબંધ કોણ જાણી શકે. અધઃપતનની કલ્પનાઓથી ભરેલી તું ખોટું બોલી રહી છો. છતાં પણ યમી પોતાનું શરીર યમને સોંપવા માટે તૈયાર થાય છે અને રથનાં પૈંડાની જેમ એક જ કાર્યમાં પ્રવૃત્ત થવાનું કહે છે. ત્યારે યમ તેનો તિરસ્કાર કરીને અન્ય પુઢષ પાસે જઈને આ રીતનો સંબંધ બાંધવા કહે છે અને સમજાવે છે કે આ રીતે આપણે સંબંધ બાંધીએ

તો લોકો પણ આપણું અનુકરણ કરશે અને સમાજમાં અવ્યવસ્થા ફેલાઈ જશે. તેથી તું અન્ય કોઈ પુરુષ પાસે જા અને તારી કામાગ્નિ તૃપ્ત કર.

૧૪ મંત્રના આ નાનકડા સૂક્તમાં ધર્મ અને કામ નામના પુઢષાર્થનો સંઘર્ષ બનાવેલો છે અને તેમાં ધર્મ નામના પુરુષાર્થનો વિજય થાય છે. યમીને એક કામાતુર સ્ત્રી નિરૂપીને સ્ત્રીચરિત્રને યથાયોગ્ય સ્થાને જ સંબંધ બાંધવાનું ગર્ભિત સૂચન કરવામાં આવ્યું છે. આ સૂક્ત આર્યોની સામાજિક સ્થિતિ અને નીતિ શાસ્ત્રનાં મૂલ્યોનો વિશેષ પ્રકાશ પાથરે છે.

## (૩) सरमा–पणिसंवाद–१०–१०८

૧૧ મંત્રના આ નાનકડા સૂક્તમાં દેવશુનિ સરમા અને પણિઓનો સંવાદ રજૂ કરવામાં આવ્યો છે. કૂતરી–સરમા દેવોની દૂતી બનીને ગાયોની શોધ કરવા માટે પાણિઓના આવાસે જાય છે. પરંતુ આ શુનિ–કૂતરી લાગતી નથી.

પણિઓ કોણ હતા ? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં વિદ્વાનો અનેક અર્થો બતાવે છે.[૩૮] પરંતુ સર્વમાન્ય રીતે તેને તત્કાલીન વેપારી પ્રજા ગણવામાં આવ્યા છે. તેઓ ગાયોનો વેપાર કરતા હતા. પરંતુ એક જગ્યાએથી બીજી જગ્યાએ ગાયોને લઈ જવામાં રસ્તામાં આવતી અન્ય ગાયોને પણ પોતાની ગાયો સાથે ભેળવી દેતા હતા. આથી ઈન્દ્ર તેના પ્રત્યે રોષે ભરાયો અને દેવ–શુનિને દૂતી બનાવીને પણિઓની શોધ માટે મોકલી.

સરમા–પણિઓ વચ્ચે પ્રત્યક્ષ મુલાકાત થઈ તેમની વચ્ચે જે વાતો થઈ તે આપણું સંવાદસૂક્ત. તેના મંત્રો મુજબ જોઈએ તો પણિઓ સરમાને પૂછે કે તું અહીં સુધી કેમ પહોંચી તારો સ્વામી કેવો છે. તેનો પ્રભાવ કેવો છે ? ત્યારે સરમા કહે છે મારો સ્વામી ઈન્દ્ર છે તે અહીં આવશે ત્યારે તમારે બધું છોડીને ચાલ્યા જવું પડશે. તમે પાપીઓ છો. ત્યારે પણિઓ કહે છે અમે પણ શસ્ત્રધારી છીએ અમારી પાસે પણ સુરક્ષિત કિલ્લાઓ છે, શૂરવીર યોદ્ધાઓ છે. પરંતુ હે સુંદરી અમે તો તને બહેન માનીએ છીએ. તું કાયમી અમારી સાથે રહે તો અમે ગાયોનો તને ભાગ પણ આપીશું. ત્યારે સરમા કહે છે હું ભાઈ–બહેનનો સંબંધ જાણતી નથી. તમે ગાયો સોંપી દ્યો અને અહીંથી ચાલ્યા જાઓ.

આમ સરમાના ધારદાર સંવાદોવાળું તેજસ્વી વ્યક્તિત્વ અને પણિઓની શૂરવીરતા માટે આ સૂક્ત મહત્ત્વનું છે.

## ૪) ऋग्वेदसंहिता-નાં દાર્શનિક સૂક્તો

ઋગ્વેદસંહિતામાં ભક્તિ અને ઉપાસનાની સાથે સાથે ઋષિઓએ ભારો-ભાર દાર્શનિક ચિંતન પણ રજૂ કર્યું છે. ઋગ્વેદનાં અન્ય મંડળોની અપેક્ષાએ ૧૦ મંડળમાં ઘણાં બધા દાર્શનિક સૂક્તો આવેલાં છે. ઋગ્વેદના ઋષિઓએ સંપૂર્ણ ભૌતિક સુખ ત્યજીને તત્ત્વજ્ઞાનની અમૂલ્ય મૂડી ભેગી કરી છે તેનું આ દસ્તાવેજી રૂપ છે.[૩૯] ઋગ્વેદમાં આવતાં આવાં દાર્શનિક સૂક્તોનું વિહંગાવલોકન કરીએ.

नासदीय सूक्तम्-१०-१२९
पुढषसूक्तम्-१०-९०
हिरण्यगर्भसूक्तम्-१०-१२०
अस्यवामीयसूक्तम्-१-१६४

હવે સંક્ષિપ્તમાં તેના વિશે નોંધીએ.

## (૧) नासदीयसूक्तम् ॥१०-१२९॥

ઋગ્વેદસંહિતાનું આ સૂક્ત કવિઓની અલૌકિક દાર્શનિક ચિંતનધારાનો પરિપાક છે. મંત્રમા બતાવ્યા અનુસાર પહેલા સત્ ન હતું રાત્રી પણ ન હતી દિવસ પણ ન હતો. સૃષ્ટિના નિર્માણ માટે કોઈ પણ તત્ત્વ ત્યારે ન હતું ત્યારે પરમાત્માએ સૃષ્ટિ રચવાની ઈચ્છા થઈ એટલે સૌ પ્રથમ સત્ રૂપી બીજ પેદા કર્યું. આ બીજ બ્રહ્મરૂપી અસત્ પદાર્થમાંથી પેદા થયું. આ પદાર્થમાં ભોગ્ય અને ભોક્તાની જોડી ઉત્પન્ન થઈ તેમાંથી સમગ્ર સૃષ્ટિનું નિર્માણ થયું.

સાત મંત્રોના આ નાનકડા સૂક્તમાં રહેલા ઉત્તમ દાર્શનિક ચિંતનથી વૈદિક સાહિત્યમાં નિતાન્ત ગૌરવપૂર્ણ બની રહ્યું છે.

## (૨) पुढषसूक्तम् ॥१०-१०॥

સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા બતાવવું પુઢષસૂક્ત પણ દાર્શનિક વિચારધારા રજૂ કરે છે. તેમાં ૧૬ મંત્રોમાં એક વિરાટ પુરુષનું વર્ણન કરવામાં આવ્યું છે. એ

વિરાટપુરુષમાંથી બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એમ ચાર વર્ણોની ઉત્પત્તિ બતાવવામાં આવી છે.

આ સૂક્તમાં કહેવામાં આવ્યું છે કે હજારો મસ્તકવાળા, હજારો આંખોવાળા, હજારો પગવાળા વિરાય પુરુષ વિશ્વને ચોતરફથી ઘેરીને દસ આંગળ ઊંચો રહ્યો છે. જે બધામાં વ્યાપ્ત હોવાં છતાં બધાથી પર છે. જે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છે અને ભવિષ્યમાં પણ રહેશે. આ પરમાત્મા સ્વરૂપમાંથી એક વિરાટ પુરુષ ઉત્પન્ન થયો. તેણે એક યજ્ઞ કર્યો તેમાં વસંતઋતુએ ઘીનું કાર્ય કર્યું. ગ્રીષ્મએ ઈંધણનું કામ કર્યું. શરદઋતુએ હવાનું કામ કર્યું. તેમાંથી બકરી, અશ્વ અને ગાયો ઉત્પન્ન થઈ તેમજ તે વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણો જનમ્યા. તેના હાથમાં ક્ષત્રિયો, તેના વક્ષસ્થળમાંથી વૈશ્યો અને પગમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા. તેની નાભિમાંથી અંતરિક્ષ અસ્તિત્વમાં આવ્યું. મસ્તકમાં દ્યુલોક, તેના કાનમાંથી દિશાઓ જન્મી, તેના મનમાંથી ચન્દ્ર અને નેત્રોમાંથી સૂર્ય જનમ્યો.

આમ સમગ્ર સૃષ્ટિની ઉત્પત્તિ આ વિરાટપુરુષમાંથી થઈ એવી રજૂઆત કરતું આ સૂક્ત સર્વ શ્રેષ્ઠ છે. શ્રી ઝાલાસાહેબે યોગ્ય જ લખ્યું છે, ‘‘આ પુરુષ એટલે પ્રાણ એવું કોઈ ચેતન તત્ત્વ વિશ્વના ભૂત, ભવિષ્ય અને વર્તમાનનું નિયામક છે જે મર્ય અને અમર સૌનો ઈશ છે સ્વામી છે.[૪૦]

## (૩) हिरण्यगर्भसूक्तम् ॥१०-१२९॥

આ સૂક્તમાં પણ સૃષ્ટિની ઉત્પત્તિની પ્રક્રિયા રજૂ કરવામાં આવી છે. તે મુજબ આ સૃષ્ટિમાં હિરણ્યગર્ભ પરમાત્મા એકલા જ હતાં તે બધા જ પદાર્થોના આધિપતિ હતા. તેણે જ સ્વર્ગ અને પૃથ્વી બધા જ દેવતાઓ હિરણ્યગર્ભની ઉપાસના કરે છે.

આમ ૧૦ મંત્રોના નાનકડા સૂક્તમાં સૃષ્ટિના અધિષ્ઠાતા તરીકે હિરણ્ય–પ્રજાપતિને બતાવવામાં આવ્યા છે. જોકે આ સૂક્તનું कस्मै देवाय हविषा विधेम। એવું ધ્રુવપદ રહસ્ય ઊભું કરે છે. તેથી ભારતીય અને અન્ય વિદ્વાનો તેની ચર્ચા કરે છે.

## (૪) अस्मवामीयसूक्तम् ॥१-१६४॥

ઋગ્વેદમાં રહેલાં દાર્શનિક સૂક્તોમાં આ સૂક્ત નોંધપાત્ર છે. અહીં એકેશ્વરવાદના દર્શન થાય છે. આ સૂક્તની શરૂઆતમાં જ્ઞાન, મોક્ષ અને અક્ષર તત્ત્વની સ્તુતિ

કરવામાં આવી છે. અહીં ૧ થી ૧૦ મંત્રોમાં દાર્શનિક્તા, ૧૧ થી ૧૫ મંત્રોમાં ઋતુઓનું વર્ણન ૧૬ થી ૩૩ દેવતાઓની સ્તુતિ તથા ૪૨ થી ૫૨ મંત્રોમાં દિવ્યવાણીનું મહત્ત્વ દર્શાવ્યું છે. આ સૂક્તનો ૫૨મો મંત્ર मुण्डकोपनिषद् જેવો ભાવ રજૂ કરે છે. આ મંત્ર નોંધનીય છે.

**द्वा सुपर्णा सयुजा सखाया समानं वृक्षं परिषस्वजाते ।**
**तयोरन्यः पिप्पलं स्वाद्वत्यनशनन् अन्यो अभि चाकशीति ॥**[૪૧]

આમ ઋગ્વેદસંહિતાનાં બધાં જ દાર્શનિક સૂક્તો તત્ત્વજ્ઞાન સભર છે. આમ તો વેદવાક્ય તેમાં દાર્શનિક્તા છે. પરંતુ સર્વશ્રેષ્ઠ કહી શકાય તેવાં સૂક્તોમાં આ દાર્શનિક સૂક્તો પ્રથમ શ્રેણીમાં મૂકી શકાય તેવાં છે.

## ૫) ऋग्वेदसंहिता-નાં પ્રકૃતિસૂક્તો

ઋગ્વેદના ઋષિઓને માત્ર ઉપાસના કે તત્ત્વજ્ઞાનના ગહનતમ વિષયોથી જ નથી આકર્ષાયા. પરંતુ તેના પ્રકૃતિના અનુપમ સૌંદર્યને ભરપેટ પીનારા અને ઋત્ અને સત્યને પ્રકૃતિમાં શોધનારા ક્રાન્તદષ્ટા આત્માઓ હતા. નવા-નવા રૂપથી શૃંગાર સજતી પ્રકૃતિના નૂતન-નૂતન તત્ત્વોને આત્મામાં ઉતાર્યા તેનું હૃદયગમ્ય વર્ણન કર્યું. આથી ઋગ્વેદમાં અત્ર-તત્ર-સર્વત્ર પ્રકૃતિનાં વિવિધ રૂપો જેવા કે પ્રાતઃકાળનું વર્ણન ઘરમાં પ્રકાશિત અગ્નિનું વર્ણન ખંજન પડતા પ્રિયતમાના ગાલ પર હાથનો સ્પર્શ કરતા પ્રિયતમ જેવો મઢત, આકાશની રંગભૂમિપર નૃત્ય કરતી ઉષા, પ્રાણીઓને પોતાની ગોદમાં સુવાડી દેતી સ્ત્રી વગેરેનો રમ્ય અને મનોહર વર્ણનો આપણે ઋગ્વેદમાં પ્રાપ્ત થાય અહીં એકાદ સૂક્તોનું અવલોકન કરીએ.

अरण्यानीसूक्तम्-१०-१४६ ઋગ્વેદના આ ૬ મંત્રના સૂક્તમાં અરણ્યાની-વનદેવીની કલ્પના કરીને તેની સ્તુતિ કરવામાં આવી છે. હે દેવી ! તું દેખાતી નથી. એકાએક અલોપ થઈ જાય છે. તું ગામમાં જવાનું તો નામ જ નથી લેતી. હે દેવી ! તને જંગલના એકાંતમાં ડર નથી લાગતો ? એમાં પણ સંધ્યાના સમયે ખેડૂતો પોતાના કામધંધા બંધ કરી ઘરે જતાં હોય, અને સાથે તેનાં પશુઓ અને માથા ઉપર લાકડાના ભારા ઉપાડેલા હોય ત્યારે આ વનદેવતા જાણે વળાવવા આવતી હોય તેવું લાગે છે. જો કોઈ માણસ હિંસક વૃત્તિથી આક્રમણ કરે નહીં તો વનદેવતા તેને મારતી નથી.

૭ મંત્રોનો આ સૂક્તમાં વનદેવીની સ્તુતિ કરવામાં આવી છે. અહીં ઋષિ વનદેવતાના મોહક સ્વરૂપને સહજતાથી વર્ણવે છે. ઋગ્વેદમાં આવા અસંખ્ય સૂક્તો આવેલા છે.

## ૬) ऋग्वेदसंहिता-નાં ધર્મનિરપેક્ષ કે સામાજિક સૂક્તો

ઋગ્વેદ માનવજીવનને લગતા તમામ પાસાઓ વિશે માર્ગદર્શન આપે છે. ઉપાસના ભક્તિ કે તત્ત્વજ્ઞાન સાથે સાથે અનેક સામાજિક સમસ્યાઓ કે સમસ્યાઓનું સમાધાન આપે છે. આ સૂક્તોમાં આર્યોના સમાજજીવન અને જીવનમૂલ્યોનો પરિચય આપે છે. ઋગ્વેદમાં विवाहसूक्तम्, वाक्सूक्तम्, मन्युसूक्तम्, दानस्तुतिसूक्तम् તથા अक्षसूक्तम् ને આ શ્રેણીમાં મૂકી શકાય છે. તેનો પરિચય મેળવીએ.

अक्षसूक्तम्-१०-३४ ઋગ્વેદના સમયમાં ફેલાયેલાં દૂષણો કે વ્યસનોને અટકાવવા માટેનાં અમુક સૂક્તો છે તેમાં અક્ષ સૂક્તનું સ્થાન મહત્ત્વનું છે. તત્કાલીન સમાજમાં જુગાર ખેલાતો હશે. તેથી વ્યસનને અટકાવીને સમાજને વ્યવસ્થિત જીવન જીવવાની પ્રેરણા આપતું આ મહત્ત્વનું સૂક્ત છે.

ઋગ્વેદના ૧૦ મંડળના આ સૂક્તના ૧૪ મંત્રોમાં જુગારીની સ્થિતિ, તેના સ્વજનોની દશા, જુગાર રમવાના પાસાઓને જોતાં જુગારીની માનસિક સ્થિતિનું વર્ણન કરવામાં આવ્યું છે. ઋષિ કહે છે જુગારી ! જુગારના વ્યસનમાં પડીને પોતાની જિંદગી બરબાદ કરે છે સાથે સાથે પોતાના પરિવારજનોની-ખાસ તો તેની પત્નીની દશા કપરી થાય છે. આવી સ્થિતિનું વર્ણન કરી તેને સંદેશો આપતા કહે છે હે.. જુગારી રમીશ નહીં, ખેતી કર, તેમાં મહેનત કરવાથી સંપત્તિ પ્રાપ્ત થશે. એવું સાક્ષાત્ સૂર્યદેવ મને કહે છે...

दानस्तुतिसूक्तम्-१०-११७ આ સૂક્તમાં દાનનું મહત્ત્વ રજૂ કરવામાં આવ્યું છે. ઋષિઓ નવ મંત્રના નાનકડા સૂક્તમાં કહે છે કે અન્યદાન કરતાં અન્નદાન શ્રેષ્ઠદાન છે. તેઓ કહે છે કે દેવતાઓએ માનવીને ભૂખ આપી અને એ ભૂખ માનવીના મોતનો સંદેશ બને છે. જો ભૂખ લાગે ત્યારે અન્ન ન આપવામાં આવે તો માનવીનું મૃત્યુ થાય છે. તેથી ઋષિઓ અન્નદાનને મહાદાન કહે છે.

દાન આપનારાઓને આશ્વાસન આપતા ઋષિ કહે છે કે જે અન્નદાન આપે છે તેનું ધન ક્યારેય ઘટતું નથી પરંતુ જેવો એકલપેટા છે આશ્રયે આવેલાને અન્નદાન કરતો નથી, બીજાને ભૂખ્યા જોઈને જેનું હૈયું પિગળતું નથી તેને અંતે કોઈ આશરો આપતું નથી.

પરંતુ જે લોકો અન્નદાન કરે છે તે દાતા યજ્ઞસમાન ફળ પ્રાપ્ત કરે છે. તેના સર્વ મનોરથ પૂર્ણ થાય છે.

દાન ન આપનારાઓને ઋષિઓ કહે છે કે જેની પાસે ધનાદિ સંપત્તિ છે પરંતુ સદ્‌કાર્યમાં ઉપયોગ ન થાય, દૈવકાર્યમાં ન વપરાય, અતિથિઓના આદર સત્કારમાં ન વપરાય, ઈષ્ટજન–મિત્રોની મદદમાં કામ ન લાગે તો સાચું ધન નથી, સાચો ધર્મ નથી. લક્ષ્મી તો ચંચળ છે. ચક્રના પૈંડાની માફક ફર્યા કરે છે. તેથી તેનો મોહ કે કંજૂસાઈ ન કરવી જોઈએ.

અંતમાં ઋષિ કહે છે જે માણસ અન્નદાન કરતો નથી, યજ્ઞાગાદિ કરતો નથી પણ માત્ર પોતાનું જ પેટ ભરવામાં જ સમજે છે તે ધનવાન નહીં પણ સાક્ષાત્ મૃત્યુ જ છે.

विवाहसूक्तम् ૧૦–૨૮ આ સ્વતંત્ર સૂક્ત નથી પરંતુ ૧૦–૨૮ સૂર્યવિવાહ છે. તેમાં ૨૦ થી ૨૮ મંત્રોમાં માનવવિવાહના મંત્રો આપવામાં આવ્યા છે.

આ મંત્રોમાં કન્યાનું લગ્નજીવન સફળ થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી છે. પિતાનું ઘર તથા શ્વસૂરગૃહ આ બન્ને વચ્ચેનો તફાવત તથા શ્વસૂરગૃહમાં માન–મર્યાદા તથા વડીલોની સેવા વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે. ઋષિઓ કહે છે કે ભાગ્યદેવતા અને અશ્વિનૌ દેવો તને લગ્નબાદ પતિના ઘરે પહોંચાડે છે. ત્યાં સંતાનપ્રાપ્તિ તથા પતિગૃહની તમામ જવાબદારી સ્ત્રીએ નિભાવવાની છે. તથા પતિ–પત્ની સાથે રહીને ગૃહસ્થ જીવન જીવવાની અભિલાષા રજૂ કરવામાં આવી છે.

नक्तसूक्तम- ॥१०-१२७॥ આ સૂક્તમાં સ્ત્રીનું વર્ણન કરવામાં આવ્યું છે. આઠ મંત્રોમાં સ્ત્રીની દેવી સ્વરૂપ કલ્પના કરીને તેની સ્તુતિ કરવામાં આવી છે. ઋગ્વેદની એક વિશેષતા એ છે કે દેવતાઓની અપેક્ષામાં દેવીઓની આસ્થા અને ઉપાસના નહિવત્ છે.

આ સૂક્તમાં સ્ત્રીનું વર્ણન કરતાં કવિ કહે છે કે રાત્રી કાળી નથી પરંતુ તારાપ્રભાત રિક્ત રજની સ્વરૂપા છે. તેનું આગમન થતા માનવી, પશુ, પક્ષીઓ પોતાના નિવાસ સ્થાને જાય છે. તેના આગમનની સાચી ઊંચનીચ સર્વ ભૂમિમાં અંધકાર ફેલાઈ જાય છે. આવા સમયે તસ્કરોથી અને વરુઓથી બચાવવા માટે રાત્રીની સ્તુતિ કરવામાં આવી છે.

श्रद्धासूक्तम्-१०-१५१ ઋગ્વેદના આ સૂક્તમાં શ્રદ્ધાની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. પાંચ મંત્રોમાં ઋષિઓ કહે છે શ્રદ્ધા મહાન છે. તેનાથી જ યજ્ઞો થાય છે, ધન,

અન્ન અને સર્વ પ્રકારના શ્રેયોની પ્રાપ્તિ થાય છે. જેવી રીતે ઈન્દ્રે અસુરોને નષ્ટ કર્યા તેમ શ્રદ્ધાથી પ્રાર્થના કરનારને તેનું ઈચ્છિત ફળ મળે છે.

અંતમાં ઋષિ કહે છે આ શ્રદ્ધાની માત્ર ત્રણ વખત સવારે પ્રાર્થના, મધ્યાહ્નને આહ્વાન તથા સાંજે તેની ઉપાસના કરવાથી શ્રદ્ધાવાન બની શકાય છે.

सपत्नीबाधनम्-१०-१४५ ઋગ્વેદમાં આવતું આ સૂક્ત-ખાસ કરીને દામ્પત્યજીવનને લગતું આ સૂક્ત મહત્ત્વનું છે. અહીં ઋષિઓ છ મંત્રમાં સપત્નીઓથી પતિને કેમ મુક્ત કરવો તેના ઉપાયો બતાવે છે. આ માટે ઉપયોગી એક ઔષધિનું વર્ણન પણ કરે છે. ઋષિ આ ઔષધિને જુદી-જુદી ઉપમાઓ આપીને તેની પ્રાર્થના કરે છે.

औषधिसूक्तम-१०-९२ ઋગ્વેદસંહિતાના આ સૂક્તમાં ૨૨ મંત્રો આવેલા છે. અહીં પ્રથમ મંત્રમાં કહેવામાં આવ્યું છે આ ઔષધિઓ દેવતાઓએ ઉત્પન્ન કરી છે. તથા એક સો સાત જગ્યાએ મળે છે, ઊગે છે. તેનું સેવન કરવાથી વિવિધ પ્રકારના રોગો જેવા કે, કોઢ, ખાંસી, નપુંસકતા, સાંધાના દુઃખાવા જેવા અનેક રોગોમાંથી મુક્તિ મળે છે. ઋષિઓ આ ઔષધિઓની સ્તુતિ કરે છે.

मन्युसूक्तम-१०-८३-८४ ક્રમના સૂક્તમાં मन्युः અર્થાત્ ઉત્સાહની સ્તુતિ કરવામાં આવી છે. ઋષિઓ કહે છે કે ઉત્સાહથી માનવ-જીવનમાં તમામ શ્રેયો પ્રાપ્ત થાય છે. માનવજીવનમાં ગમે તે કામ ઉત્સાહથી કરવામાં આવે તો અઘરું કાર્ય પણ સરળતાથી પૂર્ણ થાય છે. કહેવાયું પણ છે. अनिर्वेद श्रियोमूलं अनिर्वेद परमं सुखम्।[४२] ઉત્સાહયુક્ત મનુષ્ય સ્વયં પોતાનો અભ્યુદય કરવા સમર્થ છે. સ્વયં પ્રયત્નથી તેજસ્વી બનાય છે, શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત થાય છે. એટલે જેઓ અભ્યુદય અને શ્રેય પ્રાપ્ત કરવા ઈચ્છે છે તેઓએ ઉત્સાહી બનવું જોઈએ. ઉત્સાહહીન માણસો માટે સમાજમાં કોઈ સ્થાન નથી. અને ઉત્સાહિત માણસ માટે જગતમાં કોઈ વસ્તુ અશક્ય નથી.

ઉત્સાહ સાથે જરૂર પડે છે સંયમની. ઋષિઓ કહે છે કે જો યશપ્રાપ્તિની ઈચ્છા હોય તો પહેલા તારી જાત પર સંયમ પ્રાપ્ત કર. અંતમાં ઋષિ કહે છે જીવનમાં ઉન્નતિ માટે ઉત્સાહ અનિવાર્ય છે. જેમ ઈન્દ્ર ઉત્સાહી બની કાર્ય કરી સિદ્ધિ પ્રાપ્ત કરે છે તેમ દરેક મનુષ્ય વિવિધ શ્રેયસ્ માટે ઉત્સાહી બને તેવી કામના વ્યક્ત કરવામાં આવી છે.

मनस् सूक्तम्-१०-५८ માં ૧૨ મંત્રો છે. આ સૂક્તોમાં ઋષિઓ કહે છે કે આપણે આ સંસારમાં રહીએ છીએ તેથી કોઈપણ ખબર જગ્યાએ આપણું મન ચોટવું જોઈએ નહીં. તેથી મનને મજબૂત કરી તેને વશ કરવું શ્રેયસ્કર છે. આ સૂક્તના ૧૨ મંત્રોમાં સમાન રીતે પ્રયોજાની ટેક પંક્તિ तत् त आ वर्तयामसी हे क्षयाय जीवसे। નોંધનીય છે.

આમ ઉપરોક્ત રીતે નોંધ્યું તેમ વેદનાં સામાન્ય કે લૌકિક સૂક્તો કહેવાય છે તે સૂક્તોને શ્રેષ્ઠતમ ગણી શકાય તેમ છે. માનવજીવનમાં ઉપયોગી ઉત્સાહ, શ્રદ્ધા તથા મનની મક્કમતા શ્રેયસ્કર છે તેની પ્રતીતિ આ સૂક્તો દ્વારા થાય છે. આ ઉપરાંત વેદના સમયમાં જુગાર જેવાં દૂષણો હતાં તેનો અહેસાસ અક્ષ સૂક્ત કરાવે છે. તેમજ અનેક પત્નીઓની પ્રથા હશે એવું સપત્નીબોધનમ્ સૂક્તમ્ બતાવે છ.

## ૭) ઐતિહાસિક્તા રજૂ કરતા મંત્રો :

ઋગ્વેદસંહિતામાં દાર્શનિક ચિંતન, સંવાદસૂક્તો તથા દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના આધારિત સૂક્તોની સાથે–સાથે ઐતિહાસિક્તા દષ્ટિગોચર થાય તેવા મંત્રો જોવા મળે છે. જોકે ઐતિહાસિક્તા દર્શાવતાં કોઈ સ્વતંત્ર સૂક્તો નથી. પરંતુ ઋગ્વેદમાં ૧ થી ૧૦ મંડળોમાં જુદા–જુદા વિષયોનું નિરૂપણ કરતા ઋષિઓ ઐતિહાસિક્તા પણ રજૂ કરે છે. આમ તો ઋગ્વેદમાં ઐતિહાસિક્તા નિહાળવી એ શક્ય નથી છતાં અમુક મંત્રોમાં જે વાસ્તવિક્તાના દર્શન થાય છે તેની અવગણના કરવી પણ શક્ય નથી. વળી યાસ્કે નોંધ્યું તેમ નિઢક્તના સમયથી જ ઋગ્વેદનું ઐતિહાસિક દષ્ટિથી અધ્યયન થતું રહ્યું છે. તેથી આપણે ઋગ્વેદમાં રહેલાં ઐતિહાસિક તથ્યો, પ્રસંગો, પરિસ્થિતિ કે સંગ્રામો વિશે જે મંત્રો મળે છે તેને ઐતિહાસિક મંત્રો કહીએ તો તેનાથી ઋગ્વેદની અનુપમ જ્ઞાનરાશિ કે તેના ગૌરવને જોખમ નહીં આવે.

ઋગ્વેદસંહિતામાં અસંખ્ય સંગ્રામોનું વર્ણન જોવા મળે છે. તેમાં સર્વશ્રેષ્ઠ કહી શકાય તેવો સંગ્રામ 'दाशराज्ञयुद्ध' છે. તેમાં દશ સજાઓ વચ્ચે સંગ્રામ ગયેલો છે. આ મંત્રોનો અન્ય કોઈ અર્થ ઘટાડી શકાય તેમ નથી. કારણ કે તે સંપૂર્ણ ઐતિહાસિક છે. આવા બીજા અનેક સંગ્રામો જેવા કે –

इन्द्र शम्बरसंग्राम     इन्द्र नमुचिसंग्राम

इन्द्र पिप्रुसंग्राम     इन्द्र दास–दस्यु संग्राम

| | |
|---|---|
| इन्द्र पणिसंग्राम | इन्द्र चुमुरिसंग्राम |
| इन्द्र वर्चिनसंग्राम | इन्द्र वृत्रसंग्राम |

ઋગ્વેદમાં આ બધા યુદ્ધ કે સંગ્રામોના પ્રસંગોમાં જે મંત્રો પ્રયોજ્યા છે તેમાં ઈતિહાસ જોવા મળે છે. બીજું તેનું મહત્ત્વનું કારણ એ છે કે યુદ્ધમાં વપરાતાં સાધનો, નદીઓ તથા જે–જે રાજાઓના માતા–પિતાના નામોલ્લેખ, ભારતવર્ષના જે–તે પ્રદેશના નામ આ બધું જોતા તેમાંથી કોઈ આધ્યાત્મિક અર્થ સ્પષ્ટ થતો નથી. એટલે તેનો વાચ્યાર્થ લઈ તેમાંથી ઐતિહાસિક્તા જોઈએ તો સત્યની વધારે નજીક છે.

## ૨.૮) ऋग्वेदसंहिता–સંબંધિત અન્ય સાહિત્ય :

ઋગ્વેદસંહિતા ઉપરાંત ઋગ્વેદ સાથે સંબંધ ધરાવતાં ઉપનિષદો, આરણ્યકો, બ્રાહ્મગ્રન્થો, ધર્મસૂત્રો, પ્રાતિશાખ્ય જેવા ગ્રન્થો મળે છે.

### ૨.૮.૧) ઋગ્વેદ પરંપરાનાં ઉપનિષદો :

ઉપનિષદોની કુલ સંખ્યા ૧૦૮ ગણાવવામાં આવે છે. પણ તેમાંથી ૧૧ ઉપનિષદો પ્રાપ્ત થાય છે. તેમાં ઋગ્વેદ પરંપરાનાં બે ઉપનિષદો મળે છે. જેનો અત્યંત સંક્ષિપ્ત પરિચય નીચે મુજબ છે.

ऐतरयोपनिषद ઉપનિષદમાં ત્રણ અધ્યાયો છે. પહેલા અધ્યાયમાં બે ખંડ અને બીજા અને ત્રીજા અધ્યાયમાં એક–એક ખંડ છે. પહેલા અધ્યાયમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક વિવેચન છે. આ ઉપનિષદનો આધાર પુરુષ સૂક્ત છે. અહીં કહેવામાં આવ્યું છે કે સૃષ્ટિના રચિયતા આત્મા–બ્રહ્મા છે. આત્મા પુરુષના મન, ઈન્દ્રિય અને હૃદયમાં રહે છે.

બીજા અધ્યાયમાં જન્મ, જીવન અને મરણ આ ત્રણ અવસ્થાનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં આત્માના સ્વરૂપનું વર્ણન છે.

कौषितकी उपनिषद–ઉપનિષદમાં ચાર અધ્યાયો છે. પહેલા અધ્યાયમાં મૃત્યુ પછી જીવાત્મા ક્યાં જાય છે તેના પ્રયાણના દેવયાન અને પિતૃયાન જેવા માર્ગોનું વર્ણન છે. ત્રીજા અધ્યાયમાં ઈન્દ્રનો ઉપદેશ રજૂ થયો છે. ચોથા અધ્યાયમાં કાશીરાજ અજાત શત્રુને બાલાકિને પરબ્રહ્મનો ઉપદેશ આપે છે.

## २.८.२) ऋग्वेदसंहितामां आरण्यको :

ઋગ્વેદસંહિતામાં બે આરણ્યકો પ્રાપ્ત થાય છે તેનો પરિચય નીચે મુજબ સંક્ષિપ્તમાં આપેલ છે.

ऐतरेय आरण्यकम्– અહીં પાંચ આરણ્યક છે અને ૧૮ અધ્યાયોમાં વિભાજન થયેલું છે. પ્રથમ અધ્યાયમાં મહાવ્રતનું વર્ણન છે. દ્વિતીય આરણ્યકના પહેલા ત્રણ અધ્યાયોમાં કૈવલ્ય, પ્રાણ વિદ્યા અને પુરુષની ચર્ચા કરવમાં આવી છે. ૪ થી ૬ અધ્યાયને ઐતરેય ઉપનિષદ કહેવાય છે.

शांखायन आरण्यकम् અહીં ૧૫ અધ્યાય છે. જે ખંડોમાં વહેંચાયેલા છે. કુલ ૧૩૭ ખંડો છે. આ આરણ્યકોનો વિષય ઐતરેય આરણ્યક જેવો છે. એટલે કે મહાવ્રતાદિનું વર્ણન જોવા મળે છે.

## २.८.३) ऋग्वेदसंहिता– બ્રાહ્મણગ્રંથો :

ઋગ્વેદ પરંપરાનાં બે બ્રાહ્મણો રહેલા છે તેનો પરિચય નીચે મુજબ છે.

ऐतरेयब्राह्मणग्रन्थ– આ પરંપરાનો પ્રસિદ્ધગ્રન્થ છે. અહીં ૪૦ અધ્યાયો છે. દરેક અધ્યાયને પાંચ–પાંચ કંડિકાઓમાં વહેંચવામાં આવ્યા છે. અહીં પ્રાતઃ સ્તવન, માધ્યંદિન સ્તવન ઉપરાંત અનેક આખ્યાનો આવેલાં છે. ઐતરેય બ્રાહ્મણનો शेते भग शयानस्य चराति चरतो भगः। એ પ્રસિદ્ધ વાક્ય છે. આ ગ્રન્થની શૈલી શુદ્ધ અને બ્રાહ્મણોચિત છે. તેની ભાષા ઉપરથી કહી શકાય કે સૌથી પ્રાચીન બ્રાહ્મણ ગ્રન્થ છે.

शांखायन ब्राह्मणम्– આ બ્રાહ્મણને कौषितकी ब्राह्मणम् પણ કહેવામાં આવે છે. આ બ્રાહ્મણમાં ૩૦ અધ્યાયો અને ૨૨૬ ખંડો છે. વિષયની દષ્ટિએ ઐતરેય બ્રાહ્મણ સાથે ઘણો સંબંધ ધરાવે છે. તેનો વિષય જોઈએ તો મૃત્યુ, પુનર્જન્મ અગ્નિશમન અને દર્શપૂર્ણમાસ વગેરેની વાત કરી છે.

## २.८.४) ऋग्वेदसंहिता– પ્રાતિશાંખ્ય :

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વૈદિક સંહિતાઓની પ્રત્યેક શાખા માટે સ્વતંત્ર પ્રાતિશાખ્ય આપેલાં છે. પરંતુ આ કથન સત્ય નથી. પ્રાતિશાખ્યના અભ્યાસ ઉપરથી એવું કહી શકાય કે તેમાં એક શાખાના નિયમો નથી પરંતુ એક–એક

ચરણના–શાખાના નિયમોનો સમાન રીતે પ્રયોગ થયેલો છે. ઉચ્ચારણ, સ્વરવિધાન, સંધિ, સ્થાને–સ્થાને હસ્વનું દીર્ઘવિધાન વગર વિષયોનું આ ગ્રન્થોમાં સાંગોપાંગ વિવેચન મળે છે. ઋગ્વેદ પરંપરાનું ऋक्प्रानिशाख्य પ્રાપ્ત થાય છે તેનો પરિચય નીચે મુજબ પ્રાપ્ત કરીએ.

ऋक्प्रातिशाख्य- તેની પ્રાચીનતા અને પ્રમાણિતાની દષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. વિશ્વમિત્ર અને શૌનક તેના રચયિતા માનવામાં આવે છે. આ પ્રાતિશાખ્ય ૧૮ પટલમાં છે. પ્રથમ પટલમાં સ્વર, વ્યંજન તેમજ અન્ય પટલોમાં સંધિ ક્રમપાઠ, વ્યંજનો, સ્વરો તેમજ વ્યંજનોના ઉચ્ચારણ, દોષો તથા અંતિમ ત્રણ પટલોમાં ગાયત્રી, ઉષ્ણિક બૃહતી અને પંક્તિ છંદોનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે.

### ૨.૮.૫) ऋग्वेदसंहिता–માં કલ્પસૂત્રો :

વેદાંગમાં શિક્ષા પછી કલ્પનું સ્થાન આવે છે. તેને કલ્પ કે કલ્પસૂત્રો પણ કહેવામાં આવે છે. કલ્પનો અર્થ વિધિ, નિયમ, ન્યાય અને કર્મ એવો થાય છે.[૪૩] સામાન્ય રીતે કલ્પસૂત્રને ચાર વિભાગોમાં વહેંચવામાં આવ્યા છે.

### ૨.૮.૫.૧) શ્રૌતસૂત્રો :

આ સૂત્રોમાં વેદો અને બ્રાહ્મણોમાં યજ્ઞયાગ વગેરે કર્મકાંડનું વિધાન કરવામાં આવે છે. ઋગ્વેદ સંહિતામાં બે શ્રૌતસૂત્રો આવેલાં છે તેનો પરિચય નીચે મુજબ મેળવીએ.

आश्वालयन श्रौतसूत्र- આ સૂત્રગ્રન્થમાં ૧૨ અધ્યાયો આવેલા છે. આ સૂત્રોમાં ઐતરેય બ્રાહ્મણ અને આરણ્યકમાં આવતા યજ્ઞોનું વિધાન જોવા મળે છે. આશ્વાલયન ઋષિ શૌનકના શિષ્ય હતા અને સૂત્રો શૌનક આશ્વાલયન મળીને બનાવેલા છે.[૪૪]

शांखायन श्रोतसूत्र- આ સૂત્રગ્રન્થમાં ૧૮ અધ્યાયો છે. આ સૂત્રોની શૈલી જોતાં તે આશ્વાલયન સૂત્રોથી પ્રાચીન હોય તેવું જણાય છે. તેમજ અંતિમ બે અધ્યાયો પાછળથી જાડવામાં આવ્યા હોય તેવું જણાય છે.

## ૨.૮.૫.૨) ગૃહ્યસૂત્રો :

આ સૂત્રોમાં દૈનિકજીવનનાં કર્તવ્યો અને ધાર્મિકવિધિનાં વિધાનો છે. અહીં ગભાધાનથી માંડીને મૃત્યુપર્યન્તનાં જુદા–જુદા સંસ્કારો અને કર્તવ્યો વર્ણવ્યાં છે. ઋગ્વેદ પરંપરામાં બે ગૃહ્યસૂત્રો પ્રાપ્ત થાય છે. તેનો પરિચય નીચે મુજબ છે.

आश्वालयन गृह्यसूत्रो– માં ચાર અધ્યાયો છે. બીજું વિભાજન ખંડોમાં કરવામાં આવ્યું છે. પહેલા અધ્યાયમાં ૧૬ સંસ્કારોનું વર્ણન છે. બીજા અધ્યાયમાં શ્રાવણી વગેરે પાકોનું વર્ણન છે. આ ઉપરાંત યજ્ઞો, ગૃહપ્રવેશ, ગૃહનિર્માણ વગેરેનું નિરૂપણ છે. ત્રીજા અધ્યાયમાં વેદાધ્યનના નિયમો અને ચોથા અધ્યાયમાં અંત્યેષ્ટિ અને શ્રાધ વગેરેનું નિરૂપણ છે.

शांखायन गृह्यसूत्र– માં ૬ અધ્યાયો છે. તેમાં વિશેષતઃ સંસ્કારોનું વર્ણન છે તથા તેને સંબંધી અન્ય બાબતોનું વર્ણન જોવા મળે છે.

## ૨.૮.૫.૩) ધર્મસૂત્રો :

ધર્મસૂત્રોમાં ચાર આશ્રમો, ચાર વર્ણનાં કર્તવ્યો તથા રાજકીય નીતિ નિયમોનું વિવેચન છે. તેમાં બધા જ પ્રકારનાં પારમાર્થિક રાજનૈતિક સામાજિક પારિવારિક કર્તવ્યો અને ધર્મ બનાવવામાં આવ્યા છે.

ધર્મસૂત્રો કલ્પનું એક અંગ મનાય છે. ધર્મસૂત્રોજ આપણા પ્રમાણભૂત ગ્રન્થ છે. ધર્મનું સ્વરૂપ વિવાહના પ્રકારો પાપ અને તેનું પ્રાયશ્ચિત્ત જેવા વિષયો પણ જોવા મળે છે. ઋગ્વેદ પરંપરામાં માત્ર ધર્મસૂત્ર મળે છે તે વસિષ્ઠ ધર્મસૂક્ત. જેનો પરિચય મેળવીએ.

वसिष्ठ धर्मसूत्र– આ ધર્મસૂત્રને ઋગ્વેદ સાથે જોડવામાં આવ્યું છે. પરંતુ આ મત સર્વમાન્ય નથી. આ સંદર્ભમાં ડૉ. બલદેવ ઉપાધ્યાય સાહેબનું આ વિધાન નોંધનીય છે. “ऋग्वेदीयो के पास अपना स्वतंत्र धर्मसूत्र उपलब्ध नहीं था। फलतः स्वतंत्र रूपेण निर्मित इस धर्मसूत्र को स्वायत्त कर इसके उपर अपने वेद की छाप लगा दी।”[૪૫] આ વિધાનને અનુસરીએ તો ઋગ્વેદ પરંપરાનું થતું રહ્યું છે. આથી હસ્તપ્રતોમાં ક્યારેક ૬,૯ કે ૩૦ અધ્યાયોવાળું ધર્મસૂત્ર મળે છે.

### ૨.૮.૫.૪) શુલ્વસૂત્રો :

આ સૂત્રો અતિ મહત્ત્વનાં છે. તેનો અર્થ 'માપવાની દોરી' એવો થાય છે. આ સૂત્રોમાં યજ્ઞો માટે વેદિઓના નિર્માણની રીત તેના માપ તથા તેનો વિવિધ ગણતરીઓની માહિતી અહી આપવામાં આવી છે.

પરંતુ ઋગ્વેદ પરંપરામાં એક પણ શૂલ્વસૂત્રો પ્રાપ્ત થતાં નથી.

## ૨.૯) ઋગ્વેદના ભાષ્યકારો :

વેદના સર્જન પછી સમયે–સમયે તેના ઉપર ભાષ્યો રચાતાં રહ્યાં છે. ભારતમાં ગુપ્તકાળમાં વેદો પર ભાષ્ય લખવાની શરૂઆત થઈ હતી. તે પછી બૌદ્ધ યુગમાં યુગમાં પણ વેદો પર સતત ભાષ્યો લખાતાં રહ્યાં છે. પ્રાચીન ભાષ્યકારોએ વેદોનું સ્પષ્ટ અને સર્વમાન્ય ભાષ્ય લખ્યું છે. વેદના પ્રાચીન અને અર્વાચીન ભાષ્યકારોની માહિતી અહીં પ્રસ્તુત છે.

### ૨.૯.૧) સ્કંદસ્વામી :

આજ સુધીમાં થઈ ગયેલા ઋગ્વેદના ભાષ્યકારોમાં આચાર્ય સ્કંદસ્વામી સૌથી પ્રાચીન છે તેમનો સમય ઈ.સ. ૬૩૦ની આજુબાજુનો માનવમાં આવે છે. સ્કંદસ્વામી ઋગ્વેદમાં યાજ્ઞિક મતને માને છે. સ્કંદસ્વામીના ભાષ્યમાં ભાષ્યના આરંભમાં ઋષિ અને દેવતાની જાણ કરવામાં આવી છે. અન્ય ભાષ્યકારો કરતા સ્કંદસ્વમીના સમય વિશે ચોક્કસ માહિતી મળી આવે છે. હરિસ્વામી શતપથ બ્રાહ્મણ ભાષ્યમાં પોતાના ગુરુ તરીકે સ્કંદસ્વામીને બતાવે છે. જેમ કે

*यः सम्राट कुतवान् सप्त सोमसंस्थास्तथर्क्श्रुत्तिम ।*
*व्याख्या कृत्वाऽऽध्यापयन्मां श्री स्कन्दस्वाम्यस्ति मे गुरुः॥*

સ્કંદસ્વામીના ઋગ્વેદના ભાષ્યની વિશેષતા એ જોવા મળે છે. તે અત્યંત સરળ છે અને વ્યાકરણ સંબંધી વાક્યો તેમાં અત્યંત સંક્ષિપ્તમાં જોવા મળે છે. સ્કંદસ્વામી ઋગ્વેદનાં બધાંજ મંડળ ઉપર ભાષ્ય લખી શક્યા નથી પરંતુ ચોથા અષ્ટક સુધી જ લખ્યું છે.

### ૨.૯.૨)      આચાર્ય સાયણ :

વૈદિક ભાષ્યોમાં આચાર્ય સાયણ સૌથી પ્રસિદ્ધ અને પ્રાચીન ભાષ્યકાર છે. તેનો સમય ઈ.સ. ૧૩૫૩નો માનવામાં આવે છે. તેઓ ખંડિયા રાજાઓના રાજમંત્રી તરીકેનું કાર્ય કરતા હતા. સાયણ પણ સ્કંદસ્વામીની જેમ યાજ્ઞિક પધ્ધતિને જ અનુસરે છે. આચાર્ય સાયણે ઋગ્વેદભાષ્યના પ્રારંભમાં ઋગ્વેદના મંત્રોના અર્થઘટને અનુસરના સિદ્ધાંતોનું પ્રતિપાદન કરતી વિસ્તૃત પૂર્વભૂમિકા લખી છે. ઋગ્વેદના પ્રથમ મંડળ ઉપર જ ખૂબ જ વિસ્તારપૂર્વક વિવેચન કર્યું છે. જેમાં દરેક શબ્દના સ્વરૂપ, વ્યુત્પત્તિ સ્વરભાર અર્થા વગેરેનું વિવેચન કર્યું છે. જ્યારે બીજાથી મંડળથી માંડીને દસમા મંડળનું ભાષ્ય અત્યંત સંક્ષેપમાં રજૂ કર્યું છે.

સાયણભાષ્યની પ્રશંસા કરતા એક વિવેચકે યોગ્ય લખ્યું છે. વૈદિક ભાષા અને ધર્મના સુદઢ ગઢમાં પ્રવેશ કરવા માટે અમારી પાસે એક જ સાધન અને તે સાયણભાષ્ય છે.[૧] વાસ્તવિક્તા એ છે વૈદિક સંપ્રદાયના સાચા જ્ઞાની હોવાને લીધે સાયણનું વેદભાષ્ય વેદાર્થ માટે ચાવી છે. અને વેદના દુર્ગમ દ્વારમાં પ્રવેશવા માટેનું મહત્ત્વનું સિંહદ્વાર સમાન છે.

### ૨.૯.૩) ઉદ્‌ગીથ :

ઉદ્‌ગીથ પણ ઋગ્વેદના પ્રસિદ્ધ ભાષ્યકાર છે. વેંકટમાધવ કહે છે. તેમ ઉદ્‌ગીથે તેને ભાષ્ય રચના કરવામાં સહાયતા કરી હતી. ઉદ્‌ગીથે સમગ્ર ઋગ્વેદપર ભાષ્ય લખ્યું નથી પરંતુ દસમા મંડળના ૫ મા સૂક્તથી માંડીની ૧૦ સૂક્તના ૮૩ સૂક્ત સુધી તેનું ભાષ્ય જોવા મળે છે. ઉદ્‌ગીથ સાયણની જેમ યાજ્ઞિક પદ્ધતિને અનુસરે છે. ઉદ્‌ગીથ ભાષ્ય પ્રત્યેક અધ્યાયના અંતે પુષ્પિકા જોવા મળે છે તેમાં 'વનવાસીવિનિર્ગતા' એવા શબ્દનો પ્રયોગ થયેલો હોવાથી વિદ્વાનો તેને વનવાસી કે અરણ્ય નિવાસી માને છે.

### ૨.૯.૪) વેંકટમાધવ :

વેંકટમાધવ પણ ઋગ્વેદના પ્રસિદ્ધ ભાષ્યકાર છે. તેણે ઋગ્વેદ ઉપર લઘુભાષ્ય અને બૃહદભાષ્ય એવાં બે ભાષ્યો લખ્યાં છે. તેનો સમય ઈ.સ. ૧૦૩૪ માનવામાં આવે છે. અન્ય આચાર્યોના ભાષ્ય કરતાં માધવનું ભાષ્ય પ્રમાણમાં અત્યંત સંક્ષિપ્ત છે. માધવના ભાષ્યમાં લાઘવ જોવા મળે છે. જ્યાં સહેલો શબ્દ હોય અને સહેલાઈથી સમજાય તેમ

હોય ત્યાં બીજો શબ્દ મૂકી દીધો છે. તેઓ દઢ પણે માને છે કે વેદાર્થનું જ્ઞાન કરવું હોય તો તમામ વૈદિક સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

### ૨.૯.૫) આનંદતીર્થ :

આનંદતીર્થને માધવાચાર્ય પણ કહેવામાં આવે છે. તેમનો સમય ઈ.સ. ૧૧૯૮ થી ૧૨૭૮ નો માનવામાં આવે છે. ઋગ્વેદના માત્ર પહેલા મંડળનાં ૪૦ સૂક્તો ઉપર તેનું ભાષ્ય મળે છે. તેઓ માને છે ઋગ્વેદના મંત્રોનો અર્થ ત્રણ પ્રકારનો છે. (૧) પ્રસિદ્ધ (૨) ઈશ્વર સ્વરૂપ (૩) આધ્યાત્મિક. તેણે જેટલાં સૂક્તો ઉપર ભાષ્ય લખ્યું છે. તેમાં પ્રત્યેક મંત્રના ત્રણ–ત્રણ અર્થો બનાવવામાં આવ્યા છે.

### ૨.૯.૬) સ્વામી આત્માનંદ :

ઋગ્વેદના ભાષ્યકારોએ સ્કંદસ્વામી વગેરેનાં વચનો ટાંકે છે. પણ આચાર્ય સાયણનો ઉલ્લેખ કરતાં નથી તેથી આત્માનંદજી સાયણના અનુગામી હોય તેવું લાગે છે. આ ભાષ્ય વિષ્ણુધર્મોત્તર છે. અને અધ્યાત્મ વિષયક છે. તેઓ વેદમંત્રોને પરમાત્મા વિષયક માને છે. આમ તેઓ અદ્વૈતવાદી હોય એવું લાગે છે.

### ૨.૯.૭) દયાનંદ સરસ્વતી :

સૌરાષ્ટ્રમાં મોરબીની નજીક આવેલા ટંકારાના વતની અને વંદનીય બ્રાહ્મણ વિદ્વાન હતા. તેમનું મૂળ નામ મૂળશંકર હતું. પરંતુ પાછળથી તેમણે સંન્યાસ લીધા પછી તેઓ 'મહર્ષિ દયાનંદ સરસ્વતી' નામે પ્રસિદ્ધ થયા. તેમનો સમય ઈ.સ. ૧૮૨૪ થી ૧૮૮૩ સુધીનો હતો. તેમના સમયમાં વૈદિક જ્ઞાન અને વૈદિક સાહિત્ય પ્રત્યેની જાણકારી લુપ્ત થવા લાગી હતી. તેમણે ૧૮૭૬માં ઋગ્વેદ ઉપર ભાષ્ય લખવાની શરૂઆત કરી હતી. તેમણે હિન્દીભાષા અને સંસ્કૃત ભાષામાં ઋગ્વેદ ઉપર ભાષ્ય લખ્યું છે.

મહર્ષિ દયાનંદ સરસ્વતીના ભાષ્યની વિશેષતા એ છે કે સમગ્ર વેદ મંત્રો ઈશ્વર સંબોધીને કરવામાં આવેલી પ્રાર્થનાઓ છે. તેમાં અનેક દેવતાઓના વર્ણનો આવતા હોવા છતાં સમગ્ર સૃષ્ટિના નિયંતા ઈશ્વરને સંબોધી ઋષિઓએ પ્રાર્થના કરેલી છે. મહર્ષિજીનું આ ભાષ્ય વાંચતાની સાથે ઋગ્વેદનું એક ધર્મગ્રન્થ તરીકે આપણી નજરમાં આવે છે. તેમાં અનેક ભાષ્યકારોનાં નામની ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે.

## ૨.૧૦) કેટલાક વિદેશી વેદના અભ્યાસીઓ :

ઈ.સ.ની સોળમી સદીઓ વિ✓ની પ્રજાઓ વચ્ચે સંપર્કો વધનાં એકબીજી પ્રજા અત્યંત નજીક આવી છેવટે ભારત ઉપર કબજો મેળવવા માટે અન્ય પ્રજાઓ વચ્ચે હરીફાઈ થઈ અને અંગ્રજો ફાવી ગયાં. તેને મજબૂત કરવાં ભારતીયોમાંથી હિન્દુ ધર્મ પ્રત્યેનો પ્રેમ ઓછો કરવા માટેના પ્રયત્નો શરૂ કર્યા. આથી વૈદિકધર્મમાંથી પોતાના તરફ વાળવા વિદેશી વિવેચકોએ તેની નબળી કડી શોધવા માટે ભારતીય સાહિત્યનો અભ્યાસ કર્યા. આવ કેટલાક વિદ્વાનો વેદનો અભ્યાસ કર્યો તેનો ઉલ્લેખ કરવો અહીં જરૂરી છે.

### ૨.૧૦.૧) ઢડોલ્ફ રોધ :

ઢડોલ્ફ જમર્નનીના વિદ્વાનમાં તેમણે ઈ.સ. ૧૪૪૬માં 'વૈદિક સાહિત્ય અને ઈતિહાસ' નામનો લઘુગ્રંથ પ્રસિદ્ધ કર્યા. તેમાં તેમણે વેદનાં અર્થઘટનો નવી રીતે જ  કર્યા. અને ઋગ્વેદનું ઐતિહાસિક દષ્ટિએ મૂલ્યાંકન કરવાનો સૌ પ્રથમ પ્રયત્ન કર્યો. તેમજ બધા જ વેદનો તુલનાત્મક દષ્ટિએ અનુવાદ કરી શકે તે માટે ઋગ્વેદનું સાત ભાગમાં પ્રકાશન કર્યુ.

### ૨.૧૦.૨) મેકસમ્યૂલર :

આ ઋગ્વેદના પ્રસિધ્ધ વિદ્વાન છે. તેમણે ૧૮૪૯ થી ૧૮૭૪ સુધીમાં ઋગ્વેદની સાયણભાષ્ય સહિતની પહેલી આવૃત્તિ બહાર પાડી તેમજ વેદનાં અલગ–અલગ અર્થઘટન, તુલનાત્મક અભ્યાસ તથા દેવાતાશાસ્ત્ર તેમજ સંસ્કૃત વ્યાકરણ વગેરે ઉપર અનેક પુસ્તકો પ્રકાશિત કર્યા છે.

### ૨.૧૦.3) મ્યૂર :

મ્યૂરે પણ પ્રકાશનમાં મહત્ત્વનું કાર્ય કર્યું છે. ૧૮૫૮ થી ૧૮૭૧ સુધીમાં પાંચ ભાગમાં ''મૂળ સંસ્કૃત ગ્રન્થો'' 'Original Sanskrit Texts' નામે પ્રસિદ્ધ કર્યા. આ ગ્રન્થોમાં તેણે હિન્દુ ધર્મના વિવિધ પાસાઓની ચર્ચા કરી છે. તે માટે વેદોથી માંડીને પુરાણો રામાયણ મહાભારત જેવા વિવિધ ગ્રન્થોમાં આધારો આપીને ચર્ચા કરી છે આ ગ્રન્થમાં વર્ણ વ્યવસ્થાનો ઉદ્ભવ, અન્ય વર્ણ વચ્ચેના સંબંધો ભારતીય પ્રજાઓની અન્ય પ્રજા સાથે સંબંધ વેદોની ઉત્પત્તિ વગેરે વિષયોનું નિરૂપણ કર્યું છે.

### ૨.૧૦.૪) વિલ્સન :

વિલ્સને ઋગ્વેદનો અંગ્રજી ભાષામાં અનુવાદ કર્યો છે જે સૌથી પ્રાચીન માનવમાં આવે છે. અનુવાદ કરવા માટે તેણે સાયણને આદર્શ અને માન્યતાપ્રાપ્ત ગણ્યા છે. કારણ કે ભારતીય સાહિત્યને સમજવા માટે ભારતીય લાગણી જોઈએ. એટલે સાયણને સમજીને વિલ્સને અંગ્રેજીમાં ઋગ્વેદનું ભાષાન્તર કર્યું છે.

### ૨.૧૦.૫) હેગી :

ઈ.સ. ૧૮૮૦માં હેગીએ ઋગ્વેદના તમામ સાહિત્યની સમજૂતી અંગ્રેજીમાં આપી છે. તેમજ ગેલ્ડર સાથે મળીને તેમણે ઋગ્વેદનાં ૭૦ સૂક્તોનો જર્મન ભાષામાં અનુવાદ કર્યો.

### ૨.૧૦.૬) લુડવિગ :

લુડવિગ નામના જર્મન વિદ્વાને ઋગ્વેદનો પદ્યમય રીતે જર્મન ભાષામાં અનુવાદ કર્યો છે. જો કે આ વિદ્વનોમાં અર્થોમાં ઘણીબધી ખામીઓ જોવા મળે છે. કારણ કે તેણે કોઈપણ ભારતીય ભાષ્યકારોનો આધાર લીધો નથી.

### ૨.૧૦.૭) પીશેલ :

પીશેલ જર્મન વિદ્વાન છે તેમણે પોતાના મિત્ર ગેલ્ડરની સાથે મળીને વેદનું અધ્યયન કર્યુ છે. અને ''વૈદિક અધ્યયન'' નામનો જર્મન ભાષામાં ગ્રન્થ પ્રસિદ્ધ કર્યા. આ ગ્રન્થમાં ઋગ્વેદના મંત્રોના અર્થોની સમીક્ષા કરી છે. સંદિગ્ધ અર્થ ધરાવતાં પદો માટે તેણે અલગ–અલગ વિદ્વાનોના મતની સમીક્ષા કરી છે. જ્યાં જરૂર જણાય ત્યાં સાયણને પણ સ્વીકાર કર્યો છે. પીશેલ અને ગેલ્ડરે તટસ્થ ભાવથી વેદનો અધ્યયન અને અર્થઘટન કર્યુ છે.

### ૨.૧૦.૮) મેકડોનેલ અને કીથ :

નવા બન્ને અગ્રેજી વિદ્વાનોએ વેદનું અધ્યયન નિષ્ઠાપૂર્વક કર્યું છે. તેમજ ''વૈદિક નામો અને વિષયોનો કોશ'' નામનો ગ્રન્થ લખ્યો તેમાં તમામ પ્રકારની માહિતી ઉપલબ્ધ થાય છે. તેમજ મેકડોનલે પોતાની રીતે ''વૈદિક ગ્રામર'' નામનો ગ્રન્થ પણ લખ્યો છે.

આમ આ ઉપરાંત અનેક અંગ્રેજી વિદ્વાનોએ હિન્દુ ધર્મની નબળી કડીઓ શોધવા કે સંસ્કૃતભાષા પ્રત્યે આકર્ષાઈને વેદાધ્યન કર્યુ છે. તેમાં મેકડોનલ અને કીથ એ સર્વ શ્રેષ્ઠ રીતે અર્થઘટન આપે છે. તેમજ પીશેલ પણ તટસ્થ ભાવથી વેદોનું મૂલ્યાંકન કર્યુ છે.

**૨.૧૧) ઋગ્વેદમાં ભૂગોળ :**

અન્ય સાહિત્ય જેમ ઋગ્વેમંત્ર સંહિતામાં સમુદ્ર પર્વતો, નદી, દેશોનું ચોક્કસ અને ક્રમાનુસાર વિવરણ પ્રાપ્ત થતું નથી. છતાં વેદમંત્રોનું સૂક્ષ્મ રીતે અવલોકન કરતાં જણાય આવે છે. તત્કાલીન લોકો ભૂગોળથી પરિચિત હતા. ઋગ્વેદના મંત્રોના આધારે નીચે મુજબ તેની ચર્ચા કરીએ.

**૨.૧૧.૧) સમુદ્ર :**

પૃથિવીરૂપ કથાવસ્તુ હોય તો સમુદ્ર છે. ઋગ્વેદમાં અનેક મંત્રોમાં સમુદ્રનું વર્ણન પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં કહેવાયું છે કે શતુદ્રી અને વિપાશ નામની નદીઓ, રથીઓની જેમ સમુદ્રમાં પડે છે.[૨] વિદ્વાનો શતુદ્રી નદીને સતલજ તથા વિપાશ્ નદીને વ્યાસ નામની નદીઓ તરીકે બતાવે છે. આ મંત્રમાં પંજાબથી દક્ષિણ બાજુ આવેલા સાગરનું વર્ણન છે.

ઋગ્વેદમંત્રસંહિતામાં ૧૦ મંડળના ૧૩૬ના સૂક્તમાં પાંચમા મંત્રમાં જણાવવામાં આવ્યું છે કે પંજાબના પૂર્વ અને પશ્ચિમમાં બે સમુદ્રો વિદ્યમાન હતાં જેમ કે –

*वातस्यारवो वायोः सरवायो देवेषितो मुनिः ।*
*उभौ समुद्रावा क्षेति यश्च पूर्व उतापरः ॥ १०-१३६-५*

એટલે કે મુનિઓ વાયુ–માર્ગમાં ધુમવા યોગ્ય છે. તેઓ વાયુના સહચર છે દેવતાઓ તેને પ્રાપ્ત કરવાની ઈચ્છા કરે છે. તે પૂર્વ અને પશ્ચિમ સમુદ્રમાં નિવાસ કરે છે.

અહીં પશ્ચિમ સમુદ્ર તો આજે પણ પ્રાપ્ત થાય છે. જ્યારે પૂર્વી સમુદ્ર અત્યારે જોવા મળતો નથી. પૂર્વ સમુદ્ર તરીકે અહીં પંજાબની પૂર્વમાં અવોલા ગંગાના પ્રદેશનું વર્ણન કર્યું હોય એવું પણ બની શકે છે.

જ્યારે ઋગ્વેદના અમુક મંત્રોમાં ચાર સમુદ્રોનીવાત કરવામાં આવેલી છે. કેટલાક મંત્રો મુજબ જોઈએ તો –

*राय: समुदाशश्श्वतुरोऽस्मभ्यं सोम विश्वत: ।*
*आ पवस्व सहणि: ॥*[४६]

અર્થાત્ હે સોમ ધન–સંબંધી માટે ચારે સમુદ્રોને ચારે દિશાઓમાંથી અમારી પાસે લાવો. તથા અસીમ અભિલાષાઓ પણ લઈ આવો. તથા ઋગ્વેદસંહિતાના બીજા એક મંત્રમાં પણ ચાર સમુદ્રોનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જેમ કે –

*स्वायुधं स्ववसं सुनीयं चतु:समुद्रं धढणं रयीणाम् ।*
*चर्कृत्यं शंस्य भूरिधारमस्यभ्यं चित्रं वृषणं राय दा ॥*[४७]

અર્થાત્ હે ઈન્દ્ર તું સુંદર અસ્ત્ર, રક્ષણ કરવાવાળો અને સુંદર આંખોવાળો ચાર સમુદ્રોના જલથી પરિપૂર્ણ કરનાર, ધનને ધારણ કરનાર તથા દુઃખોનું નિવારણ કરનાર છો. ઈન્દ્ર ! તું અમને વિલક્ષણ ધન આપ.

પ્રસ્તુત મંત્રમાં વપરાયેલ चतुः  समुद्रं–ચાર સમુદ્ર પરંતુ ચોથો સમુદ્ર ક્યો ! તેનું સ્પષ્ટ વર્ણન જોવા મળતું નથી. વિદ્વાનો આ સમુદ્રોનું વર્ણન આ રીતે આપે છે. તે મુજબ જોઈએ તો એશિયામાં બલ્ખ અને ફારસનો ઉત્તરભાગમાં એક વિશાળ સમુદ્ર હતો જેને વિદ્વાનો "ભૂમધ્ય સાગર" કહે છે. આ સમુદ્ર એટલો વિશાળ હતો કે તેની ઉત્તરમાં આર્કટિક મહાસાગરનો સંબંધ હતો. પૃથ્વીના વાતાવરણના ફેરફારને લીધે જાત પ્રવાહોમાં ફેરફાર થયો અને અમુક સાગરો સૂકાઈ ગયા. જેને બલ્કાશ સમુદ્ર કહેવાય છે. ઋગ્વેદમાં આ ચારે સમુદ્રો માટે चतुः  समुद्रा–એવા પદનો પ્રયોગ થયો છે.

ઋગ્વેદમંત્રસંહિતાના મંત્રોનો અભ્યાસ કરતાં એક વાત જાણવા મળે છે કે આર્ય લોકો સાગર વ્યાપાર પણ કરતા હતા. એવા ઘણા બધા મંત્રો મળે છે કે જેમાં સાગર, નાવ આદિનો ઉલ્લેખ કરવામાં આવે છે. જેમ કે –

*तुग्रो ह भुज्युमश्विनोदमद्ये रदिं न कश्चिन्ममुव अवाहा: ।*
*तमूहथुनौभिरात्मन्वतीभिरन्थतरिक्षप्रद्रभिरपोदकाभि: ॥*[४८]

પ્રસ્તુત મંત્રમાં કહેવામાં આવ્યું છે કે તુગ્ર નામના રાજર્ષિનો પુત્ર ભુજ્યુ શત્રુ વિજય માટે, સૈનિકોની સાથે નાવમાં સમુદ્રની વચ્ચે આવેલા દ્વીપમાં ગયો હતો. ત્યારે નાવ ડૂબવા લાગી એટલે અશ્વિનૌ તેની મદદે આવ્યા અને નાવ બચાવી.

ઋગ્વેદના મંત્રોમાં સાગર વ્યાપારના ઉલ્લેખ ઘણા મળે છે. કેટલાક મંત્રો અહીં નિર્દેશ કરીએ.

***ये अस्या आचरणेषु दधिरे समुद्र न श्रवस्यव:।***[४९] જ્યારે આ મંત્રમાં સમુદ્રનું સુંદર વર્ણન જોવા મળે છે. જેમ કે –

*आ यद् ढहाव वढणस्य नावं*
*प्रयत समुदमीरयाव मध्यम् ।*
*अधि यदपां रनुभिश्वराव प्र*
*प्रङ्‌खव इङ्खयावहै शुभे कम् ॥*[५०]

અર્થાત્ જે સમયે વરુણ અને હું બન્ને નાવ પર આરૂઢ થઈએ, સમુદ્રમાં નૌકા ચલાવીએ, ત્યારે સમુદ્રની વચ્ચે નાવ ડગમગવા લાગી ત્યારે નાવમાં અમે હતા ત્યારે કલ્યાણ માટે ઝૂલાપર ઝૂલવાની ક્રીડા કરી હતી.

આમ આ મંત્રોનો અભ્યાસ કરતાં જણાય આવે કે આર્યો સમુદ્ર પર વ્યાપાર પણ કરતા હતા અને સમગ્ર પૃથ્વી ઉપર વિચરણ કરતા હતા. જો કે એક વાત નોંધનીય છે કે ધરતીકંપ વગેરે કારણોને લીધે સમુદ્ર પણ સુકાઈ જાય છે, પર્વતો પણ સમતલ થઈ જાય છે તથા નદીઓના પ્રવાહોની દિશા પણ બદલાઈ જાય છે. તેથી ઋગ્વેદના સમયમાં જોવા મળતા નદીઓ, પર્વતો અને સાગર અત્યારે કદાચ નાશ પણ પામ્યા હોય.

### ૨.૧૧.૨) પર્વતો :

પૃથ્વી ઉપર સ્થિરવસ્તુ પર્વત છે વૈદિક સાહિત્યમાં પર્વતના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પર્વતોમાંથી નીકળતી નદીઓના ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. હિમાલય શબ્દમાં જ હિમાલયનું નામ જોવા મળતું નથી.

ઋગ્વેદસંહિતામાં માત્ર એક જ મંત્રમાં 'मूंजवत्' નામના પર્વતનું નામ જોવા મળે છે. ક્યારેક "मौजवत्" પણ કહેવામાં આવે છે. આચાર્ય સાયણ તેનો અર્થ 'સોમ'નું વિશેષણ માને છે. યાસ્કે તેનો અર્થ પર્વત કર્યો છે.[૫૧] મુજવત્ નામના પર્વત છે જેની ઉપર સોમલતા ઊગતી ત્યાંથી બધા લોકો સોમલતા લેવા માટે જતા હતા. જ્યારે કેટલાક લોકો મુજવત્‌ને કૈલાસપર્વત માને છે. મહાભારતમાં પણ કૈલાસ પર્વત માનવામાં આવે છે.[૫૨]

ઋગ્વેદસંહિતામાં નહિવત્ પર્વતોના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. નહિવત્ જ્યારે અન્ય સાહિત્યમાં પર્વતોનો ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તે મુજબ જોઈએ તો પૂર્વકાળમાં પર્વતોને પાંખો હતી. જેથી પોતાની ઈચ્છા પ્રમાણે વિચરણ કરતા હતા જેનાથી અવસ્થા ફેલાઈ જતી. આથી ઈન્દ્રે પર્વતની પાંખો કાપીને તેને સ્થિર કર્યા હતા.[૫૩]

તૈત્તિરીય आरण्यकम् માં પર્વતોના ઉલ્લેખો જોવા મળે છે. તેમાં ત્રણ પર્વતો પ્રસિદ્ધ છે. જેમાં સુદર્શન, કૌત્સ એન મૈનાક. પરંતુ ઋગ્વેદમાં એકમાત્ર મંત્રમાં પર્વતોના ઉલ્લેખ મળે છે. તેથી પર્વતોની ચર્ચા અહીં અટકાવીએ.

**૨.૧૧.૩) નદીઓ :**

આર્યોને નદીઓ અત્યંત પ્રિય હતી. નદીઓના તટપર તેઓ નિવાસ કરતા હતા. ઋગ્વેદસંહિતામાં અસંખ્ય નદીઓની ચર્ચા કરવામાં આવી છે. પરંતુ કેટલાંક નામમાં ફેરફાર જોવા મળે છે. આર્યો ભારતવર્ષમાં જેમ જેમ આગળ વધ્યા તેમ–તેમ તેને નવી નદીઓ મળવા લાગી અને નદીઓનાં નવાં–નવાં નામ આપતાં ગયાં.

ઋગ્વેદમાં ''સપ્તસિંધુ'' શબ્દનો પ્રયોગ ઘણી વખત થયેલો જોવા મળે છે. તેનો અર્થ 'સાત નદીઓ' એવો કરવામાં આવે છે. પરંતુ આ સાત નદીઓ કઈ હતી તેના સ્પષ્ટ પુરાવા પ્રાપ્ત થતાં નથી. દક્ષિણ ભારતની નદીઓના નામ ઋગ્વેદમાં પ્રાપ્ત થતા નથી. એવું બન્યું હોય કે આર્યોના આદિમ નિવાસસ્થાનની પાસે સાત નદીઓ વહેતી હતી તેથી તેના માટે 'સપ્તસિંધુ'નો પ્રયોગ કરતાં રહે છે. ઋગ્વેદમાં પર્વતોની અપેક્ષાએ નદીઓનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. તેની સમીક્ષા કરીએ.

**૨.૧૧.૩.૧) અંશુમતી :**

ઋગ્વેદના મંત્રોમાં આ નદીનો ઉલ્લેખ માત્ર એકજ જગ્યાએ થયેલો છે.[૫૪] અંશુમતીના કિનારે મહાશક્તિશાળી કૃષ્ણ નામનો અસુર રહેતો હતો. જે ઈન્દ્રનો દુશ્મન હતો. આ ઈન્દ્ર અને કૃષ્ણનો સંગ્રામ થયો હતો. તેમાં કૃષ્ણનો વધ થયો હતો. જોકે અંશુમતી નામની નદીનો પ્રવાહ કઈ દિશામાંથી કઈ દિશા તરફ વહેતો તેની કોઈ માહિતી પ્રાપ્ત થતી નથી.

### ૨.૧૧.૩.૨) अनितभा :

ઋગ્વેદમાં રસા, કુભા, સરસ્વતી અને સરયૂ નદીની સાથે અનિતભા નદીનો ઉલ્લેખ થયો છે.[૫૫] જો કે આ નદી સિંધ પ્રદેશની હોય તેવું અનુમાન કરવામાં આવે છે.

### ૨.૧૧.૩.૩) गंगा :

ઋગ્વેદમાં ગંગાને અન્ય નદીઓની સાથે જોડવામાં આવી છે.[૫૬] તથા ઋગ્વેદના બીજા એક મંત્રમાં તેના તટપ્રદેશનું વર્ણન કરી તેની ઉપર બુબુ નામનો રાજા રહેતો હતો તેવા ઉલ્લેખ થયેલા છે. વિદ્વાનો બુબુને શિલ્પનો આચાર્ય માને છે.[૫૭]

વર્તમાન સમયમાં જેટલું સ્થાન અને વર્ણન જોવા મળે છે તેટલું સ્થાન અને વર્ણન ઋગ્વેદમાં પ્રાપ્ત થતું નથી. જો કે બ્રાહ્મણગ્રન્થોમાં અને આરણ્યકોના ગ્રન્થોમાં ગંગાનું વિશદ્ વર્ણન પ્રાપ્ત થાય છે.[૫૮]

### ૨.૧૧.૩.૪) गोमती :

ઋગ્વેદમાં ગંગા નદીની જેમ અન્ય નદીઓની સાથે ગોમતી નદીનો ઉલ્લેખ જોવા મળે છે.[૫૯] તથા એક જગ્યાએ તેનો સ્વતંત્ર ઉલ્લેખ જોવા મળે છે.[૬૦] રથવીતિ નામનો રાજા ગોમતી નદીના તટ ઉપર નિવાસ કરે છે. યવના ઋષિના પિતાએ રથવીતિ માટે સોમયાગ કર્યો હતો અને પોતાની કન્યાનો વિવાહ આ રાજા સાથે કર્યો હતો. આ સિંધુ નદીની સહાયક નદી છે અને વર્તમાન સમયમાં તેનું નામ ગોમલ છે તથા અત્યારે અફઘાનિસ્તાનમાં વહે છે.[૬૧]

### ૨.૧૧.૩.૫) द्षवती :

ઋગ્વેદના મંત્રોમાં અન્ય નદીઓની સાથે આ નદીનું નામ બતાવવામાં આવ્યું છે.[૬૨] જ્યારે કેટલાક વિદ્વાનો તેનું નામ 'अश्मन्वती' એવું નામ બતાવે છે. સરસ્વતી નદીના દક્ષિણ ભાગમાં આ નદી વહે છે.

### ૨.૧૧.૩.૬) जह्नवी :

ઋગ્વેદના એક મંત્રમાં જાહ્નવી શબ્દનો ઉલ્લેખ જોવા મળે છે.[૬૩] કેટલાક વિદ્વાનો આ નદીનો ઉલ્લેખ માનતા નથી. આચાર્ય સાયણ તેનો અર્થ 'जहनु-कुलजा' એવો નથી.[૬૪] જો કે આ નદીનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. વળી તેનો પ્રવાહ કેમ વહેતો તેના પણ પુરાવા મળતા નથી.

### ૨.૧૧.૩.૭) आपगा :

ઋગ્વેદના એક માત્ર મંત્રમાં સિંધુ અને દષવતી નદીઓની સાથે આ નદીનું નામ જોડવામાં આવે છે.

### ૨.૧૧.૩.૮) आर्जीकीया :

ઋગ્વેદમાં નદીસૂક્તમાં ૯ નદીઓની આ નદીનું નામ જોડવામાં આવ્યું છે. યાસ્ક તેને વ્યાસ નદી માને છે.[૬૫] અન્ય નદીઓની જેમ આ નદીનું પણ માત્ર નામ જ જાણવા મળે છે. તેના પ્રવાહ વિશે કોઈ માહિતી મળતી નથી.

### ૨.૧૧.૩.૯) कृभा :

ઋગ્વેદમંત્ર સંહિતામા આ નદીનો ઉલ્લેખ બે વાર જોવા મળે છે. એક જગ્યાએ[૬૬] અન્ય નદીઓની સાથે અને બીજી જગ્યાએ સ્વતંત્ર રીતે ઉલ્લેખ થયેલો છે.[૬૭] આ નદીને સિંધુ નદીના પશ્ચિમ ભાગમાં વહેતી નદી માનવામાં આવે છે. જેનું વર્તમાન નામ 'કાબૂલ' નદી છે.

### ૨.૧૧.૩.૧૦) पढष्णी :

પઢષ્ણી નદી ઋગ્વેદની પ્રસિદ્ધ નદી છે. તેનો ઋગ્વેદમાં વારંવાર ઉલ્લેખ થયો છે.[૬૮] એક મંત્રમાં એવું બનાવવામાં આવ્યું છે. દુશ્મનોએ પઢષ્ણી નદીના કિનારાને તોડી નાખ્યો હતો. ઈન્દ્રની સહાયતાની સુદાસ રાજાએ તેનું સમારકામ કરી વ્યવસ્થિત કર્યો હતો. પઢષ્ણી નદી વર્તમાન સમયની રાબી નદી છે જે વર્તમાન પંજાબ પ્રદેશમાં વહે છે.

### ૨.૧૧.૩.૧૧) मढद्वधा :

ઋગ્વેદસંહિતાના એક[૬૯] મંત્રમાં તેનું અન્ય નદીઓની સાથે નામ જોવા મળે છે. જો કે વિદ્વાનો તેને વર્તમાન ચિનાબ નદી ગણે છે જે પંજાબના પ્રદેશમાં વહે છે.[૭૦]

### ૨.૧૧.૩.૧૨) यमुना नदी :

ઋગ્વેદના ત્રણે[૭૧] મંત્રોમાં યમુના નદીનું નામ આપવામાં આવ્યું છે. તેમાં બે મંત્રોમાં યમુનાનું નામ અન્ય નદીઓની સાથે તથા એક મંત્રમાં સ્વતંત્ર રીતે તેનો ઉલ્લેખ થયો છે. આ નદી ઋગ્વેદમાં જે નામ ધરાવતી તે જ નામે વર્તમાનમાં પણ જોવા મળે છે.

ઋગ્વેદ પછીના સાહિત્યમાં પણ ખાસ કરીને બ્રાહ્મણ ગ્રન્થોમાં તેનું વિસ્તૃત વર્ણન પણ જોવા મળે છે.[૭૨]

**૨.૧૧.૩.૧૩) सरयूनदी :**

ઋગ્વેદના મંત્રોમાં ત્રણ જગ્યાએ સરયૂ કે સરયુ નદીનું નામ જોવા મળે છે. બે જગ્યાએ સ્વતંત્ર રીતે તથા એક જગ્યાએ અન્ય નદીઓની સાથે તેનું નામ જોડવામાં આવ્યું છે. જ્યાં સ્વતંત્ર રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે ત્યાં એવું કહ્યું છે કે સરયૂ નદીના કિનારે રહેતા અર્ણ અને ચિત્રરથ રાજાઓનો વધ ઈન્દ્રે કર્યો હતો. આ ઉપરાંત ઋગ્વેદના એક[૭૩]મંત્ર અનુસાર ઋગ્વેદની અન્ય નદીઓની સાથે સરયૂ નદીના નામનો માત્ર ઉલ્લેખ જોવા મળે છે.

**૨.૧૧.૩.૧૪) सरस्वती नदी :**

પઢષ્ણી નદીની જેમ સરસ્વતી ઋગ્વેદકાળની પ્રસિદ્ધ નદી છે. ઋગ્વેદના લગભગ ૩૦ મંત્રોમાં સરસ્વતીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ નદીના કેટલાક યજ્ઞો અને યુદ્ધો થયાનું વર્ણન ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. અનેક મંત્રોમાં સરસ્વતીની દિવ્ય રીતે ભાવપૂર્ણ શબ્દોમાં સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. ઋગ્વેદકાલીન લોકોના મત ઉપર સરસ્વતીનો અનન્ય પ્રભાવ જોઈ શકાય તેમ છે. એટલે ઋગ્વેદના એક મંત્રમાં તેને માતૃગણ, નદીઓ અને દેવતાઓમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે.[૭૪]

ઋગ્વેદની અન્ય નદીઓ કરતાં સરસ્વતી નદીનો ખૂબ જ મહિમા છે. કેટલાક સરસ્વતી નદીને ભૂગર્ભમાં વહેનારી નદી માને છે અને પ્રયાગમાં ગંગા અને યમુના સાથે તેનું મિલન બનાવે છે.[૭૫] ઋગ્વેદના મંત્રોમાં તેનું ઉત્પત્તિસ્થાન મીરપુર નામનો પર્વત માનવામાં આવે છે. ઋગ્વેદના એક સૂક્ત[૭૬] અનુસાર સરસ્વતી અને દષર્વતીના વચ્ચેના ભાગને ઉત્તમ ભૂમિ કહેવામાં આવી છે. કેટલાક લોકો માને છે કે સરસ્વતી સિંધુ નદી સાથે મળીને પશ્ચિમ સમુદ્રમાં ભળે છે.

ઋગ્વેદ પછીના સાહિત્યમાં સરસ્વતીનું સ્પષ્ટ વર્ણન પ્રાપ્ત થાય છે. તૈત્તિરીય સંહિતા, બ્રાહ્મણ ગ્રન્થોમાં ખાસ કરીને મંત્ર બ્રાહ્મણ અને તાંડ્યબ્રાહ્મણ આ ગ્રન્થોમાં સરસ્વતીનું સ્પષ્ટ રીતે આબેહૂબ વર્ણન પ્રાપ્ત થાય છે.

### ૨.૧૧.૩.૧૫) સિન્ધુ નદી :

સિન્ધુ ઋગ્વેદના સમયની પ્રસિદ્ધ અને સર્વમાન્ય નદી છે. પ્રાક્વૈદિક સભ્યતામાં સિંધુઘાટીની સંસ્કૃતિ સુવ્યવસ્થિત અને સુપ્રસિદ્ધ હતી. ઋગ્વેદના મંત્રોમાં સિંધુ નદીનો ઉલ્લેખ લગભગ ૨૫ વખત થયો છે. પરંતુ ઋગ્વેદમાં સિધુ શબ્દ ઘણા અર્થોમાં એટલે કે સમુદ્રના અર્થમાં, અન્ય નદીઓ માટે તથા ખાસ સિંધુ નામની નદીના અર્થમાં આ શબ્દનો પ્રયોગ થયેલો જોવા મળે છે. પરંતુ જ્યાં સિંધુ શબ્દનો નદીના રૂપમાં જોવા મળે છે ત્યાં તેનો અર્થ સ્પષ્ટ સિંધુ નામની નદી માનવામાં આવે છે.

વૈદિક આર્યો સિંધુ નદીના પરમ ઉપાસક હતા. તેઓ વિવિધ રીતે સિન્ધુ નદીની સ્તુતિ અને પ્રાર્થના કરી છે. સિંધુ નદીના આસપાસ વિવિધ વસાહતો હતી. તેમાં વિવિધ જાતિ એટલે કે આર્ય અને અનાર્ય જાતિના લોકોનું નિવાસ સ્થાન હતું. સિંધુ નદીના કિનારે વિવિધ જાતના અશ્વોના ઉલ્લેખો જોવા મળે છે. સિંધુ નદીના તટ ઉપર વિવિધ ઉદ્યોગો–વ્યવસાયોનું વર્ણન પણ ઋગ્વેદના મંત્રોમાં જોવા મળે છે. વણકર સ્ત્રીઓ ઊનનાં વસ્ત્રો આ નદીના કિનારે જ બનાવતી. સિંધુ નદીમાંથી મોતી પણ કાઢવામાં આવતા તેમજ તેનો વેપાર આ નદીના કિનારે જ કરવામાં આવતો.

સિંધુ નદીના કિનારા ઉપર આધુનિક સંશોધનોએ પુરવાર કર્યું છે કે 'મોહેજો–દડો' અને 'હડપ્પા' નામનાં આધુનિક–વૈભવશાળી નગરો વસેલાં હતાં. હિન્દી સાહિત્યના એક વિદ્વાન કહે છે કે સિંધુ નદીને પારસી લોકો હિન્દૂ કહે છે તેથી સિંધુ પાર રહેવાવાળાને હિન્દુ કહેવામાં આવે છે અને સિંધુ પારના દેશનું નામ હિન્દુસ્તાન રાખવામાં આવ્યું છે.[૭૭]

અથર્વવેદ, માધ્યંદિનસંહિતા તથા જૈમિનીયબ્રાહ્મણ વગેરે ગ્રન્થોમાં પણ સિંધુ નદીના નામનો ઉલ્લેખ  અને વર્ણનો પ્રાપ્ત થાય છે.

### ૨.૧૧.૩.૧૬) સુષોમા નદી :

ઋગ્વેદના માત્ર એક જ[૭૮] સૂક્તમાં મંત્રમાં આ નદીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં પણ અન્ય નદીઓની સાથે તેનું નામ જોવા મળે છે. બીજુ કાંઈ વર્ણન પ્રાપ્ત થતું નથી. વિદ્વાનો આ નદીને સિંધુની સહાયક નદી માને છે અને તેનું વર્તમાન નામ 'સોહાન' એવું બતાવે છે.

**૨.૧૧.૩.૧૭) सुसतु नदी :**

સુષોમા નદીની જેમ આ નદીપણ ઋગ્વેદના એક માત્ર નદીસૂક્ત[૭૯] ના એક મંત્રમાં ઉલ્લેખિત છે. તે પણ સિંધુ નદીની સહાયક નદીના રૂપમાં જોવા મળે છે.

**૨.૧૧.૩.૧૮) रसा नदी :**

રસા નદીનું વર્ણન ઋગ્વેદના ત્રણ મંત્રોમાં[૮૦] જોવા મળે છે. તે સિંધુ નદીની

**૨.૧૧.૩.૧૯) वितस्ता नदी :**

ઋગ્વેદના 'નદીસૂક્ત'[૮૧] માં આ નદીનું નામ જોવા મળે છે. વર્તમાન સમયમાં મળતી 'જેલમ' નદીનું આ પ્રાચીન નામ માનવામાં આવે છે.

**૨.૧૧.૩.૨૦) विपाश नदी :**

ઋગ્વેદના એક મંત્રમાં[૮૨] આ નદીનું નામ સૌ પ્રથમ સ્વતંત્ર રીતે જોવા મળે છે. એ મન્ત્ર અનુસાર ઈન્દ્ર અને ઉષા દેવી વસ્તે ઝઘડો થતા ઉષાનો રથ ઈન્દ્રે તોડી નાખ્યો તે આ કિનારે પડ્યો હતો.[૮૩] એવું વર્ણન જોવા મળે છે. અન્ય નદીઓ જેવી કે સતલજ અને વિપાશક નામની નદીઓની સાથે આ નદીનું નામ જોવા મળે છે.[૮૪] તેમાં કહેવામાં આવ્યું છે કે રાજા પિજવન પુત્ર સુદાસના પુરોહિત વિશ્વામિત્ર એક વખત દક્ષિણામાં ઘણું બધું ધન લઈને સતલજના સંગમ સ્થાન ઉપર ગયા હતા. નદીઓનું પાણી વેગથી વહેતું હતું એટલે વિશ્વામિત્ર ત્રણ મંત્રોમાં નદીની સ્તુતિ કરી તેનાથી પ્રસન્ન થયેલી નદીઓ વિશ્વામિત્ર તે જવા માટે પોતાનો પ્રવાહ ધીમો કર્યો.

આવી રીતે ઋગ્વેદમાં જોવા મળતી નદીઓના ઉલ્લેખો હજુ પણ નોંધી શકાય તેમ છે. આચાર્ય રામગોપાલ પાંડેય પોતાના પુસ્તકમાં ઋગ્વેદમાં જોવા મળતી ૩૫ નદીઓનું વિસ્તારપૂર્વક વર્ણન કરે છે. પરંતુ તેમાંથી અમુક નદીઓનાં નામો ઋગ્વેદના મંત્રોમાં જોવા મળતાં નથી. આથી તેનો સમાવેશ અહીં કરવામાં આવ્યો નથી.

**૨.૧૨) દેશ અથવા પ્રદેશો :**

નદીઓ પર્વતો, સાગર આદિ કુદરતી વસ્તુઓ છે. તેનું વર્ણન ઋગ્વેદમંત્રસંહિતામાં મળી આવે છે. ઋગ્વેદમાં અમુક જગ્યાએ જનપદ પ્રદેશ વગેરેનું વર્ણન જોવા મળે છે. વૈદિક સાહિત્યમાં અનેક જાતિઓનો ઉલ્લેખ મળે છે અને તે વિવિધ જાતિઓનાં અલગ–અલગ રહેવાનાં સ્થાનોનું વર્ણન પણ ઋગ્વેદમાં જોવા મળે છે. હિન્દીના વિદ્વાન

કહે છે તેમ આર્યો લોકો જ્યાં જતાં ત્યાં તેને પ્રિય એવા સ્થાનનું નામ તેઓ રાખતા હતા. ઋગ્વેદમાં એવા કેટલાક પ્રદેશો કે જનપદો જોવા મળે છે.

### ૨.૧૨.૧) कीटक प्रदेश :

ઋગ્વેદના મંત્રમાં કીટક નામના પ્રદેશ કે જન પદનું નામ જોવા મળે છે. જે અનાર્ય લોકોનો પ્રદેશ હતો. ઋગ્વેદના મંત્ર અનુસાર જોઈએ તો किं ते कृण्वन्ति कीटकेषु गावो नाशिरं दुह्रे न तपन्ति धर्मम्।[૮૫] અર્થાત્ ઈન્દ્ર અનાર્ય લોકોના નિવાસ યોગ્ય કીટક દેશમાં તારી ગાયો શું કરશે ? તે સોમ સાથે મળવી શકાય તેવું દૂધ નથી આપતી કે નથી દૂધ દ્વારા પાત્રો પૂર્ણ કરતી.

કીટક અનાર્યોના દેશ માનવામાં આવે છે.[૮૬] ત્યાં દુર્દશા પામેલી ગાયો રહેતી હતી. કેટલાક વિદ્વાનો મગધને કીટકનો પ્રદેશ ગણાવે છે.

### ૨.૧૨.૨) गंधार के गन्धारि। :

ઋગ્વેદમાં કહેવામાં આવ્યું છે કે सर्वाहिस्म रोमशा गन्धारीणामिवादिका। ૧ ૧૨૬-૭ માં કહ્યું છે કે હું ગાન્ધાર દેશનાં ઘેટાની જેમ સોમપૂર્ણ છું. આ સિવાય ગન્ધાર કે ગાન્ધાર વિશેની કોઈ માહિતી ઋગ્વેદમાં જોવા મળતી નથી.

### ૨.૧૨.૩) भरत :

ઋગ્વેદ સંહિતામાં પ્રાચીન વંશ ભરતોનો વંશ છે. ઋગ્વેદમાં ભરતોનું નામ અને વિવરણ પણ પ્રાપ્ત થાય છે. પરંતુ ભરતોનું નિવાસ સ્થાન એક જ જગ્યાએ જોવા મળતું નથી. ઋગ્વેદસંહિતાનાં એક મંત્રમાં કહેવામાં આવ્યું છે તે મુજબ ભરતો સતલજ નદીના કિનારે રહેતા હતા.[૮૭] આ ભરતોનો પ્રતાપી રાજા સુદાસ હતો. જ્યારે અન્ય એક મંત્રમાં તેને સતલજ નદીના કિનારે રહેતા બતાવેલા છે.[૮૮] વાસ્તવમાં આર્યોમાં ભરતવંશના લોકો શક્તિશાળી હતા અને સમગ્ર ભારતમાં તેનું વર્ચસ્વ હતું. તેથી આ દેશનું નામ ભારત પડ્યું છે.

આમ ઋગ્વેદસંહિતામાં સમુદ્રો, નદીઓ, પર્વતો અને જનપદો કે પ્રદેશનું સ્પષ્ટ વર્ણન મળે છે. જોકે ઋગ્વેદ કરતા બ્રાહ્મણોમાં આ જનપદો તથા નદીઓનું વિસ્તૃત વિવરણ મળે છે.

**૨.૧૩) સમાપન–સારાંશ :**

આમ આપણે ઉપરોક્ત રીતે નોંધ્યું તેમ ઋગ્વેદ સંહિતા સૌથી પ્રાચીન સંહિતા છે. તેના મોટાભાગના મંત્રોમાં દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. એટલે કે ૧૦૨૮ સૂક્તોમાંથી ૯૦૦ સૂક્તોમાં જુદા જુદા દેવતાની પ્રાર્થના છે. આ સ્તુતિ કે પ્રાર્થનાની વિશેષતા એ છે કે મોટા ભાગે ઋષિઓ પોતાના માટે જુદી જુદી વસ્તુઓ જેવી કે સંતાનો, સંપત્તિ અને શત્રુઓ વિજય માટે વિનવે છે. બાકી રહેલાં ૧૨૮ સૂક્તો કેટલાંક સૂક્તોમાં તત્ત્વજ્ઞાન જોવા મળે છે. જેમાં જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપની મીમાંસા કરવામાં આવી છે. ઋગ્વેદ સંબંધી અન્ય સાહિત્યમાં ઋગ્વેદનાં ઉપનિષદો સર્વશ્રેષ્ઠ છે. જેમાં ઋગ્વેદીય ઋષિઓ તત્ત્વજ્ઞાનની મીમાંસા કરે છે. ટૂંકમાં ઋગ્વેદસંહિતા બધી સંહિતાઓ કરતાં પ્રાચીન અને સમૃદ્ધ છે.

❑

## પાદટીપ

૧. ऋग्वेदसंहिता ॥१०-१०-९॥

૨. તૈત્તિરીયસંહિતા ॥६-५-१०-३॥

૩. ऋग्वेद का सुबोध भाष्य, पृ. २

૪. વૈદિક સાહિત્યનો ઈતિહાસ(ગુજ.) પાશ્વપ્રકાશન, પૃ. ૧૨

૫. विष्णुपुराणम् ॥३-४-२१-२३॥
देवमित्रस्तु शाल्वयः संहिता तामधीतवान्।
चकार......शिशिर पंश्वमश्वासीत् ॥

૬. महाभारतम् ॥१-४-८४॥

૭. विष्णुपुराणम्।
यतधस्रः सहिता कृत्वा वाष्कलो द्विजसतम्ः ।
बौध्यं तु प्रथमा शाखा द्वितीयामग्निमाकरः ॥

૮. श्रमेण तपसा अरिषन्त तस्मात् ऋषयः। शतपथ ब्राह्मणम् ॥६-१-१-१॥

૯. यजुर्वेदसंहिता ॥७-८६॥

૧૦. अजान ह वै पृश्नीस्तपस्यामानात्
ब्रह्म स्वयम्भवभ्यानर्षत तद्ऋषयोऽभवन् ॥तैत्तिरीय आरण्यकम्॥

૧૧. सर्वधातुभ्य इन ।

૧૨. इगुपधात किन् ।

૧૩. ऋग्वेदसंहिता ॥५-५९-८॥

૧૪. ऋग्वेदसंहिता ॥३-५३-१०॥

૧૫. ऋग्वेदसंहिता ॥३-५३-१७॥

૧૬. ऋग्वेदसंहिता ॥४-२०-५॥

૧૭. ऋग्वेदसंहिता ॥४-४२-८॥-॥४-३६-६॥

૧૮. ऋग्वेदसंहिता ॥८-५१-३॥

૧૯. ऋग्वेदसंहिता ॥७-७०-५॥॥९-३५-४॥

૨૦. निढक्तम् ॥१-६॥

૨૧. बृहद्देवता

૨૨. ऋग्वेदसंहिता ॥५-२८-१॥ **(ભૂલ છે ઓરી. સાથે સરખાવવું)**
૨૩. ऋग्वेदसंहिता ॥८-९१-१॥
૨૪. ऋग्वेदसंहिता ॥८-९१-३॥
૨૫. ऋग्वेदसंहिता ॥८-९१-६॥
૨૬. ऋग्वेदसंहिता ॥१०-३९-३॥
૨૭. ऋग्वेदसंहिता ॥१०-४०-१२॥
૨૮. ऋग्वेदसंहिता ॥१०-७२-२॥
૨૯. ऋग्वेदसंहिता ॥१०-१२५-३॥
૩૦. વૈદિક સાહિત્યનો ઈતિહાસ–પાર્શ્વ પ્રકાશન– પૃ.નં. ૧૬ (૨૦૦૩)
૩૧. ऋग्वेद में इन्द्र। कृष्णदास अकादमी-वाराणसी, पृ. १५६
૩૨. ऋग्वेदसंहिता ॥७-८३-९॥
૩૩. વૈદિક સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન, પૃ. ૨૪ (૨૦૦૩)
૩૪. ऋग्वेद का सुबोध भाष्य। स्वाध्याय मण्डल-पारडी-पृ. २०७
૩૫. ऋग्वेदसंहिता ॥१०-९५-१५॥
૩૬. ऋग्वेदसंहिता ॥१०-१०-४॥
૩૭. ऋग्वेदसंहिता ॥१०-१०-५॥
૩૮. આર્યોને હેરાન કરનાર ત્રણ જાતિઓ હતી.
દાસ દસ્યુ અને પણિઓ, પૃ. ૨૭
–વૈદિક સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન–૨૦૦૩
૩૯. વૈદિક સાહિત્યનો ઈતિહાસ, પૃ. ૧૮ પાર્શ્વ પ્રકાશન
૪૦. વૈદિક સાહિત્યનો ઈતિહાસ, પૃ. ૨૧
૪૧. ऋग्वेदसंहिता ॥१-१६४-२०॥
૪૨. रामायणेसुन्दरकाण्डम् ॥१०-३२॥
૪૩. वैदिक साहित्य और संस्कृति-डॉ. बलदेव उपाध्या, पृ. ३१४ शारदा मंदिर वाराणसी
૪૪. वै.सा. और संस्कृति, पृ. ३१६
૪૫. वैदिक साहित्य और संस्कृति-डॉ. बलदेव उपाध्या, पृ. ३१८ शारदा मंदिर वाराणसी

૪૬. ऋग्वेद संहिता ॥९-३३-६॥

૪૭. ऋग्वेद संहिता ॥१०-४७-२॥

૪૮. ऋग्वेद संहिता ॥१-११६-३॥

૪૯. ऋग्वेद संहिता ॥१-४८-३॥

૫૦. ऋग्वेद संहिता ॥७-८८-३॥

૫૧. यास्केनिढक्तम् ॥९-८॥

૫૨. महाभारतम् ॥१४-९-८॥

૫૩. मैत्रायणीसंहिता ॥१-१०-१३॥

૫૪. ऋग्वेद संहिता ॥८-९५-१४॥

૫૫. ऋग्वेद संहिता ॥५-५३-९॥

૫૬. ऋग्वेद संहिता ॥१०-७५-५॥

૫૭. वैदिक સાહિત્ય, પૃ. ૨૨૮

૫૮. तैतरीय आरण्यक ॥२-१०॥

૫૯. ऋग्वेद संहिता ॥१०-७५-६॥

૬૦. ऋग्वेद संहिता ॥५-६१-१८॥

૬૧. वैदिक સાહિત્ય, પૃ. ૨૮૯

૬૨. ऋग्वेद संहिता ॥३-२३-४॥

૬૩. ऋग्वेद संहिता ॥३-५८-६॥

૬૪. सायणभाष्यम् ॥३-५८-६॥ ની ટીકા ૫૨

૬૫. यास्कनिढक्तम् ॥९-२६॥

૬૬. ऋग्वेद संहिता ॥१०-७५-६॥

૬૭. ऋग्वेद संहिता ॥५-५३-९॥

૬૮. ऋग्वेद संहिता ॥५-५२-९॥

॥७-१८-८/९॥

॥१०-७५-५॥

૬૯. ऋग्वेद संहिता ॥१०-७५-५॥

૭૦. वैदिक સાહિત્ય, પૃ. ૨૯૦

૭૧. ऋग्वेद संहिता ॥५-५२-१७॥

૭૨. शतपथब्राह्मणम् ॥१३-५-४-११॥

૭૩. ऋग्वेद संहिता ॥४-३०-१८॥

૭૪. ऋग्वेद संहिता ॥२-४१-१६॥

૭૫. વૈદિક સાહિત્ય, પૃ. ૨૯૪

૭૬. ऋग्वेद संहिता ॥३-२३-४॥

૭૭. વૈદિક સાહિત્ય, પૃ. ૨૯૫

૭૮. ऋग्वेद संहिता ॥१००-७५-५॥

૭૯. ऋग्वेद संहिता ॥१०-७५-६॥

૮૦. ऋग्वेद संहिता ॥१-११२-१२॥

॥५-५३-९॥

॥१०-७५-६॥

૮૧. ऋग्वेद संहिता ॥१०-७५-६॥

૮૨. ऋग्वेद संहिता ॥४-३०-११॥

૮૩. ऋग्वेद संहिता ॥४-३०-११॥

૮૪. ऋग्वेद संहिता ॥३-३३-१/३॥

૮૫. ऋग्वेद संहिता ॥३-५३-१४॥

૮૬. यास्क निढक्तम् ॥६-२२॥

૮૭. ऋग्वेद संहिता ॥३-३३-११॥

૮૮. ऋग्वेद संहिता ॥३-३३-१२॥

૦૦૦

## ॥ તૃતીય અધ્યાયઃ ॥

# ઋગ્વેદના અધ્યયનની પદ્ધતિઓ અને ઋગ્વેદીય સમાજ


૩.૧ પૂર્વભૂમિકા

૩.૨ ઋગ્વેદની વ્યાખ્યાન પદ્ધતિઓ

૩.૨.૧ आधिदैवत पध्धति

૩.૨.૨ आध्यात्मिक आख्यान

૩.૨.૩ ऐतिहासिक व्याख्यान

૩.૨.૪ नैदानिक व्याख्यान

૩.૨.૫ परिव्राजक व्याख्यान

૩.૨.૬ याज्ञिक व्याख्यान

૩.૨.૭ वैयाकरण व्याख्यान

૩.૨.૮ नैढक्त व्याख्यान

૩.૩ ઋગ્વેદનું ઐતિહાસિક પદ્ધતિ પ્રમાણે અધ્યયન

૩.૪ ઋગ્વેદની ભાષા

૩.૪.૧ ઋગ્વેદની છંદ યોજના

૩.૪.૨ ઋગ્વેદમાં અલંકાર સમૃદ્ધિ

૩.૪.૨.૧ उपमा अलंकार

૩.૪.૨.૨ ढपकः अलंकार

૩.૪.૩ ઋગ્વેદમાં રસ સમૃધ્ધિ

૩.૫ ઋગ્વેદકાલીન સમાજ-જીવન

૩.૫.૧ ઋગ્વેદસંહિતામાં વર્ણવ્યવસ્થા

૩.૫.૨ ઋગ્વેદમાં વિવાહસંસ્કાર

૩.૫.૩ ઋગ્વેદના સમયમાં સોમરસનું પાન

૩.૫.૪ ઋગ્વેદકાલીન લોકોનો પહેરવેશ

૩.૫.૫ ઋગ્વેદના લોકોનાં આભૂષણો

૩.૫.૬ ઋગ્વેદમાં ખેતી અને પશુપાલન

૩.૫.૭ ઋગ્વેદકાલીન વેપાર

૩.૫.૮ ઋગ્વેદકાલીન નારી

૩.૫.૯ ઋગ્વેદીય રાજ્યશાસન વ્યવસ્થા

૩.૫.૧૦ ઋગ્વેદકાલીન લોકોનું ભોજન

૩.૫.૧૧ ઋગ્વેદના સમાજનાં દૂષણો/માન્યતાઓ

૩.૫.૧૨ ઋગ્વેદના લોકોના ધર્મ

૩.૬ સારાંશ-નિષ્કર્ષ

પાદટીપ

## તૃતીય અધ્યાયઃ

# ઋગ્વેદના અધ્યયનની પદ્ધતિઓ અને ઋગ્વેદીય સમાજ

### ૩.૧) પૂર્વભૂમિકા :

ઋગ્વેદનું અધ્યયન કરતાં સ્પષ્ટ જાણવા મળે છે કે તેની પૂર્વવતી અને ઉત્તરવર્તી સીમાઓ વચ્ચે હજારો વર્ષોનો સમયગાળો રહેલો છે. તેથી આટલા દીર્ઘકાળ દરમ્યાન ભાષાના માળખામાં થોડો ફેરફાર થાય એ સહજ અને સ્વભાવિક છે. આ રીતે જ્યારે વેદમંત્રો દુર્બોધ અને ક્લિષ્ટ જણાવા લાગ્યા ત્યારે તેના નિવારણ માટે સંહિતાપાઠની ઋચાઓના પ્રત્યેક પાદને 'પદપાઠ' આપવામાં આવ્યા. આમ ઋગ્વેદના અર્થઘટનના વ્યાખ્યાન કે સ્પષ્ટીકરણના વિકાસનો આરંભ સંહિતાઓના વિકાસમાં જોઈ શકાય છે. પરંતુ સૌ પ્રથમ વ્યાખ્યાનપદ્ધતિ બ્રાહ્મણગ્રન્થોમાં જોવા મળે છે. જેમ કે

**सर्वे नन्दन्ति यशसाऽगतेन ॥**[1]

તેમાં 'યશસ્' શબ્દનો અર્થ સમજાવતા બ્રાહ્મણ ગ્રન્થોમાં કહેવામાં આવ્યું છે કે–

**'यशौ वे सोमो राजा। सर्वा हि वा एतेन कथमाणेन नन्दति।**[2]

આ રીતે ઈ.સ. પૂર્વ ૭મી સદીમાં થઈ ગયેલા આચાર્ય યાસ્કે 'નિઘંટુ' નામના ગ્રન્થમાં વૈદિક દુર્બોધ શબ્દોનો સંગ્રહ કરીને પોતાના નિરુક્ત નામનો ગ્રન્થમાં નિરુક્તિ આપી છે. તેમાં ઋગ્વેદનો વિવિધ અધ્યયન પધ્ધતિઓની રજૂઆત કરી છે. એટલે કે વેદમંત્રોનો અર્થ નક્કી કરવામાં ક્યારેક ઘણી મુશ્કેલીઓ આવે છે. આથી યાસ્ક એક વ્યવસ્થા કરી આપે છે કે વેદમંત્રોનું માત્ર આધ્યાત્મિક અર્થઘટન થતું નથી. વળી સર્વાનુક્રમણિકામાં[3] પણ નોંધવામાં આવ્યું છે કે જ્યાં જ્યાં જે જે અર્થ પ્રાપ્ત થઈ શકે તે અર્થને તે તે મન્ત્રમાંથી કાઢવો. આથી ઋગ્વેદના મંત્રોના આધારે આ પધ્ધતિઓ અસ્તિત્વમાં આવી છે. તેની સંક્ષિપ્તમાં રજૂઆત નીચે મુજબ કરી શકાય.

## ૩.૨) ઋગ્વેદની વ્યાખ્યાન પદ્ધતિઓ :

### ૩.૨.૧) आधिदैवत पध्धति :

આ પ્રકારની વ્યાખ્યાન પદ્ધતિમાં દ્યુલોક, અંતરિક્ષલોક અને પૃથિવી લોક એવા ત્રણ સદર્ભામાં અર્થની કલ્પના કરવામાં આવે છે. કે એટલે કે આ પધ્ધતિના અર્થઘટન પ્રમાણે કોઈપણ મન્ત્રનું અર્થઘટન કરાતું નથી પરંતુ અમુક મંત્ર એવો હોય તો તેનો અર્થ ધુલોક, ને લગતો, અંતરિક્ષને લગતો, અથવા પૃથિવી સંબંધી કરી શકાય દા.ત.

**ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन् देवा अधि विक्ते निषेदु :।**[૪]

આ પ્રકારના મંત્રનો આધિદૈવત પધ્ધતિ પ્રમાણે કરીએ તો અક્ષરશબ્દનો અર્થ– आदित्य કે સૂર્ય કરવામાં આવે છે. જ્યારે ઋચનો અર્થ = સર્વ પ્રાણીઓ देवाः નો અર્થ દેવગણ કરવામાં આવે છે. એ સમગ્ર મંત્રાર્થ પરમ આકાશમાં સૂર્યના આશ્રયે સમગ્ર દેવતાગણ રહે છે.

### ૩.૨.૨) आध्यात्मिक आख्यान :

આ વ્યાખ્યાન પધ્ધતિ અનુસાર આધ્યાત્મિકતાને ધ્યાનમાં રાખીને કોઈ પણ મંત્રનું અર્થઘટન સરળતાથી કરી શકાય છે. આ પધ્ધતિ અનુસાર ઋગ્વેદના મંત્રોનો અર્થ બતાવતા યાસ્ક કહે છે.

**ऋचा अक्षरे परमे व्योमन् यस्मिन देवाः...**

તેમાં ઋચાઃ નો અર્થ બધાં શરીરો, અક્ષર નો અવિનાશી આત્મા તત્ત્વ અને देवाः નો સર્વે ઈન્દ્રિયો પણ લઈ શકાય છે.

### ૩.૨.૩) ऐतिहासिक व्याख्यान :

આ પધ્ધતિ પ્રમાણે વેદમંત્રોમાં ઐતિહાસિકતાના દર્શન થાય છે. આપણને પ્રશ્ન થાય કે વેદો તો અપૌઢષેય છે. તેમાંથી કઈ રીતે ઈતિહાસ જોઈ શકાય પરંતુ યાસ્ક નોંધે છે વેદના અમુક મંત્રોનો અર્થ ઈતિહાસ જ બતાવે છે. દા.ત. 'दाशराज्ञ युध्ध' આ પ્રસંગે જે કાંઈ આર્ય–અનાર્ય રાજાઓના નામોલ્લેખ થયા છે. તેમજ તે રાજાઓના કિલ્લાઓ, નગરનો પણ સ્પષ્ટ ઉલ્લેખ થયો છે. આ પ્રકારના જે

વેદમંત્રો આવેલા છે. તેમાંથી કોઈપણ વ્યાખ્યાન પધ્ધતિના આધારે કોઈ આધ્યાત્મિક કે દાર્શનિક વિચાર શોધી શકાય તેમ નથી તેમાંથી માત્ર અને માત્ર ઐતિહાસિક અર્થ કાઢવો પડે છે. દા.ત. પણિઓ –આ પણિઓનું વર્ણન કરતા જેટલા મંત્રો છે તેમાંથી કોઈ પણ અર્થ કાઢી શકાય તેમ નથી. કારણ કે પણિઓ તત્કાલીન વેપારી પ્રજા હતી. તેનો બધા જ વિદ્વાનોએ સ્વીકાર કર્યો છે. એટલે બધાજ મંત્રો ઐતિહાસિક નથી પરંતુ અમુક મંત્રોમાં સ્પષ્ટનઃ ઈતિહાસનું પ્રતિબિંબ જોવા મળે છે તે રીતે જે મંત્રોનું અર્થઘટન કરવામાં આવે તેને ઐતિહાસિક પધ્ધતિ કહે છે.

આ ઉપરાંત આચાર્ય યાસ્કના સમયમાં પણ વેદમાંથી ઈતિહાસ શોધવાના પ્રયત્નો થયા હશે એટલે યાસ્કે કહ્યું છે. વૃત્ર ના વૃત્તાંતમાં યસ્ક કહે છે. વૃત્ર... એ નામનો રાક્ષસ ત્વષ્ટાનો પુત્ર હતો એમ ઐતિહાસિકો માને છે.[૫]

### ૩.૨.૪) नैदानिक व्याख्यान :

આ પધ્ધતિ અનુસાર શબ્દના મૂળ અર્થના આધારે અર્થઘટન કરવામાં આવે છે. દા.ત. विज मारुतस्य स्यालात्। એ મંત્રમાં स्याल શબ્દનો અર્થ કોઈ પણ રીતે અન્ય બતાવી શકાય નહીં કારણ કે તેનો મૂળ અર્થ સાળો થાય છે.

### ૩.૨.૫) परिव्राजक व्याख्यान :

આ વ્યાખ્યાન પધ્ધતિ અનુસાર વેદમંત્રોનો અર્થ પરિવ્રાજકો પોતાની માન્યતા પ્રમાણે કરે છે. જેમ કે स मातृर्यो परिवीतो बहुप्रजा निर्ऋतिमा विवेश।[૬] આ મંત્રનો સમાન્ય અર્થ એ પ્રમાણે થાય છે. આત્મા માતાના ગર્ભમાં આવીને અનેક પ્રજાઓને જન્મ આપીને મૃત્યુના મુખમાં જાય છે. જ્યારે જ્યારે પરિવ્રાજકો નિર્ઋતિનો અર્થ ‘હેરાનગતિ’ એવા કરીને સમગ્ર મંત્રો અર્થ એવા આપે છે. ઘણાં સંતાનોવાળાએ હેરાન થવું પડે છે. આ અર્થ પરિવ્રાજકો પોતાની રીતે કરે છે. એવું યાસ્કે નોધ્યું છે.[૭]

### ૩.૨.૬) याज्ञिक व्याख्यान :

આ વ્યાખ્યાન પધ્ધતિમાં યજ્ઞને પ્રધાન માનવામાં આવે છે. એટલે વેદમંત્રોમાંથી યજ્ઞવિધિના સંદર્ભમાં જે મંત્રો અર્થ થતો હોય એ રીતે અર્થઘટન કરવામાં આવે છે.

### ૩.૨.૭) वैयाकरण व्याख्यान :

વૈયાકરણોની વિશેષતા એ છે કે કોઈ શબ્દનો અર્થ કોઈ પણ સ્વીકારી લેતા નથી. પરંતુ શબ્દના સ્વરૂપને પ્રાધાન્ય આપી તેના પ્રકૃતિ અને પ્રત્યયનું વિશ્લેષણ કરી પછી જ ચોક્કસ અર્થ આપે છે. જે પ્રસ્તુત મંત્ર

**चत्वारि वाक् परिमिता पदानि तानि विदुर्ब्राह्मणा ये मनीषिणः ।**[૮]

પ્રસ્તુત મંત્રોનો અર્થ એ થાય છે. ચાર પ્રકારની વાણી છે જેમ કે પરા યશ્યન્તિ મધ્યમા અને વૈખરી. આ વાણીઓમાં પરા વાણી શ્રેષ્ઠ છે અને વિદ્વાન બ્રાહ્મણો તે વાણીને જાણે છે. જ્યારે વૈયાકરણો આ મંત્રો રહેલા चत्वारि पदानि –નો અર્થ નામ આખ્યાન ઉપસર્ગ અને નિપાત એવા કરીને વિદ્વાનો આ ચાર પદને જાણે છે એવો અર્થ સ્વીકારે છે.

### ૩.૨.૮) नैढक्त व्याख्यान :

નિઢકતમાં શબ્દના અર્થને પ્રાધાન્ય આપીને પ્રચલિત ધાતુઓની સાથેના સામ્યના આધારે શબ્દના અર્થનું નિર્વચન કરી તેને અર્થ સ્વીકારે છે.

આમ ઉપરોકત રીતે નોંધ્યું તે પ્રમાણે વેદાધ્યયન માટે અનેક પધ્ધતિઓ છે અને તેનું નિરૂપણ ઉપરોકત રીતે કરી શકાય

### ૩.૩) ઋગ્વેદનું ઐતિહાસિક પદ્ધતિ પ્રમાણે અધ્યયન :

આપણે જાણીએ છીએ કે ઋગ્વેદ એ વૈદિકસંહિતામાં સૌથી પ્રાચીન છે. વળી આર્યસંસ્કૃતિનો અમૂલ્ય અદ્વિતીય ગ્રન્થ છે. તેમાં આર્યોના ધર્મ, સંસ્કૃતિ, નીતિ–રીતિ વગેરેનું પ્રતિબિંબ પડેલું જોવા મળે છે.

આપણે આગળ નોધ્યું તેમ ઋગ્વેદમંત્રસંહિતામાં ૧૦૨૮ સૂક્તો આવેલાં છે. તેમાંથી મોટાભાગનાં સૂક્તો એટલે કે લગભગ –૯૦૦ સૂક્તોમાં મોટાભાગે દેવતાઓની કલ્પના કરી તેની સ્તુતિ પ્રાર્થના કે એક જાતની માંગણી યાચના કરવામાં આવી છે. એટલે મંત્રોનો અર્થ આપણે દેવતા વિષયક કલ્પી શકીએ પરંતુ સંવાદસૂક્તો, અક્ષસૂક્તો, દાસરાજ્ઞસૂક્તો, આ બધાં સૂક્તો અર્થ માત્રને માત્ર ઈતિહાસ વિષયક જ લેવાં પડે તેમ છે. આ મંત્રોમાંથી આધ્યાત્મિક અર્થ શકય નથી.

ઋગ્વેદમાં ઐતિહાસિક્તા બતાવવા માટે બીજો એક મહત્ત્વનો મુદ્દો એ બતાવી શકાય કે ઋગ્વેદમાં અમુક મંત્રોમાં शम्बर, पिपु, पणिय: આ શબ્દોનો સ્પષ્ટ પ્રયોગ બતાવે છે. કે તેઓ સામાન્ય માનવજાતિના હતા. તેઓએ પણ પોતાની શક્તિ અનુસાર પોતાના કિલ્લાઓ અને નગરો વસાવ્યાં હતાં. સરમા–પણિ સંવાદસૂક્તમાં શૂનિ સરમા કહે છે મારો સ્વામી ઈન્દ્ર છે, અને તે અહીં આવશે તો તમને મારી નાખશે ત્યારે પણિઓ કહે છે. અમે એનાથી ડરતા નથી અમારી પાસે પણ સૈનિકો અને હથિયારો રહેલાં છે. આ સૂક્ત બતાવે છે કે અહીં સ્પષ્ટ ઈતિહાસ જોવા મળે છે. માત્ર આ એક પણિઓ નહિ પરંતુ શમ્બરનાં ૯૯૯ નગરોનું વર્ણન ઈન્દ્રની સાથે ૪૦ વર્ષ સુધી યુધ્ધ ચાલ્યાના ઉલ્લેખો આ બધું જોતા ઈતિહાસ સ્પષ્ટ ફલિત થાય છે.

ઋગ્વેદની ઐતિહાસિકતા માટે ઋગ્વેદમાં આવતાં વર્ણનો સ્પષ્ટ સંકેત આપે છે. અહીં ઈતિહાસ છે. તેમાંથી મહત્ત્વનો પ્રસંગ છે ''दासराज्ञयुध्धप्रसंग'' આ પ્રસંગના વર્ણન અનુસાર ભરતોનો સુદાસ નામનો રાજા હતો. અને વિ✓મિત્ર તેના પુરોહિત હતા. પરંતુ કોઈપણ કારણો અનુસાર સુદાસે વિ✓મિત્રની જગ્યાએ વસિષ્ઠને પુરોહિત બનાવી દીધા. આથી તેનો બદલો લેવા માટે વિ✓ામિત્રે અલગ–અલગ રાજાઓને તૈયાર કરી સુદાસ સાથે જંગ શરૂ કર્યો અન્તે સુદાસ અને દસ રાજાઓ વચ્ચે પઢષ્ણી જે આજની રાવી નદીના કિનારે યુધ્ધ થયું. આ યુધ્ધમાં સુદાસનો વિજય થયો અને સંગઠિત ૧૦ રાજાઓનો પરાજય થયો. સુદાસના વિજયની પ્રશંસા વસિષ્ઠે૯ માં મંડળમાં વિજયગાથા રજૂ કરી છે.

આ મહાસંગ્રામમાં ૧૦ રાજાઓ હતા તેમાંના (१) अलिन्, (२) पक्थ (३) भलनस (४) शिव (५) विशाषिन् (६) अनु (७) तुर्वश (८) यदु અને (९) पुरु – આમ રાજાઓના નામોલ્લેખ તથા યુદ્ધ વર્ણન જોતાં તે તેમાંથી સ્પષ્ટ ઈતિહાસ જોવા મળે છે.

આમ સમગ્ર ઋગ્વેદમાં ઈતિહાસ છે એમ હું કહેતો નથી પરંતુ અમુક મંત્રોમાં ઈતિહાસ જોવા મળે છે. એટલે કે જે આર્ય–અનાર્ય સંઘર્ષ જોવા મળે છે. તેમાં ઈતિહાસ જાણવો જોઈએ એ રીતે ઋગ્વેદનું ઐતિહાસિક પદ્ધતિ પ્રમાણે અધ્યયન ગણાવી શકાય.

### ૩.૪) ઋગ્વેદની ભાષા :

ભાષા એ માનવીની આગવી વિશેષતા છે. ભાષાના માધ્યમથી માનવી પોતાની લાગણીઓ સરળતાથી વ્યક્ત કરે છે. માનવીની શુધ્ધ ભાષા ઉચ્ચારણોથી તે પશુ

પક્ષીઓથી અલગ પડે છે. જ્યારથી ભાષાનો પ્રયોગ કરતો થયો છે ત્યારથી જ ખરા અર્થમાં માનવ બન્યો છે. કોઈ વિદ્વાને સાચું જ કહ્યું છે "Language is by far the commenest and most Important means of co-operation. Socitey as now constituted could not long continue without the use of the language." વળી દંડીએ કહ્યું તેમ वचामेव प्रसादेम लोकयात्रा प्रवर्तते इदमन्धतमं कृत्स्नं गायेत भुवनत्रयम्।[10] જ્યારે કવિસર્જનની વાત કરીએ તો તેના માટે ભાષા અનિવાર્ય છે કારણ કે કવિહૃદયમાં પડેલાં સ્પદંનોને શબ્દાર્થના સાયુજયથી અભિવ્યક્ત કરે છે.

ઋગ્વેદની ભાષાની વાત કરીએ તો એકવાત ખાસ નોંધવી જોઈએ ઋગ્વેદનાં ૧૦ મંડળને બાદ કરતાં ઋગ્વેદની ભાષા અત્યંત દુર્બોધ છે. છતાં પણ વૈદિક વ્યાકરણના સહારે તેનો અર્થ સરળતાથી કરી શકાય તેમ છે. ભાષા જ્યારે કાવ્યમાં પ્રયોજાય ત્યારે તે સરળ રીતે પ્રયોજાતી નથી તેમાં છંદ અલંકાર વગેરેનો ઉમેરો થતાં તેનું સૌંદર્ય ખીલી ઊઠે છે. અને આકર્ષક અને મનમોહક બની જાય છે. ઋગ્વેદની ભાષા પણ આકર્ષક અને મનમોહક છે તેની ચર્ચા કરીએ.

### ૩.૪.૧) ઋગ્વેદની છંદ યોજના :

છંદને વેદોનો પગ માનવામાં આવે છે. શૌનકે કહ્યું તેમ છંદ, ઋષિના વગર વેદાધ્યયન પૂજન હવન, યજ્ઞ વગેરે વ્યર્થ છે. તેથી ઋગ્વેદની ભાષામાં છંદનું ખૂબ જ મહત્ત્વ છે.

છંદની સૌથી પ્રથમ ચર્ચા શાંખાયન શ્રૌતસૂત્રોમાં મળે છે. તેમાં સાત છન્દોનો ઉલ્લેખ થયો છે. પછી પાંતજલ છન્દસૂત્ર શૌનકીય ઋક્પ્રાતિશાખ્ય તથા કાત્યાયનની સર્વાનુક્રમણીમાં છન્દના ઉલ્લેખ જોવા મળે છે. પ્રાચીન ગ્રન્થોમાં છંદના પ્રવર્તકોનાં ઘણાં નામો મળે છે. પરંતુ યાસ્ક કાશ્યપ, તોડી અને માડવ્ય આ ચાર જ પ્રાચીન છંદપ્રવર્તકો મનાય છે.

છન્દ શબ્દને વિદ્વાનો અલગ–અલગ રીતે સમજાવે છે. કેટલાક વિદ્વાનો[11] છન્દના બે અર્થો કરીને 'આચ્છાદન' અને આહલાદન –એવા અર્થો આપે છે. જ્યારે આચાર્ય યાસ્ક છન્દની વ્યુત્પત્તિ छन्दः संवरणे[12] એવી રીતે બતાવે છે. છંદનો આચ્છાદન એવો

અર્થ લઈએ તો એવું સમજાય કે છન્દની રસ, ભાવ, અને વર્ણ્યવિષય આચ્છાદિત કરવામાં આવે છે. જ્યારે આહ્લાદન એવો અર્થ લઈ તો મનોરંજન એવો અર્થ મળે છે. એટલે છંદ એ માનવમનનું મનોરંજન કરે છે. ટૂંકમાં કહેવું હોય તો છન્દ એ કાવ્યનું એક એવું સ્વરૂપ કે તેમાં વર્ણોના ચોક્કસ સમૂહને રજૂ કરવામાં આવે છે. અને સરળતાથી તેનું ગાન થઈ શકે છે.

ઋગ્વેદસંહિતથામાં અલગ–અલગ ૧૩ છંદોનો પ્રયોગ થયાનું આચાર્ય શૌનક બતાવે છે. જ્યારે ગુજરાતી વિદ્વાન વેદપંડિત પદ્મવિભૂષણ સાતવેલકરજી ૧૪ છંદોનો પ્રયોગ બતાવે છે. તેની ચર્ચા કરીએ

## (૧) ત્રિષ્ટુપ્ છંદ :

ઋગ્વેદસંહિતામાં ત્રિષ્ટુપ્ છંદનો સૌથી વધુ ૫ડતો પ્રયોગ થયેલો છે. ઋગ્વેદનાં ૧૦ મંડળોમાં અલગ–અલગ સૂક્તોમાં ૪૧૯૯ મંત્રોમાં છંદ ત્રિષ્ટુપ્ છે. ત્રિષ્ટુપ્ છંદમાં ૧૧ વર્ણોના ચાર પાદો હોય છે. અને ૪૪ વર્ણોનો પ્રયોગ થયેલો હોય છે. આ છંદ ઋગ્વેદના ઋષિઓને સૌથી પ્રિય હોય તેવું જણાય છે.

## (૨) ગાયત્રી છન્દ :

ત્રણ પાદમાં ૮+૮+૮ વર્ણો મળીને ૨૪ વર્ણનો ગાયત્રી છંદ છે. ઋગ્વેદસંહિતામાં આ બીજા ક્રમનો છંદ છે. ઋગ્વેદનાં ૧૦ મંડળોમાં ૨૫૨૦ મંત્રોમાં ગાયત્રી છંદનો પ્રયોગ થયેલો છે. ઋગ્વેદના અન્ય છંદો કરતાં જનસમાજમાં ગાયત્રી છંદ વધુ પ્રસિદ્ધિ પામ્યો છે.

## (૩) જગતી છંદ :

૪૮ વર્ણોમાં પ્રયોજાતો આ વિશાળકાય છંદ છે. ઋગ્વેદસંહિતાનો આ ત્રીજા નંબરનો છંદ છે. ઋગ્વેદનાં ૧૦ મંડળોના ૧૨૮૮ મંત્રોમાં આ છંદનો પ્રયોગ થયેલો છે.

## (૪) અનુષ્ટુપ્ છંદ :

ઋગ્વેદસંહિતાનો આ ગાયત્રી છંદ જેટલો જ પ્રસિદ્ધ છંદ છે. પરંતુ ઋગ્વેદમાં આ છંદ બહુ પ્રયોજાતો નથી ૧૦ મંડળનાં અલગ–અલગ સૂક્તોના માત્ર ૮૦૯ મંત્રોમાં આ છંદનો પ્રયોગ જોવા મળે છે. આ છંદમાં ૮+૮+૮+૮=૩૨ વર્ણોનો પ્રયોગ થાય છે.

## (५) बृहति छंद :

ઋગ્વેદસંહિતામાં પાંચમા ક્રમનો આ છંદ છે. ૩૬ વર્ણના આ છંદમાં ૪ પાદ હોય છે. પ્રત્યેક પાદમાં ૯ વર્ણોનો રહેલા હોય છે. ઋગ્વેદમાં ૭૩૮ મંત્રોમાં આ છંદનો પ્રયોગ થયેલો છે.

## (६) पंक्ति छंद :

પંક્તિ છંદ ૪૦ વર્ણોનો વિશાળકાપ છંદ છે. ૮ વર્ણના પાંચ પાદોમાં વિભક્ત હોય છે. ઋગ્વેદસંહિતામાં ૩૪૦ મંત્રોમાં આ છંદનો પ્રયોગ થયેલો છે.

## (७) उष्णीक छंद :

આ છંદ ૨૮ વર્ણોનો છે. પ્રથમ પાદમાં આઠ બીજા પાદમાં ૧૨ અને ત્રીજા પાદમાં ૮ વર્ણો હોય છે. ઋગ્વેદના ૩૧૬ મંત્રોમાં આ છંદનો પ્રયોગ થયેલો છે.

## (८) विराटः वा विरारूपा छंद :

પંડિત સાતવેલજી આ છંદ બતાવે છે.  એકપદા વિરાટ અને દ્વિપદા વિરાટ એવા આ છંદના બે ભેદો છે. ઋગ્વેદના ૧૮૧ મંત્રોમાં આ છંદનો પ્રયોગ થયેલો માનવામાં આવે છે.

## (९) अत्येष्टिः छंद :

આ છંદ વિશાળકાય છે. ઋગ્વેદમાં આ છંદનો પ્રયોગ ઘણો જ ઓછો જોવા મળે છે. ૬૮ વર્ણો ધરાવતો આ છંદ ઋગ્વેદના ૧૦ મંડળો માંથી માત્ર ૬૮ મંત્રોમાં જોવા મળે છે.

## (१०) पादनियतृः छंद :

પંડિત સાતવેલજી આ છંદ બતાવે છે. ઋગ્વેદ સંહિતામાં ૩૯ મંત્રોમાં આ છંદનો પ્રયોગ જોવા મળે છે.

## (११) शक्वरी छंद :

આ છંદમાં ૫૬ વર્ણો હોય છે. ઋગ્વેદના ૧૦ મંડળના માત્ર ૨૦ મંત્રોમાં આ છંદ જોવા મળે છે.

## (१२) अतिशक्वरी छंद :

અતિશક્વરી છંદ ૬૦ વર્ણનો બૃહતકાય છંદ છે. આ છંદ ઋગ્વેદના પહેલા મંડળ માં ૧૩ મંત્રોમાં ૬ મંડળના ૧ મંત્રમાં તથા બીજા મંડળના ૩ મંત્રોમાં મળીને ૧૭ મંત્રોમાં આ છંદનો પ્રયોગ થયેલો છે.

## (१३) धृति छंद :

આ છંદ પણ વિશાળકાય છંદ છે. ૭૨ વર્ણનો આ છંદ ઋગ્વેદમાં વધુ પ્રયોજાયો નથી. ૧૦ મંડળમાંથી માત્ર ૩ મંત્રોમાં આ છંદ જોવા મળે છે. જેમાં પહેલા મંડળ માં માત્ર ૨ અને ચોથા મંડળમાં માત્ર એક મંત્ર આ છન્દમાં જોવા મળે છે.

## (१४) अष्टि छंद :

૬૪ વર્ણનો આ છંદ પણ બૃહતકાય છે. ઋગ્વેદના પહેલા મંડળના પાંચ મંત્રો બીજા મંડળમાં બે મંત્રો અને ચોથા મંડળનો એક મંત્ર મળીને ૮ મંત્રોમાં આ છંદનો પ્રયોગ થયેલો જોવા મળે છે.

આમ ઋગ્વેદસંહિતામાં કુલ મંત્રો ૧૦૫૪૬ છે જેમાં સૌથી વધારે વપરાયેલો છંદ ત્રિષ્ટુપ છંદ છે. એટલે કે ૪૧૯૯ મંત્રોમાં આ છંદમાં જ્યારે સૌથી ઓછો –છેલ્લા ક્રમનો છંદ ધૃતિ છે જે માત્ર ત્રણ મંત્રોમાં જોવા મળે છે. ઋગ્વેદસંહિતાની છંદયોજના એ ઋષિઓની કાવ્યકલાનો શ્રેષ્ઠતમ નમૂનો છે.

### ૩.૪.૨) ઋગ્વેદમાં અલંકાર સમૃદ્ધિ :

અલંકારનો સામાન્ય અર્થ આભૂષણ કે ઘરેણું થાય છે. अलम्+कृ ધાતુ પરથી નિષ્પન્ન થયેલો છે. દંડીએ (પ્રશિષ્ટ)માં અલંકારોની વ્યાખ્યા આપતા કહ્યું છે કે काव्यशोभाकारान् अलंकारान् प्रचक्षते।[१३] ઋગ્વેદમાં છંદોની જેમ અલંકારોના પ્રાચીન ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી વાસ્તવમાં અલંકારા અનિવાર્ય નથી, કાવ્યમાં અલંકારનું હોવું આવશ્યક નથી પરંતુ જો અલંકારોનો પ્રયોગ કરવામાં આવે તો કાવ્યનું સૌંદર્ય –ખીલી ઊઠે છે એવું મમ્મટ કહે છે.

ઋગ્વેદસંહિતામાં અલંકારોનો પ્રયોગ સહજ રીતે થયેલો છે. પૂર્વાયોજિત અલંકાર યોજના જણાતી નથી. આમ છતાં તેનું અલંકારનિરૂપણ શ્રેષ્ઠ બન્યું છે. ઋગ્વેદના મંત્રોમાં કેવા અલંકારો છે. તેનું વિહંગાવલોકન કરીએ.

### ૩.૪.૨.૧) ઉપમા અલંકાર :

ઉપમા એટલે साधर्म्यमुपमा भेदे।[૧૪] એમ કહીને આચાર્ય મમ્મટ ભિન્નત્વમાં સાધારણ ધર્મને ઉપમા કહે છે. ઋગ્વેદમાં ઉપમા અલંકારનો પ્રયોગ સવિશેષ જોવા મળે છે. અહીં इव, तु ति वत् જેવા ઉપમાપ્રલિપાદક શબ્દોનો પ્રયોગ થયેલો જોવા મળે છે. ઋગ્વેદસંહિતાના ૧૦–૧૦૬ ને ઉપમા સૂક્ત કહેવામાં આવે છે. કારણ કે તેમાં ૧૧ મંત્રોમાં ૫૨ ઉપમાઓ પ્રાપ્ત થાય છે. આ રહ્યા ઉપમાના કેટલાક નમૂનાઓ

**सृण्येव गर्भरी तुर्करीतू नैतोशेव तुर्फरी पर्फरीका ।[૧૫]**
**उतो त्वस्मै तन्वं ? वि संस्रे जायेव पत्य उशती सुवासा[૧૬]**
**उप मा पेपिशत् तमः कृष्णं व्यक्तमस्थित। उष ऋणेव यातय ।[૧૭]**

ઋગ્વેદમાં ઉપમાના પૂર્ણોપમાં અને લુપ્તોપમાં બન્ને પ્રકારોનાં દષ્ટાંતો પ્રાપ્ત થાય છે.

### ૩.૪.૨.૨) ઢપકઃ અલંકાર :

तद् ढपकमभदौ उपमानोपमेययो:। એમ કહીને આચાર્ય મમ્મટે રૂપક અલંકારોમાં ઉપમાન અને ઉપમેયના અભેદને રૂપક અલંકાર કહ્યો છે. ઋગ્વેદમાં અનેક મંત્રોમાં રૂપક અલંકાર જોવા મળે છે. રૂપક અલંકારમાં શ્રેષ્ઠ કહી શકાય તેવા આ મંત્ર નોંધનીય છે.

**य आत्मदा बलदा यस्य वित्क उपासते प्रशिषं यस्य देवाः ।**
**यस्य छायामृतं यस्य मृत्युः कस्मै देवाय हविषा विधेम ॥[૧૮]**

આ ઉપરાંત ઋગ્વેદના મંત્રોમાં અતિશયોક્તિ, શ્લેષ, વિરોધ નિદર્શના કાવ્યલિંગ અદિ અલંકારોનો પણ ભરપૂર પ્રયોગ થયેલો જોવા મળે છે.

### ૩.૪.3) ઋગ્વેદમાં રસ સમૃધ્ધિ :

रसात्माकाव्यस्य કહીને આચાર્ય ભરતે કાવ્યમાં રસનું સ્થાન મહત્ત્વનું બતાવ્યું છે. विभावानुभावव्यभिचारिभावसंयोगाद्रसनिष्पति:।[૧૯] એમ કહીને રસપ્રક્રિયા વર્ણવી છે. વિ✓નાથ, જયદેવ જેવા વિવેચકો रसात्मकं वाक्यं काव्यम्।[૨૦] કહીને રસનું પ્રાધાન્ય

સ્વીકારે છે. આમ કાવ્યનાં બધાં જ તત્ત્વોમાં રસ શ્રેષ્ઠ અને પ્રધાન તત્ત્વ છે. વળી કવિ અને કવિતાની વાત કરીએ છીએ ત્યારે એક વાત સ્વીકારવી પડે તેમ છે. जयन्तु ते सुकृतिनः रससिद्धाः कवीश्वराः। नास्ति येषां यशः काये जरामरणजं भयम्।[૨૧] તેમજ કવિ સૃષ્ટિ નવરસઢચિરામ્ હોવાથી બ્રહ્માની સૃષ્ટિ કરતાં પણ ચડિયાતી છે.

ઋગ્વેદમાં આખરે કવિહૃદયની અનુભૂતિઓ જ છે તે તેથી ઋષિઓની અમૃતઝરતી વાક્ધારામાં વિવિધ રસોની અનુભૂતિ થાય છે. અલબત્ત પ્રશિષ્ટ કવિઓની જેમ આ વેદની ભાષામાં રસનું નિરૂપણ પૂર્વાયોજિત હોય તેમ લાગતું નથી, ઋષિઓ તો સહજ સ્વાભાવિક રીતે પોતાના હૃદયનાં સ્પંદનોને રજૂ કરે છે. તેમાંથી ક્યાંક ક્યાંક વિવિધ રસની આહ્લાદક શેડો ફૂટતી હોય તેવું લાગે છે. તેના અમુક દષ્ટાંનો નોંધીયે.

## (૧) शृङ्गारस :

ઋગ્વેદસંહિતાના અમુક સૂક્તોમાં શૃંગારરસ જોવા મળે છે. ઋષિઓ ઉષાનું સહજ રીતે વર્ણન કરે છે. તેઓની કલ્પનામાં ઉષાને નવયુવાન યુવતીની કલ્પના કરીને તેને કહેવામાં આવે છે.

**कन्येव तन्वा३ शाशदानाँ एषि देवि देवमियक्षणमाणम् ।**
**संस्मयमाना युवतिः पुरस्ता दाविर्वक्षांसि कृणुषे विभाति ॥[२२]**

હે દેવી તું નવયુવાન કન્યાની જેમ કહીને શરીરને વિશદતાથી શણગારીને મનગમતા પતિ પાસે (સૂર્ય પાસે) જાપ કરે છે. પછી તેની પાસે સહેજ હાસ્ય કરતી અને અત્યંત શોભતી યુવતીની જેમ તારા વક્ષઃ સ્થળને પ્રગટ કરે છે. અહીં ઉષાને નાયિકાની કલ્પના કરી જ્યારે સૂર્યને નાયક માનીને અદ્ભુત શૃંગારરસ રજૂ કરવામાં આવ્યો છે.

ઋગ્વેદના પુરૂરવા –ઉર્વશી સંવાદસૂક્તમાં બેનમૂન રીતે શૃંગાર રસ જોવા મળે છે. ઋગ્વેદના ઋષિના શબ્દોમાં જ જોઈએ.

**यद्विरूपाचरं मर्त्येष्ववसं रात्रीः शरदश्चतसः ।**
**धृतस्य स्तोकं सकृदहन आश्नां तादेवेदं तातृपाणा चरामि ॥[२३]**

આ ઉપરાંત ઋગ્વેદના યમ યમી સંવાદસૂક્તનો સંપૂર્ણ શૃંગારરસ પ્રધાન છે. તેમાં કામ–વિવશ યમી એકાંતમાં યમ પોતાની સાથે સહશયન કરવા કહે છે.

યમીના જ શબ્દોમાં જોઈએ તો 'પતિની સામે પત્ની પોતાનો દેહ ખુલ્લો મૂકે તેમ હું મારા શરીરને તેન સોંપું છું આપણે રથાન પૈડાની જેમ એક જ કાર્યમાં પ્રવૃત્ત થઈએ.[૨૪] આ ઉપરાંત ઈન્દ્ર સૂક્તમાં ઈન્દ્રાણી કહે છે. કે કોઈ પણ સ્ત્રી મારી અપેક્ષાએ અંગ સોંપતી નથી. કોઈ સ્ત્રી મારી જેવી વિલાસક્રીડા નથી જાણતી કોઈ પણ સ્ત્રી મારી જેમ પ્રકૃષ્ટ રૂપથી પતિનો સહવાસ અને પ્રણયવશ આલિંગન કરવાનું જાણતી નથી.[૨૫]

આમ ઋગ્વેદમાં ઘણા એવો મંત્રો છે કે જેમ સ્પષ્ટ રીતે શૃંગારરસ જોવા મળે છે.

## (૨) वीररस :

સમગ્ર ઋગ્વેદસંહિતાનાં મોટાભાગનાં સૂક્તોમાં વીરરસ જોવા મળે છે કેમ કે ઋગ્વેદના ૧૦૨૮ સૂક્તોમાંથી મોટાભાગનાં સૂક્તોમાં આર્ય–નેતા ઈન્દ્રના પરાક્રમનું વર્ણન આવતું હોવાથી તેમાં વીરરસ વહે છે. સુરાપાન–સોમપાન કરી મત્ત બનેલા ઈન્દ્ર એકલા હાથે અસંખ્ય યોદ્ધાઓને હણે છે. અરે શમ્બરાસુરના ૯૯૯ નરો અને તેના યોદ્ધાઓનો ઈન્દ્ર એકલા હાથે વધ કર્યા.[૨૬] વીર શમ્બરે પણ ઈન્દ્રનો એકલા હાથે ૪૦ વર્ષ સુધી સામનો કર્યો અંતે ઈન્દ્રના હાથે વીરગતિ પામ્યો. આ ઉપરાંત દસમા મંડળનો પ્રધાન પ્રસંગ 'दासराज्ञ युध्ध' માં સુદાસ અને તેની સામે આવેલા દસ રાજાઓનો રાવી નદીના કિનારે મહાસંગ્રામ ખેલાયો હતો. વસિષ્ઠ સુદાસના પુરોહિત હતા એટલે યુધ્ધની વિજયગાથામાં વીરરસ જોવા મળે છે.

આ ઉપરાંત ઋગ્વેદમાં અસંખ્ય સંગ્રામો આવેલા છે. તે સંગ્રામો વીરરસનું વર્ણન પ્રાપ્ત થાય છે.

## (૩) करुणरसः

ઋગ્વેદમાં કરુણરસ પણ જોવા મળે છે. ૧૦–૩૪ના अक्ष सूक्तम् માં જુગારીનું દયનીય દશામાં કરુણરસનું વર્ણન જોવા મળે છે. જુગારીની પત્નીને અન્ય લોકો સ્પર્શ કરે છે. પિતા–ભાઈઓ માતા અમે આને ઓળખતા નથી આ જુગારી છે એને બાંધીને લઈ જાઓ.[૨૭] એમાં જુગારીની કરુણતા જોવા મળે છે.

કરુણતાની પરાકાષ્ટા તો ઋગ્વેદના આ મંત્રમાં જોવા મળે છે. હે સ્ત્રી... તું મૃત પતિ પાસેથી ઊઠ. આ તારા મરેલા પતિ પાસે તું સૂતી છે. માટે આમ આવ....[૨૮] આ ઉપરાંત કરુણતા ત્યાં જોવા મળે છે કે ઋગ્વેદમાં અનાર્ય ગણાતાં પિપુ, વર્ચિન, જેવા રાજાઓ સાથે ઈન્દ્રનો કોઈપણ જાતિગત વિરોધ ન હોવાં છતાં આ રાજાઓને ઈન્દ્રે પોતાના વજ્રથી યમપુરીમાં પહોંચાડી દીધા.

## (૪) અદ્ભુતરસઃ

ઋગ્વેદસંહિતાના અમુક મંત્રોમાં અદ્‌ભુત રસ જોવા મળે છે. ખાસ કરીને સૃષ્ટિની ઉત્પત્તિનાં સૂક્તોમાં આવી જ રીતે વિરાટપુરુષના વર્ણનમાં અદ્‌ભુત રીતે વર્ણવતા કવિ કહે છે. કે "તે વિરાટ–પુરુષ સહસ્ર આંખોવાળો સહસ્ર મસ્તકવાળો તે વિરાટ સમગ્ર જગતને વ્યાપીને રહેલો છે. તે વિશ્વમાં વ્યાપ્ત હોવા છતાં તે દસ આંગળી વધુ મોટો છે.[૨૯] ખરા અર્થમાં અદ્‌ભુત કહી શકાય તેવું વર્ણન તો આ રહ્યું.... તે સમયે કાંઈ હતું નહિ... આકાશ ન હતું. પૃથ્વી ન હતી. રાત અને દિવસ પણ ન હતાં...." આ વર્ણનો વાંચીને આપણે  પણ સહજ પ્રશ્ન થાય છે કે તો દેવતાઓ સૃષ્ટિની ઉત્પત્તિ પછી જન્મ લીધો ? કોણે સૃષ્ટિની રચના કરી તે માત્ર એક જ જાણે છે. જે પ્રભુ સ્વરૂપ છે અથવા એ પણ જાણતા નથી. ઋગ્વેદ ના આ સૂક્તમાં જે ભાવ વ્યક્ત થયો છે. તે જોતા આ અદ્‌ભુત લાગે. આપણને પ્રશ્ન થાય કે આ સૃષ્ટિના રચયિતા ઈશ્વર સૃષ્ટિની રચના કર્યા પછી પણ સૃષ્ટિના ઉત્પત્તિ સંબંધી પ્રશ્નો પૂછીને પોતાનું અજ્ઞાન વ્યક્ત કરતાં કાવ્યો લખે ? આ કોઈ માનવનું સર્જન હોવું જોઈએ.

## (૫) શાંતરસ :

ઋગ્વેદસંહિતાનો મુખ્ય રસ ગણવો હોય તો શાંતરસ ગણાવી શકાય કારણ કે મોટા ભાગનાં સૂક્તો ઈશ્વરનાં વિવિધ રૂપોનું સ્વરૂપ બતાવી તેની સ્તુતિ કે પ્રાર્થના કરી છે. કેમ કે ૧૦૨૮ સૂક્તો માંથી ૯૦૦ સૂક્તોમાં કોઈને કોઈ દેવતાની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. એટલે આ સૂક્તોમાં શાંતરસ જોવા મળે છે.

આમ ઋગ્વેદમાં મુખ્યરસ શાંતરસની સાથે શૃંગારરસ કરુણરસ, વીરરસ, અદ્‌ભુતરસ, ઉપરાંત રૌદ્રરસ, બીભત્સરસ પણ જોવા મળે છે. ઋગ્વેદના ઋષિઓની વિશેષતાની એ છે કે આ રસવર્ણન રહજ રીતે જે વર્ણાવે છે. કાંઈ પૂર્વાયોજિત રસવિધાન નથી. છતાં આકર્ષક અને આહ્‌લાદક અને હૃદયગમ્ય છે.

## ૩.૫) ઋગ્વેદકાલીન સમાજ–જીવન :

કોઈ પણ સાહિત્યમાં તત્કાલીન સમાજનું પ્રતિબિંબ પડેલું હોય છે. કવિ પોતાના સમયથી અલિપ્ત રહી શક્તો નથી. સાહિત્યમાં તત્કાલીન સમાજના વિવિધ પાસાઓ જેવા કે લોકતંત્રનું માળખું, સામાજિક વ્યવસ્થા વિવાહ, સ્ત્રીનું સ્થાન વગેરેનો અનાયાસ પણ ઉલ્લેખ થતો હોય છે. ઋગ્વેદમાં પણ આર્ય સંસ્કૃતિની અને સભ્યતા તથા લોકજીનનું પ્રતિબિંબ પડેલું જોવા મળે છે. ઋગ્વેદના મંત્રોના નિર્દેશ મુજબ લોકજીવનના વિવિધ પાસાઓની સમીક્ષા કરીએ.

## ૩.૫.૧) ઋગ્વેદસંહિતામાં વર્ણવ્યવસ્થા :

વિ✓કલ્યાણ માટે વેદોનું સર્જન થયું છે. વેદોમાં કોઈધર્મ કે સંપ્રદાય વિશે કશું કહ્યું નથી. પરંતુ બહુજન હિતાય બહુજન સુખાય માટે વેદોએ આપેલા છે. સાથે–સાથે વેદમાં જે વસ્તુ વિદ્યમાન છે તેનો કોઈ પણ રીતે ઈન્કાર કરી શકાય તેમ નથી. આવો પહેલો પ્રશ્ન છે કે ઋગ્વેદમાં વર્ણવ્યવસ્થા હતી ? તેનો સ્પષ્ટ પુરાવો આપતું પુરુષસૂક્ત પ્રસિધ્ધ છે. તેમાંથી ચાર વર્ણની ઉત્પત્તિ બતાવવામાં આવી છે. તે સૂક્તના મંત્રો અનુસાર જોઈએ તો વિરાટ પુરુષમાંથી એક પુરુષ ઉત્પન્ન થયો તે પુરુષમાંથી તેના મુખમાંથી બ્રાહ્મણો, બાહુમાંથી ક્ષત્રિયો, સાથળમાંથી વૈશ્ય અને ચરણમાંથી શુદ્રોની ઉત્પત્તિ થઈ. પુરૂષ સૂક્તના આ મંત્રોનો અર્થ વિદ્વાનો અનેક રીતે ઘટાવીને તેમાંથી એવો અર્થ સમજાવે છે. કે આ વર્ણ વ્યવસ્થામાં રજૂ થયેલા વર્ણો એક જ શરીર સાથે સંબંધ ધરાવે છે અને તેથી એક સમાજ –શરીરનાં અંગો છે. આ બધાં અંગો એટલે કે મુખ, હાથ, પગ, સાથળ, આ સારાં હોય તો જ શરીર વ્યવસ્થિત કામ કરી શકે નહિ તો શરીર યોગ્ય કામ આપતું નથી. તેમ આ ચારેય વર્ણો એક સમાજ સમાજનાં અંગો છે. ચારેય વર્ણોની વ્યવસ્થિત કામગીરીથી જ સમાજનો વિકાસ શકય છે. જો આ ચારમાંથી એક પણ પોતાની ફરજ ચ્યુત થાય તો સમાજનો વિકાસ અટકે છે. એમ સમજાવે છે.

પરંતુ ઋગ્વેદના મંત્રોમાં આ ચાર વર્ણો હોવાના સ્પષ્ટ પુરાવાઓ પ્રાપ્ત થતાં નથી પરંતુ બે વર્ગો હોય તેવા સ્પષ્ટ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. (૧) આર્ય–અનાર્ય. આર્ય જાતિઓમાં ભરતો, મત્સ્યો, કવિ યદુઓ જ્યારે અનાર્ય કે દસ્યુઓમાં શંબરો, ધુનિ, નમુચિ, પિપુ વગેરે જાતિઓના ઉલ્લેઓ પ્રાપ્ત થાય છે.[૩૦] ઋગ્વેદમાં આર્ય શબ્દ પણ ઘણા અર્થોમાં પ્રયોજાયો છે તેમાં કોઈ ચોક્કસ વર્ગના સ્વરૂપમાં ઘણા મંત્રોમાં જોવા મળે છે. તેના માત્ર

અહીં નમૂનાઓ જાઈએ ઈન્દ્રે આર્યોને ગાયો દાનમાં આપી.[૩૧] હે ઈન્દ્ર ! તું સારી રીતે જાણે છે. આર્ય કોણ છે અને દસ્યુઓ કોણ છે.[૩૨]

અનાર્યો– દાસ, દસ્યુ વગેરે જાતિઓની વિશેષતા એ તેઓ શ્યામ વર્ણના હતા અને ચપટા નાકવાળા હતા. તથા આર્યોના યજ્ઞાદિ કાર્યોમાં વિ⁄ાસ ધરાવતા ન હતા. તેમ જ લિંગપૂજક હતા. દેવ–દેવતાઓમાં શ્રદ્ધા ધરાવતા ન હતા. આથી આર્યોના તિરસ્કારનું પાત્ર  બનતા અને બન્ને વચ્ચે સંઘર્ષો થતા હતા.

સંઘર્ષમાં આર્યોના નેતા ઈન્દ્ર હતા. જ્યારે અનાર્યો બધા અસંગઠિત હતા. તેથી દરેક અનાર્ય રાજાઓ–પ્રતિનિધિઓ સાથે સંગ્રામ યુદ્ધ કરીને જે–તે અનાર્ય નેતાઓને મહાન કાર્યના પુરાવા પ્રાપ્ત થાય છે.

### ૩.૫.૨) ઋગ્વેદમાં વિવાહસંસ્કાર :

ઋગ્વેદના સમયમાં વિવાહને સંસ્કાર માનવામાં આવતો. લગ્ન સમયે કન્યાને વિવિધ અલંકારોથી વિભૂષિત કરીને અલંકૃત રથમાં બેસાડી પિતાગૃહેથી વિદાય કરવામાં આવતી. દામ્પત્યજીવન પુત્રપ્રાપ્તિથી સુખમય ગણાતું લગ્નબાદ વીરપુત્રોની પ્રસૂતિ માટે દેવતાઓને પ્રાર્થના કરવામાં આવતી જેમ કે यथाडहं शत्रु हो ऽ सान्यसपत्न।[૩૩] તેમજ કન્યાને સાસરે વળાવતી વખતે આર્શીવાદ આપવામાં આવતા કે તું દસપુત્રોની માતા બંને જેથી તારા પતિ અગ્યારમાં ગણાય. જેમ કે

**इमां त्वमिन्द्रः मीढ्वः सुपुत्रां सुभगां कृणु।**
**दशास्यां पुत्रानां घेहि षतिमेकादशं कृधि॥[૩૪]**

જે કન્યાને પિતા કે ભાઈ ન હોય તેવી કન્યા સાથે કોઈ લગ્ન કરવા થતા નહીં કારણ કે આવાં લગ્નો વર્જ્ય ગણાતા. તેને અભ્રાતૃકા કહેવાતી. લગ્નમાં કન્યાની પસંદગીને અવકાશ રહેતો નહી. જો કે ક્ષત્રિય સમાજમાં સ્વયંવરની પ્રથા અમલમાં હતી. મોટા ભાગે કન્યાના પિતા પોતાના હાથે કન્યાના લગ્ન કરી ધન્યતા અનુભવતા એટલે કન્યાદાન મહત્ત્વનું હતું. જેમ કે

**शासद वह्निर्दुहितुर्नप्त्यं गाद विद्वाँ ऋतस्य दीधिति सपर्यन् ।**
**पिता यत्र दुहितुः सकमृ ञ्जन् त्सं शग्म्येन मनसा दधन्वे ॥[૩૫]**

ઋગ્વેદમાં બાળલગ્નોની પ્રથા હતી નહીં યોગ્ય –પુખ્તવયની ઉંમર થતા જ લગ્નો થતાં હતાં તેમજ લગ્નમાં દહેજ જોવાં કોઈ દૂષણ હોવાના કોઈ ઉલ્લેખો પ્રાપ્ત થતાં નહીં

ઋગ્વેદમાં વિવાહની પરિપાકપૂર્ણ ભાવનાનું પ્રતિબિંબ ઋગ્વેદના ૧૦–૮૫ સૂક્તમાં પડેલું છે. તેમાં સાસરે વિદાય થતી કન્યાને આશીર્વાદ આપતા કહેવામાં આવ્યું છે કે 'તું સસરાની સામ્રાજ્ઞી બન. તું સાસુની સામ્રાજ્ઞી બન. તું નણંદની અને દિયરની સામ્રાજ્ઞી બન.[૩૬] લગ્ન પછી કન્યાએ–વધૂએ ✓સુરગૃહના તમામ નીતિ–નિયમોનું પાલન કરવું પડતું. સ્ત્રીઓ પતિ–પરાયણ હતી. નૈતિકતાનું સ્તર ઊંચું હતું. અલબત્ત આ નિયમ વિરુદ્ધ આપવાદના કિસ્સાઓ પણ પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદના સમયમાં મોટાભાગે એક પત્નીની પ્રથા અમલમાં હતી. પરંતુ સમાજમાં પુરુષો એક –કરતા વધારે સ્ત્રીઓ સાથે લગ્ન કરતાં તેનાં પુરાવાઓ પ્રાપ્ત થાય છે पति न नित्यं जनयः।[૩૭] તેમજ जनीय पतिरकः समानाः।[૩૮] જેવા અનેક પત્નીઓના નિર્દેશો જોવા મળે છે.

આમ ઋગ્વેદકાલીન સમાજમાં વિવાહ એક ખરા અર્થમાં સંસ્કારના રૂપમાં જોવા મળે છે. લગ્ન બાદ સ્ત્રી–પુરુષ સાથે રહી બધાંજ ધાર્મિક કાર્યો, સામાજિક કાર્યો વગેરે કરતાં કુટુબભાવના પ્રધાન રહેતી. અને પતિપરાયણ સ્ત્રીને સમાજમાં માન સન્નમાન પ્રાપ્ત થતાં હતાં.

### ૩.૫.૩) ઋગ્વેદના સમયમાં સોમરસનું પાન :

સોમરસ એ વૈદિક લોકોનું પ્રિય પીણું હતું. સામ મુજવાન કે મુંજવન પર્વત ઉપર ઊગતો હતો. ત્યાંથી લાવીને પથ્થરવડે પીલીને તેમાંથી રસ કાઢવામાં આવતો તે લાલ અથવા ભૂરા રંગનો બનતો તથા સુંગધિત હતો. વેદકાલીન લોકો તેને દૂધ સાથે ભેળવીને 'गवाक्षीर' તથા દહીં સાથે મેળવીને 'दध्याशीर' બનાવીને તેનું પાન કરતાં અથવા દેવાર્પણ કરવામાં આવતો

સોમરસનું પાન કરવાથી માદકતા, મસ્તી અને સુરતિ મળતી ઋગ્વેદના મંત્રોમાં સોમરસની મનમોહક સ્તુતિ કરવામાં આવી છે. નવમાં મંડળનાં બધાં જ સૂક્તો સોમરસને ઉદ્દેશીને લખાયાં છે. આથી નવમા મંડળને 'पवमानसूक्तम्' એવું નામ આપવામાં આવ્યું છે.

સોમરસ આર્ય–નેતા ઈન્દ્રનું પ્રિય–પીણું છે. તે સોમપાન કરીને શત્રુઓ ઉપર તૂટી પડે છે. અને એકલા હાથે ઘણા શત્રુઓને મહાન કરી શકે છે. જો તેને સોમરસ ન મળે તો તે વ્યાકુળ બની જાય છે. જે લોકો ઈન્દ્રને સોમરસ આપે સોમપાન માટે આમંત્રણ આપે તે લોકોનાં બધાંજ અશકય કાર્યો પણ ઈન્દ્ર પાર પાડે છે. ક્ષમતા–મર્યાદા કરતાં વધુ સોમપાન કરવામાં આવે તો તેની વિકૃત અસર પણ થાય છે. એક વખત ઈન્દ્ર પણ મધુરા અને સુગંધિત સોમપાન વધારે કર્યું એટલે તેને પણ આ રીતે ભાન રહ્યું ન હતું. આ વિકૃતિની વાતોની એક અંશ તેના જ શબ્દોમાં મૂકું છે. ''જેમ વેગવાન અશ્વો રથને દૂર ખેંચી જાય તેમ સોમરસની પ્રત્યેક ઘૂંટ મને દૂર ખેંચી જાય છે. આ પૃથ્વીને હું ક્યાં રાખું ? હું મોટાઓથી પણ મોટો છું હું અંતરિક્ષ સુધી પહોંચી શકું તેમ છું કારણ કે મેં સોમરસ નું પાન કર્યું છે.[૩૯] આ શબ્દો છે સોમરસના નશામાં ચકચૂર બનેલા ઈન્દ્રના પોતે એટલે તો મદમસ્ત બની ગયો હતો કે પોતે કોણ છે. શું બોલે છે તેનું ભાન રહ્યું નથી.

માત્ર ઈન્દ્ર એકલો જ સોમાસકત હતો એવું નથી તત્કાલીન યુગનું આ સમાન્ય પીણું હતું. સમાજના બધા જ લોકો મારા નરસા પ્રસંગોએ સોમપાન કરતાં વડીલો અતિથિઓ તથા બ્રાહ્મણોનું સોમરસ આપીને તેનું સન્માન કરાતું એટલે વર્તમાન સમયના ચા ના પીણાની જેમ સર્વમાન્ય રીતે–સમાજમાન્ય રીતે સોમરસનું પાન થતું.

આટલું નહીં ઋષિઓ પણ સોમરસથી મત્ત બનતા હતા. પ્રસ્તુત છે એવા એક ઋષિએ સ્વમુખે બોલેલા શબ્દો–

**अपाम सोमममृता अभूमा गन्म ज्योतिविदाम देवान् ।**
**किं नूनमस्मान् कुणवदरातिः किमु धूर्तिरमृत मर्त्यस्य ॥**[૪૦]

અર્થાત મે સોમપાન કર્યુ છે. મેં અમરત્વ પ્રાપ્ત કર્યુ જ્યોર્તિમય સ્વર્ગની પ્રાપ્તિ મેં કરી લીધી બધાજ દેવતાઓને મે જાણી લીધા હવે કોઈ મનુષ્ય મારું શું બગાડી શકે.

આમ સોમરસનું પાન સર્વત્ર અને સામાન્ય હતું. ઉપાસક અને ઉપાસ્ય દેવતાઓ અને યજમાનનાં આ મંતવ્યો થી એકવાત તો સ્પષ્ટ થાય છે કે સોમપાન કરવાથી માનસિક ઉલ્લાસ અને સ્ફૂર્તિ આવી જાય છે. એટલે જ સૈનિકો પણ રણસંગ્રામ સમયે સોમપાન કરતા[૪૧]

### ૩.૫.૪) ઋગ્વેદકાલીન લોકોનો પહેરવેશ :

ઋગ્વેદકાલીન લોકોના પહેરવેશ વિશેના સ્પષ્ટ પ્રમાણે ઋગ્વેદમાંથી પૂણરૂપે પ્રાપ્ત થતાં નથી. પરંતુ છૂટા–છવાયા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તે મુજબ વૈદકાલીન લોકો ઉન, સુતર અને રેશમી વસ્ત્રોનો ઉપયોગ કરતા જો કે કેટલાક લોકો અજિન–બકરાનું ચામડાનું વસ્ત્ર તથા કુચ્ચની છાલનું વસ્ત્ર પહેરવાના ઉલ્લેખો મળે છે. પરંતુ આ જનસમાજનો પહેરવેશ વસ્ત્રોયજ્ઞ સમયે યજમાન અને ઋષિઓ 'अजिन्' પહેરતા મઢતો પણ 'अजिन' ધારણ કરતાં તેનાં ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૪૨]

સામાન્ય વૈદિક લોકો બે વસ્ત્રો ધારણ કરતાં એક વસ્ત્ર કમરથી નીચેના ભાગના રક્ષણ–ઢાંકવા માટે હતું. જે સીવેલું કે સીવડાવ્યા વગરનું હતું. જ્યારે બીજું વસ્ત્ર જે ઝભ્ભા જેવું હતું તે શરીરના ઉપરના ભાગને ઢાંકવામાં આવતું મોટા ભાગે પુરુષો 'उष्णीक' –પાઘડી ધારણ કરતાં સ્ત્રીઓ ક્યાં પ્રકારનાં વસ્ત્રો પહેરતી તેના સ્પષ્ટ પુરાવાઓ પ્રાપ્ત થતાં નથી.

ઋગ્વેદના સમયનું 'येजस्' નામનું કિંમતી વસ્ત્રના ઉલ્લેખો ઋગ્વેદમાં મળે છે. આ વસ્ત્ર રેશમી તથા ઝરી ભરેલું હોય છે. જો કે લગ્ન સમયે દંપતી આ વસ્ત્રોનો ઉપયોગ કરે છે. ત્યારે જળમાં પડતા સૂર્યના પ્રકાશની જેમ ચમકે છે.[૪૩]

### ૩.૫.૫) ઋગ્વેદના લોકોનાં આભૂષણો :

વૈદિક લોકો આભૂષણોનાં શોખીન હતા વિવિધ પ્રસંગો અથવા કાયમી ઘરેણાં પહેરતાં નિષ્ક ઋગ્વેદના સમયનું પ્રસિદ્ધ આભૂષણ છે. જે સુવર્ણનિર્મિત હોય છે. અને આર્યલોકો તેને ગળામાં ધારણ કરતાં.[૪૪] ત્યાર પછીનું બીજુ પ્રસિદ્ધ ઘરેણું જે ગળામાં લટકતું રહે છે. અને છાતીની શોભા વધારે છે. તેથી તેને 'रुक्मवक्षस्'[૪૫] કહેવામાં આવે છે. સુવર્ણમાંથી બનાવવામાં આવેલાં કાનમાં ધારણ કરવાનાં આભૂષણને 'कर्णशोभनम्'[૪૬] કહેવામાં આવે છે. જે વૈદિક સ્ત્રીઓને પુરુષો ધારણ કરતાં જેને આજનું કુંડળ કહેવાય તેવું હોય છે. વૈદિક લોકો વિવિધ પ્રકારનાં મોતીઓ અને મણીઓથી પરિચિત હતાં. વૈદિક સ્ત્રીઓ જુદા જુદા પ્રકારના મોતીઓ અને મણીઓથી બનાવેલી માળાઓ ધારત કરતી.[૪૭]

વૈદિક લોકો વાળ જટાજૂટ રાખતા હતા જ્યારે સ્ત્રીઓ કેશકલામાં નિપુણ હતી. વિવિધ રીતે વાળને શણગારીને ચાર પ્રકારની વેણીઓ ધારણ કરતી હતી. તેમજ વાળને

વ્યવસ્થિત રાખવા માટે આધુનિક બકલ–પીન જેવા 'ओपश' 'कुन्ब' તથા 'कुरीर' જે વાળને વ્યવસ્થિત રાખવા કેશકલાપ શણગારવામાં નિપુણ હતી.

## ૩.૫.૬) ઋગ્વેદમાં ખેતી અને પશુપાલન :

ઋગ્વેદના સમયમાં મુખ્ય વ્યવસાય ખેતી હતો. ઋગ્વેદ ૧૦ મંડળોમાં આવેલા 'अक्षरसूक्तम्' કહેવાયું છે. તેમ अक्षैः मा दीव्य कृषिमित कृषस्व....[૪૮] જેમાં ખેતી કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે. વળી આગળ કહેવાયું છે કે સ્ત્રી, સંપત્તિ અને સન્માન ખેતીમાં જ છે. તેથી મુખ્ય વ્યવસાય ખેતી હોય તેવું માની શકાય.

ઋગ્વેદના સમયમાં ખેતી મુખ્ય બે રીતે કરવામાં આવતી એક વરસાદ આધારિત અને બીજી સિંચાઈ આધારીત કુદરતી રીતે વરસતા વરસાદ પછી લોકો જમીનમાં વાવેતર કરતા હતા. તથા વરસાદની મોસમ પછી જ્યાં સિંચાઈની સગવડ હતી ત્યાં લોકો બીજા પાકનું વાવેતર કરતાં. સિંચાઈ પણ બે રીતે થતી નદીઓ, નાળાઓ, તળાવો દ્વારા અને બીજી રીતે કૂવાઓ દ્વારા પિયત આપવામાં આવતું તેના માટે ઋગ્વેદમાં कूप શબ્દનો પ્રયોગ જોવા મળે છે.[૪૯] ખેતીમાં ગાયના ગોબર છાણનો ઉપયોગ ખાતર તરીકે થતો હતો. પાક તૈયાર થતાં યોગ્ય સમયે તેની કાંપણી કરીને એક જગ્યાએ એકઠો કરી તેને મસળી કે પીલીને તેમાંથી ધાન્ય છૂટું પાડવામાં આવતું આ સમયે ખેતી મુખ્ય પાકો તરીકે ब्रीहि–ડાંગર मुद्ग–અડદ मीष–મગ श्यामक–સાંબો તથા तिल–તલનું વાવેતર –ઉત્પાદન પુષ્કળ પ્રમાણમાં થતું હતું.

ખેતીની સાથે પૂરક વ્યવસાય તરીકે પશુપાલનનો વ્યવસાય કરવામાં આવતો. પશુઓમાં ગાય, ભેંસ, બકરી, બળદો, અ✓ો, તથા ગધેડાં મુખ્ય હતાં તેમાં બધાં જ પશુઓમાં ગાયનું સ્થાન માતૃવત્ હતું. તેની પૂજા કરવામાં આવતી બળદો ખેતી કામમાં વપરાતા તથા ગાયનું દૂધ ભોજનમાં ઉપયોગમાં લેવાતું ધનસંપત્તિમાં ગાયોની ગણતરી થતી જેની પાસે ઘણી ગોયો હતી. તેઓ ધનવાન ગણાતા કોઈ વસ્તુઓનું મૂલ્ય ગાયોમાં અંકાતું ઋગ્વેદમાં કહેવાયું છે કે એવો ક્યો માનવી છે કે જે મારી ગાયો ખરીદી શકે[૫૦] આમ બધાં પશુઓમાં ગાયનું સ્થાન મહત્ત્વપૂર્ણ હતું.

ખેતી પશુપાલનની સાથે–સાથે પરંપરાગત વ્યવસાય પણ કરવામાં આવતો. ઋગ્વેદમાં વ્યવસાય સાથે જોડાયેલા લોકોનાં નામ પ્રાપ્તિ થાય છે. જેમ કે तक्षन्–સુથાર,

કર્માર–લુહાર, ભિષક–વૈદ્ય, રથકાર–રથ બનાવનાર તેમ જ બુનકર–વણકર. બધા જ વ્યવસાયો કરતાં પરુષ્ણી–રાવી નદીના કિનારે રહેતા વણકરો વણાટનું કામ કરતાં જોકે તેઓ સુતર અને ઊનનાં વસ્ત્રો બનાવના અને આ કામ મોટા–ભાગે વણકર સ્ત્રીઓ કરતી એવા સ્પષ્ટ પુરાવાઓ મળે છે.[૫૧] ઋગ્વેદમાં વણકર માટે ખાસ વાસો વાપ[૫૨] એવા શબ્દનો પ્રયોગ થયો છે.

આમ ઋગ્વેદકાળના લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી હતી અને પૂરક વ્યવસાય તરીકે પશુપાલનનો ઉલ્લેખ મળેછે. સાથે–સાથે પરંપરાગત વ્યવસાયો સાથે લોકો જોડાયેલા હતાં. અને વણકરો વસ્ત્રો વણવાનું કાર્ય કરતા.

### ૩.૫.૭) ઋગ્વેદકાલીન વેપાર :

ઋગ્વેદમાં વ્યાપાર પ્રથા જોવા મળે છે. યતિ કે પણય નામની અનાર્ય પ્રજા વ્યાપાર સાથે જોડાયેલ હતી. તેઓ વ્યાપાર કુશળ પ્રજા હતી. તત્કાલીન યુગમાં ચલણ–નાણું ન હતું પરંતુ વિનિમયપ્રથા હતી. વસ્તુઓના બદલામાં વસ્તુઓ મળતી અલબત્ત અમુક રીતે સિક્કાઓ પણ ચલણમાં હતાં. તેમજ ગાયો પણ વેપારનું માધ્યમ હતી. પણિ લોકો જળ માર્ગે અથવા જમીન માર્ગે વ્યાપાર કર્તા હતા. સિન્ધુ અને પુરુષ્ણી નદીના કિનારે રહેતા વણકરો દ્વારા તૈયાર કરવામાં આવેલાં ઊન અને સુતરાઉ કાપડનો ભારતવર્ષમાં વેપાર થતો હતો.

ઋગ્વેદના સમયમાં બજારમાં મૂકવામાં આવતી વસ્તુઓમાં ભગવાનની મૂર્તિઓ[૫૩] પણ વહેંચવામાં આવતી. જો કે ભગવાનની મૂર્તિઓ હતી તેના સ્પષ્ટ પુરાવા થતા નથી. તેમજ સોમલતા જે માંથી સોમરસ તૈયાર કરવામાં આવતો તેનું જાહેરમાં વેચાણ થતું હતું ગ્રાહક અને વેપારી બન્ને પ્રામાણિક હતા. ગ્રાહક અને વેપારી વચ્ચે કોઈ વસ્તુઓનો ભાવ નક્કી થતો અથવા કોઈ વસ્તુઓનો સોદો થતો તેને કોઈ પણ સંજોગોમાં ફોગટ ગણવામાં આવતો નહીં.[૫૪] માલ–સમાનની હેરાફેરી (ટ્રન્સપોર્ટ) માટે પશુઓના ઉપયોગ થયાના પુરાવાઓ પ્રાપ્ત થાય છે. જેમાં બળદો[૫૫], ઘોડાઓ[૫૬], રાસભ[૫૭], ગધેડાઓ તથા મહિષી[૫૮]–ભેંસ ના ઉલ્લેખો જોવા મળે છે.

ઋગ્વેદના સમયમાં દરિયાઈ–માર્ગે વ્યાપારના પુરાવાઓ પણ જોવા મળે છે. કારણ કે ઋગ્વેદમાં નાવ જે સામાન્ય પ્રકારની હોય છે. તેમજ શતારિત્રા –વિશાળ નૌકાના

ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.[૫૯] વેપારમાં પણિઓ વ્યાપારની સાથે વ્યાજ વટાવનો ધંધો કરતા હતા. તેમ જ ઊંચા વ્યાજના દરે પૈસા વસૂલ કરતા હતા.[૬૦]

### ૩.૫.૮) ઋગ્વેદકાલીન નારી :

ઋગ્વેદના સમયમાં ગૃહવ્યવસ્થામાં નારીનું સ્થાન મુખ્ય હતું. દુહિતા–પત્ની અને માતાના રૂપમાં તેને માન–સન્માન મળતું जाये दस्तम्–અર્થાત પત્ની જ ઘરે છે તેવી ઉદાત્ત ભાવના જોવા મળતી હતી. સ્ત્રીને સહધર્મચારિણીનો રૂપમાં સ્વીકારવામાં આવતી હતી. એટલા માટે જ કહેવાયું છે. अयज्ञो वा ह्येषा योऽपत्नीकः।[૬૧] સ્ત્રીને ગૃહલક્ષ્મી ગણીને કોઈ પણ સારાપ્રસંગે સાથે લઈ જવામાં આવતી.

ઋગ્વેદના સમયમાં સ્ત્રીશિક્ષણ અને કેળવણી માટે કોઈ બંધન ન હતું. તેને વિવિધ કલાઓનું શિક્ષણ આપવામાં આવતું. કાવ્યસર્જન, સંગીતકલા, નૃત્ય કલા, વગેરેમાં તત્કાલીન સ્ત્રીઓ નિપુણતા પ્રાપ્ત કરતી. ઋગ્વેદમાં આવતા ઋષિકાઓ નામોથી તત્કાલીન સ્ત્રીઓ કેટલી પ્રભાવશાળી હશે તેનો ખ્યાલ અવો છે. જેમાં 'घोषा' નામની ઋષિકા તેના ૧૦ મંડળનાં ૩૯ અને ૪૦ આ બે સૂક્તોના સર્જનથી પ્રસિદ્ધ છે. તેમજ લોપામુદ્રાનામની સ્ત્રી લેખિકાએ તેના પતિ અગસ્ત્ય સાથે મળીને ॥૧૦–૧૭૧॥ સૂક્તનું સર્જન કર્યું आपाला અને रोमशा પણ ઋગ્વેદની સ્ત્રી લેખિકાઓ જ છે. ને ?

આમ ઉપરોક્ત રીતે નોંધ્યું તેમ ઋગ્વેદીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન વ્યવસ્થિત હતું. જો કે સ્ત્રીઓનું સ્વતંત્ર અસ્તિત્વ શક્ય ન હતું. તે કન્યા અવસ્થામાં પિતાની સાથે અને લગ્નબાદ પતિતી સાથે રહે છે. પતિ પરાયણ સ્ત્રીનું સમાજમાં સન્માન હતું. વ્યભિચારાદી ઘેષો સ્ત્રીચરિત્રોમાં જોવા મળતા ન હતા નૈતિકતાનું સ્તર ઊંચું હતું. જો કે આ નિયમ ભંગના આપવાદો પણ ઋગ્વેદમાં જોવા મળે છે.

### ૩.૫.૯) ઋગ્વેદીય રાજ્યશાસન વ્યવસ્થા :

ઋગ્વેદકાલીન સમાજમાં પ્રત્યેક જન–જાતિનો અધિપતિ રાજા ગણાતો હતો. જો કે રાજસત્તાનો દુર્ભાવ યુધ્ધ સાથે સંબંધ ધરાવે છે. ઐતરેય બ્રાહ્મણ અનુસાર જાઈએ તો આર્યોએ એવું વિચાર્યું કે અસુરોના હાથે આપણો પરાજય થાય છે. તેનું કારણ આપણે રાજા વિહીન છીએ. તેથી શક્તિ શાળી વ્યક્તિ ઈન્દ્રને આર્યોએ પોતાનો રાજા બનાવ્યો.[૬૨] ઋગ્વેદમાં પાંચ આર્યજાતિઓના રાજાનાં નામો પ્રાપ્ત થાય છે. તે જેવા કે अनु द्रुह्यु,

यदु, तुर्वशु अने पुरु। ઋગ્વેદકાલીન લોકોની શાસનવ્યવસ્થા કેવી હતી. તે નીચે મુજબ જોઈએ.

## (૧) રાજા :

ઋગ્વેદમાં આપેલા મંત્રોના આધારે કહી શકાય કે રાજ્યના કુશળ શાસન માટે રાજાની પસંદગી કરવામાં આવતી. રાજ્યસત્તા વારસાગત ન હતી. રાજા પ્રજા સમકક્ષ પ્રતિજ્ઞા કરતો કે હું કોઈ પણ ભોગે રાજ્યના આંતરિક અને બાહ્ય શત્રુઓથી પ્રજાનું રક્ષણ કરીશ. અને આ પ્રતિજ્ઞાનું પૂર્ણપણે પાલન કરતો. પ્રજા તેના બદલામાં રાજ્યને વિવિધ પ્રકારના કર(TEX) આપતી. પ્રજાઓના વિવિધ વિવાદો–ઝઘડાઓમાં ન્યાય કરવાનું કામ રાજાનું હતું. રાજા રાજ્યસંચાલન માટે અલગ–અલગ મંત્રીઓની નિમણૂક કરતો. આ મંત્રીઓમાં પુરોહિતનું સ્થાન અતિ મહત્ત્વનું હતું. યુધ્ધ કે સંગ્રામોના પ્રસંગે પુરોહિત રાજાઓની સાથે જતો અને રાજાના વિજય માટે દેવતાઓને સ્તુતિ યજ્ઞાદિવડે પ્રસન્ન કરતો. ઋગ્વેદમાં दाशराज्ञयुध्ध પ્રસંગે રાજા સુદાસ સાથે તેના પુરોહિત વસિષ્ટ હતા. તેમાં સુદાસનો વિજય થયો હતો.[૬૩]

## (૨) સભા અને સમિતિ :

ઋગ્વેદના સમયમાં રાજાએ પ્રજાનો આરાધ્ય દેવ કહેવાતો હતો. પરંતુ કોઈ પણ નિર્ણય પોતે એકલો કરી શકતો નહી. પ્રજા દ્વારા રાજા ઉપરાંત સભા અને સમિતિ આ બે સંસ્થાઓની સ્થાપના કરવામાં આવતી. જે રાજા ઉપર નિયંત્રણ રાખતી અને રાજાનાં કાર્યમાં સહકાર આપતી સમિતિમાં અનિવાર્ય રીતે હાજરી આપતી એ રાજાના કર્તવ્યોમાં એક હતું. જેમ કે राजा न सत्यः समितिरियानः।[૬૪] તેની રચના કોણ કરતું તેના સ્પષ્ટ ઉલ્લેખો મંત્રોમાંથી મળતા નથી. એટલે વર્તમાન સંસદ અને રાજ્યસભા જેવી આ બે સંસ્થાઓ હશે અને પ્રજા દ્વારા જ તેનું નિર્માણ થતું હશે એવું અનુમાન કરી શકાય.

જ્યારે જ્યારે કોઈ નીતિવિશેષક નિર્ણય લેવાનો હોય ત્યારે આ સભા અને સમિતિની સંયુક્ત બેઠક મળતી તેમાં કોઈ પ્રશ્ન બાબતે વાદ–વિવાદ પણ થતો હતો. તેમાં સર્વસંમતિથી કોઈપણ નિર્ણય કરવામાં આવતો બધાજ સદસ્યો આ નિર્ણયનો સ્વીકાર કરતાં તેનું ઉલ્લંઘન કરી શકતો નહીં.

## (૩) સંગ્રામ અને શસ્ત્રો :

ઋગ્વેદકાલીન સમાજ સંગ્રામપ્રિય હતો. તેને યુદ્ધની વિવિધ પદ્ધતિઓનું જ્ઞાન હતું. ઋગ્વેદમાં અસંખ્ય યુદ્ધોનાં વર્ણનો આવે છે. આ બધાં યુધ્ધોમાં દાશરાજ્ઞ યુદ્ધ પ્રસિદ્ધ છે. જે દશરાજાઓની વચ્ચે થયું હતું. તે આર્ય રાજા સુદાસ નો વિજય થયો હતો. કારણ કે તેના પુરોહિત વસિષ્ઠ હતા. વસિષ્ઠ એટલે અતિ–બુધ્ધિશાળી વ્યક્તિ તેની આજ્ઞા અને માર્ગદર્શન પ્રમાણે કાર્ય કરવાથી સુદાસનો વિજય થયો હતો. આ ઉપરાંત આર્યોના પક્ષે ઈન્દ્રનો સાથ સહકાર હોવાથી આર્યોના વિજય થતો રહ્યો. જેમાં અનાર્ય રાજા શમ્બરે ઈન્દ્ર સાથે ૪૦ વર્ષ સુધી સંઘર્ષ ચાલુ રાખ્યો અને ઈન્દ્રને હાથે ૯૯૯ નગરો સહિત શમ્બરનો વધ થયો. ઋગ્વેદના લોકો વિવિધ હથિયારો થી પરિચિત હતાં. તથા ઉપયોગ પણ તેઓ જાણતા હતાં. એટલે કે તેઓ ધનુષ્ય, બાણ, છરીઓ–ભાલાઓ નો ઉપયોગ પણ કરતાં હતા. ઈન્દ્ર વજ્ર ધારણ કરતો યુધ્ધના સમયમાં રથ થતાં અ✓નો ઉપયોગ થતો હતો.

## (૪) રાષ્ટ્ર ભાવના :

ઋગ્વેદના સમયમાં રાષ્ટ્રભાવના પ્રબળ હતી. કોઈપણ ભોગે સ્વરાષ્ટ્રનો વિકાસ, રાષ્ટ્રની સંપત્તિનું રક્ષણ કરવાની ભાવના હતી. અરે રાષ્ટ્ર નહી વિશ્વ કલ્યાણ માટે પ્રાર્થના પણ કરવામાં કોઈ પણ સમાજ રાગ દ્વેષથી પર રહિને વિશ્વ કલ્યાણ માટે તત્પર હતો. એકાદ મંત્ર નોંધીયે.

**सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।**
**देवा भागं यथा पूर्व संजानाना उपासते ॥**[૬૫]

પ્રસ્તુત મંત્રોમાં પ્રાર્થના કરતાં ઋષિઓ કહે છે કે હે ભગવાન ! અમારું ચાલવાનું સમાન હો, બોલવાનું સમાન હો, સમાન હૃદયવાળા બનીને રાષ્ટ્રમાં ઉત્પન્ન થયેલા ધનસંપત્તિનો સમાન ઉપયોગ કરીએ. અમારી દરેક પ્રવૃત્તિઓ રાગદ્વેષ રહિત થઈ પ્રેમ યુક્ત હો.[૬૬] તેમજ અમે કોઈપણ ભોગે રાષ્ટ્રભૂમિનું રક્ષણ કરવા સમર્થ રહીએ. આ પ્રકારની ઉદાત્ત રાષ્ટ્રભાવનાના મંત્રો ઋગ્વેદમાં ઘણા જોવા મળે છે.

## ૩.૫.૧૦) ઋગ્વેદકાલીન લોકોનું ભોજન :

ઋગ્વેદના લોકોનું ભોજન શુદ્ધ–સાદું અને સાત્ત્વિક હતું. મોટા ભાગે લોકો જવની રોટલી અને ભાત ખાતા હતા. જવને દળીને કે પીસીને તેની રોટલી બનાવવામાં આવતી.[૬૭] દૂધ–દહીં–ઘી પણ છૂટથી ભોજનમાં લેવાના સાથે–સાથે તત્કાલીન લોકો માંસ ભક્ષણ કરતાં હતા.[૬૮] વૈદિક લોકો ભોજનમાં અનાજની સાથે ફળોનો પણ ઉપયોગ કરતા. પરંતુ આ ફળો પોતે ઉગાડતા કે જંગલમાંથી કુદરતી રીતે પ્રાપ્ત થતા તેના કોઈ ઉલ્લેખો પ્રાપ્ત થતા નથી. પરંતુ ઋગ્વેદકાલીન લોકોને પીપળનાં ફળ બહુ ગમતા. તેના ઉલ્લેખો ઋગ્વેદમાં જોવા મળે છે.[૬૯]

## ૩.૫.૧૧) ઋગ્વેદના સમાજનાં દૂષણો/માન્યતાઓ :

ઋગ્વેદના સમયમાં વિવિધ પ્રકારનાં દૂષણો જેવા કે જુગાર, સોમપાન અને માંસ–મદિરાની ટેવો હતી. એના પુરાવાઓ ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. જુગાર જેવાં દૂષણો સામે લોકો જાગૃત પણ હતાં. આ ઉપરાંત ઊંચા વ્યાજે પૈસા આપવાનો ધંધો પણિઓ કરતા હતા.

ઋગ્વેદના અમુક મંત્રોમાં તત્કાલિન લોકોની માન્યતાઓ વહેમો વગેરે જોવા મળે છે. જેમ કે ‘सपत्नीबाधनसूक्तम्’ જેના મંત્રોમાં પોતાના પતિને સપત્નીઓથી પોતાના તરફ કેમ વાળવો તેના મંત્રો આપવામાં આવ્યા છે. જેમ કે सपत्नीं मे परा धम पतिं मे केवलं कुढ।[૭૦] લોકો સ્વપ્નમાં માનતા હતા. નિદ્રાવસ્થામાં આવેલાં ખરાબ સ્વપ્ન ભવિષ્યમાં સાચાં પડે છે. એટલે તેને નિવારણ માટેના મંત્રો પણ જોવા મળે છે. મૃત્યુ પામેલા માણસને સ્વર્ગમાં શાંતિ મળે એ માટે વિવિધ વિધિઓ સમાજમાં પ્રચલિત હતી.[૭૧] ચંચળ અને ભટકતા મનને અટકાવી તેને એકાગ્ર કરવાના વિવિધ મંત્રોમાં લોકોને શ્રદ્ધા હતી.[૭૨]

સ્વર્ગ અને નરક અસ્તિત્વ ધરાવે છે એવી માન્યતા હતી. સારાં કર્મો કરનારને સ્વર્ગમાં વાસ થાય છે જ્યારે ખરાબ ખરાબ કર્મો કરનારને નરક પ્રાપ્ત થાય છે એવું મનાતું. ખોટું બોલવું વર્જ્ય ગણાતું અને ખોટું બોલનાર વ્યક્તિ વઢણના સો પાશથી બંધાય છે અને નરકમાં પડે છે તેવી માન્યતા હતી.

લોકો સંતાનપ્રાપ્તિમાં બહુ ભેદભાવ રાખતા હતા. કુટુંબના દીકરી કરતાં દીકરાને પ્રાધાન્ય અપાતું. કન્યાવિદાય સમયે જ તેને આશીર્વાદ આપતા. કહેવાતું ''તું દસપુત્રની માતા બનજે''. આ રીતે પુત્રપ્રાપ્તિની ઘેલછા તે લોકોમાં જોવા મળતી.

### ૩.૫.૧૨) ઋગ્વેદના લોકોના ધર્મ :

'ધર્મ' શબ્દનો અર્થ આપવો બહુ મુશ્કેલ છે. પરંતુ ઋગ્વેદનો જ્યાં સુધી સવાલ છે ત્યાં સુધી તેમાં કોઈ સંકુચિતતા કે સંપ્રદાયના અર્થમાં તેનો પ્રયોગ થયો છે. પરંતુ ધર્મ विश्वस्य जगतः प्रतिष्ठाः। એવું માનવામાં આવતું. વેદ માન્ય કોઈપણ કર્મને ધર્મ કહેવામાં આવે છે. જ્યારે यतोऽभ्युदयनिःश्रेयससिद्धिः सः धर्म– એવી ભવ્યોદાત્ત ભાવના જોવા મળતી.

વૈદિક સમાજ ધર્મપ્રધાન જાતિ હતી. તેને વૈદિક દેવતાઓ પ્રત્યે અપાર શ્રદ્ધા હતી. એટલે જ તેઓ પ્રકૃતિનાં વિવિધ તત્ત્વોમાં દેવતાઓનું આરોપણ કરીને તેની દેવતાઓના રૂપમાં પ્રાર્થના કરી છે. એટલે ઋગ્વેદના ૧૦૫૨૮ મંત્રોમાં ૯૦૦૦ મંત્રોમાં ઋષિઓએ અલગ–અલગ દેવતાઓ જેવા કે ઈન્દ્ર, અગ્નિ, વરુણ, સોમ, પૃથિવી, મરુત, અશ્વિનૌ જેવા દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના કરી છે.

વૈદિક ધર્મની બીજી વિશેષતા એ જોવા મળે છે લોકોને વજ્ઞોમાં ખૂબ જ શ્રદ્ધા હતી. તત્કાલીન સમયમાં દેવતાઓને પ્રસન્ન કરવા માટે વિવિધ પ્રકારના યજ્ઞો થતા હતા. લોકો પોતાનું ઈચ્છિત ધ્યેય યજ્ઞો કરી વિવિધ દેવતાઓને પ્રસન્ન કરી પ્રાપ્ત કરતાં હતાં.

આમ હોવાં છતાં ઋગ્વેદના મંત્રો એક બીજો સમૂહ જે આર્યોના આ પ્રકારના કાર્યોમાં સાથ–સહકાર ન આપનાર અનાર્યો હતાં. તેઓને આ દેવતાઓમાં વિશ્વાસ ન હતો. દેવતાઓની સત્તા અને સામર્થ્યનો તેઓ સ્વીકાર કરતા ન હતાં. દાન ધર્મમાં માનતા ન હતા. યજ્ઞો પણ કરતા ન હતા. તેઓ લિંગપૂજા કરતા હતા. શક્ય છે કે તેને તેઓના કોઈ ધર્મ–માન્યતામાં શ્રદ્ધા હશે એટલે તેઓ જ દેવતાઓની સત્તા સ્વીકારતા નથી. ઋગ્વેદમાં પણિઓ જ ઈન્દ્રને ઓળખતા પણ નથી. તેઓ સરમાને કહે છે તારો સ્વામી કેવો છે ? તેનો પ્રભાવ કેવો છે ? આ ઉપરથી કહી શકાય કે ઈન્દ્રનો જો અનાર્યો ઉપર પ્રભાવ ન હોય તો તેઓ અન્ય દેવતાઓને કદાચ જાણતા જ નહીં હોય.

આમ એકંદરે જોઈએ તો તત્કાલીન બે વર્ગો આર્યો અને અનાર્યો પોત–પોતાનાં અંગત મંતવ્યોના આધારે જીવન જીવતા હતા. તેઓ પોતાને જે પ્રિય છે–શ્રુતિમાન્ય છે તેવા ધર્મને વરેલા હતા. જ્યારે અનાર્યો પોતાની સંસ્કૃતિ અને માન્યતાથી જીવન જીવતા આમ બહુજન હિતાય–બહુજન સુખાય એ ઋગ્વેદનો ધર્મનો પ્રધાન સૂર હોય તેવું જણાય છે.

## ૩.૬) સારાંશ–નિષ્કર્ષ :

આમ સમગ્ર પ્રકરણનું સમાન કરતાં કહી શકાય કે વેદો અમૂલ્ય જ્ઞાનરાશિ છે. તેમાંથી તેનાના અર્થનું ગ્રહણ–તેનું અર્થઘટન કરવું એ માનવીની બુદ્ધિથી પર છે. કેમ કે તે ક્રાન્તદષ્ટા ઋષિઓનું આગવું સર્જન–દર્શન છે. છતાં માનવી તેના શબ્દોનું પોતાની રીતે અર્થઘટન કરી શકે એ માટે યાસ્કે ૭ પદ્ધતિઓ બતાવી છે. આ પ્રકરણની બીજી મહત્ત્વની વાત છે તત્કાલીન સમાજ જીવન તે માટે કહી શકાય કે તે સમાજના વિભાજન મુજબ બે વર્ગો જોવા મળે છે. તેઓની અલગ–અલગ માન્યતાઓ અને વિચારણસરણિના લીધે બન્ને વચ્ચે મનભેદ પણ જોવા મળે છે. છતાં પણ એકંદરે ભાઈ–ચારાની ઉદાત્ત ભાવના અભિવ્યક્ત થતી જોવા મળે છે. જેમ કે सं गच्छध्वं सं वदध्वं। तथा स्वस्ति पथानुचरेम्।–તેમજ ગૃહસ્થાશ્રમનું સૌથી વધારે મહત્ત્વ આપવામાં આવતું. પશુપાલન–ખેતી–વ્યાપાર અને પંરપરાગત વ્યવસાયો કુશળતાપૂર્વક થતા હતા. એકંદરે સમાજ જીવો અને જીવવા દો ની ભાવના સાથે જીવતો હતો.

❑

૧. ऋग्वेदसंहिता ॥१०-७१-१०॥

૨. एतरेयब्राह्मणम् ॥३-२॥

૩. अन्ये य ऋषयोयत्र हष्टिलिङ्ग। ऋग्वेदसर्वानुक्रमणि-॥५-४४॥

૪. ऋग्वेदसंहिता ॥१-१६४-३९॥

૫. निढक्तम् ॥२-१६॥

૬. ऋग्वेदसंहिता ॥१-१६४-३२॥

૭. यास्कनिढक्तम् ॥२-२॥

૮. ऋग्वेदसंहिता ॥१-१६४-४५॥

૯. ऋग्वेदसंहिता ॥७-१८-३३॥ ॥७-१८-८३॥

૧૦. काव्यादर्श ॥१-३॥

૧૧. वैदिकछन्दमीमांसा पृ. १२, अमृतशर-१९५९

૧૨. निढक्तम् ॥७-१२॥

૧૩. काव्यादर्श दण्डीन्

૧૪. काव्यप्रकाश ॥१०-९-॥

૧૫. ऋग्वेदसंहिता ॥१०-१०६-६॥

૧૬. ऋग्वेदसंहिता ॥१०-७१-४॥

૧૭. ऋग्वेदसंहिता ॥१०-१२७-७॥

૧૮. ऋग्वेदसंहिता ॥१०-१२१-२॥

૧૯. नाट्यशास्त्रम् ॥६-३॥

૨૦. साहित्यदर्पणम् ॥३-१०॥

૨૧. नीतिशतकम् ॥२०॥

૨૨. ऋग्वेदसंहिता ॥१-१२३-१०॥

૨૩. ऋग्वेदसंहिता ॥१०-९५-१६॥

૨૪. ऋग्वेदसंहिता ॥१०-१०-७॥

૨૫. ऋग्वेदसंहिता ॥१०-५६-६॥

૨૬. ऋग्वेदसंहिता ॥४-३०-१४॥

२७. ऋग्वेदसंहिता ॥१०–३४–१०॥
२८. ऋग्वेदसंहिता ॥१०–१८–८॥
२९. ऋग्वेदसंहिता ॥१०–१०–९॥
૩૦. વૈદિક સાહિત્યનો ઈતિહાસ, પ્રાશ્વપ્રકાશન–પૃ. ૯૩ (૨૦૦૩)
૩૧. ऋग्वेदसंहिता ॥१–३३–३॥
૩૨. ऋग्वेदसंहिता ॥१–५१–८॥
૩૩. ऋग्वेदसंहिता ॥१–२९–५॥
૩૪. ऋग्वेदसंहिता ॥१०–८५–४५॥
૩૫. ऋग्वेदसंहिता ॥३–३१–१॥
૩૬. ऋग्वेदसंहिता ॥१०–८५–४६॥
૩૭. ऋग्वेदसंहिता ॥१–७१–१॥
૩૮. ऋग्वेदसंहिता ॥७–१२६–३॥
૩૯. ऋग्वेदसंहिता ॥१०–११९॥
૪૦. ऋग्वेदसंहिता ॥८–४८–३॥
૪૧. ऋग्वेदसंहिता ॥९–१०६–२॥
૪૨. ऋग्वेदसंहिता ॥१–३३–१०॥
૪૩. ऋग्वेदसंहिता ॥८–३१–८॥
૪૪. ऋग्वेदसंहिता ॥२–३३–१०॥
૪૫. ऋग्वेदसंहिता ॥२–३४–२॥
૪૬. ऋग्वेदसंहिता ॥८–७८–३॥
૪૭. ऋग्वेदसंहिता ॥१०–३३–८॥
૪૮. ऋग्वेदसंहिता ॥१०–१०५–१७॥
૪૯. ऋग्वेदसंहिता ॥१०–१०४–१६॥
૫૦. ऋग्वेदसंहिता ॥४–२४–१०॥
૫૧. ऋग्वेदसंहिता ॥१०–२६–६॥
૫૨. ऋग्वेदसंहिता ॥१७–२६–६॥
૫૩. ऋग्वेदसंहिता ॥४–२४–१०॥
૫૪. ऋग्वेदसंहिता ॥४–२४–९॥

૫૫. ऋग्वेदसंहिता ॥८-४६-३०॥

૫૬. ऋग्वेदसंहिता ॥१-१०४-२॥

૫૭. ऋग्वेदसंहिता ॥१-१०४-२॥

૫૮. ऋग्वेदसंहिता ॥१-३९-९॥

૫૯. ऋग्वेदसंहिता ॥१-११६-५॥

૬૦. ऋग्वेदसंहिता ॥८-६६-१०॥

૬૧. तैतिरीयब्राह्मणम् ॥२-२-२-६॥

૬૨. एतरेयब्राह्मणम् ॥१-१४॥

૬૩. ऋग्वेदसंहिता ॥७-८३-४॥

૬૪. ऋग्वेदसंहिता ॥८-२२-२-६॥

૬૫. ऋग्वेदसंहिता ॥१०-१९१-२॥

૬૬. ऋग्वेदसंहिता ॥१०-१७-१०॥

૬૭. ऋग्वेदसंहिता ॥४-१५-४॥

૬૮. आश्चर्य न होगा कि विषम ऋतु के प्रभावसे अपनी रक्षा के निर्मित आर्यलोग कभी-कभी धृतपक भोजन के साथ मांस का भी सेवन करते थे।

**ધ–૧૯૬૭–વૈદિક સાહિત્ય ઔર સંસ્કૃતિ, પૃ.–૪૩૭, શારદામંદિર–કાશી**

૬૯. ऋग्वेदसंहिता ॥१७-११३॥

૭૦. ऋग्वेदसंहिता ॥१०-१४५-३॥

૭૧. ऋग्वेदसंहिता ॥१०-१६-१०+१८॥

૭૨. ऋग्वेदसंहिता ॥१०-५८-१-१२॥

○○○

# અધ્યાયઃ ચતુર્થ
# ઋગ્વેદમાં જોવા
# મળતા આર્ય–અનાર્ય ઉલ્લેખો

---


૪.૧ પૂર્વભૂમિકા

૪.૨ 'આર્ય' શબ્દની સમજૂતી

૪.૩ 'અનાર્ય' શબ્દની સમજૂતી

૪.૪ આર્યોનું આગમન

૪.૩.૧ આર્યોનું નિવાસસ્થાન

૪.૫ ઋગ્વેદમાં જોવા મળતા 'આર્ય' શબ્દના ઉલ્લેખો

૪.૬ આર્યો કોણ હતા ?

૪.૭ ઋગ્વેદમાં જોવા મળતી આર્યજાતિઓ

૪.૭.૧ आर्यजाति पुढ ।

૪.૭.૨ आर्यजाति तृत्सु ।

૪.૭.૩ આર્યજાતિ યદુ અને તુર્વશ

૪.૭.૪ આર્ય અનુ અને દુહ્યુ

૪.૮ આર્યનેતા તરીકે ઈન્દ્રની ભૂમિકા

૪.૮.૧ ઈન્દ્રનો જન્મ

૪.૮.૨ ઋગ્વેદ અનુસાર ઈન્દ્રના પિતા

૪.૮.૩ ઈન્દ્રની માતા

૪.૮.૪ ઈન્દ્રની પત્ની

૪.૮.૫ ઈન્દ્ર માટે પ્રયોજાતા વિશેષણ

૪.૮.૬ ઈન્દ્રનો દેખાવ

૪.૮.૭ ઈન્દ્રનો ખોરાક

૪.૮.૮ સોમપાન કરતો ઈન્દ્ર

૪.૮.૯ નારીલોલુપ ઈન્દ્ર

૪.૮.૧૦ ઋગ્વેદ અનુસાર ઈન્દ્રનું કાર્ય

૪.૮.૧૧ ઈન્દ્રની પ્રશંસા પ્રિયતા

૪.૮.૧૨ ઈન્દ્રની યુદ્ધ લાલસા

૪.૯ આર્યનેતા ઈન્દ્રના વ્યક્તિત્વની વિકાસ યાત્રા

૪.૯.૧ દેવતાઓની ઉત્પત્તિ અને વિભાજન

૪.૯.૨ ઈન્દ્રના વ્યક્તિતત્વનો વિકાસ

૪.૧૦ વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ

૪.૧૦.૧ કટલ હુયુક સભ્યતા

૪.૧૦.૨ અસુરીય સભ્યતા

૪.૧૦.3 મિસ્ર સભ્યતા

૪.૧૦.૪ સિંધુખીણની સભ્યતા

૪.૧૧ અનાર્ય જાતિઓ

૪.૧૧.૧ शम्बर ।

૪.૧૧.૨ दस्यु: ।

૪.૧૧.3 दास ।

૪.૧૧.૪ पणि के पणयः ।

૪.૧૧.૫ पिप्रु ।

૪.૧૧.૬ नमुचि ।

૪.૧૧.૭ वर्चिन् ।

૪.૧૧.૮ कुयवः ।

૪.૧૧.૯ धुनि और चुमुरि ।

૪.૧૧.૧૦ वृत्र ।

૪.૧૧.૧૧ इलीविशः ।

૪.૧૦.૧૨ અન્ય અનાર્ય જાતિઓ

૪.૧૨ સારાંશ નિષ્કર્ષ

❍ પાદટીપ

## અધ્યાયઃ ચતુર્થ

# ઋગ્વેદમાં જોવા મળતા આર્ય–અનાર્ય ઉલ્લેખો

### ૪.૧) પૂર્વભૂમિકા :

सं गच्छध्वं संवदध्वं सं वो मनांसि जानताम् ।[1]
समानि वः आकृति समाना हृदयानि वः ।
समानमस्तु वः मना यथा वः सुसहासितम् ॥[2]

ઋગ્વેદના આ મંત્રોમાં એક સામૂહિક પ્રયાસ સયુક્ત રીતે વિકાસ તરફનો સામૂહિક પ્રયાસ છે. સમગ્ર જગતની ચેતના ભાવનાઓની જ તેની સંસ્કૃતિ છે. આવા અમૂલ્ય સિદ્ધાંતો જગતને ભેટ આપે છે ભારતીય વેદો.

આ વેદોની સંખ્યા ચાર છે. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ. પ્રાચીનતાની દષ્ટિએ જોઈએ તો બધા જ વેદોમાં ઋગ્વેદ એ સૌથી પ્રાચીન છે. તેમાં ૧૦ મંડળોમાં ૧૦૨૮ સૂક્તોમાં ૧૦૫૨૮ મંત્રો આવેલા છે. ભારતીય તત્ત્વ દષ્ટા ઋષિઓ દ્વારા તેનું દર્શન–સર્જન કર્યું છે.

ઋગ્વેદસંહિતાનો પ્રતિપાદ્ય વિષય જોઈએ તો તેમાં અલગ–અલગ વિષયોનું નિરૂપણ કરેલું જોવા મળે છે. તેમાં મુખ્યત્વે દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના જોવા મળે છે. આર્યો જ્યારે ભારતવર્ષની ભૂમિમાં પ્રવેશ્યા ત્યારે પ્રકૃતિનાં જે તત્ત્વોએ તેને પ્રભાવિત કર્યા તેને દેવતાઓના સ્વરૂપમાં કલ્પી–તેની ઉપાસના શરૂ કરી. આથી ઋગ્વેદના મોટા ભાગના મંત્રો દેવતાઓ વિષયક છે. ઋગ્વેદના કેટલાંક સૂક્તો સંવાદોની જેમ રજૂ થયેલાં છે. આથી આ સૂક્તોને સંવાદસૂક્તો કહેવામાં આવે છે. કેટલાંક સૂક્તોમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક કલ્પના કરવામાં આવી છે. જ્યારે અમુક સૂક્તોમાં સામાજિક સમસ્યાઓ અને તેનું નિવારણ બતાવવામાં આવ્યું છે. જેમકે 'અક્ષસૂક્તમ્', 'સપત્નીબાધનમ્' કેટલાક સૂક્તોમાં યુદ્ધવર્ણનો તથા ભૌગોલિક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. ઋગ્વેદનાં ૧૦ મંડળોમાંથી એક પણ મંડળ એવું નથી જ્યાં કોઈ પણ યુદ્ધવર્ણન કરવામાં આવ્યું ન હોય. ઋગ્વેદના

તટસ્થ વિવેચકો આવા અનેક યુદ્ધ વર્ણનોમાં આર્ય–અનાર્ય સંઘર્ષ જૂએ છે. તેથી આપણે સૌ પ્રથમ 'आर्य' અને 'अनार्य' શબ્દોની સમજૂતી આપીએ.

## ૪.૨) 'आर्य' શબ્દની સમજૂતી :

સંસ્કૃત 'आर्य' શબ્દ 'अ' કારાન્ત પુલ્લિંગ શબ્દ છે. તેનો સામાન્ય અર્થ આપીએ તો 'સજ્જન કે સદ્‌ગૃહસ્થ' એવો થાય છે. પરંતુ આ શબ્દનો બીજા પણ અનેક અર્થો સંભવી શકે છે. તેની નીચે મુજબ સમીક્ષા કરીએ.

आर्य–(પુલિંગ)– અર્થનો દીકરો. જ્યારે आर्य–(પુલિંગ)– કલીન સદ્‌ગૃહસ્થ ઊંચા કુળનો, સુધરેલો, ભણેલો, પતિ, ગુઢ, મિત્ર, જેવાને સંબોધવા પણ આર્ય શબ્દ જ પ્રયોજાય છે. જ્યારે आर्य–ખરાબ કર્મોથી બચાવનાર એવો અર્થ બતાવવામાં આવ્યો છે.

आर्य–'પુલ્લિંગ'–દેશના અને ધર્મના કાયદાને માન આપનાર પુઢષ आर्य પુલ્લિંગ(બૌદ્ધ)–બૌધ ધર્મના મુખ્ય ચાર સિદ્ધાંતોને જીવનમાં ઉતારી ચાલનાર માણસ. आर्य–પુલ્લિંગ– ગુણોને જાણે તે આર્ય.

આમ આર્ય શબ્દ અનેક અર્થછાયાઓ ધરાવે છે. અલગ–અલગ સ્થાન અને સંદર્ભોના આ આધારે તેના અલગ અર્થો સંભવે છે. પરંતુ શ્રી ગોંડલ નરેશ ભગવતસિંહજી સંપાદિત ભગવતગોમંડલમાં[૩] આર્ય શબ્દના ૨૩ શબ્દો આપવામાં આવ્યા છે. તેમાં આર્ય શબ્દનો એક ''જગતમાં સૌથી પહેલી સંસ્કૃતિ મેળવી એ પ્રજા'' એવો અર્થ કરીને તેની વિગતે ચર્ચા કરતાં કહ્યું છે કે અનાર્ય દસ્યુ જેવી હલકી જાતિઓથી સુધરેલી એક જાતિ એટલે આર્ય. સૌથી પહેલા હિન્દુસ્તાનમાં આવેલી વસેલી જાતિ જે લોકો ગોરા રંગનાં ઘાટીલાં અંગોવાળા, લાંબાં શરીરવાળાં, તેઓનું માથું ઊંચું, વાળ ગીચ અને નાક સારા ઘાટનું હોય છે. તેઓનું મુખ્ય નિવાસસ્થાન અલગ–અલગ બનાવવામાં આવ્યા છે. તેઓ ખેતી કરતા, ઢોર પાળતા, ધાતુનાં હથિયાર બનાવતા, કપડાં વણતાં અને રથોનું નિર્માણ કરતાં.

ભગવતગોમંડલમાં જૈનાના મતો અનુસાર માણસ જાતિના બે પ્રકારો બનાવી તેના આર્ય અને મલેચ્છ એવા બે જાતિઓમાં વિભાજન કર્યું છે. તેમાં આર્યની છ જાતિઓ બતાવવામાં આવી છે. જ્યારે અમુક લોકો આર્યની નવ જાતિઓ માને છે.

આમ 'आर्य' શબ્દ અનેક અર્થોમાં જોતાં તેમાંથી તેનો અર્થ એક જાતિવાચક અર્થ પણ જોવા મળે છે. ભગવતગોમંડલમાં ત્યાં સુધી લખ્યું છે કે હિંદુ, પારસી, ગ્રીક, રોમન, સેલ્ટ, જર્મન વગેરે લોકો જૂના વખતમાં એક જ હતાં અને 'આર્ય' નામથી ઓળખાતા હતા.[૪] આમ 'આર્ય' એટલે વિદેશથી આવેલી અને ભારતની નહીં તેવી એક જાતિ વિવેશષ. ભારતવર્ષના મોટા ભાગના વિવેચકો પણ आर्य– શબ્દના અર્થ તરીકે વિદેશી જાતિ જે ભારતમાં વસેલી એવું સ્વીકારે છે. આ મહાનિબંધમાં પણ આર્ય શબ્દના અન્ય અર્થોને ન સ્વીકારી આર્ય શબ્દ દ્વારા એક જાતિનો અર્થ સ્વીકારવામાં આવ્યો છે.

## ૪.૩) 'अनार्य' શબ્દની સમજૂતી :

आर्य–શબ્દની જેમ 'अनार्य' શબ્દ પણ અનેક અર્થોમાં વપરાય છે. अनार्य– મલેચ્છને છાજતું. अनार्य– આર્યેતર, માણસ, આર્ય નહિ તે, આર્યોનું નહિ તે માણસ, જેમ કે ભીલ, યવન, મલેચ્છા. अनार्य– અસભ્ય માણસ, अनार्य–પુલ્લિંગ– બ્રાહ્મણોનો યજ્ઞ ધર્મ ન પાળનાર दस्यु– વેદવિરોધી જાતિ.[૫] अनार्य પુલ્લિંગ– શૂદ્ર, अनार्य– અનાચારી, ન કરવા જેવાં કર્મો આચરનાર, આ ઉપરાંત અનાર્ય શબ્દના અધમ નીચ, જંગલી, હલકું, દુરાચરી, નાલાયક, પામર જેવા અનેક અર્થો બતાવે છે.[૬]

अनार्य– શબ્દ आर्य નો વિરોધી શબ્દ છે. આર્ય શબ્દના જે અર્થો થાય છે તેના વિરોધી અર્થો અનાર્ય શબ્દના થાય છે. પરંતુ અહીં અનાર્ય શબ્દનો અર્થ– યજ્ઞ ધર્મ ન પાળનાર જેવી જાતિના અર્થમાં સ્વીકારી છે. अनार्य– અંતર્ગત બધી જ આર્યેતર જાતિઓનો સમાવેશ કરીને વેદમાં જે આર્ય વિરોધી જાતિના ઉલ્લેખો મળે છે. તેનો આ મહાનિબંધમાં અનાર્ય જાતિમાં સમાવેશ કરવામાં આવ્યું છે. એટલે કે **दास, दस्यु, शम्बर, शुष्ण, पिप्रु, वार्चिन, पणियः** કે **पणि** આ જાતિઓનો વેદમાં ઉલ્લેખન જોવા મળે છે. તેઓને મોટા ભાગના વિદ્વાનો અનાર્ય–આર્યેતર જાતિઓ તરીકે સ્વીકારે છે. આથી આ મહાનિબંધમાં પણ ઉપરોક્ત બધી જ જાતિઓના અર્થમાં અનાર્ય એવા શબ્દનો પ્રયોગ થયો છે.

આમ બન્ને શબ્દો 'आर्य' જે વિદેશી જાતિ જ્યારે अनार्य એટલે દેશી જાતિ જે પોતાની પરંપરા પોતાની માન્યતા પ્રમાણે ચાલે છે. જ્યારે આર્યજાતિના લોકો સુધરેલા અને યજ્ઞપ્રિય જાતિ છે. દેવતાઓ અને વેદોમાં વિશ્વાસ ધરાવે છે. જ્યારે અનાર્ય યજ્ઞવિરોધી જાતિ છે. લિંગપૂજક અને ભારતવર્ષના સપ્તસિંધુ તથા દક્ષિણ ભારતમાં વસતી સ્થાનિક

પ્રજા છે. જોકે પોતે પોતાની જાતિ સુવ્યવસ્થિત સંસ્કારી પ્રજા છે.

## ૪.૪ આર્યોનું આગમન

### ૪.૪.૧ આર્યોનું નિવાસસ્થાન

ઋગ્વેદનું અધ્યયન કરવાથી વૈદિક આર્યોના નિવાસસ્થાનનો પરિચય મળે છે. ઋગ્વેદમાં આર્યોના નિવાસ સ્થાન માટે 'સપ્તસિન્ધુ' શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. પરંતુ આ શબ્દ દ્વારા કઈ સાત નદીઓ હતી તેના સ્પષ્ટ નિર્દેશો મળતા નથી. પરંતુ વર્તમાન સમયમાં આપણે જેને પંજાબ કહીએ છીએ તેના આજુબાજુના વિસ્તારને સપ્તસિન્ધુનો પ્રદેશ માનવામાં આવે છે. પ્રાચીન ભારત અફઘાનિસ્તાન પાકિસ્તાન સુધી વિસ્તરેલું હતું. એટલે આર્યો આ પ્રદેશમાંથી પરિચિત હતા. તેથી પંજાબની પાંચ નદીઓ તથા વર્તમાન પાકિસ્તાન પ્રદેશમાં વહેતી ૧ નદી સિન્ધુ તેમજ કાતુલ–ઋગ્વેદની 'કુંભા' નદી આ સાત નદીઓની ''સપ્તસિન્ધુ'' તરીકે ગણના થતી હશે.

ઋગ્વેદના મંત્રોમાં સિંધુ નદીનાં વિસ્તૃત વર્ણનો પ્રાપ્ત થાય છે. સિંધુ નદીનું વર્ણન કરતા ઋષિઓ કહે છે કે સિંધુ શબ્દ પૃથ્વી ઉપરથી ઉત્પન્ન થઈ આકાશને આચ્છાદિત કરે છે, મહાન વેગવાળી બનીને વહે છે, તેની ગર્જના સાંભળીને એવું લાગે છે કે મેઘ ગર્જના કરે છે. સિંધુ આવે ત્યારે વૃષભગર્જના સમાન અવાજ કરે છે.[૭] આર્યોના મનમાં સિંધુ નદીનું અપ્રતિમ સૌંદર્ય ગમી ગયું છે. તેથી તેણે આ નદીના કિનારે વસવાટ શરૂ કર્યો હશે. અન્ય મંત્રમાં સિંધુનું વર્ણન કરતા કહેવામાં આવ્યું છે કે –

*अभि त्वा सिन्धो शिशुमिव मातरो*
*वाश्वा अर्षन्ति पयमेव धेनवः ।*
*रानेव युध्वा नयसि त्वमित् सिचौ*
*यदासामग्रं प्रवतामिनक्षसि ॥*[૮]

સિંધુ નદીના કિનારાની આસપાસનો પ્રદેશ માનવ વસવાટ માટે શ્રેષ્ઠ હતો. કારણ કે અહીં અનાર્ય લોકો દ્વારા વિવિધ પ્રકારનાં ઊનના વસ્ત્રોનું ઉત્પાદન કરવામાં આવતું અહીં સુંદર ઘોડાઓ પણ મળતા હતા.

સિંધુ નદીના કિનારે આર્યોનું નિવાસ સ્થાન હોવાથી અન્ય લોકો તેને સિન્ધુ–ને બદલે હિન્દુ એવા નામથી ઓળખતા થયા. જ્યારે ગ્રીક લોકો સિન્ધ ને બદલે દૂન્ઘૂસ

શબ્દનો પ્રયોગ કરતા તેથી અંગ્રેજીમાં હિન્દુસ્તાન માટે India શબ્દ બન્યો. ઋગ્વેદમાં સિંધુ નદીની જેમ સરસ્વતી નદીનું પણ વિસ્તારપૂર્વક વર્ણન પ્રાપ્ત થાય છે તેથી આર્યોનું નિવાસ સિંધુની સાથે સરસ્વતી નદીના કિનારે પણ હોવું જોઈએ એમ માની શકાય.

આર્યોના નિવાસ સ્થાનની વિગત આપતું ઋગ્વેદનું પાંચમાં મંડળનું ૬૧ સૂક્ત નોંધનીય છે. તેમાં જણાવ્યા પ્રમાણે ગોમતી નદીના કિનારે આર્યોની વસાહતો હતી. તેમાં રાજા રથવીતિનું રાજ્ય હતું. અત્રિવંશના ઋષિ સોમયાગ કર્યો હતો. તેના પુત્રનું નામ શ્યાવાશ્વ હતું અને મઢતોની ઈચ્છાથી તેણે રથવીનિની કન્યા સાથે લગ્ન કર્યું હતું.[૯] આ ઉપરાંત વિવિધ જનપદોમાં વિભિન્ન આર્ય રાજાઓનાં નામો પણ પ્રાપ્ત થાય છે. રાજા રથવીતિ રાજ્યની બાજુમાં તરન્ત નામનો દાની રાજા રાજ્ય કરતો હતો.[૧૦] તેનો દાનમહિમા ઋગ્વેદમાં જોવા મળે છે. તરન્તની આસપાસમાં વૈદદશ્વિ નામનો રાજા રાજ કરતો હતો.[૧૧]

આર્યોના નિવાસ સ્થાન માટે ઋગ્વેદના ૧૦ મંડળમાં પણ વિશેષ પ્રકાશ પાડે છે. તેમ મુજબ આર્યોના નિવાસ સ્થાન તરીકે પૂર્વસમુદ્ર તથા ઉત્તર સમુદ્રનો ઉલ્લેખ જોવા મળે છે.[૧૨] જ્યારે ક્યારેક ચારે સમુદ્રના ઉલ્લેખો મળે છે. ઋષિઓ પ્રાર્થના કરતાં કરે છે કે હે તું અમને ચારે સમુદ્રની સંપત્તિ અપાવ.[૧૩] પરંતુ આ ચાર સમુદ્રો ક્યા તેના માટે વિદ્વાનોમાં પર્યાપ્ત ભેદભાવ જોવા મળે છે. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે આર્યોનું નિવાસ સ્થાન આ ચાર સમુદ્રોની વચ્ચે હતુ. આ ચતુઃસમુદ્રના સ્થાને થી જ સમગ્ર ભારત વર્ષમાં આર્યધર્મ અને સંસ્કૃતનો ધ્વજ ફરકાવ્યો હતો. વળી મનુએ પણ કહ્યું. તેમ तं देव निर्मितं देशं ब्रह्मावनं प्रचक्षते॥[૧૪]

ઉપરનાં વિધાનોથી આપણે એટલું સ્પષ્ટ કરી શકીએ કે સરસ્વતી નદીના કિનારે ઉપર આર્ય સંસ્કૃતિની સ્થાપના થઈ હતી. તથા પંજાબ તથા ગાંધાર પ્રદેશમાં પણ આર્યોનું નિવાસ સ્થાન પણ હશે તેવા પુરાવો ઋગ્વેદના મંત્રોમાંથી મળે છે. આચાર્ય બલદેવ ઉપાધ્યાય સાહેબ પણ પોતાના પુસ્તકમાં આર્યોનું નિવાસ સ્થાન તરીકે સરસ્વતી નદી તટપ્રદેશ માને છે. જેમ કે यह सरस्वती क्षेत्र ही वैदिक आर्यो की आदिम भूमि है। जहाँ से उसने उत्तरधुव्र में जाकर अपना उपनिवेश बनाया।[૧૫]

## ૪.૫ ઋગ્વેદમાં જોવા મળતા 'आर्य' શબ્દના ઉલ્લેખો :

વિશ્વકલ્યાણ માટે વેદોની રચના થઈ છે. કોઈ સંકુચિત ધર્મના કોઈ પણ ઉલ્લેખો તેમાં પ્રાપ્ત થતાં નથી. ૧૦૫૨૮ મંત્રોમાં અલગ–અલગ વિષયોનું નિરૂપણ તેમાં જોવા

મળે છે. તેના મંત્રોમાં લગભગ ૩૬ વખત 'आर्य' શબ્દનો ઉલ્લેખ થયો છે. જેમાં અલગ–અલગ સંદર્ભો જોતા ૧૪ વખત 'आर्य' શબ્દ જાતિ કે વર્ણના અર્થમાં પ્રયોજવામાં આવ્યો છે. તેના કેટલાક નમૂનાઓ જોઈએ.

**वि जानीह्यार्यान् य च दस्यवो बर्हिष्मते रन्धया शासद्व्रतान् ।**
**शाको भव यजमानस्य चोदिता विश्वेत् ता ते सधमादेषु चाकन ॥**[१६]

આ મંત્રનો અર્થ જોઈએન તો હે ઈન્દ્ર તું આર્યોને જાણ અને દસ્યુઓને પણ જાણ, તથા વ્રતહીનો પર શાસન કરતો તું યજમાનોનો પ્રેરક થા, તારુ આ કાર્ય યજ્ઞોમાં પ્રશંસિત હો એવું હું ચાહું છું.

આ મંત્રમાં જોવા મળતા બે શબ્દો 'आर्य' અને 'दस्यु' આ બન્નેનો અર્થ જોતા આર્ય શબ્દ અહીં **'गृहस्थ'**નો અર્થ બતાવતો નથી કારણ કે અહીં ઋષિ ઈન્દ્રને પ્રાર્થના કરે છે હે ઈન્દ્ર તું આર્યોનો તથા રાક્ષસો દસ્યુઓને પણ જાણ. અહીં બીજા શબ્દો જોઈએ તો વ્રતહીનો–દસ્યુ વગેરે જાતિઓ છે તેની ઉપર ઈન્દ્ર શાસન કરે એવી કામના કરી છે. જે યજ્ઞો કરે છે. જે તારું સ્તવન કરે છે તેની ઉપર કૃપા કરી તેને યજ્ઞો કરવાની પ્રેરણા મળે  તે માટે તેનો પ્રેરક થા. એકંદરે સજ્જનો– આર્યોની રક્ષા કર અને વ્રતહીત– અનાર્યો દસ્યુઓ વગેરેને જાણીને તેની ઉપર તું શાસન કર–તેનો અધિપતિ થા. એવો અર્થ એટલે અહીં 'आर्य' શબ્દ ચોક્કસ જાતિના અર્થમાં પ્રયોજાયો છે.

**स जातुभर्मा श्रद्दधानः ओजः पुरोः विभिन्दन्नचरद् वि दासीः ।**
**विद्वान् वज्रिन दस्येवे होतिमस्या ऽऽर्यं सहो वर्धया द्युम्नमिन्द ॥**[१७]

વીજળી જેવાં શસ્ત્રો ધારણ કરવાવાળા, તથા બળ પર શ્રદ્ધા રાખવાવાળો તે ઈન્દ્ર દસ્યુઓનાં નગરો તોડતો વિહાર કરે છે. જ્ઞાનવાન તથા વજ્રધારણ કરવાવાળા હે ઈન્દ્ર! આર્યોનું બળ અને તેજ વધાર તથા શત્રુઓ ઉપર આયુધ ફેંક.

આ મંત્રના પહેલા વાક્યમાં ઈન્દ્રની પ્રશંસા જોવા મળે છે. તેનો વિશેષણો **पुरभिद्**– નગરો તોડનાર– દસ્યુઓનાં નગરો તોડનાર– દસ્યુ એક યજ્ઞ વિરોધી જાતિ તરીકે જોવા મળે છે. ઈન્દ્ર તેનાં નગરોનો નાશ કરતો ફરે છે. એવા ઈન્દ્રને બીજા વાક્યમાં પ્રાર્થના કરતા કહેવામાં આવ્યું છે કે હે ઈન્દ્ર તું આર્યોનું બળ અને તેજ વધાર– તેને પ્રેરણા આપ તેનું  રક્ષણ કર અને આર્યોના શત્રુઓ છે તેની ઉપર આયુધ ફેંક–અહીં પણ 'आर्य' શબ્દ જાતિવાચક અર્થમાં પ્રયોજાતો જોવા મળે છે.

अहमत्कं कवये शिश्नथं हथै रहं कृत्समावमा भिरूतिभिः ।
अहं शुष्णस्य श्नथिता वधर्यमं न यो रर आर्यं नाम दस्यवे ॥[१८]

મેં ઉશના ઋષિ માટે આચ્છાદક શત્રુના પુત્રને હથિયારોથી માર્યો હતો. મેં કુત્સ નામના ઋષિની સ્તુતિના આધારે અનેક રીતે રક્ષા કરી હતી. મે શૃષ્ણ નામના અસુરને માર્યો હતો. દસ્યુઓને શ્રેષ્ઠ એવું 'आर्य' નામ નહીં આપું.

આ મંત્રના પૂર્વાર્ધમાં બે ઋષિઓ માટે ઈન્દ્રએ શત્રુઓનો વધ કર્યો એવું ઈન્દ્ર સ્વમુખે કહે છે. જ્યારે મંત્રના ઉત્તરાર્ધમાં તેઓ શુષ્ણા નામના અસુરના વધ માટે વજ્ર ધારણ કરે છે તેમજ દસ્યુઓને આર્ય એવું શ્રેષ્ઠ નામ આપવા કહે છે. તેમાં પણ 'आर्य' શબ્દ એક સ્પષ્ટતઃ જાતિના અર્થમાં પ્રયોજાતો જોવા મળે છે.

આમ ઋગ્વેદ મંત્ર સંહિતામાં 'आर्य' શબ્દ અનેક મંત્રોમાં આમ ૩૬ વખત છતાં જાતિવાચક મંત્રોમાં ૧૪ વખત પ્રયોજાયો છે. તેમાં અન્ય કોઈ અનાર્ય જાતિ સાથે રજૂ થયેલો છે. આથી કહી શકાય કે વેદમાં ખાસ તો ઋગ્વેદમાં 'आर्य' જાતિવાચક અર્થમાં જોવા મળે છે.

## ૪.૬ આર્યો કોણ હતા ?

ઋગ્વેદસંહિહતામાં ઉપરોક્ત મંત્રોમાં જોયું તેમ 'आर्य' એક જાતિ હતી. જીવંત માનવ જાતિ પરંતુ તેઓ કોણ હતાં તેનું નિવાસસ્થાન ક્યાં હતું ? તેના ઉલ્લેખો વેદમાંથી પ્રાપ્ત થતાં નથી. તે માટે પ્રાગ્–વૈદિક અવસ્થાનો અભ્યાસ કરવો અનિવાર્ય બને છે.

સમાજ, જેને આજે આપણે સભ્ય સમાજ તેવા નામથી ઓળખીએ છીએ તે સમાજ તેની પ્રાથમિક અવસ્થામાં સંપૂર્ણ જંગલી અવસ્થામાં હતો. જંગલમાં રહેતો, સંપૂર્ણ દિગમ્બર અવસ્થામાં જંગલમાંથી જે કાંઈ મળે તેનું ભક્ષણ કરતો અને એ રીતે જંગલિયાત જીવન જીવતો. ધીમે ધીમે પશુપક્ષીઓ તેના અવાજનું નિરીક્ષણ કરી તેને ભાષાનું જ્ઞાન થયું. ભાષાનું જ્ઞાન થતાં સ્વપ્રયત્નથી તેણે પોતાનો વિકાસ કર્યો. હવે તેની જરૂરિયાતો વધી તેની લાગણીઓ અભિવ્યક્તિ વધી, પરિણામે જરૂરિયાતોની પૂર્તિ માટે થોડો મહેનતુ બન્યો અને તેને જંગલનું પોતે જે જગ્યાએ રહેતો તે જગ્યા સીમિત લાગવા માંડી એટલે તેણે વિશ્વમાંની ધરતી પર ફરવાનું શરૂ કર્યું. જ્યાં અનુકૂળ વાતાવરણ જણાયું ત્યાં નિવાસ કરવાની શરૂઆત કરી. આ રીતે વિદેશથી આવેલી અને ભારત વર્ષમાં સપ્તસિંધુના પ્રદેશમાં

વસવાટ કરનાર પ્રજાને આર્ય કહેવામાં આવે છે. પરંતુ આવું વિધાન સીધી રીતે સ્વીકારી શકાય નહીં. તે માટે વિવિધ વિદ્વાનોના મતોની સમીક્ષા કરીએ.

## (૧) પ્રો. જીતેન્દ્ર દેસાઈનો અભિપ્રાય :

પ્રાચીન ભારતમાં સૌ પ્રથમ નિગ્રિટો નામે ઓળખાતી જાતિએ નિવાસ કર્યો. આ જાતિની સંસ્કૃતિ રીત–રિવાજ વિષે કશું જાણવા મળતું નથી. નિગ્રિટો જાતિએ હિન્દના દક્ષિણ ભાગમાં, મધ્યભાગમાં, ઈશાન ખૂણામાં અને પશ્ચિમભાગમાં વસવાટ કર્યો. સપ્તસિંધુના પ્રદેશમાં વસવાટ કરતી દ્રવિડિયન જાતિએ ઊંચા પ્રકારનો સાંસ્કૃતિક વિકાસ સાધ્યો હતો. છેલ્લે આવેલી 'આર્યો' નામે પ્રસિદ્ધ થયેલી જાતિએ સિન્ધુ ખીણની સંસ્કૃતિનો નાશ કર્યો.[૧૯]

## (૨) ડૉ. કૃષ્ણકુમારનું મન્તવ્ય :

ડૉ. કૃષ્ણકુમાર પણ આર્યોને વિદેશી પ્રજા ગણાવે છે. તેમના પુસ્તક **वैदिक साहित्य का इतिहास** માં તેઓએ નોંધ્યું છે કે ઋગ્વેદમાં આર્યેતર રાજાઓને દાસ યા દસ્યુ કહેવામાં આવ્યા છે. આર્યોએ આ જાતિઓ ઉપર વિજય પ્રાપ્ત કરી પોતાને અધીન કરી હતી. આર્યો આ જાતિઓને પોતાનાથી ઉતરતી સમજતા હતા. તથા તેમની પાસે સેવા કરાવતા હતા. દાસજાતિના લોકો સારા હતા. તેઓ મકાનો અને શિલ્પના જાણકાર હતા.[૨૦]

## (૩) ડૉ. સુનીતિકુમાર ચેટરજીના મતે :

ડૉ. સુનીતિકુમાર ચેટરજીના મત મુજબ જોઈએ તો તેઓ કહે છે કે આર્યો ભારત વર્ષમાં આવ્યાં તે પહેલા તેઓ ઈરાનમાં રહેતા હતા. તેથી ઈરાનીઓના ધર્મગ્રન્થ અવેસ્તાની ભાષામાં અને વૈદિક સંસ્કૃતમાં સમાનતા જોવા મળે છે. વેદના ગાયત્રી મંત્રનું અવેસ્તાની ભાષામાં આ રીતે રૂપાંતર થઈ શકે છે.[૨૧]

**સંસ્કૃત** – **तत्सवितु वरेण्यम् भर्गो देवस्य धीमहि ।**
**धियो यो नः प्रचोदरात् ।**

**અવેસ્તા** – **तत्सवितृक्ष वरदनियम् भर्गश्व दहूवस्य धीमधि ।**
**धियक्ष यक्ष नस् प्रकौक्ष्यात् ।**[૨૨]

## (૪) ભાષાવિદ ડૉ. કાન્તિલાલનો મત :

ડૉ. કાન્તિલાલનો મત પણ નોંધનીય છે. તેઓ કહે છે ભારત વર્ષમાં સમયે–સમયે અનેક જાતિઓ પ્રવેશી છે. જેમાં નિગ્રિટો, ઓસ્ટ્રિક તથા દ્રવિડીયન અને છેલ્લે આર્ય જાતિએ પ્રવેશ કર્યો. દ્રવિડ લોકોએ પોતાની આળખી ઓળખ ઊભી કરી હતી.[૨૩] આર્યોએ પોતાની ભાષામાં કેટલાયે દ્રવિડ શબ્દો લીધા છે. જેવા કે **अगुल अलम् अनल उलुखक कलूष काक कानन कुटि, कुण्ड कुन्तक कूप केतक चन्दन चूडा ताल मूल दण्ड निबिड नीर पिन्ड पण्डित्** આ શબ્દો દ્રવિડ ભાષાના છે અને ઋગ્વેદમાં તેનું ગ્રહણ થયું છે.[૨૪]

## (૫) ભાષા વિશારદ ડૉ. સુનીતિકુમારનો મત :

ભાષા વિશારદ ડૉ. સુનીતિકુમાર કહે છે કે આર્યો ઈ.સ. પૂર્વે ૧૫૦૦ માં વિદેશથી ભારતમાં આવ્યા. આ સમયે તેઓ લેખન કળાથી બિલકુલ અજાણ હતાં. ભારતવર્ષમાં આવીને સિંધુખીણમાં ભારતીય ભાષાનો આશ્રય લઈને લગભગ ઈ.સ. પૂર્વે ૧૦૦૦ વર્ષમાં વૈદિક સાહિત્યનો વિકાસ કર્યો.[૨૫]

ઉપરોક્ત રીતે આપવામાં આવેલાં મંતવ્યોની સમીક્ષા કરીએ તો એક વાત સાબિત થાય છે આર્યો વિદેશથી આવેલી પ્રજા છે. આર્યો વિદેશથી ભારતમાં આવ્યા પહેલા ભારતવર્ષની સભ્યતા, સંસ્કૃતપૂર્ણ રૂપે વિકસીત હતી. દ્રવિડિયન લોકોએ ઊંચા પ્રકારનો સાંસ્કૃતિક વારસો ઊભો કર્યો હતો. પ્રો. દેસાઈ સાહેબ આ નોંધે છે છેલ્લે આવેલી આર્યજાતિએ આ ભવ્ય સભ્યતા અને સંસ્કૃતિનો નાશ કર્યો. હિન્દીભાષી પ્રખર વિદ્વાન કૃષ્ણકુમારજી તો આર્યોને વિદેશી પ્રજા માનીને અનાર્યો સાથે તેના વ્યવહારની પણ સમીક્ષા કરે છે. તેઓ કહે છે આર્યો– દાસ, દસ્યુ, આદિ, આનાર્ય જાતિઓને પોતાના કરતાં ઊતરતી માનતા અને તેઓને દાસ રાખી તેની પાસે સેવાકાર્યો કરાવતાં હતાં. અનાર્ય જાતિઓ બધી રીતે શક્તિશાળી હતી. આથી આર્યો સાથે તેના સંઘર્ષ સતત થતા રહ્યા હતા.

ભાષાઓનો વૈજ્ઞાનિક રીતે અભ્યાસ કરતાં શાસ્ત્રને ભાષાશાસ્ત્ર કે ભાષવિજ્ઞાન કહેવામાં આવે છે. આ ભાષાવિજ્ઞાનિકો વિશ્વમાં જોવા મળતી ૨૯૦૦ ભાષાઓનું ૧૪ પરિવારોમાં વિભાજન કર્યું. તેમાનો એક પરિવાર એટલે 'ભારોપિય–પરિવાર' અર્થાત્

ભારત અને યુરોપના રાષ્ટ્રોમાં જે ભાષાઓનો ઉલ્લેખ થાય છે તે આ પરિવારની ભાષાઓ ગણવામાં આવે છે. 'ભારોપીય–પરિવાર'માં **सतम्** અને **केन्तुम** વર્ગની ભાષાઓનો સમાવેશ થાય છે. વૈદિક આર્યોની ભાષા સંસ્કૃત છે. જે આ પરિવારની ભાષા છે. તેથી આ બન્ને ઈરાની અને સંસ્કૃત આ બન્ને ભાષાઓમાં અત્યંત સમાનતા જોવા મળે છે. કારણ કે ડૉ. જોશી સાહેબ કહે છે તેમાં આર્યોનો એક સમૂહ મધ્યએશિયામાંથી નીકળી ખીવાનાં મેદાનોમાં રોકાયો. આ બધા સાથે રહેતા હતાં ત્યારે એક સમાન ભાષાનો પ્રયોગ કરતાં હોય એ સ્વાભાવિક છે. પરંતુ લાંબા સમય સાથે રહ્યા પછી તે સમૂહનાં બે જૂથ થઈ ગયાં. એક જૂથ ઈરાનમાં સ્થિર થયું. તેણે પોતાની રીતે અવેસ્તાની રચના કરી. જ્યારે એ સમૂહનું એક જૂથ ભારતવર્ષમાં ખૈબર અને બોલાન ઘાટના માર્ગે થઈ સપ્તસિંધુના પ્રદેશમાં રહ્યું. તેણે ભારતીય ભાષાઓની સહાયતાથી વૈદિક સાહિત્યનું સર્જન કર્યુ. એટલે બન્ને જૂથ સાથે રહેવાથી વેદ અને અવેસ્તામાં સમાન જોવા મળે છે.

ભાષાવિદ ડૉ. સુનીતકુમાર ચેટરજી અને ડૉ. કાન્તિલાલ વ્યાસનો મત સમજવા જેવો છે. આ વિદ્વાનો પણ આર્યોને ભારતમાં આગન્તુક માને છે. તેઓ તો ત્યાં સુધી કહે છે કે આર્યો ભારતમાં આવ્યા પહેલા લેખનકળાથી અપરિચિત હતાં. સિન્ધુખીણમાં સ્થાયી થયા પછી ભારતીય ભાષાઓની સહાયતાથી ઈ.સ. પૂર્વે ૧૦૦૦માં સાહિત્યની રચના થઈ. આ માટે ડૉ. વ્યાસ કહે છે તેમ સંસ્કૃત ભાષામાં દ્રવિડ ભાષાના શબ્દોનો સિધો ઉપયોગ પણ કર્યો.

વિદેશી વિદ્વાન મેકસમૂલર પણ કહે છે આર્યો રશિયા અને મધ્ય એશિયામાંથી આવ્યા હતા. તેમનો સંબંધ યુનાન, ગ્રીક, ઈરાન અને રોમન જાતિઓ સાથે હતો.[૨૬] તેમજ મહર્ષિ દયાનંદ સરસ્વતી અને ભારતીય ઈતિહાસ સંશોધનકાર રોમિલા થાપર પણ આર્યોને વિદેશી જાતિ તરીકે માને છે.[૨૭] આ ઉપરાંત આંધ્રપ્રદેશ યુનિ.ના પ્રો. પી.ડી. સત્યપાલ દ્વારા લિખિત પુસ્તક DNA અનુસંધાન જેમાં આર્યો ભારતીય નથી પરંતુ વિદેશી છે એવું સાબિત કર્યું છે.

આમ વિવિધ મંતવ્યો તેની સમીક્ષા કર્યા પછી આપણે એ નિષ્કર્ષ આપી શકીએ આર્યો એ વિદેશી આવેલી પ્રજા છે. પ્રો. દેસાઈ સાહેબ તથા પી.ડી. સત્પાલજી તેમજ વિશારદો ડૉ. વ્યાસ સાહેબ, ડૉ. સુનીતકુમારનાં મંતવ્યોમાં પણ એક જ સૂર જોવા

મળે છે. આર્યો ભારતના સ્થાનિક નથી પરંતુ આવીને વસવાટ કરનારી વિદેશી પ્રજા છે.

## ૪.૭ ઋગ્વેદમાં જોવા મળતી આર્યજાતિઓ :

મધ્યએશિયામાંથી ખૈબરઘાટ અને બોલન ઘાટના માર્ગેથી ભારતવર્ષમાં પ્રવેશેલી આર્ય ટોળીઓને સપ્તસિંધુના મેદાનોમાં નિવાસ કર્યો. પરંતુ આર્યોમાં અનેક જાતિઓ હતી. તેમાં પાંચ જાતિઓ પ્રધાન હતી. ઋગ્વેદના મંત્રોમાં તેને 'पञ्चजना:' જેવા નામથી સંબોધવામાં આવી છે. ડૉ. રામચરણ શર્મા પોતાના પુસ્તકમાં નોંધે છે કે આર્યોની અંદરો–અંદર ઝઘડાઓ અને મત–ભેદો જોવા મળે છે. તેનો નમૂનો દાસરાજ્ઞ યુદ્ધ છે. તેમાં ૧૦ રાજાઓનું યુદ્ધ મખ્યત્વે ઋગ્વેદકાલીન આર્યોની બે શાખાઓ 'પુરુઓ' અને ભરતોની વચ્ચે થયું હતું.[૨૯] ઋગ્વેદના એક મંત્રમાં પાંચ જાતિઓનો સ્પષ્ટ ઉલ્લેખ 'पञ्चजाता' રૂપમાં જોવા મળે છે.

**त्रिषघस्था सप्तधातुः पञ्चजाता वर्धयन्ती। वाजेवाजे हव्या भूत् ।**[२९]

ત્રણ પ્રદેશમાં વહેવાવાળી, સપ્તધાતુઓને રાખવાવાળી તથા પાંચ જાતિઓનું હિત કરવાવાળી આ સરસ્વતી પ્રત્યેક યુદ્ધમાં પ્રાર્થના કરવા યોગ્ય છે.

પ્રસ્તુત મંત્રમાં સરસ્વતીની પ્રાર્થના કરવાનું કહેવાયું છે તેની વિશેષતા ત્રણ પ્રદેશમાં વહે છે. સાત પ્રકારની જાતિઓ રાખે છે તથા પાંચ જાતિઓનું હિત કરે છે. આ પાંચ જાતિઓ કઈ એ બાબતે વિદ્વાનોમાં મતમતાંતરો જોવા મળે છે. પરંતુ મોટા ભાગે આ પાંચ જાતિઓને સર્વ માન્ય રીતે આર્યજાતિ માનવામાં આવે છે.[૩૦]

આ પાંચ જાતિઓનો નીચે મુજબ પરિચય પ્રાપ્ત કરીએ.

### ૪.૭.૧) आर्यजाति पुढ ।

પાંચ આર્યજાતિઓમાં પુઢજાતિના આર્યો અત્યંત પ્રભાવશાળી હતા. અલબત્ત દાસરાજ્ઞયુદ્ધમાં તેની કારમી હાર થઈ હતી.[૩૧] કેટલાક વિવેચકો આ જાતિનું નિવાસસ્થાન સપ્તસિંધુના પ્રદેશમાં માને છે. પરંતુ આ જાતિનું નિવાસસ્થાન સરસ્વતી નદીના કિનારે માનવું વધુ યોગ્ય છે. આ જાતિના પ્રતાપી રાજાઓ જેવા કે દુર્ગેહ, ગિરિક્ષત્ તથા પુઢકુત્સ છે. આમા કુરુકૃત્સને રાજા સુદાસનો સમકાલીન

માનવામાં આવે છે. જે દાશરાજ્ઞ યુદ્ધમાં હણાયો હતો. આ વંશનો બીજો પ્રતાપી રાજા त्रसदस्यु હતો. તે દસ્યુઓ માટે ખતરનાક હતો. આથી તેનું त्रसदस्युः એવું ઉપનામ રખાયું હશે. આ આર્ય રાજાએ અનાર્ય રાજાઓની સાથે યુદ્ધ કરવામાં જીવન વિતાવ્યું હતું.[૩૨] તેના મૃત્યુ પછી તેનો પુત્ર તૃક્ષિ રાજગાદી ઉપર આવ્યો હતો.[૩૩] આ રાજાના જીવન અને કાર્યના ઉલ્લેખ ઋગ્વેદમાં પ્રાપ્ત થતાં નથી. પરંતુ આ વંશના બે રાજાઓ त्रयढण અને कुरुश्रवण એવા બે નામો પ્રાપ્ત થાય છે.[૩૪]

## ૪.૭.૨) आर्यजाति तृत्सु ।

ઋગ્વેદકાલીન પાંચ આર્યજાતિઓમાં તૃત્સુઃ નામની આર્યજાતિ અત્યંત પ્રભાવશાળી જાતિ હતી. તેનું નિવાસસ્થાન સરસ્વતી નદીના કિનારે બતાવવામાં આવ્યું છે. આ જાતિનો રાજા હતો સુદાસ. જે ઋગ્વેદનો અત્યંત પ્રસિદ્ધ રાજા રાખવામાં આવે છે. રાજા જ દાસરાજ્ઞયુદ્ધનો મુખ્ય નાયક છે. અને તેના વિજયનો ઈતિહાસ ઋગ્વેદમાં સુવર્ણાક્ષરે લખાયેલો છે.

તુત્સુ જાતિના મહાન રાજા સુદાસની વધુ માહિતી આપણને ઋગ્વેદના સાતમા મંડળમાં પ્રાપ્ત થાય છે. તે સમયમાં રાજાઓના મંત્રીઓમાં પુરોહિતોની વિશેષ માન્યતા હતી. સુદાસ રાજાના પુરોહિત હતાં વસિષ્ઠ. તેનું જીવન દર્શન સાતમાં મંડળમાં જોવા મળે છે.[૩૫] વશિષ્ઠ ઈન્દ્રના અત્યંત પ્રિય હતા. વસિષ્ઠ ઈન્દ્રની સ્તુતિ કરતાં હતાં એટલે દાસરાજ્ઞયુદ્ધમાં સુદાસનો વિજય થયો. આ જીતથી અત્યંત ખુશ થયેલા સુદાસે વસિષ્ઠને પુષ્કળ ગાયો રથ અને ધનસંપતિ ભેટ આપી તેનું સન્માન કર્યુ. આથી ગુસ્સે ભરાયેલા વિશ્વામિત્રે વસિષ્ઠના સૌ પુત્રોને મરાવી નાખ્યા.

## ૪.૭.૩) આર્યજાતિ યદુ અને તુર્વશ :

આ બન્ને જાતિઓનો ઉલ્લેખ ઋગ્વેદમાં માત્ર એક જ વખત જોવા મળે છે. આ જાતિઓની વિશેષતા એ છે કે તેઓ બન્ને સાથે જ જોવા મળે છે. આ જાતિના રાજાને આર્ય રાજા તુત્સુ સામે વિરોધ હતો. છતાં દાસરાજ્ઞ યુદ્ધમાં આ રાજાઓએ

સુદાસ વિઢધ કાર્ય કર્યુ હતું.[36] આ પહેલા સુદાસના પિતા દિવોદાસ પણ આ રાજાના વિરોધમાં હતા.

## ૪.૭.૪) આર્ય અનુ અને દુહ્ય :

આ બન્ને આર્યજાતિઓ પરસ્પર ઘનિષ્ઠ સંબંધો ધરાવતી હતી. તેમાં અનુ. જાતિના લોકો રાવી નદીના કિનારે રહેતા હતા તથા હુવ્ય જાતિના લોકો સરસ્વતી નદીના કિનારે વસતા હતાં. અન્ય આર્યજાતિઓના પ્રમાણમાં આ જાતિ શાંતિપ્રિય હતી.

આ રીતે **पञ्चजाता** અનુસાર પાંચ પ્રધાન જાતિનો ઉલ્લેખ ઋગ્વેદમાં સ્પષ્ટતઃ પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત બીજી અનેક આર્યજાતિઓ ઋગ્વેદમાં જોવા મળે છે. પરંતુ તેના ઉલ્લેખ છૂટા–છવાયા પ્રાપ્ત થાય છે. સ્પષ્ટ **पञ्चजाता** ની મળતા નથી. એકાદ બે મંત્રોમાં તેના ઉલ્લેખો થયેલા જોવા મળે છે. આવી જાતિઓ જેવી કે **अलिन, वक्थ भलानम, शिव** અને **विषाणिन** એવી બીજી અન્ય પાંચ[37] જાતિઓના પુરાવા મળે છે. દાસરાજ્ઞયુદ્ધમાં આ પાંચ જાતિઓએ અગત્યની ભૂમિકા ભજવી હતી. આ યુદ્ધ ઉપરથી એવું અનુમાન કરી શકાય કે આર્યોને અંદરો અંદર પણ પણ લડાઈ અને ઝઘડાઓ થતા હતાં. આ સિવાયની બે ચાર જાતિઓના ઉલ્લેખો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. તેનો સંક્ષિપ્તમાં પરિચય મેળવીએ.

सृञ्जय:[38] આ આર્યજાતિનો ઉલ્લેખ ઋગ્વેદમાં માત્ર એક જ મંત્રમાં આવે છે. ત્યાં આ વંશ કે જાતિના રાજા देववात એ રાજાને तृयीवन्त નામના રાજાને પરાજીત કર્યાના ઉલ્લેખો મળે છે.

क्रिवि: આ પણ એક આર્યજાતિ છે. ઋગ્વેદના મંત્રમાં આ જાતિનો ઉલ્લેખ એક વખત પ્રાપ્ત થાય છે. આ જાતિના લોકો સિંધુ નદીના અને ચિનાલ નદીના કિનારે રહેતા.[39] જોકે આ જાતિ શાંતિપ્રિય જાતિ હતી.

बहुष: ઋગ્વેદકાલીન આર્યજાતિઓમાં આ જાતિ અત્યંત પ્રસિદ્ધ અને પ્રભાવશાળી હતી. આ જાતિનો રાજા હતો નહુષ. ઋગ્વેદના अन्नदानस्तुति નામના સૂક્તમાં આ રાજાનો ઉલ્લેખ આવે છે. ઋગ્વેદમાં પાંચ ઋષિના રાત્ર તરીકે નહુષના નામનો ઉલ્લેખ થયો છે.

જો કે આ રાજા ધજ્ઞરાજ્ઞયુદ્ધમાં જોવા મળ્યો નથી. એટલે ઉપરાંત પંચ જાતિઓમાંથી કોઈ વંશ કે રાજાનો પુત્ર પણ હોઈ શકે.

ભરતઃ આ જાતિ પણ ઋગ્વેદની પ્રસિદ્ધ આર્યજાતિ છે. તેનું નિવાસસ્થાન સરસ્વતી નદીના કિનારે બતાવવામાં આવ્યું છે. આ જાતિની વિશેષતા એ હતી કે તેઓ યજ્ઞપ્રિય અને શાંતપ્રકૃતિના લોકો હતાં. આ વંશના રાજાઓના ઉલ્લેખો શતપથબ્રાહ્મણ અને ઐતરેય બ્રાહ્મણમાં વધુ જોવા મળે છે.

આમ વિદેશથી ભારતવર્ષમાં સ્થિર થયેલી મુખ્ય ૧૦ અને બાકી ૪ ઉપરાંત હજુ પણ ઘણી એવી જાતિઓના નામો પ્રાપ્ત થાય છે. પરંતુ સ્પષ્ટ ઉલ્લેખોના અભાવે તેનો અહીં ઉલ્લેખ કરવો યોગ્ય નથી. સર્વમાન્ય અને સર્વસ્વીકૃત આર્યજાતિઓ તરીકે વિદ્વાનોએ સ્વીકારેલ છે. તેનો અહીં યોગ્ય રીતે રજૂઆત કરવામાં આવી છે.

## ૪.૮ આર્યનેતા તરીકે ઈન્દ્રની ભૂમિકા :

ઋગ્વેદના સમયમાં પ્રત્યેક જનજાતિનો આરાધ્ય દેવતા રાજા હતો. અલબત્ત રાજાની સત્તાનો ઉદ્‌ભવ જ યુદ્ધમાંથી થયો છે. આ વિશે ઐતરેયબ્રાહ્મણમાં એક કથા આપવામાં આવી છે એ મુજબ અસુરોના હાથે દેવતાઓનો પરાજય થયો. આથી બધા દેવતાઓએ વિચાર્યું કે આપણે રાજા વિનાના હોવાથી આપણો પરાજય થાય છે. આથી આર્યોએ ઈન્દ્રને પોતાનો રાજા બનાવ્યો.[૪૦] આ મંતવ્યની પરિપુષ્ટી વેદમંત્રો જોતા સ્પષ્ટ થાય છે. કારણ કે ઋગ્વેદના ૧૦ મંડળો ૧૦૨૮ સૂક્તો અને ૧૦૫૨૮ મંત્રો આવેલા છે. તેમાંથી મોટાભાગના મંત્રો એટલે કે ૨૫૬[૪૧] સૂક્તોમાં ૨૮૫૮ મંત્રોમાં ઈન્દ્રની સ્તુતિ, પ્રાર્થના, પ્રશંસા અને સોમપાન માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. વળી, આપણે આગળ નોંધ્યું તેમ આર્યો જ્યારે ભારતવર્ષમાં પ્રવેશ્યા ત્યારે દ્રવિડોએ પોતાની સુવ્યવસ્થિત સંસ્કૃતિનો વિકાસ કર્યો હતો. તેથી આર્યોને પોતાનું સ્થાન–સત્તા પ્રાપ્ત કરવા અથવા અસ્તિત્વ ટકાવવા માટે કોઈપણ સંઘર્ષ જીતવા પડે તેમ હતાં. આથી આર્યોએ શક્તિશાળી એવા ઈન્દ્રનો સાથ–સહકાર મેળવીને અનાર્ય રાજાઓને પરાશત કર્યાં. એમા ઈન્દ્રની ભૂમિકા મહત્ત્વની બની જાય છે.

ઋગ્વેદના ભાષ્યકારો અને વિવેચકોએ ઈન્દ્રનુ દેવતા તરીકે નિરૂપણ કર્યુ છે. પરંતુ ઈન્દ્રના જે પરાક્રમો છે તે જોતા તેને એક શક્તિશાળી રાજા માનવો વધુ યોગ્ય છે. દેવતાની

અમુક વિશેષતા દા.ત. અગ્નિ, મરુત, ઉષા, જેવા દેવતાઓમાં જોવા મળે છે. તેવું ઈન્દ્રના વ્યક્તિત્વમાં જોવા મળતું નથી. આથી ઈન્દ્રને આર્યનેતા–રાજાના રૂપમાં માનવા એ વધુ યોગ્ય લેખાશે અથવા ઈન્દ્રના ઋગ્વેદમાં જે પુરાવાઓ પ્રાપ્ત થાય છે તેની સમીક્ષા કરીએ.

### ૪.૮.૧) ઈન્દ્રનો જન્મ :

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના જન્મ વિશે વિવિધ વાતો જોવા મળે છે. અલગ–અલગ જગ્યાએ અલગ–અલગ રીતે જન્મ બતાવ્યો છે. આચાર્ય સાયણાતો કહે છે ઈન્દ્રનો જન્મ ''પાપના નાશ માટે થયો''[૪૨] જ્યારે પુરુષ સૂક્તમાં અગ્નિની સાથે ઈન્દ્રનો જન્મ પણ પુરુષના મુખમાંથી થતો બતાવ્યો છે.[૪૩] જ્યારે કોઈ જગ્યાએ પ્રજાપતિને ઈન્દ્રના જનક બતાવ્યા છે.[૪૪] ઈન્દ્રના જન્મ વિશે આ મંત્ર નોંધનીય છે.

**अवद्यमिव मन्यमाना गृहाक रिन्द्र माता वीर्येण न्पृष्टम् ।**
**अथोदस्यात् स्वयमत्कं वसान् आ रोदसी अपृणाज्जायमानः ॥**[૪૫]

માતાએ ગર્ભમાં સ્થિત ઈન્દ્રને નિન્દનીય માનીને બળપુર્વક બહાર કાઢ્યો અને ફેકી દીધો. ત્યારે ઈન્દ્ર તેજ ધારણ કરીને પોતે ઊભો થયો અને ધાવા પૃથ્વીને પોતાના તેજથી ભરી દીધી.

આ રીતે વિચિત્ર રીતે જન્મના વર્ણનને લઈને વિદ્વાનોના વિશેષ મત–ભેદ જોવા મળે છે. પરંતુ તેના નિષ્કર્ષ રૂપ કહેવું હોય તો કહી શકાય કે ઈન્દ્રનો જન્મ સહજ–સ્વાભાવિક રીતે થયો હશે. પરંતુ સમય જતા અલૌકિક રીતે રજૂ કરવામાં આવ્યું.

### ૪.૮.૨) ઋગ્વેદ અનુસાર ઈન્દ્રના પિતા :

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના પિતા તરીકે ઘણા નામો જોવા મળે છે. કેટલાક મંત્રમાં ઈન્દ્રના પિતા તરીકે 'ધૌસ'[૪૬] ને માનવામાં આવે છે. જ્યારે કોઈ મંત્રમાં ધાવા પૃથિવીને[૪૭] ઈન્દ્રના માતા–પિતા માનવામાં આવે છે. જ્યારે કેટલાક વ્યસઃ[૪૮]ને ઈન્દ્રના પિતા માને છે. વેદમંત્રોમાં કશ્યપને[૪૯] પણ ઈન્દ્રના પિતા માનવામાં આવ્યા છે. જ્યારે કેટલાક વિદ્વાનો ત્વષ્ટાને ઈન્દ્રના પિતા તરીકે માનવામાં આવ્યા છે.[૫૦]

આ રીતે ઈન્દ્રના પિતા વિશે અનેક મંતવ્યો પ્રાપ્ત થાય છે. આમ વાસ્તવિક રીતે ઈન્દ્રના પિતા કોણ છે તે કહેવું મુશ્કેલ છે. છતાં મોટા ભાગના સંસ્કૃત વિદ્વાનો ત્વષ્ટાને

ઈન્દ્રના પિતા તરીકે સ્વીકારે છે. કારણ કે ત્વષ્ટા એક શિલ્પી તરીકે ઋગ્વેદમાં પ્રચલિત છે. વળી ઈન્દ્ર જે વજ્ર ધારણ કરે છે તેનું નિર્માણ ત્વષ્ટા ઋષિએ કર્યુ હતું એવા ઉલ્લેખો પણ મળે છે.[૫૧] એવા ઉલ્લેખો પણ મળે છે કે જન્મતાની સાથે ઈન્દ્રે સોમપાન કર્યુ હતું.[૫૨] તેમજ ત્વષ્ટાના ઘરમાંથી સોમરસની ચોરી કરી હતી.[૫૩] આ રીતે બધા પુરાવાઓના આધારે ત્વષ્ટાને ઈન્દ્રના પિતા માનવા ઉચિત છે.

### ૪.૮.૩) ઈન્દ્રની માતા :

ઈન્દ્રના પિતાની જેમ માતા વિશે પણ ઘણા નામો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. મંત્રો અનુસાર अदिति[૫૪], गौ[૫૫] તથા निष्टिगी[૫૬] ને ઈન્દ્રની માતાઓ માનવામાં આવે છે. જ્યારે આચાર્યસાયણ 'શવસા'ને ઈન્દ્રની માતા માને છે.[૫૭]

આવી સ્થિતિમાં ઈન્દ્રની માતા ખરેખર કોણ છે તેનો નિર્ણય કરવો અત્યંત મુશ્કેલ છે. આ સંદર્ભમાં એક મંત્ર નોંધનીય છે.

**सद्यो हे गातो वृइषभः कनीनः प्रभर्तुमावदन्द्यस सुतस्य ।**
**साधोः पिब प्रतिकार्म यथा ते रसाशिरः प्रथमं सोम्यस्य ॥**[૫૮]

આ મંત્રનો આધાર લઈ સુધારસ્તોત્રીજી એવો અર્થ આપે છે કે कनीनः એટલે અવિવાહિત માતાનો પુત્ર. ઈન્દ્રની માતા કદાચ કોઈ કુંવારી યુવતી હશે અને તેણે સમાજ માન્ય રીતે ઈન્દ્રનો જન્મ આપ્યો નહીં હોય. એવી રીતે ઈન્દ્રનો જન્મ થયો હશે.[૫૯]

આ રીતે કુંવારી માતાથી જન્મ પામેલા ઈન્દ્રએ પોતાના બળે શ્રેષ્ઠતાની સીડીઓ સર કરીને માણસ પોતાના કાર્યોથી મહાન બની શકે છે એવું સાબિત કરી બતાવ્યું છે.

### ૪.૮.૪) ઈન્દ્રની પત્ની :

ઋગ્વેદમાં ઈન્દ્રની પત્ની તરીકે ઈન્દ્રાણીનો[૬૦] સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જે અત્યંત સુંદર હાથવાળી, લાંબા વાળવાળી, સૌંદર્યની સાથે સાથે પતિને ખુશ કરવાની બધી જ કળા જાણતી એવું એ સ્વમુખે સ્વીકારે છે.[૬૧]

ઈન્દ્રની પત્ની તરીકે ઈન્દ્રાણીનો સર્વમાન્ય રીતે સ્વીકાર થયેલો છે તે અત્યંત સૌંદર્યવાળી હોવાથી ઈન્દ્રને અત્યંત પ્રિય છે. આ સાથે કામ–કલામાં પણ પોતે અત્યંત નિપુણ છે. પતિને ખુશ કેમ કરવો એ બધી જ કળાઓ જાણે છે. ઈન્દ્ર પણ પોતાની આ રીતની સર્વાંગ સુંદર પત્નીથી અત્યંત ખુશ છે. જે ઈન્દ્રની અત્યંત પ્રિય છે.

## ૪.૮.૫)    ઈન્દ્ર માટે પ્રયોજાતા વિશેષણ :

ઈન્દ્રએ આર્યોનો આરાધ્ય દેવતા છે. તેથી તેણે પોતાના આરાધ્ય દેવતા માટે અલગ–અલગ વિશેષણો આપ્યા છે. તેની વિસ્તૃત સમીક્ષા કરીએ.

ઋગ્વેદમાં ઈન્દ્રના રૂપને લગતા અનેક વિશેષણો પ્રાપ્ત થાય છે. તેમાં તેના ઓષ્ઠને લગતું વિશેષણ 'સુશિપ્ર' તેમજ 'શિપ્રિન' તથા તેજ અત્યંત સુંદરતાના લીધે તેને ચિત્રઃ એવું વિશેષણ પણ આપવામાં આવ્યું છે.

ઈન્દ્રને રથનો અત્યંત શોખ હતો. આથી તેના માટે 'રથેષ્ઠા' એવું વિશેષણ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત તેના વિવિધ અશ્વોના આધારે 'हरिमान्', 'हरिवः', 'हरियोगः', 'हरिष्ठा' જેવા વિશેષણોથી વિભૂષિત કરવામાં આવ્યો છે.

વ્રજ ઈન્દ્રનું હથિયાર છે. આથી તેના વજ્રના આધારે તેને અનેક વિશેષણો આપવામાં આવ્યા છે. જેવા કે 'व्रजिन्', 'कत्रावत', 'वज्रबाहु'.

સોમરસ એ ઈન્દ્રનું પ્રિય પીણું છે. સોમરસનું પાન કરી ગમે તેવું અશક્ય કાર્ય પણ કરી શકે છે. એટલે તેને 'समिपा' એવું પણ એક વિશેષણ આપવામાં આવ્યું છે.

ઈન્દ્રના પ્રમુખ કાર્યમાં વૃત્રનો વધ તેનું મુખ્ય કાર્ય છે. આથી તે કાર્યના આધારે પણ તેને વિશેષણો આપવામાં આવ્યા છે. 'वृत्रहन्' એવું વિશેષણ મળ્યુ છે. આ ઉપરાંત પાણીને મુક્ત કરનાર હોવાથી 'अप्सुजित' એવું વિશેષણ પણ મળ્યું છે.

આ ઉપરાંત શત્રુઓના પુરો–નગરોનો નાશ કર્યો હોવાથી તેને 'पुरभिदः' તથા 'पुरन्दर' એવું વિશેષણ પણ જોવા મળે છે.

ઈન્દ્રને તેની શક્તિ સંબંધી અનેક વિશેષણો આપવામાં આવ્યા છે. તેમાંથી સૌથી શ્રેષ્ઠ વિશેષણ 'शतक्रतुः' આ ઉપરાંત 'शक्रोः' એવું વિશેષણ પણ જોવા મળે છે. सुनुसहस्रः शाकिन सत्यमित्ति, सुरः જેવા અનેક વિભૂષણો તેની શક્તિ સંબંધી મળે છે.

ઈન્દ્રની સમૃદ્ધિ અમાપ હતી. આથી તેની સમૃદ્ધિ સંબંધી પણ અનેક વિશેષણો પ્રાપ્ત થાય છે. જેવા કે जोजिन, गोत्रभिद्र, गोदाता, वसुपतिः, वसुदा, मधवन् જેવા અનેક વિશેષણો જોવા મળે છે.

આમ ઋગ્વેદના મંત્રો ઈન્દ્રનું કાર્ય મહાન હોવાથી તેના કાર્ય, તેના રૂપ, શક્તિ, વાહન, સોમ આ રીતે અનેક વિશેષણોથી તેને નવાજવામાં આવ્યા છે.

### ૪.૮.૬) ઈન્દ્રનો દેખાવ :

ઋગ્વેદના મંત્રોમાં અન્ય દેવતાઓની અપેક્ષાએ સૌથી વધુ સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે. તેના શરીરના દેખાવનું સ્પષ્ટ વર્ણન અનેક મંત્રોમાં જોવા મળે છે. તેમાંથી તેની સ્પષ્ટ આકૃતિ ઉપસાવી શકાય તેમ છે. તેનું શરીર સુદઢ તથા મજબૂત છે. તેનું મસ્તક ઊંચુ છે.[૬૨] તથા તેના બન્ને હાથ અત્યંત સુંદર છે.[૬૩] તથા અત્યંત શક્તિશાળી છે. તેના હાથની હથેળીઓ અત્યંત વિશાળ છે. જેમાં એ અશ્વોની રાસ રાખે છે.[૬૪] તેના વાળનો રંગ લીલો છે. તેની દાઢી પણ લીલા રંગની છે.[૬૫]

આ રીતે ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રનું એક માનવીય રૂપમાં વર્ણન જોવા મળે છે. તેના મસ્તક, હાથ, આંખો, વાળ તથા હથેળી તથા કાન વગેરેનું સ્પષ્ટ વર્ણન જોવા મળે છે. આથી ઈન્દ્રને એક શક્તિશાળી માનવી કહી શકાય તેનું સ્પષ્ટ વર્ણન પ્રાપ્ત થાય છે.

### ૪.૮.૭) ઈન્દ્રનો ખોરાક :

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના ખાદ્ય પદાર્થના સ્પષ્ટ નિર્દેશ કરવામાં આવ્યા છે. તે અન્ન અને માંસ બન્ને ખાય છે. યજ્ઞ સમયે તે આપવામાં આવતુ પુરોડાસ અને હવિસ્યાન આપવામાં આવે છે.[૬૬] તેને પુરા આનંદથી આરોગે છે. આ સાથે આપાલા દ્વારા આપવામાં આવેલા ધાન્ય, કરમ્ભ તથા અપૂપ અર્પિત કરે છે.[૬૭]

આટલું જ નહીં ઈન્દ્ર માંસભક્ષણ પણ કરે છે. ઋગ્વેદના મંત્રોમાં તેના માંસ ભક્ષણ કરતા અનેક મંત્રો મળે છે. આ રહ્યો તે મંત્ર

**अद्रिणा ते मनदिने ईन्द तूयान् त्सुन्वन्ति सोमान पिषसि त्वमेषाम् ।**
**पचेन्ति ते वृषभां अत्सि तेषां पक्षेण यन्मधवन् हुयमानः ॥१०-२८-३॥**

હે ઈન્દ્ર તારા માટે મદમસ્ત સોમ તૈયાર થાય છે ત્યારે તું એ સોમરસનું પાન કરે છે. હે ધનવાન ઈન્દ્ર ! જ્યારે આદરપૂર્વક હવિ દ્રયોનો હોમ કરવામાં આવે છે ત્યારે તારા માટે પશુ રાંધવામાં આવે છે અને તું તેનું પ્રેમપૂર્વક ભક્ષણ કરે છે.

આ ઉપરાંત અન્ય જગ્યાએ પણ ઈન્દ્ર માંસ ભક્ષણના પુરાવાઓ પ્રાપ્ત થાય છે. ઈન્દ્ર બળદો, ભેંસોનું માંસ પણ ખાય છે તથા ક્યારેક વીસ બળદોનું માંસ ખાતો, ક્યારેક સૌ ભેંસોનું માંસ પણ ખાતો હતો. આ બધાજ ઉલ્લેખો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે.[૬૮]

આમ ઋગ્વેદમાં ઈન્દ્રના વ્યક્તિત્વ અનુસાર આ તેની વિશેષતા જોવા મળે છે. અન્ન અને માંસ ભક્ષણ બન્ને તેના પ્રિય ખોરાક છે.

### ૪.૮.૮) સોમપાન કરતો ઈન્દ્ર :

સોમપાન ઈન્દ્રના વ્યક્તિત્વનું અભિન્ન અંગ છે. તેને સોમ પ્રત્યે અનહદ અનુરાગ છે. મુજવાન પર્વત ઉપર ઊગતી સોમલત્તાને વાંટીને કે પિલીને તેમાંથી રસ કાઢવામાં આવતો. આ રસ સુગંધી બનતો. તેને દૂધ સાથે, દહીં સાથે કે માત્ર સોમરસ એકલો પીવામાં આવતો હતો. આ રસ પીવાથી માદકતા મસ્તી અને સ્ફૂર્તિનો અલૌકિક સંચાર થતો હતો. વૈદિક સમયમાં આ પીણું સર્વમાન્ય અને સાર્વત્રિક તથા સમાજ માન્ય હતું. ઋષિઓ, રાજાઓ અને સામાન્ય પ્રજા, સૈનિકો આદિ તેનું પાન કરતાં હતાં.

આ સોમરસ સાથે ઈન્દ્રને અત્યંત અનુરાગ છે. જન્મતાની સાથે તેણે સોમપાન કર્યુ હતું.[૬૯] ત્વષ્ટાના ઘરમાં પણ તેણે સોમપાન કર્યાના પ્રમાણો પણ મળે છે.[૭૦] ઈન્દ્ર સોમપાન ગમે ત્યારે કરે છે. પરંતુ વિશેષ રૂપમાં તે મધ્યદિન સોમપાન વધારે કરે છે. તેને मध्यादिन सवन કહેવામાં આવે છે. ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રા સોમ વિષયક કેટલાક બધા ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તેનો અહીં ઉલ્લેખ કરવો અયોગ્ય ગણાશે. તેના સોમપાન વિશે એટલું કહી શકાય છે તેનું પ્રિય પીણું હતું. સોમપાન માટે ગમે ત્યાંથી આમંત્રણ આપવામાં આવે તો તેનો સંહર્ષ સ્વીકાર કરીને તેના માટે તૈયાર થતો. તેમજ સોમરસના બદલામાં જે કોઈ પણ કાર્યપાર પાડવાનું હોય તે વિના વિઘ્ને પાર પાડતો.

ઈન્દ્ર અમર્યાદિત રીતે સોમપાન કરતો. ઘણી વખત વધુ પડતું સોમપાન થઈ જતું ત્યારે પોતે પણ ભાન ભૂલીને ન બોલવાના શબ્દો પણ બોલતો.

### ૪.૮.૯) નારીલોલુપ ઈન્દ્ર :

શરાબ અને સુંદરી આ બન્નેનો સંબંધ પણ અભિન્ન છે. શરાબીઓ મોટા ભાગે સ્ત્રી પ્રત્યે આસક્તિ ધરાવતા હોય છે. ઈન્દ્ર પણ આ વ્યસનથી પર નથી. તે સ્ત્રીઓનો

પ્રેમ પ્રાપ્ત કરવામાં નિપૂણ છે.[૭૧] કુંવારી[૭૨] કન્યાઓને ગર્ભવતી કરવામાં તેના નામનો ઉલ્લેખ થયો છે. પરંતુ વિદ્વાનો ત્યાં કન્યાઓનો અર્થ નદીઓ લઈને ઈન્દ્રવૃષ્ટિ દ્વારા નદીઓને વહેતી કરે છે તેવો અર્થ બતાવવામાં આવ્યો છે. બીજી એક જગ્યાએ ઈન્દ્રને કુંવારી સ્ત્રીઓ દ્વારા જન્મ આપવામાં આવેલા બાળકો છુપાવવાના સ્થળનો જાણકાર બતાવવામાં આવ્યો છે.[૭૩]

આમ ઈન્દ્રની નારી લોલુપતા પણ ઋગ્વેદના મંત્રોમા સ્પષ્ટ થાય છે. ઈન્દ્રના વ્યક્તિત્વના આ પાસાઓ જોતા એમ લાગે છે બધુ સત્ય ન હોય છતાં કંઈક તો હોવું જોઈએ. નહિતર દેવતા જેવા ઈન્દ્રના પાત્રનો સંબંધ આ રીતે સ્ત્રીઓ સાથે ક્યારેય બતાવી શકાય નહીં.

## ૪.૮.૧૦) ઋગ્વેદ અનુસાર ઈન્દ્રનું કાર્ય :

ઋગ્વેદમાં આવેલા મોટા ભાગના મંત્રો ઈન્દ્રના ચરિત્રનું ગાન કરે છે તેમ કહીએ તો પણ અનિશયોક્તિ ગણાશે નહીં. ઋગ્વેદના આઠમાં મંડળમાં તો તેના કાર્યનો જયનાદ કરવામાં આવ્યો છે. એવું ક્યું કાર્ય છે કે જે ઈન્દ્ર ન કરી શકે ? ઋગ્વેદમાં આવેલા ઈન્દ્રના સૂક્તોનો અભ્યાસ કાઢી એ વાત તો કમને પણ સ્વીકારવી પડે તેમ છે કે ઈન્દ્ર માટે કોઈ કાર્ય અશક્ય નથી. અહીં તેના બધાજ કાર્યોની સમીક્ષા કરીએ તો વિસ્તાર દોષ આવી પડે અને મહાનિબંધનું તે પ્રયોજન પણ નથી. આથી અહીં ઈન્દ્રના પ્રમુખ–મુખ્ય કાર્યોની સમીક્ષા કરીએ.

વૃત્રનો વધ એ ઈન્દ્રનું પ્રમુખ કાર્ય માનવામાં આવે છે. તેના વધ માટે જ ઈન્દ્રનો જન્મ થયો છે. પરંતુ આ વૃત્ર કોણ હતો એ બાબતે વિદ્વાનોમાં મતભેદો જોવા મળે છે. નિઢક્તના સમયમાં એટલે કે ઈ.સ. પૂર્વે ૧૧મી સદીમાં વૃત્રને ઐતિહાસિકો માનવી માનતા. જ્યારે નૈઢક્તો તેને મેઘ માનતા હતાં.[૭૪]

ઐતિહાસિકોની માન્યતા અનુસાર તે માનવી હતો. ઋગ્વેદના મંત્રોમાં તેને જીવંત માનવ માની તેના માતા–પિતાના નામનો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેની માતાનું નામ દાનુ અને પિતાનું નામ ત્વષ્ટા હતું. બુદ્ધપ્રકાશ અનુસાર વૃત્ર એક માનવી હતો તે ધાર્મિક યાજ્ઞિક અને કર્મકાંડી હતો.

ઋગ્વેદના સૌથી પ્રાચીન પ્રસિદ્ધ ટિકાકારોમાં આચાર્ય સાયણ, સ્કન્ધ સ્વામી વૃત્રને મેઘ માને છે. ઋગ્વેદના મંત્રો અનુસાર તેને જીવંત માનવ માનીએ તો પણ કાંઈ મુશ્કેલી પડે તેમ નથી. કારણ કે મેઘ કરતાં માનવના રૂપમાં તેનું વર્ણન વધુ બંધબેસતુ આવે છે. ઋગ્વેદના અનુસાર તેનું નિવાસસ્થાન જોઈએ તે એવી જગ્યાએ રહેતો જે અત્યંત ગુપ્ત હતી અને ત્યાંથી જલધારાઓ વહેતી હતી.[૭૫] તે જળમાં અને કોતરોમાં છુપાઈને રહેતો. તેમજ તેના માતા–પિતાના વર્ણનો જોતા તેને ઈન્દ્રનો માનવશત્રુ માનવો વધુ યોગ્ય ગણાશે.[૭૬]

વાસ્તવિક્તા એ હતી કે ઈન્દ્રનો અને વૃત્રનો ભયંકર સંગ્રામ ચાલતો હતો. વૃત્ર પણ બળ અને શક્તિની બાબતમાં ઈન્દ્રસમાન સમોવડીયો હતો. જો આ સમયે ઈન્દ્રે સોમપાન ન કર્યું હોત તો ઈન્દ્રનો વિજય થયો ન હોત.[૭૭] આ સંગ્રામની ભયંકરતા એટલી હતી કે બધાજ પ્રાણીઓ ભયથી કાંપતાં હતા. દ્યાવાપૃથિવી પણ ડોલાયમાન થઈ ગઈ હતી. વૃક્ષ અને વેલીઓ પણ ભયથી ઝૂકવા લાગી હતી. અને વજનું સર્જન કરનાર ત્વષ્ટા પણ ભયભીત થઈ ધ્રુજતા હતા.[૭૮]

મહત્ત્વની વાત એ છે કે ઈન્દ્ર આટલો શક્તિશાળી હતો તો તેનો સામી છાતીએ સામનો કરી શક્યો નથી. તેથી વૃત્ર જ્યારે નિદ્રાધિન હતો ત્યારે ઈન્દ્રે તેને જગાડ્યો અને પોતાના વજ્રથી તેના બન્ને હાથ કાંપી નાખ્યા. છતાં પણ વૃત્ર ઈન્દ્ર સાથે લડતો રહ્યો. ત્યારે ઈન્દ્રે તેના કંધા ઉપર પ્રહાર કર્યો. તેથી અસંખ્ય અણીઓવાળા વ્રજથી વૃત્ર પૃથ્વી ઉપર ઢળી પડ્યો.[૭૯]

આમ આ વૃત્રનો વધ કરવો એ ઈન્દ્રનું પ્રધાન કાર્ય માનવામાં આવે છે. ઈન્દ્ર–વૃત્રના આ વર્ણનમાં વૃત્રને મેઘ માનવાને બદલે જીવંત માનવ માનવો વધુ તર્કસંગત ગણાશે.

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રનો આર્યેત્તર–અનાર્ય રાજાઓ સાથે સંગ્રામ–યુદ્ધ તેનું બીજુ મહત્ત્વનું કાર્ય છે. આર્યોએ ભારતવર્ષમાં પ્રવેશ કર્યો ત્યારે સ્થાનિક પ્રજા સાથે તેના સંઘર્ષો સતત થતા રહ્યાં તેમાં આર્યોનો પરાજય થયો હશે. તેથી આર્યોએ ઈન્દ્રને રાજા બનાવ્યો ત્યારથી આર્યેતર–અનાર્ય રાજાઓની સાથે ઈન્દ્રનો સંઘર્ષ સતત ચાલુ રહ્યો અને હંમેશા તેમાં ઈન્દ્રનો જ વિજય થયો છે. જે–જે અનાર્ય રાજાઓ હતાં તેને ઈન્દ્ર સાથે કોઈ દુશ્મનાવટ હતી નહી છતાં અનાર્ય રાજાઓ સાથે તેના સંઘર્ષ થયા તેની ટૂંકમાં સમીક્ષા કરીએ.

ઋગ્વેદના મંત્રોમાં શમ્બરાસુર નામના રાજાનો વારંવાર ઉલ્લેખ થયો છે. શમ્બરને મોટા ભાગના વિદ્વાનો અનાર્ય રાજા માને છે. ઈન્દ્રનો આ પ્રખર શત્રુ હતો. ૪૦ વર્ષ સુધી શમ્બરને શોધવા માટે ઈન્દ્રે પ્રયાસ કર્યો. અંતે ઈન્દ્ર સાથેના યુદ્ધમાં શમ્બર મરણને શરણ થયો.[૮૦] દિવોદાસ નામના આર્ય રાજા માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો.[૮૧]

પિયુ નામનો આર્યેત્તર–અનાર્ય રાજા હતો. તેનો વધ પણ ઈન્દ્રે જ કર્યો. ઋગ્વેદના મંત્રો અનુસાર આ સુખસમ્પન્ન અને વૈભવી રાજા હતો. તેમની પાસે ૫૦ હજાર દાસ–દાસીઓ અને સૈનિકો હતાં. ઈન્દ્રને ઋજિશ્વાન નામનો એક આર્ય રાજા–જે આર્ય હતો તે સોમરસ પૂરો પાડતો હતો તેની સહાયતા કરવા માટે ઈન્દ્રે પિપ્રુનો વધ કર્યો.[૮૨]

નમુચિ નામનો અનાર્ય રાજા હતો. તે પણ સમૃદ્ધ અને શક્તિશાળી રાજા હતો. તેને ૧૦૦ વિશાળ અને મજબુત કિલ્લાઓ હતાં. નાભિસાપ્ય નામના આર્ય રાજાની સહાયતા માટે ઈન્દ્રે નમુચિનો વધ કર્યો.[૮૩]

ધુનિ અને ચુમુરિ આ બન્ને રાજાઓ હતાં. આ બન્નનો સંહારક પણ ઈન્દ્ર જ છે. દભિતિ નામનો આર્ય–રાજા જે ઈન્દ્રને નિયમિત સોમરસ પૂરો પાડે છે તેની સહાયતા કરવા ઈન્દ્રે આ બન્નેનો વધ કર્યો.[૮૪]

વર્ચિન નામનો અનાર્ય રાજા હતો. જે અનેક રીતે સમૃદ્ધ અને શસક્ત હતો. ઈન્દ્રે આ રાજાનો વધ કર્યો. સાથે–સાથે વર્ચિન રાજાના એક લાખ સૈનિકોનો પણ ઈન્દ્રે વધ કર્યો.[૮૫]

ઋગ્વેદમાં પણિ કે પણયઃ  એવા શબ્દો અનેક વખત આવે છે. આ પણિઓ તત્કાલિન વેપારી પ્રજા હતી. સાથે–સાથે વ્યાજ વટાવનો ધંધો પણ કરતાં એટલે સુખી સમ્પન્ન હતા. વેપારી જીવ હોવાથી દાન–ધર્મ–યજ્ઞાદિમાં તેને રસ ન હતો. આથી આર્યોનું તિરસ્કારનું પાત્ર બન્યા અને આર્યોના કહેવાથી ઈન્દ્રે આ પાણિનીઓની ગાયો ધન ઝુંટવી લીધું.[૮૬]

આ ઉપરાંત અન્ય અનાર્ય નાના–અશક્તિમાન રાજાઓ જેવા કે कर्णज, कुवयव, इलाविश, नार्मर, मृगय જેવાઓની સાથે પણ ઈન્દ્રનો સંઘર્ષ થતો રહ્યો તેમાં પણ ઈન્દ્રનો જ વિજય થયો. આમ ઋગ્વેદમાં ઈન્દ્રના પ્રધાન કાર્યોમાં આ બે કાર્યો બનાવી શકાય. મહત્ત્વની વાત એ છે. ઈન્દ્ર તો વીર હતો. તે પોતાના બળે સંપત્તિ બનાવી શકતો. પરંતુ એ અન્ય માટે–બીજા માટે કોઈ પણ સાથે સંગ્રામ કરી બેસતો.

### ૪.૮.૧૧) ઈન્દ્રની પ્રશંસા પ્રિયતા :

સામાન્ય માનવી જો પોતાની પ્રશંસા અન્યના મુખેથી સાંભળે તો આત્મગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે. તેમ ઈન્દ્રને સ્તુતિ શ્રવણ બહુજ ગમતું. ઋગ્વેદના અસંખ્ય મંત્રોમાં તેની સ્તુતિ કરવામાં આવી છે. ઋષિઓ વિવિધ છન્દોબદ્ધ મંત્રોમાં તેનું આહ્‌વાન કરતાં. તેઓ ઈન્દ્રના સ્વરૂપ અને પ્રરાક્રમોની પ્રશંસા કરતાં તેમાં અત્યંત રસ પડતો. ઋષિઓ દ્વારા કરવામાં આવેલી સ્તુતિ સાંભળી તે ગમે તેવું અઘઢં કાર્ય પણ પાર પાડતો. કોઈ પણ કાર્ય પાર પાડવાની પ્રેરણ–બળ તેને આ સ્તુતિમાંથી મળતુ હતું. તેના ઉત્સાહમાં સતત વધારો થતો હતો. એટલે જ ઋગ્વેદનો એક આરાધ્ય દેવ બની ગયો. ઋગ્વેદના એક મંત્રમાં એવું કહેવાયું છે કે તે દૂર દૂરથી સ્તુતિઓ સાંભળતો હતો.[૮૭] એક મંત્રમાં તો ઋષિઓ પણ કહે છે કે અમારી સ્તુતિઓ સાંભળવાથી શત્રુઓના ધનનું હરણ કરનાર ઈન્દ્ર બળ વધે છે.[૮૮]

ઈન્દ્રની વિશેષતા એ જોવા મળી છે કે અત્યંત પ્રશંસા પ્રિય છે. સાચી કે ખોટી રીતની તેને પ્રશંસા ગમતી હતી. બીજું એની જે પ્રશંસા કરે તે વ્યક્તિની પ્રશંસા વ્યર્થ ન જતી. સ્તુતિ કરનાર જે વસ્તુ માગે તે આપતો પણ ખરો. ઋગ્વેદમાં સ્તુતિ કરનારે અન્ન, દાન, ગાયો અને જરૂર પડ્યે કોઈનો વધ પણ કરી આપતો હતો. આમ એક રીતે જોતા પ્રશંસાપ્રિય વ્યક્તિ પણ કહી શકાય.

### ૪.૮.૧૨) ઈન્દ્રની યુદ્ધ લાલસા :

ઋગ્વેદમાં ઈન્દ્રના વ્યક્તિત્વની વિશેષતા કહી શકાય તેવી તેની યુદ્ધ લાલચા છે. પોતાની અનુપમ શક્તિ અને અન્યથી સ્તુતિઓથી પ્રેરાયેલો તે ગમે તેની સાથે યુદ્ધ કરી બેસે છે. તે કોઈ પણ સંજોગોમાં પરિણામનો વિચાર કરતો નથી. સામે ગમે તેવો યોદ્ધો હોય તો પણ ઈન્દ્રનો વિજય નિશ્ચિત હતો. ક્યારેક કોઈ સ્તુતિઓ કરીને અન્ય સાથે યુદ્ધ કરાવે છે તો ક્યારેક પોતાની વીરતાથી અન્યો સાથે યુદ્ધ કરી બેસે છે. ઈન્દ્રના આ પાસામાં તેનો અદમ્ય આત્મવિશ્વાસ જોવા મળે છે. પોતાની શક્તિ અને ખાસ તો પોતાના વજ્ર ઉપર તેને અનહદ્ વિશ્વાસ છે અને આ વિશ્વાસ પણ તેને પરોક્ષ રીતે પ્રેરણા આપતું બળ છે.

ઋગ્વેદમાં ઈન્દ્રના યુદ્ધો માત્ર આર્યેતર–અનાર્ય રાજાઓની સાથે જ થયા છે એવું નથી તે ગમે તેની સાથે યુદ્ધ કરી બેસે છે. એક વખત ઉષા સાથે યુદ્ધ કરતાં–કરતાં ઉષાનો રથ ભાંગી તોડી નાખે છે.[૮૯] અને આ રીતે સ્વાભાવિક યુદ્ધ લાલસાથી જ સૂર્યના અશ્વોને રોકી લીધા હતા.[૯૦]

આમ યુદ્ધલાલસા તેના વ્યક્તિત્વનું સહજ પાસુ છે. સોમરસની જેમ જોડાયેલું અવિભાજ્ય અંગ છે. તેની યુદ્ધ લાલસાની વિશેષતા એ છે કે તેણે પોતાના માટે સ્વાર્થ માટે ક્યારેય કોઈની ઉપર વજ્રનો પ્રહાર કર્યો નથી. પરંતુ બહજન હિતાય–બીજાના સ્વાર્થ માટે પોતાના જીવની પરવા કરી નથી. परार्थे स्वसमर्पणम् એ ઈન્દ્રના વ્યક્તિત્વનું એક જમા પાસુ કહી શકાય.

આમ ઋગ્વેદસંહિતામાં ઈન્દ્રનું વ્યક્તિત્વ એક અલગ રીતે આપણી સામે છે. ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રની બે વ્યક્તિત્વ જોવા મળે છે. તેને દેવતા પણ કહી શકાય છે. તેમજ સામાન્ય માનવીની કોટીમાં પણ મૂકી શકાય તેમ છે. ઉપરોક્ત વર્ણનો જોતા તેને શું કહેવું એ યોગ્ય રીતે નક્કી કરી શકાય તેમ નથી છતાં તેના વિવિધ પાસાઓની સમીક્ષા કરી યોગ્ય નિષ્કર્ષ તારવીએ.

ઋગ્વેદમાં અસંખ્ય દેવતાઓના વર્ણનો આપવામાં આવ્યા છે. તેમાં આટલું સ્પષ્ટ અને પૂર્ણ વર્ણન મળતું હોય તો એક માત્ર ઈન્દ્રનું જ મળે છે. ઈન્દ્રનો દેખાવ તેના હાથ, પગ, તેનું મસ્તક, તેના વાળ, તેની દાઢી આ આબેહૂબ વર્ણન તેને માનવીની કોટીમાં મુકવા મજબૂર કરે છે. બીજુ ઈન્દ્રના વ્યક્તિત્વમાં જે વિશેષતાઓ પ્રાપ્ત થાય છે તે બધી જ માનવસહજ છે. જેમ કે સ્તુતિશ્રવણપ્રિયતા, સોમાશક્તિ, નારીલોલુપતા, ચોરીકર્મ, યુદ્ધલાલસા આ બધુ ઈન્દ્રના વ્યક્તિત્વને એક સામાન્ય માનવી ગણવા માટે પુરતું થઈ પડે છે. આ ઈન્દ્રને અન્ય દેવતાઓની કોટીમાં મૂકી તે તપાસીએ તો પણ અન્ય દેવતાઓમાં આવા ગુણો જોવા મળતા નથી. દા.ત. અગ્નિ, વઢણ, અશ્વિનૌ જેવા દેવતાઓની કોટીના ગુણો ઈન્દ્રમાં પ્રાપ્ત થતાં નથી. તેથી પણ તેને સામાન્ય માનવો એ વધારે તર્કસંગત છે.

બીજુ ઋગ્વેદમાં જોવા મળતા ઐતિહાસિક પ્રસંગો સાથે ઈન્દ્રના વ્યવહારમાં તો તેને માનવી માનવો વધારે યોગ્ય છે. કેમ કે અનાર્ય રાજાઓની સાથે જે સંગ્રામો કરે છે તેના તો ઐતિહાસિક પ્રમાણો પ્રાપ્ત થાય છે. તેથી આ રીતે પણ તેને માનવની કોટી મૂકી

શકાય તેમ છે.

ઋગ્વેદમાં ઈન્દ્રના જન્મ વિશે અનેક કલ્પનાઓ કરવામાં આવે છે. તેના માતા–પિતા વિશે પણ ચોક્કસ નામ પ્રાપ્ત થતાં અને મળે છે. એકથી વધારે મળે છે. આ સંદર્ભ વેદના અભ્યાસી સુધા સ્તોગીજીનો મત સૌથી વધારે માન્ય હોય તેવું મને લાગે છે. તેઓ કહે છે કે મૂળ ભારોપીય પરિવારથી અલગ ઈરાનીઓ અને ભારતીયો એક જગ્યાએ રહેતા હતાં. તે સમયે એક કુંવારી કન્યાએ બાળકને જન્મ આપ્યો. તેણે પોતાની શક્તિથી પ્રકાશ ફેલાવ્યો અને આર્યોએ તેનું નામ ઈન્દ્ર રાખ્યું હશે.[૯૧] સ્તોગીજીની આ વાત તથ્યયુક્ત હોય તેમ પણ જણાય છે. કેમ કે ઋગ્વેદના બીજા મંડળના ૧૨ સૂક્તમાં 'सः जनास् इन्द' એવા પદનો વારંવાર પ્રયોગ થયો છે અને તે બતાવે છે કે હે લોકો તે ઈન્દ્ર હતો. એટલે ઈન્દ્ર કોણ છે તે સમજાવવા ઋષિઓ જે અવિશ્વાસી છે તેને ઈન્દ્રની શક્તિ પર ઈન્દ્રના પરાક્રમો પર વિશ્વાસ ઉત્પન્ન કરવા માટે ઋષિ તેની ઓળખાણ આપે છે.

અંતમાં કહી શકાય કે એક સામાન્ય વ્યક્તિ પોતાના તેજથી પોતાના પરાક્રમ અને શક્તિથી દેવત્વ સુધી પહોંચી શકે છે. તેનું જીવંત ઉદાહરણ ઈન્દ્ર છે અને આવી અનુપમ શક્તિની પ્રશંસા અને પ્રાર્થના યથાસ્થાને છે.

## ૪.૯ આર્યનેતા ઈન્દ્રના વ્યક્તિત્વની વિકાસ યાત્રા :

આપણે આગળ નોંધ્યું તેમ ઋગ્વેદના મંત્રનો મોટાભાગના મંત્રોમાં ઈન્દ્રની સ્તુતિ પ્રાર્થના પ્રશંસા કે પરાક્રમનું વર્ણન કરવામાં આવ્યું છે. પરંતુ ઋગ્વેદમાં ઈન્દ્રના વ્યક્તિત્વનો આટલો બધો પ્રભાવ કેમ હશે ! એવું તે ઈન્દ્રનું કયું પરાક્રમ છે જેનાથી પ્રભાવિત થઈ ઋષિઓ ઈન્દ્રના ગુણગાન ગાયા કરે છે. તેની ચર્ચા અહી પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયત્ન કરું છું

ઈન્દ્રના વ્યક્તિત્વને સમજવા માટે વૈદિક દેવતાઓની ઉત્પત્તિ તેનો વિકાસ વગેરે સમજવું અનિવાર્ય બને છે. તેથી પહેલા દેવતાઓ વિશેની વિભાવનાઓની સમીક્ષા કરીએ.

ઋગ્વેદમાં દેવ યા દેવતા શબ્દનો ઉદારતાપૂર્વક પ્રયોગ થયેલો જોવા મળે છે. યાસ્ક દેવતાનું નિર્વચન આપતા કહે છે દેવઃ द्योतनाद्वा दीपनाद्वा दानाद्वा।[૯૨] આ વ્યુત્પત્તિ પ્રમાણે જોઈએ તો દેવતાઓમાં પાંચ વિશેષતાઓ જોવા મળવી જોઈએ વિશેષતાઓ જેવી

કે ધૃતિમાન, કલ્યાણકારક, પવિત્ર, પૂજ્ય અને શ્રધ્ધયોગ્યઃ આ પાંચ વિશેષતાઓ જેમ જોવા મળે તેને દેવતા કહેવાય.

### ૪.૯.૧) દેવતાઓની ઉત્પત્તિ અને વિભાજન :

દેવતાઓની ઉત્પત્તિ માટે વિવિધ કલ્પના કરવામાં આવી છે. તેમજ દેવતાઓને અનાદિ બતાવવામાં આવ્યા છે. મોટા ભાગના દેવતાઓનો સંબંધ જળ સાથે બતાવવામાં આવ્યો છે. મોટા ભાગના દેવતાઓની ઉત્પત્તિ સૃષ્ટિની રચના પછી બનાવવામાં આવી છે.[૯૩] તેમજ કહેવામાં આવ્યું છે કે પૃથ્વી સ્થાનીય દેવતાઓની પૃથિવીમાંથી, અન્તરિક્ષ સ્થાનીય દેવતાઓ જળમાંથી અને દ્યુસ્થાની દેવતાઓ અદિતિમાંથી ઉત્પન્ન થયા છે.[૯૪] જ્યારે અમુક મંત્રોમાં અન્ય દેવતામાંથી અન્ય દેવતાની ઉત્પતિ માનવામાં આવી છે. એ પ્રમાણે ક્યારેક ઉષાન,[૯૫] ક્યારેક બૃહસ્પતિને[૯૬] અને ક્યારેક સોમને[૯૭] બધાજ દેવતાઓના જનક કહ્યા છે. વળી દેવતાઓને અમરત્વ ધરાવતા માનવામાં આવે છે. જોકે અહીં તો શંકા ઉત્પન્ન થાય છે. કારણ કે પૃથ્વી ઉપર કોઈ પણ અમરત્વ પ્રાપ્ત કરી શકતું નથી જો દેવતાઓ અમરત્વ ધરાવતા હોય તો તત્કાલીન દેવતા કેમ અત્યારે જોવા મળતા નથી તેથી દેવતાઓના ગુણને કુદરતી ગણાવી શકાય તેમ નથી આ ગુણ માત્ર ઋષિઓની કલ્પના માની શકાય.

ઋગ્વેદના મંત્રોમાં દેવતાઓની સંખ્યા ૩૩ની બતાવવામાં આવી છે.[૯૮] જોકે સંખ્યાની ગણતરીમાં ઘણા બધા તફાવત જોવા મળે છે. ક્યારેક દેવતાઓની સંખ્યા અસંખ્ય માનવામાં આવે છે.[૯૯] ક્યારેક દેવતાઓની સંખ્યા ૩૩૩૯[૧૦૦] માનવામાં આવે છે. આ રીતે દેવતાની સંખ્યા બાબતે કોઈ સ્પષ્ટ કહી શકે તેમ નથી.

ઋગ્વેદના અલગ–અલગ અભ્યાસીઓએ આ બધા દેવતાઓનું વર્ગીકરણ કરવાના પ્રયત્નો કર્યા તેમાં સૌ પ્રથમ વર્ગીકરણ યાસ્કે કર્યું હતું.[૧૦૧] તેણે આ જગતના ત્રણ વિભાજન કરીને દેવતાઓને પણ ભાગમાં વિભાજિત કર્યા તે પ્રમાણે દ્યુલોકના દેવતાઓ વિષ્ણુ, વરુણ, ઉષા તથા સૂર્યને માનવામાં આવે છે. જ્યારે ઈન્દ્ર, મરુત, રુદ્ર અને વાયુને અન્તરિક્ષસ્થાનીય દેવતાઓ માનવામાં આવે છે. તેમજ સોમ અને અગ્નિને પૃથ્વીસ્થાનીય દેવતા માનવામાં આવે છે.

વૈદિક દેવતાઓનું આ વર્ગીકરણ કરવામાં આવ્યું છે તેનો અભ્યાસ કરતાં એવું લાગે છે કે આ વર્ગીકરણ સત્ય અને સંપૂર્ણ નથી કેમ કે તેમાં ઘણા દેવતાઓ ત્રણેય સ્થાનમાં અસ્તિત્વ ધરાવતા હોય તેવાં દેવતાને અમુક સ્થાનમાં મૂકવામાં આવ્યા છે. જો કે ઋગ્વેદના ઋષિઓએ પોતાની ભાવનાથી દેવતાઓનું વર્ગીકરણ સ્પષ્ટ કર્યું છે. જેમ કે यजाम देवान् यदि शक्रवाम मा ज्यायसः ग्रसमा वृक्षि देवाः ॥[૧૦૨] આ મંત્રમાં ઋષિઓ કહે છે જે દેવતામાં જેવું સામર્થ્ય તેવી અને તેની ઉપાસના કરીશું.

વૈદિક દેવતાઓનું વર્ગીકરણ કરવાના પ્રયત્નો કેટલાય ભારતીયો અને વિદેશીઓ દ્વારા કરવામાં આવ્યા છે. પરંતુ તે બધામાંથી સ્પષ્ટ સંપૂર્ણ અને સર્વમાન્ય કહી શકાય તેવું એક પણ વર્ગીકરણ પ્રાપ્ત થતું નથી.

વૈદિક દેવતાઓના વર્ણનમાં ઘણી વખત સમાનતા બહુ જોવા મળે છે. એક દેવતા જેવા અન્ય દેવતા જોવા મળે છે. જેમ કે સૂર્ય, અગ્નિ, ઉષા અને સવિતૃ આ બધા જ દેવતાઓમાં સમાનતા એ જોવા મળે છે. કે તેઓ બધા જ પ્રકાશ આપનાર અને અંધકારનો નાશ કરનાર માનવામાં આવે છે. ગુણોની બાબતમાં પણ આ દેવતાઓમાં સમાનતા પ્રાપ્ત થાય છે. જેમ કે બધા જ દેવતાઓ વીર અને અનુપમ શક્તિશાળી છે. પોતાના યાચકોને દાન આપવાની વૃત્તિ પણ બધા જ દેવતાઓમાં સમાન છે પરંતુ આ દાન સહજદાન નથી તેને પહેલા સ્તુતિઓ પ્રાર્થનાઓ કે યજ્ઞો દ્વારા પ્રશંસા કે પ્રસન્ન કરીને તેની પાસે યાચના કરવામાં આવે ત્યારે આ બધા દેવતાઓ દાન આપે તેવા છે. આમ ઋગ્વેદના બધા જ દેવતાઓ આદર્શવાદી, સત્યશીલ અને ધર્મ અને ઋત નું રક્ષણ કરનારા દેવતાઓ છે.

### ૪.૯.૨) ઈન્દ્રના વ્યક્તિત્વનો વિકાસ :

ઋગ્વેદમાં ઈન્દ્રના સમગ્ર વ્યક્તિત્વનું વર્ણન કરવામાં આવ્યું છે તેના જન્મથી માંડીને તેનાં કાર્યો, તેના વિશેષણો તેનો અન્ય દેવતાઓની સાથે સંબંધ તથા તેની રુચિઓ તેની નબળાઈઓ વગેરેનું સ્પષ્ટ અને વિશદ વર્ણન પ્રાપ્ત થાય છે. અન્ય દેવતાઓ કરતાં ઈન્દ્રના વ્યક્તિત્વનો વિકાસ જોઈ શકાય તેમ છે.

ઋગ્વેદમાં ઈન્દ્રના જન્મની કથા જોવા મળે છે. તેમાં અનેક વિવિધતા જોવા મળે છે. ક્યારેક તેને પુરુષ ના મુખમાંથી[૧૦૩] ક્યારેક તેને સોમમાંથી[૧૦૪] તો ક્યારેક સમસ્ત દેવોમાંથી[૧૦૫] ઉત્પન્ન થયેલો બતાવવામાં આવ્યો છે.[૧૦૬] ઈન્દ્રના જન્મની જેમ તેની માતાના

વિષયમાં પણ એક સમાનતા પ્રાપ્ત થતી નથી અદિતિ ગૌ[૧૦૭] તથા નિષ્ટિ[૧૦૮] ને ઈન્દ્રની માતા માનવામાં આવે છે. માતાની જેમ પિતાની બાબતમાં પણ અનેક નામો જોવા મળે છે. ક્યારેક દ્યૌસને[૧૦૯] તો ક્યારેક દ્યાવા પૃથ્વીને[૧૧૦] ઈન્દ્રના માતા–પિતા માનવામાં આવે છે. તો કેટલાક ઈન્દ્રના પિતા તરીકે વાંસને માને છે. વળી ઋગ્વેદના વર્ણનમાં તેના ભાઈઓ તથા તેની પત્ની વગેરેનું વર્ણન પણ જોવા મળે છે. તેની પત્ની તરીકે ઈન્દ્રાણીનું નામ મોટા ભાગના મંત્રોમાં પ્રાપ્ત થાય છે. પૂષત્ તેના ભાઈના રૂપમાં વર્ણિત થયેલો છે. ઈન્દ્રના શારીરિક રૂપનું વર્ણન પણ ઋગ્વેદના મંત્રોમાં સ્પષ્ટ થયેલું જોવા મળે છે. તેના હાથ, પગ, વાળ, દાઢી વગેરે આકર્ષક વર્ણન પ્રાપ્ત થાય છે. તેના વાહન અને આહાર કેવા હતાં તેનું પણ અદ્ભુત વર્ણન અહીં પ્રાપ્ત થાય છે.

આમ ઉપરોક્ત રીતે જોતા ઈન્દ્રના જન્મથી માંડીને તેનાં પરાક્રમો માનવસહજ જોવા મળે છે. તેના જન્મમાં પણ પ્રાકૃતિક–કુદરતી રીતે જન્મ ન થતાં વિકૃત રીતે જન્મ થયેલો બનાવેલો છે. પરંતુ એ ઘટના અયોગ્ય છે એવું બની શકે તેમ નથી. ઈન્દ્રના જન્મની જેમ તેના માતાના વિષયમાં અનેક સ્ત્રીઓનાં નામ પ્રાપ્ત થાય છે. તેથી તેની માતા કોણ હતી તેનો સ્પષ્ટ નિર્દેશ કરી શકાય તેમ નથી. જોકે ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના જન્મથી કથા સહજ રીતે રજૂ કરવામાં આવી છે અને તે અનુસાર ઈન્દ્રનો શુક્તિગૃહમાં જન્મ થયો છે.[૧૧૧] તેમજ આ પ્રકારના બાળકનો જન્મ થતાં લજ્જાથી તે સ્ત્રી બાળકને ત્યજી દે તે છે.[૧૧૨] આ મંત્રો બતાવે છે કે ઈન્દ્રની માતા કોઈ કુંવારી હશે જેણે આ અવસ્થામાં બાળકનો જન્મ આપ્યો તેથી તેને ત્યજી દેવામાં આવ્યો છે.

ઈન્દ્રની માતાની જેમ તેના પિતાની બાબતમાં કોઈ સ્પષ્ટ અભિપ્રાય આપી શકાય તેમ નથી કારણ કે ઉપરોક્ત રીતે ઈન્દ્રનો જન્મ થયો હોય તો પિતા તરીકે કોનું નામ આપી શકાય ?

ઋગ્વેદમાં ઈન્દ્રના વર્ણનમાં તેનું સ્પષ્ટ વર્ણન જોતા સામાન્ય માનવી હોય તેવું લાગે છે. ઈન્દ્રાણી તરીકે તેની પત્નીનું નામ સર્વમાન્ય છે. તેના ભાઈ તરીકે પૂષન્નું નામ જોવા મળે છે તેમજ તેના આહારનું વિસ્તૃત વર્ણન મળે છે. તે દૂધ, ભાત તથા માંસ આદિનું ભક્ષણ કરે છે.

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના વિવિધ ગુણોનું પણ વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. આપણે જાણીએ છીએ કે ઈન્દ્ર અન્ન[૧૧૩], ધન[૧૧૪], પત્ની[૧૧૫], સંતાન[૧૧૬] ગાયો[૧૧૭] વિજય

અથવા કોઈ પણ ઈચ્છિત વસ્તુનો દાતા છે. વીરતા તેના સ્વભાવનો બીજો ગુણ છે. તેમજ બુદ્ધિમાન, સંરક્ષક અને આશ્રય આપનાર કુશળ નેતા છે. ઋગ્વેદના મંત્રોમાં તેનાં કેટલાંક પ્રિય કાર્યોનું વર્ણન પણ જોવા મળે છે. જેમ વૃત્રનો વધ, સ્તુતિઓનું શ્રવણ સોમરસનું પાન કરવાનું, યુદ્ધ લાલસા, પ્રતિહિંસાની ભાવના, ચોરી કરવી આ બધાં કાર્યોનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે.

ઈન્દ્રના વ્યક્તિત્વ ગુણ અને કાર્યોની ઉપરોક્ત માહિતી પછી આપણે એ નિષ્કર્ષ આપી શકીએ કે ઈન્દ્રના સ્વભાવના બે પક્ષો અહીં જોવા મળે છે. અકનો ઉગ્ર પક્ષ અને બીજો શાંત પક્ષ. આચાર્ય સાયણે પણ સ્વીકાર્યું છે કે ઈન્દ્રના સ્વભાના બે પક્ષો उग्रं एवं अनुग्रश्च। ઉગ્ર સ્વભાવમાં તે ન કરવાનાં કામો કરી બેસે છે. તેઓ ખુદ સ્વમુખે કહે છે હું વિનાશક પરાયણ છું. બધાંજ ભવનોનો વિનાશ કરી શકું તેમ છું.[૧૧૮] ઋગ્વેદના મંત્રોમાં તેના ઉગ્ર સ્વરૂપનાં વર્ણનો અત્ર–તત્ર જોવા મળે છે.

જ્યારે તેના સ્વભાવનો બીજો પક્ષ એ છે કે સૌમ્ય અને શાંત છે. જેના માટે તેને સુશિપ્ર, વસુપતિ જેવાં વિશેષણો આપવામાં આવ્યાં છે. અનુગ્ર સ્વભાવમાં તે બધાં જ સારાં કાર્યો કરે છે. યાચકોને દાન આપે છે, સ્તુતિઓનું વર્ણન કરે છે તથા માનવકલ્યાણનાં કાર્યો કરે છે.

આમ ઋગ્વેદના મંત્રોમાંથી ઈન્દ્રનું સ્પષ્ટ સ્વરૂપ પ્રાપ્ત થાય છે જે સામાન્ય માનવી જેવો લાગે છે. જ્યારે ઋગ્વેદના ઋષિઓ તેને વૃષ્ટિના દેવતા તરીકે માને છે. આ સંબંધમાં થોડી ચર્ચા કરવી યથાસ્થાને ગણાશે. ઋગ્વેદના મંત્રોનો અભ્યાસ કરતાં તેમાંથી ઈન્દ્રની છબી વૃષ્ટિના દેવ તરીકે તે જોવા મળે છે. પરંતુ ખરેખર એ વૃષ્ટિનો દેવતા છે ? તેનો સ્પષ્ટ 'ના' માં પ્રત્યુત્તર આપી શકાય તેમ છે. પરંતુ ઋગ્વેદમાં જ્યાં ઈન્દ્ર વૃત્રના યુદ્ધની વાતો આવે છે ત્યાં આપણને જોવા મળે છે કે વંટોળ, વાદળ જેવા શબ્દો ક્યારેક જ પ્રગટ રીતે વપરાયેલા જોવા મળે છે. તે પાણી પૃથિવી ઉપરનું પાણી છે. અન્તરિક્ષનું પાણી નથી અને આ ઈન્દ્ર વૃત્ર યુદ્ધમાં જે શબ્દો વપરાયા છે તે વિદ્યુત, કિલ્લાઓ, 'પર્વતો' 'ગાય' આ બધા ઉલ્લેખો જોતા આ અંતરિક્ષની ઘટનાઓ હોય તેવું બતાવી શકાય તેમ નથી. કારણ કે અહીં સ્પષ્ટ રીતે માનવસહજ કાર્યોનું વર્ણન જોવા મળે છે.

ઈન્દ્રને વરસાદનો દેવતા માનીને 'વીજળી'ને વજ્ર એમ માનીને ઈન્દ્ર–વૃત્ર સંગ્રામને અલૌકિક બનાવી દેવામાં આવ્યો છે પરંતુ ઋગ્વેદમાં વજ્રનું વર્ણન જોતા તેમાં વજ્રને

વિવિધ ધાતુઓમાંથી બનેલું કહેવામાં આવ્યું છે.[૧૧૯] તે અસંખ્ય ધારોવાળું[૧૨૦] અનેક સાંધાવાળું[૧૨૧] હજારો અણીઓવાળું[૧૨૨] વળી ક્યાંક તેને તીક્ષ્ણ ધારવાળું[૧૨૩] પણ કહેવામાં આવ્યું છે.

આ પ્રકારની ધાતુઓમાંથી નિર્માણ કરવામાં વજ્રથી વૃત્રનો વધ કરવામાં આવ્યો છે. તેમજ વૃત્રને પણ મેઘ માને છે. પરંતુ ઋગ્વેદના મંત્રોમાં જોતા વૃત્રને મેઘ માની શકાય તેમ નથી કેમ કે સંપૂર્ણ રીતે તેને માનવ માનવો યોગ્ય છે. આથી ઈન્દ્રે મેઘ સમાન વૃત્રનો વધ કરીને વૃષ્ટિ કરી એવું માનવું યોગ્ય નથી.[૧૨૪] એમાં કંઈક ઐતિહાસિક તથ્યો જોવા મળે છે.

ઋગ્વેદમાં વરસાદ સાથે સંકળાયેલા ત્રણ દેવતાઓ છે. **(૧)** ઈન્દ્ર **(૨)** પર્જન્ય **(૩)** ત્રિત આપ્ત્ય. આ ત્રણે દેવતાઓમાંથી ઈન્દ્ર દેવ પાછળથી થયા છે. પ્રજાપતિએ બધા દેવોનું સર્જન કર્યું પણ ઈન્દ્રનું સર્જન કર્યું ન હતું.[૧૨૫] આથી આપણે કહી શકીએ કે વરસાદના આ બે દેવતાઓ હતા. તો પાછળથી આવેલા ઈન્દ્રને વરસાદના દેવતા તરીકે રજુ કરવાની શા માટે જરૂર પડી ? કોઈ એમ માની લે છે કે પર્જન્ય તો ખુદ વરસાદનું નામ છે. જ્યારે ઈન્દ્ર એ પર્જન્યને પ્રેરનાર દેવતા છે તો ત્રિત અને ઈન્દ્રનાં શું પ્રયોજનો હતાં ? ઋગ્વેદના મંત્રોમાં ત્રિત આપત્યનો લગભગ ૪૦ વખત ઉલ્લેખ થયો છે અને મૂળ રૂપમાં તેજ ત્રિત આપ્ત્ય વરસાદના દેવતાઓ છે પરંતુ પછીથી ઈન્દ્રે આ કાર્ય પોતાનું બનાવી લીધું છે.

ઉપરોક્ત ચર્ચાનો નિષ્કર્ષ આપણે એ રીતે આપી શકીએ કે વૈદિક ઋષિઓ–પોતાના આર્યપૂર્વજો પાસેથી મળેલા ત્રિત આપ્ત્યની વરસાદના દેવતા તરીકેની સ્તુતિ કરી, પછી જ્યારે તેઓ અલગ પડ્યા અને ભારતમાં આવ્યા ત્યારે નવા વિકાસને કારણે નવા દેવતા ઈન્દ્રની વરસાદના દેવતા તરીકે સ્તુતિ કરી છતાં વૈદિકઋષિઓ પોતાના મૂળ દેવતા ત્રિત આપ્ત્યને તો ભૂલતા નથી. પરંતુ ઈન્દ્રનો પ્રભાવ વધતાની સાથે ત્રિત આપ્ત્ય ગૌણ કક્ષાના દેવતાઓ બની ગયા. સમગ્ર ચર્ચામાંથી એમ કહી શકાય કે ઈન્દ્ર અને વૃષ્ટિને કોઈ સંબંધ નથી. પરંતુ સમયાનુસાર વૃષ્ટિપ્રક્રિયાનું આરોપણ ઈન્દ્ર ઉપર કરવામાં આવ્યું છે.

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના વર્ણનમાં માનવામાં જોવા મળતા સઘળા ભાવોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તેની વીરતા પણ અનુપમ છે. તેથી તેને 'વૃષભ'ની ઉપમાઓ પણ આપવામાં આવી છે.[૧૨૬] ઈન્દ્રનો શક્તિ વિશે કહેવાયું છે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન

કાળમાં એવો કોઈ જન્મ્યો નથી જે ઈન્દ્રની શક્તિનો પ્રતિસ્પર્ધી બની શકે.[૧૨૭] તેમ જ દાન અને ઉદારતા તેના સ્વભાવમાં જોડાયેલા છે. ઈન્દ્રના આવા વ્યક્તિત્વથી પ્રેરાયેલા વેદના પ્રખર વિદ્વાનો ઈન્દ્રના આ પાસાનો સાર આપતા યોગ્ય જ લખ્યું છે કે ઈન્દ્રના વ્યક્તિત્વમાં માનવીય અને અતિમાનવીય પાસાનો અને નેતૃત્વના ગુણોનો અદ્‌ભુત સમન્વય થયો છે. તેથી તેનું વ્યક્તિત્વ જીવંત અને સ્પૃહણીય બન્યું છે. તેમજ માનવસહજ નબળાઈઓ સોમપ્રિયતા એક તરફ ચિત્રિત થઈ છે, તો બીજી તરફ અતિમાનવીય ગુણો, રહસ્યાત્મક શક્તિઓ, ઔદાર્યનું પ્રદર્શન તે કેવળ ઈન્દ્રનું માનવીકરણ જ નથી પરંતુ ઐતિહાસિક માનવ જેવા નેતાનું યર્થાથ ચિત્ર રજૂ કરવાનો ઋષિઓનો પ્રયાસ છે.[૧૨૮]

વાસ્તવિક રીતે ઈન્દ્ર શું છે ? અને તેને વૃષ્ટિનો દેવતા શા માટે માની લેવામાં આવ્યો તેની ચર્ચા કરીએ.

ઋગ્વેદના મંત્રોનો અભ્યાસ કરતાં જણાય આવે છે કે ઋગ્વેદના અન્ય દેવતાઓની અપેક્ષાએ ઈન્દ્રનું વધુ માનવી કરણ જોવા મળે છે. ઈન્દ્રના વ્યક્તિત્વના માનવીય ગુણો અને માનવીય દેખાવ એટલા બધા સ્પષ્ટ છે કે તેને ઐતિહાસિક માનવી માનવો યોગ્ય ગણાય. જેમ કે તેના ડોક વિશાળ અને મજબૂત છે, તેના વાળ બદામી રંગના છે, તેની દાઢી બદામી રંગની છે.[૧૨૯] તેના શરીર હાથ અને મસ્તકનું વર્ણન જોવા મળે છે.[૧૩૦] આ પ્રકારના વર્ણનમાં આપણને જીવંત ઊંચા, મજબૂત આર્ટ વ્યક્તિત્વની પ્રતિભા લાગે છે. સોમરસનું પાન કરે છે ત્યારે તેના જડબા અને તેની મૂછો પર ચોટી ગયેલાં સોમરસનાં બિંદુઓ વાસ્તવિક લાગે છે.[૧૩૧] આમ પ્રકારનાં વર્ણનોમાં તે સ્પષ્ટ માનવરૂપમાં જોવા મળે છે.

ઋગ્વેદના મંત્રમાં અન્ય દેવસમૂહમાંથી ઈન્દ્રને અલગ પાડનાર તેની જન્મની કથા પણ નોંધનીય છે. ઈન્દ્રનો જન્મ તેની માતાના પડખામાંથી થયો હતો.[૧૩૨] તેમ જ ઈન્દ્રની માતાએ કુવારી કન્યાના રૂપમાં ઈન્દ્રનો જન્મ આપ્યો હતો.[૧૩૩] અને જન્મતાની સાથે તેનો ત્યાગ કરતી બતાવવામાં આવી છે.[૧૩૫] બીજી રીતે ઈન્દ્રે જન્મતાની સાથે જ તેના પિતાનો વધ કર્યાનો ઉલ્લેખો પણ મળે છે.[૧૩૫] આ બધામાં છૂપાયેલી હકીકત એ છે કે ઈન્દ્ર એક સામાન્ય માનવી જ હતો પરંતુ પોતે અથાગ પ્રયત્નો કરીને સામાન્ય માનવીમાંથી એક દેવત્વ સુધીની ઉપાધિ પ્રાપ્ત કરી શક્યો. તેણે તેના પિતાનો વધ કર્યો એ સંદર્ભમાં કહી શકાય કે ઈન્દ્રના જન્મતાની સાથે તેના પિતાનું અવસાન થયું હોય પરંતુ જનસમાજે આ હકીકતને કાલ્પનિક રીતે વહેતી કરી હોય એવું બની શકે.

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રનું વર્ણન જોતા તેને ઐતિહાસિક માનવી માનવો યોગ્ય છે. કારણ કે વેદના કવિઓએ તેના સ્વભાવમાં રહેલી નબળાઈઓનું વર્ણન કર્યું છે તે ચોરી કરે છે, સોમરસનું ખૂબજ સેવન કરે છે.[૧૩૬] એક વખત એટલું સોમપાન કર્યું કે પોતાનું ભાન રહ્યું નહીં અને બેભાન અવસ્થામાં કાંઈનું કાંઈ બોલી રહ્યો છે. આ બતાવે છે તે ઐતિહાસિક માનવી છે. કેમ કે જો તે દેવતા હોય તો ઋગ્વેદના ઋષિઓ આ પ્રકારનાં સૂક્તો રચીને તેની મશ્કરી ન કરે.[૧૩૭]

ઋગ્વેદના ઈન્દ્રને માનવ માનવા માટેનું એક પ્રમાણ એ પણ બતાવી શકાય કે તેને સ્ત્રીઓ પ્રત્યે અનહદ આકર્ષણ પણ હતું. ઋગ્વેદમાં તેને એક મંત્રમાં સ્ત્રી પ્રેમમાં નિપુણ કહ્યો છે.[૧૩૮] અન્ય એક મંત્રમાં તેને કુવારી કન્યાઓ દ્વારા જન્મતાં બાળકોનો પિતા પણ કહેવામાં આવ્યો છે.[૧૩૯] જોકે અમુક વિદ્વાનો આ મંત્રનો અર્થ કુંવારી કન્યાઓનો ચિંતા કરનાર એવો કરે છે. પરંતુ કુંવારી કન્યાઓની ચિંતા તેના માતા–પિતા કરી શકે તેમ છે ઈન્દ્રને આ ચિંતા કરવાની જરૂર રહે તેમ નથી.

ઋગ્વેદના ઈન્દ્રનુ માનવ માનવા માટે ઋગ્વેદનું ૧૦–૮૬મું સૂક્ત પૂરતું છે. આ સૂક્તમાં થાકી ગયેલા ઈન્દ્રને એક વાનરે ઔષધિનો પ્રયોગ કરીને પુનઃ શક્તિમાન બનાવ્યાની વાત કહેવામાં આવી છે. પણ સૂક્તમાંથી એક વાત સ્પષ્ટ સિદ્ધ થાય છે કે ઈન્દ્ર પહેલા માણસ હતો તેમાંથી સર્વોપરિ દેવ બની ગયો.

ઋગ્વેદના મંત્રમાં જ્યાં ઈન્દ્રનું વર્ણન આવે છે ત્યારે તેમના દેવત્વનાં એક પણ લક્ષણ જોવા મળતાં નથી. એનો અર્થ એ છે કે ઋગ્વેદના ઋષિઓએ તેને મૂળભૂત રીતે દેવ માન્યો જ નથી. પણ હકીકતમાં તે સામાન્ય માણસ જ હતો.

ઋગ્વેદના મંત્રોમાં એવું નોંધવામાં આવ્યું છે કે વૃત્રનો વધ થયા પછી ઈન્દ્ર એકદમ ભયભીત થઈ ગયો. શા માટે ઈન્દ્રને ભય લાગતો એવું શા માટે અનુભવતો તેના માટે કહી શકાય કે વૃત્રના વધ પછી કોઈ એનો બદલો લેવા માટે તેને કોઈ અનુસરી રહ્યું હોય છે. જો ઈન્દ્રને સંપૂર્ણ રીતે દેવતા તરીકે રજૂ કર્યો હોય તો આની માનવીય લાક્ષણિક્તા જોવા મળે નહીં તેથી ઈન્દ્ર માનવ જ હતો.

ઋગ્વેદમાં ઈન્દ્રના સહાયકો તરીકે મરુત્ગણોનો વારંવારં ઉલ્લેખો થયેલો છે. તેમજ ઈન્દ્રનાં વિશેષણોમાં મઢતવાત્ કે મઢતોને इन्द्रज्येष्ठा  પણ કહ્યા છે પરંતુ ઈન્દ્રો અને

મઢતો વચ્ચે પણ કંઈક અંશે વિસંવાદિતા ઊભી થઈ હોય તેવું જણાય છે.[૧૪૦] તેમજ બન્ને વચ્ચે એક જગ્યાએ ભેદભાવ–મનભેદ ઉત્પન્ન થયો હોય તેમ જણાય આવે છે. જેમ કે મઢતો મને યુદ્ધ પ્રસંગે સાથ આપવા તૈયાર નથી અને પણ કોઈક જગ્યાએ યજ્ઞભાગ મળતો હોય ત્યાં એકલો છોડવા પણ તૈયાર નથી. આ બધાં પ્રમાણો તેના માનવ– અસ્તિત્વ માટે પૂરતાં પ્રમાણો છે.[૧૪૧]

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રને માનવ તરીકે રજૂ કરતાં આર્ય–અનાર્ય સંઘર્ષના પૂરતાં પ્રમાણો પ્રાપ્ત થાય છે. તેના માટે કહી શકાય કે આદિમ–ભારત–યુરોપીય પ્રજાઓ વિશ્વમાં એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાન્તર કરતી આ પ્રક્રિયામાં આર્યોની એક ટોળકી સપ્તસિંધુના પ્રદેશમાં આવી અને તે સમયની સિંધુઘાટીની ભવ્યતા અને વિકાસ જોતાં કાયમી વસવાટ કરવાનો વિચાર કર્યો હશે તેમાં વિજય પ્રાપ્ત કરવા માટે અનાર્ય પ્રજાને હરાવવી અનિવાર્ય હતી પરંતુ આર્યો પ્રમાણમાં ઓછા હોવાથી ઈન્દ્રને તેમણે પોતાનો નેતા બનાવ્યો અને અનાર્ય સાથે સંગ્રામની શરૂઆત કરી.

આર્યોએ ઈન્દ્રને યુદ્ધનેતા બનાવીને અનાર્યોની સાથે સંગ્રામો કર્યો તેનાં પ્રમાણો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. શ્યામવર્ણવાળા[૧૪૨] ચપટા નાકવાળ,[૧૪૩] યજ્ઞોમાં વિશ્વાસ નહીં કરનાર[૧૪૪], અભાષા બોલનારા,[૧૪૫] આર્યોના દેવતાઓની પૂજા નહીં કરનારા[૧૪૬] અને આર્યપ્રજાના નેતા ઈન્દ્રની સત્તા[૧૪૭] નો સ્વીકાર ન કરનારા આર્યેતર કે અનાર્ય કહ્યા છે જ્યારે આ અનાર્ય કે આર્યેતર પ્રજાએ પોતાની સુવ્યવસ્થિત ધર્મ અને સંસ્કૃતિ વિકસાવી હતી. આવી અનાર્ય પ્રજા સિંચાઈ કરવા માટે નદીના પ્રવાહો અટકાવ્યા હતાં. અનાર્યો આર્યના પશુઓની ચોરી પણ કરતા હતાં.[૧૪૮] એટલે ઈન્દ્રે અનાર્યો ઉપર આક્રમણ કરીને આર્યો માટે આર્યોના કલ્યાણ માટે અનાર્યોના કિલ્લાઓ દુર્ગો, જળાશયો અને સૈનિકોનો નાશ કર્યાનાં પ્રમાણો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે.[૧૪૯] આવી અનાર્ય પ્રજા માટે ઋગ્વેદના મંત્રોમાં दास दस्यु જેવા શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો છે.[૧૫૦]

આર્યનેતાએ ક્યારેક સુદાસ માટે ક્યારેક દભિતી માટે ક્યારેક નાભિસાપ્ય માટે ક્યારેક ઋજિશ્વાન માટે અનાર્યોનો નાશ કર્યો તેનાં પ્રમાણો મળે છે. વળી હજારો અણીવાળા વજ્રથી શત્રુઓને હણીને ઈન્દ્રે આર્યોને જમીન અપાવી એમ પણ કહેવામાં આવ્યું છે.[૧૫૧]

આમ આટલા મુદ્દાઓ ઈન્દ્રના વ્યક્તિત્વને દેવતા નહીં પણ એક ઐતિહાસિક નેતા તરીકે માનવા પૂરતા છે. આર્યોનું અત્યંત પ્રિય કામ ઈન્દ્રે કર્યું છે. અનાર્ય પ્રજાને દૂર કરીને સિંધુઘાટીમાં કાયમી વસવાટ શક્ય બન્યો હોય તો તેનું સંપૂર્ણ શ્રેય ઈન્દ્રને ફાળે જાય છે. આથી ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રને વારંવાર સંબોધીને તેની પ્રાર્થના કરવામાં આવી છે.

આટલા વિશદ વર્ણન પછી આપણે સ્પષ્ટ રીતે કહી શકીએ કે સિંધુઘાટીની અનાર્ય સભ્યતાને નષ્ટ કરનાર ઈન્દ્ર જ છે. સિંધુપ્રદેશમાં આર્યોના આગમન પહેલા અનાર્ય સંસ્કૃતિ સુવ્યવસ્થિત હતી. ત્યાંના લોકો મોહેંજો–દડો અને હડપ્પા નામનાં વિશાળ અને આધુનિક નગરોમાં વસવાટ કરતાં સામાજિક અને ધાર્મિક દષ્ટિએ પણ આ બન્ને વચ્ચે ભિન્નતા જોવા મળે છે. આર્યોએ સિંધુખીણમાં પ્રવેશ કર્યો ત્યારે સિંધુખીણના લોકોએ તેનો વિરોધ કર્યો. પરંતુ આર્યોના નેતૃત્વમાં અનાર્યોનો વિરોધ લાંબો સમય સુધી ચાલ્યો નહિ. આર્યોના શક્તિશાળી વીર નેતા ઈન્દ્રે તેના કિલ્લાઓ અને નગરોનો નાશ કર્યો. વિજયી બનેલા પોતાની ઈચ્છા પ્રમાણે સિંધુઘાટીમાં રહેલા અનેક બંધોનો પણ નાશ કર્યો. આજે પણ મોહેંજો–દડોની પશ્ચિમમાં અનેક એવા ધ્વસ્ત બંધો મળે છે જે સિંધુઘાટીનો લોકોએ બનાવ્યા હતાં.[૧૫૨] સિંધુઘાટીનો નાશ ઈન્દ્રે જ કર્યો છે તે માટે લગભગ બધા વિદ્વાનો સહમત છે. જેમ કે પ્રો. ધર્માનંદ કૌસાંબી યોગ્ય જ લખે છે. Identification of ancient City-ruins in the Indus velley with Dasyveities destroyed by Aryans an no longar be stigmatized as Euthe meristic. પ્રો. દાંડેકર પણ કહે છે કે સિંધુઘાટીની સભ્યતા જે મરણોન્મુખ થઈ ગઈ હતી તે નષ્ટ કરીને વૈદિક સંસ્કૃતિનો પ્રસાર કરવાનું કામ ઈન્દ્રે કર્યું છે.[૧૫૩]

સિંધુઘાટની સભ્યતામાં સ્મશાનનાં પ્રમાણો મળે છે. આર્યલોકો શબને અગ્નિદાહ આપતા. જ્યારે અનાર્યો શબને જમીનમાં ખાડો ખોદી તેમાં દફન કરતાં હતાં. ઋગ્વેદમાં એક મંત્રમાં અનાર્યોની આ પ્રક્રિયાઓનું પ્રમાણ મળે છે.[૧૫૪] ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે ઈન્દ્રની પૂજા ન કરનારને તે ઈન્દ્ર સ્મશાનમાં સુવડાવી દેશે. આ સંદર્ભમાં સુધા રસ્તોગીનું વિધાન પણ નોંધનીય છે. ऋग्वेद में दस्युओ अथवा हरिष्या निवासियों से मृतक स्थान का वर्णन इस मत का पोषक है कि आर्यो ने ही सिंधु सभ्यता को विनष्ट किया इसीलिए उनके रीतरिवाजो की स्मृति ऋग्वेद में मिलती है।[१५५]

વળી આર્યોનું આગમન જ્યારે સપ્તસિંધુના પ્રદેશમાં થયું ત્યારે ત્યાં અનાર્ય લોકો સૂર્યપૂજક હતા. ઈન્દ્ર–અહિ વધની કથા સૂર્યપૂજક અને સૂર્યપૂજાનો વિરોધ કરનારની કથા છે. આર્યોના નેતા ઈન્દ્રે સૂર્યપૂજા બંધ કરાવી. સમયના પ્રવાહની સાથે આ વાસ્તવિક ઘટનાએ કલ્પનાઓનું રૂપ ધારણ કર્યું છે. ઈન્દ્રનો સમગ્ર વર્ષાના દેવતા તરીકે વિકાસ થયા પછી અહિને વૃષ્ટિ રોકી રાખનાર દાનવ તરીકે કલ્પવામાં આવ્યો હશે.

આમ વૈદિક ધર્મ અને સંસ્કૃતિનો ફેલાવો કરવામાં આર્યોની સાથે ઈન્દ્રનું યોગદાન અમૂલ્ય રહ્યું છે. સિંધુઘાટીથી વૈદિક સભ્યતાની શરૂઆત થઈ છે. પછી સમગ્ર ભારતમાં તેનો વિકાસ અને વિસ્તાર થયેલો માની શકાય.

ૠગ્વેદના આટલા ભાગમાં ઈન્દ્રનું એક માનવીરૂપનું દર્શન થાય છે પરંતુ ૠગ્વેદના અન્ય મંત્રોમાં તેનો સંબંધ અન્ય દેવતાઓની સાથે બનાવેલો છે. તે જોતા ઈન્દ્રના વ્યક્તિત્વમાં એક પાસું વધારાનું ઉમેરાય છે. આ દેવતાઓની જોકે તેનો સંબંધ સ્થપાતા તેને સર્વશક્તિમાન દેવતાના રૂપમાં પણ માનવો પડે તેમ છે. ૠગ્વેદના મંત્રોના આધારે ઈન્દ્રનો અન્ય દેવતાઓ સાથે સંબંધ જોઈએ.

આર્યનેતા ઈન્દ્રના અસ્તિત્વની આટલી ચર્ચા કર્યા પછી પણ ઈન્દ્રના ચરિત્ર વિશે સ્પષ્ટ ધારણા બાંધી શકાય તેમ નથી. કેમ કે ૠગ્વેદમાં એવા પણ મન્ત્રો રજુ થયા છે જેમાં ઈન્દ્રનો સંબંધ પ્રાકૃતિક દેવતાઓ સાથે બતાવવામાં આવેલો. પહેલા ઈન્દ્રના અન્ય દેવતાઓ સાથેના સંબંધોની ચર્ચા કરીએ.

ૠગ્વેદના મંત્રોમાં ઈન્દ્ર પછી સંખ્યાની દષ્ટિએ અગ્નિનું સ્થાન આવે છે. છતાં પણ ઈન્દ્રનાં કાર્યો સાથે અગ્નિની તુલના કરવામાં આવે છે.[૧૫૬] ક્યારેક ઈન્દ્ર દ્વારા અગ્નિ ઉત્પન્ન કર્યાના ઉલ્લેખો જોવા મળે છે.[૧૫૭] ઈન્દ્ર અગ્નિ બન્ને એક સાથે પણ રહે છે અને એક સાથે રથમાં આરોહણ પણ કરે છે. ઈન્દ્ર જેવી રીતે પર્વતોને તોડી નાખે છે તેવા જ ગુણો અગ્નિમાં પણ આરોપિત કરવામાં આવ્યા છે. તેમ જ આર્યોના હિતેચ્છુ તરીકે પણ અગ્નિનો ઈન્દ્રની જેમ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે દસ્યુઓને ગુહામાં થયેલ છે અને આર્યોને પ્રકાશ આપે છે. તેમજ પણિઓનો પણ વિનાશ કરવાવાળો બતાવવામાં આવ્યો છે.[૧૫૮] અગ્નિને દેવતાઓના શ્રેષ્ઠ દૂતપણ માનવામાં આવ્યા છે ઈન્દ્ર અનુપમ યોદ્ધો છે તો અગ્નિ શ્રેષ્ઠ પુરોહિત છે જે લોકોનો દેવતાઓ સાથે સંબંધ સાધી આપે છે. આ પ્રમાણેના વર્ણન ઉપરથી અગ્નિ–ઈન્દ્રનો સંબંધ સેવ્ય અને સેવક જેવો હોય એવું માની શકાય તેમ છે.

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રનો વાયુ સાથે સંબંધ પણ જાડવામાં આવે છે. ઋગ્વેદના કેટલાક મંત્રોમાં इन्द–वायु એવું યુગ્મ રૂપ પણ જોવા મળે છે. વળી વાયુના રથમાં ઈન્દ્રનું આસન પણ જોવા મળે છે. વળી આ વાયુ અને ઈન્દ્ર માટે સમાન રીતે વિશેષણો પણ પ્રયોજવામાં આવ્યાં છે. ક્યારેક બન્ને માટે दिविस्पृश[૧૫૯]–આકાશને સ્પર્શ કરનાર, मनोजुवा[૧૬૦]–મન સમાન શીઘ્ર ગમન કરનારા, તથા सहस्राक्ष–અસંખ્ય નેત્રોવાળાં વિશેષણોથી વિભૂષિત કરવામાં આવ્યા છે. સોમરસનું પ્રથમ પાન કરવાના અધિકારી પણ વાયુ અને ઈન્દ્રને જ માનવામાં આવે છે. જો કે આ બન્નેમાં પણ ઈન્દ્રની પહેલા વાયુ જ સોમપાન કરે છે.[૧૬૧]

વાયુ અને ઈન્દ્રના સંબંધમાં એક સ્પષ્ટ નિષ્કર્ષ એ આપી શકાય કે વાયુ એ અન્તરિક્ષના દેવતા તરીકે માનવામાં આવે છે, જ્યારે ઈન્દ્ર તો દેવતા હતા જ નહીં. પરંતુ જાતીય નેતા–લોકનેતા હોવાને લીધે તે એટલો બધો પ્રસિદ્ધ થયો કે લોકો–ઋષિઓએ તેને વાયુની સાથે અન્તરિક્ષનો દેવતા માની લીધો.

મરૂતગણોનો સંબંધ પણ ઈન્દ્ર જોડે માનવામાં આવ્યો છે. ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રના ખાસ પ્રકારના સહાયક તરીકે મરૂતૌ કે મરૂતનો ઉલ્લેખ જોવા મળે છે તેને મરૂતગણ એવું પણ વિશેષણ આપવામાં આવ્યું. મરૂત ગણના ઉલ્લેખો ઘણા સ્પષ્ટ છે તેની સંખ્યા ૨૧ની બતાવવામાં આવે છે.[૧૬૨] તો ક્યારેક ૨૪ની પણ બતાવવામાં આવી છે.[૧૬૩] તે બધા એક સરખા સમાન દેખાવના તથા ન કોઈ નાના– ન કોઈ મોટા એક સમાન જોવા મળે છે. તેનું પ્રધાન કાર્ય વરસાદ વરસાવવાનું બતાવવામાં આવ્યું છે.[૧૬૪]

મરૂતૌ અને ઈન્દ્રનો મુખ્ય સંબંધ તેના યુદ્ધના સહાયક તરીકેનો છે. ઋગ્વેદના કેટલાય મંત્રોમાં તેને ઈન્દ્રના યુદ્ધના સાથી માનવામાં આવ્યા છે. આપણે જાણીએ છીએ કે વૃત્ર સાથેના ઈન્દ્ર અને વૃત્રનો સંગ્રામ એટલો ભયંકર અને ભીષણ હતો કે બધા દેવતાઓ  તેની ભયંકરતા જોઈને પલાયન થઈ ગયા હતાં. જ્યારે મરૂતગણોએ ઈન્દ્રને આ સંગ્રામમાં સહાયતા કરી હતી. મરૂતગણ અને ઈન્દ્ર વચ્ચે આટલો ઘનિષ્ટ સંબંધ હોવાથી ઋગ્વેદના મંત્રોમાં મરૂતગણને ઈન્દ્રના પુત્રો કે ભાઈઓ તરીકે તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે.[૧૬૫] વળી મરૂતગણોના ઈન્દ્રાણી સાથે પણ સારા સંબંધો જોવા મળે છે.

ઈન્દ્ર અને મરૂતગણ વચ્ચે આટલો ધનિષ્ટ સંબંધ શા માટે જોવા મળે છે. તે માટે તેનું વર્ણન સમજવા યોગ્ય છે. તેની વિશેષતા એ હતી કે તે મરૂતગણ સમાન વયવાળા[૧૬૬],

સમાન આભૂષણોવાળા, સમાન કવચ ધારણ કરનાર[૧૬૭] તેવા સમાન આકૃતિ ધરાવતા[૧૬૮] છે. તેથી તેઓ સૈનિકો જેવા લાગે છે. જ્યારે ઈન્દ્ર યુદ્ધનેતા હતો. તેની મઢતોની કલ્પના તેના સહાયકો સૈનિકો ગણાવી શકાય.

સોમરસ સાથે પણ ઈન્દ્રનો અભિન્ન સંબંધ રજુ કરવામાં આવ્યો છે. જોકે ઋગ્વેદના મંત્રોમાં સોમનું મૂર્તીકરણ કરવામાં આવ્યું નથી આમ છતાં નવમું સંપૂર્ણ સૂક્ત પયમાન સોમની સ્તુતિ કરનારું સૂક્ત છે. ઋગ્વેદના મંત્રો સોમરસ અને ઈન્દ્રનો સંબંધ ઘનિષ્ઠ બનાવવાનું કારણ એ છે કે ઈન્દ્ર સોમરસનો અત્યંત ચાહક છે.

ઋગ્વેદમાં સોમરસની ઉત્પત્તિની પ્રક્રિયા વર્ણવામા આવી છે. તે મુજબ મુજવાન પર્વત ઉપર સોમલના ઊગે છે તેનો રસ કાઢીને તેમાંથી સોમરસ તૈયાર કરવામાં આવે છે તથા તેને અન્ય પદાર્થો સાથે મિશ્રણ કરીને તેનું પાન કરવામાં આવે છે દહીં દૂધ તથા સાકર આદિ પદાર્થો સાથે તેનું મિશ્રણ પીવાયોગ્ય છે. તેમજ પ્રાતઃકાલે, માધ્યંદિન તથા સાયં પાન કરવામાં આવે છે.

સોમરસની વિશેષતા એ છે કે તેનું પાન કરવામાં આવે તો નશો આવે છે અને મદમસ્ત તથા સ્ફુર્તિવાન બની શકાય છે. ઈન્દ્ર સોમરસનો અત્યંત ચાહક હતો. જન્મતાની સાથે જ તેણે સોમરસનું પાન કર્યું હતું. તથા તેને જે સોમરસ આપે છે તેનાં ગમે તેવાં કાર્ય પણ ઈન્દ્ર પાર પાડે છે. જો ઈન્દ્ર દ્વારા સોમરસનું પાન કરીને યુદ્ધમાં જાય તો તેનો કોઈ પરાજિત કરી શકતું નથી.[૧૬૯] સોમરસનું પાન કરીને તેણે વૃત્રનો વધ કર્યો હતો, તથા અનાર્ય રાજાઓના સામ્રાજ્યને વિનષ્ટ કર્યુ હતું. તેથી સોમરસ અને ઈન્દ્રને પરસ્પર મિત્રો બતાવવામાં આવ્યા છે.[૧૭૦]

ઈન્દ્ર અને સોમનો સંબંધ તો બરાબર છે કેમ કે જે વ્યક્તિને જેનું વ્યસન થઈ જાય તેને વગર ચાલતું નથી તેથી ઈન્દ્ર અને સોમરસ તો અભિન્ન છે. પરંતુ આપણને પ્રશ્ન એ થાપ કે વેદના ઋષિઓએ સોમરસની સ્તુતિ શા માટે કરી ? સોમરસમાં શું દેવત્વ છે ? તેથામાં શ્રદ્ધા તથા પવિત્રતા જેવા દેવતાયોગ્ય ગુણો જોવા મળે છે ? આ બધા જ પ્રશ્નોના પ્રત્યુત્તર માત્ર નકારમાં જ આપી શકાય તેમ છે કારણ કે સોમ એક પીણું છે. (વર્તમાન સમયમાં મદિરા–શરાબ) જેનાથી નશો આવે છે તે સોમરસ પીવાથી પણ નશો આવે છે. પરંતુ ઋષિઓએ ઋગ્વેદના લગભગ ૨૦૦૦ મંત્રોમાં આ સોમરસની સ્તુતિ કરી છે તેનું કારણ શું ? તેના વિશે એટલું કહી શકાય કે સોમરસ ભલે શરાબ સમાન છે. પરંતુ તેનો

વધુ પડતો ઉપયોગ ઈન્દ્ર કરે છે. ઈન્દ્રનું સામર્થ્ય તથા તેની શક્તિ અનુપમ છે. આથી તેનું આરાધ્ય દેવતાના રૂપમાં વર્ણન કરવામાં આવ્યું છે તેથી તેનો અત્યંત નજીકનો સંબંધ સોમરસ સાથે હોવાથી ઋષિએ તેની પણ સ્તુતિ કરી છે. દેવત્વ કે વિશેષતા જે અન્ય દેવતામાં જોવા મળે છે તેવી જોવા મળતી નથી.

ઋગ્વેદના દેવતાઓમાં વરુણનું સ્થાન નિતાન્ત ગૌણપૂર્ણ છે. વરુણ દ્યુસ્થાનના દેવતા માનવામાં આવે છે. વરુણનું સ્થાન વૈદિક યુગમાં ઉત્તરોત્તર ઘટતું ગયું છે. ઈન્દ્રની સરખામણીમાં વરુણનું સ્થાન નહિવત્ માનવામાં આવે છે. કારણે ઋગ્વેદમાં ઈન્દ્રની સ્તુતિ કરતાં ૨૪૨૦ મંત્રો છે જ્યારે વરુણની સ્તુતિ કરતાં સૂક્તો કુલ ૧૨ છે તેનો અર્થ એ થયો કે સંખ્યાની દૃષ્ટિએ ઈન્દ્રની સ્તુતિ વધારે જોવા મળે છે.

ઋગ્વેદના મંત્રોમાં વરુણદેવતાનું પ્રધાન કાર્ય પાપીઓને સજા કરવાનું બતાવવામાં આવ્યું છે.[૧૭૧] ખાસ કરીને જે અત્યંત પાપકાર્યમાં રચ્યોપચ્યો કહે છે તે વરુણના પાશનું બંધન પામે છે તેનાથી કોઈ સરળતાથી મુક્ત થઈ શકાતું નથી.[૧૭૨] જ્યારે ઋગ્વેદના અમુક મંત્રોમાં વરુણને ઈન્દ્રનો ભાઈ માનીને ઈન્દ્રની ગેરહાજરીમાં વરુણની શક્તિ બેકાર બની જાય છે તેનું વર્ણન કરવામાં આવ્યું છે.[૧૭૩]

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રનું સ્પષ્ટ વર્ણન જોવા મળે છે. જ્યારે વરુણના માત્ર કાર્યનો ઉલ્લેખ જોવા મળે છે. સમગ્ર પ્રજા વરુણના શાસનમાં રહે છે જ્યારે ઈન્દ્ર વિશે પણ આ પ્રકારના મંત્રો પ્રાપ્ત થાય છે. ઈન્દ્રને પણ સંપૂર્ણ પ્રજાનો નિયામક તથા સૂર્ય, ચન્દ્રાદિનો જનક માન્યો છે. આપણને પ્રશ્ન એ થાય કે તો પછી વરુણ શ્રેષ્ઠ કે ઈન્દ્ર શ્રેષ્ઠ ? આ બન્નેમાંથી વર્તમાન–વૈદિક સાહિત્યમાં ઈન્દ્રને સર્વશ્રેષ્ઠ માનીને તેની કલ્પના કરવામાં આવી છે કારણ કે ઋગ્વેદના ઋષિઓએ ઈન્દ્રની સાથે અનેક કથાઓ આખ્યાનો તથા કાલ્પનિક વાર્તાઓ જોડીને ઈન્દ્રના વ્યક્તિત્વને પૂર્ણ રૂપમાં વિકસાવ્યું છે.

સૂર્યની સાથે પણ ઈન્દ્રનો સંબંધ જોડવામાં આવ્યો છે. ત્યાં કહેવાયું છે કે ઈન્દ્રે સૂર્યને ઉત્પન્ન કયો. સૂર્યને અત્યંત પ્રકાશિત કર્યો.[૧૭૪] તથા આકાશમાં ઉપર ઉઠાવ્યો.[૧૭૫] માત્ર આટલા મંત્રોમાં ઈન્દ્ર અને સૂર્યનો સંબંધ જોવા મળી આવે છે. જ્યારે અન્ય મંત્રોમાં ઈન્દ્ર અને સૂર્યના સંઘર્ષની કથા છે તેમાં એવું રજુ કરવામાં આવ્યું છે ઈન્દ્ર સૂર્યને હરાવ્યો હતો.[૧૭૬] તથા સૂર્યના રથનાં પૈંડા ચોરી લીધાં હતાં.[૧૭૭]

ઋગ્વેદમાં સૂર્ય અને ઈન્દ્રના સંબંધમાં જોવા મળતાં સૂક્તોના મંત્રોનો લગભગ કોઈ સાર મળતો નથી. કેમ કે સૂર્ય, ચન્દ્ર એ તો બધું અનાદિ છે તેનું સર્જન કોઈ કરી શકતું નથી તેમજ તેનો વિકાસ કે પતન પણ હોઈ કરી શકયું નથી કોઈ કરી પણ શકશે નહીં. ઋગ્વેદમાં જોવા મળતાં સૂક્તોના મંત્રો ઋષિઓ પોતાના આરાધ્ય દેવના ઈન્દ્રના વ્યક્તિત્વ ઉપર એટલા તો પ્રભાવિત થઈ જાય છે કે ઈન્દ્રનો સંબંધ ગમે તેની સાથે જોડી છે.

ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્રનો સંબંધ બ્રહ્મણસ્પતિ સાથે પણ જોડવામાં આવે છે. ઋગ્વેદમાં જેટલાં કાર્યો ઈન્દ્રે કરેલાં છે તેમાં બ્રહ્મણસ્પતિનું નામ જોડવામાં આવ્યું છે. તેનો અર્થ એવો માની શકાય કે બ્રહ્મણસ્પતિ ઈન્દ્રનો સાથી સહાયક કે મિત્ર હશે. વળી ઋગ્વેદના એકાદ–બે મંત્રોમાં સ્વયં ઋષિઓ પણ તેને ઈન્દ્રનો મિત્ર બતાવે છે.[૧૭૮] તેમજ ઈન્દ્રની જેમ બ્રહ્મણસ્પતિને પણ મઘવન્[૧૭૯] અને 'વજ્રધારી'[૧૮૦] એવાં વિશેષણોથી વિભૂષિત કરવામાં આવ્યા છે.

બ્રહ્મણસ્પતિનાં કાર્યોનું પણ ઋગ્વેદના મંત્રોમાં સ્પષ્ટ આલેખન પ્રાપ્ત થાય છે. તેઓ ગાયોને મુક્ત કરનાર છે.[૧૮૧] તેમજ શમ્બરના ગઢના દરવાજા ખોલનાર તરીકે પણ તેનું વર્ણન કરવામાં આવ્યું છે.[૧૮૨] તેમજ વૃત્રનો વધ કરનાર તરીકે પણ એકમંત્રમાં રજુ થાય છે.[૧૮૩]

ઉપરોક્ત મંત્રોમાં બ્રહ્મણસ્પતિને જે કાર્યો કરતા બતાવ્યા છે તે કાર્યો તો ઋગ્વેદમાં ઈન્દ્ર પણ કરે છે તો આ રીતે વર્ણન કરવાનું ઋષિઓનું પ્રયોજન શું હશે ? તેના જવાબમાં કહી શકાય છે. બ્રહ્મણસ્પતિ ઈન્દ્રનો મિત્ર કે સાથી હોવાથી ઈન્દ્રનાં કાર્યોના વર્ણનમાં આ બ્રહ્મણસ્પતિનાં કાર્યો તેની સાથે જોડી દે છે.

ઈન્દ્રનું સ્વરૂપ માત્ર ઋગ્વેદમાંજ નહીં પરંતુ વૈદિક સાહિત્યમાં અને રામાયણ તથા મહાભારત પુરાણો વગેરેમાં પણ જોવા મળે છે. જેમ કે અથર્વવેદમાં ઈન્દ્રની માતા તરીકે પ્રજાપતિની પુત્રી અષ્ટકાને બતાવવામાં આવે છે.[૧૮૪] જ્યારે તૈત્તિરીય સંહિતામાં એકાષ્ટકાને ઈન્દ્રની માતા માનવામાં આવે છે. અથર્વવેદમાં લગભગ ૪૫ મંત્રોમાં અલગ–અલગ સૂક્તોમાં ઈન્દ્રનાં કાર્યો તેની શક્તિઓ તથા તેનાં વિશેષણો અને સ્તુતિઓ જોવા મળે છે.

બ્રાહ્મણ સાહિત્યમાં પણ ઈન્દ્રનાં સ્વરૂપ તેનાં કાર્યો તેના જન્મ તથા તેની માતાનું નામ જોવા મળે છે. જેમ કે ઈન્દ્રએ અદિતિનો સાતમો પુત્ર છે.[૧૮૫] જ્યારે શતપથ બ્રાહ્મણમાં

તેને યજ્ઞ અને વાક્નો પુત્ર કહ્યો છે.[૧૮૬] તેમજ તેની પત્નીઓ તથા તેનાં વિવિધ કાર્યોનું પણ વર્ણન પ્રાપ્ત થાય છે.

ઉપનિષદોમાં પણ ઈન્દ્રના સ્વરૂપનું વર્ણન પ્રાપ્ત થાય છે. છાંદોગ્યયોપનિષદમાં તેનું વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે. ઉપનિષદના સમયમાં પણ ઈન્દ્રને શ્રેષ્ઠ દેવતા તરીકે માનવામાં આવ્યા છે. તેનું કારણ એ છે બધા દેવતાઓમાં સૌ પ્રથમ ઈન્દ્રે જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.[૧૮૮]

રામાયણ મહાકાવ્યમાં પણ ઈન્દ્રનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. રામાયણમાં તેને 'દેવરાજ ઈન્દ્ર' એવી ઉપાધિ આપવામાં આવી છે. તથા દેવોનું નેતૃત્વ કરે છે.[૧૮૮] તે સદા યુવાન રહેવાવાળો બનાવવામાં આવ્યો છે.[૧૮૯] તેની પત્ની તરીકે પુલોમાની પુત્રી કહી છે. જ્યારે જયંત તેના પુત્રનું નામ બતાવવામાં આવ્યું છે.[૧૯૦] ઋગ્વેદની જેમ રામાયણમાં પણ તેને વિવિધ કાર્યો કરતો બતાવવામાં આવે છે. તેના અન્ય દેવતાઓ સાથેના સંબંધો પણ મિત્રતાપૂર્ણ છે.

મહાભારતમાં ઈન્દ્રનું વર્ણન પ્રાપ્ત થાય છે. ઋગ્વેદમાં જોવા મળતું સમગ્ર માનવીયરૂપ મહાભારતમાં મળતું નથી. પરંતુ તેના સ્વભાવ તેની સમૃદ્ધિ અને શ્રીનું વર્ણન પ્રાપ્ત થાય છે.[૧૯૧] મહાભારતમાં તેના અસ્ત્ર તરીકે 'વજ્ર' જ બતાવવામાં આવ્યું છે. તથા તેઓ કવચ અને ધનુષ્ય–બાણ પણ ધારણ કરે છે. ઈન્દ્રનું વિશેષ વર્ણન એ જોવા મળે છે તે બ્રાહ્મણનો પુત્ર છે અને ૯૯ શત્રુઓને હણીને ઈન્દ્રત્વની પ્રાપ્તિ કરી છે તથા ક્ષત્રિયત્વ પ્રાપ્ત કર્યું છે.[૧૯૨]

જ્યારે ૧૮ પુરાણોમાં પણ ઈન્દ્રનાં જન્મ, કાર્ય, તેનાં પરાક્રમો વગેરેનું વર્ણન પ્રાપ્ત છે. પુરાણોમાં તેના પિતા તરીકે કશ્યપ બતાવવામાં આવે છે. જ્યારે અદિતિને તેની માતા માનવામાં આવે છે. તેમજ તેના શારીરિક દેહ સૌંદર્યનું વર્ણન અને તેની પત્ની તરીકે ઈન્દ્રાણી અને શચિ બન્નેનાં નામ મળે છે. વિશાળ પુરાણ સાહિત્યમાં ઈન્દ્રનું ઋગ્વેદ જેવું વર્ણન પ્રાપ્ત થાય છે.

આપણે ઉપરોક્ત રીતે નોંધ્યું તેમ સમગ્ર સંસ્કૃત સાહિત્યના આરંભથી માંડી પુરાણોના સમય સુધીમાં ઈન્દ્રનાં વર્ણન, કાર્ય અને પરાક્રમોનું વર્ણન જોવા મળે છે. તો શું વેદકાળથી માંડીને પુરાણોના સમય સુધી ઈન્દ્ર સદેહે અસ્તિત્વ ધરાવતો હશે ? તેનો સ્પષ્ટ

ઉત્તર 'ના' આપી શકાય કારણ કે આટલી સદીઓ સુધી કોઈ દેવતાઓ પણ જીવિત રહી શકે નહીં. એટલે ઈન્દ્રનું આવું વિશાળ વ્યક્તિત્વ જોતા આપણે એ નિષ્કર્ષ આપી શકીએ કે વૈદિક સાહિત્યમાં જે કંઈ ઈન્દ્ર વિશે જાણીએ છીએ તે હકીકત હતી. અર્થાત્ ઈન્દ્ર અસ્તિત્વ ધરાવતા હશે. પરંતુ ત્યાર પછીના સમયમાં જે કોઈએ ઈન્દ્ર સમાન કાર્યો કર્યાં તેને–તેને ઈન્દ્રની ઉપાધિથી વિભૂષિત કરવામાં આવ્યા હશે એટલે આટલા વિશાળ સાહિત્યમાં ઈન્દ્રનો પ્રભાવ જોઈ શકાય છે.

ઋગ્વેદમંત્રસંહિતામાં ઈન્દ્રના વ્યક્તિત્વનો ક્રમિકવિકાસ નોંધવાનો અહીં ઉપક્રમ હોવાથી વેદમંત્રોની સાથે અન્ય સાહિત્યમાં જોવા મળતા ઈન્દ્રના ચરિત્રની પણ ચર્ચા કરી છે. પરંતુ જ્યાં સુધી ઋગ્વેદસંહિતામાં ઈન્દ્રના વ્યક્તિત્વનો પ્રશ્ન છે ત્યાં સુધી તેમ કહી શકાય છે. પહેલાં તેનું વ્યક્તિત્વ સામાન્ય હોવું જોઈએ કેમ કે ઋગ્વેદના મંત્રોમાં તેના માતા–પિતા તરીકે ઘણાં બધાં નામો જોવા મળે છે. તેમજ તેનાં અમુક કાર્યો તથા વિશેષણો આ બધું જોતા તે દેવતા તરીકે જન્મ્યો નથી. તેનો જન્મ માનવસહજ રીતે થયો છે. તેનાં વિશેષણોમાં એક વિશેષણ 'कनीन:'[૧૯૩] એવું આપવામાં આવ્યું છે તેનો અર્થ–"અવિવાહિત માતાનો પુત્ર" આવું વિશેષણ ઈન્દ્ર માટે જ પ્રયોજાયું છે. તેમજ દેવતાઓની વિશેષતાઓ જેવી કે પવિત્રતા, શ્રદ્ધા, દિવ્યતા આ ગુણો ઈન્દ્રમાં જોવા મળતા નથી. તથા ઋગ્વેદમાં અન્ય દેવતાઓની સરખામણીમાં તેનાં કાર્યો પણ નથી. તેથી તેને 'દેવત્વ' લઈને જન્મેલા નથી એમ કહી શકાય. પરંતુ સામાન્ય માનવીની જેમ જન્મ્યા છે.

જન્મ થતાની સાથે જ તેના પરાક્રમોની શરૂઆત એ બતાવે છે કલહપ્રિય અને યુયુત્સુ હતો. તેથી તેને જ્યારે આ તક મળી એટલે યુદ્ધ કરવાનો પ્રસંગ આવતો ત્યારે પૂર્ણ રીતે શક્તિનો પ્રયોગ કરીને ગમે તેવા યોદ્ધાને તે પરાજય આપતો. ઋગ્વેદમાં જોવા મળતાં તેનાં કાર્યોમાં યુદ્ધ કરવું અને શત્રુઓને હરાવવા એ તેના માટે સામાન્ય બની ગયું. આ સામાન્ય વ્યક્તિ સમય જતાં આર્યનેતા બની ગયો. ઋગ્વેદમંત્રસંહિતામાં જોતા લગભગ ૧૨૦ મંત્રોમાં આર્ય–અનાર્ય સંઘર્ષ જોવા મળે છે. ઋષિઓએ આ વર્ણન કર્યું તેનો અર્થ એ સંગ્રામ ભયંકર હશે. કદાચ વર્ષો સુધી ચાલ્યો હશે. એ સંઘર્ષમાં પોતાની શક્તિ અને પરાક્રમ દર્શાવવાની તક ઈન્દ્રને મળી છે. કેમ કે ઋગ્વેદમાં એવા મંત્રો મળે છે. દભિતી માટે, સુદાસ માટે, ઋજિશ્વાન માટે, દાસ શમ્બર કે પિપુ કે દસ્યુઓનો વધ કરું છું. એટલે આર્યોને સહાયતા કરવા માટે જ આ સંગ્રામો થયા છે તેમાં ઈન્દ્રે પોતાનું વ્યક્તિત્વ પ્રકાશિત

કર્યું. તેમાં ઈન્દ્ર પાસે જે લોકોએ જે માગ્યું તે આપ્યું અન્ન, ધન,ગાયો, જમીન, અલંકારો આદિ વસ્તુઓનું દાન કર્યું એ વસ્તુઓ કોની હોય ! સિંધુખીણમાં વસતા અનાર્ય કે આર્યેતર પ્રજાની– આ રીતે સામાન્ય માનવીમાંથી નેતા–યુદ્ધ નેતા બની ગયેલો આર્યોની સર્વકામનાઓ પૂર્ણ કરનાર આરાધ્યદેવતા બની ગયો.

કોઈકે યોગ્ય જ કહ્યું છે માણસ જન્મથી નહીં પણ કર્મોથી મહાન બને છે. એ ઈન્દ્રના વ્યક્તિત્વનો વિકાસ જોતા સત્ય લાગે છે. કારણ કે યુદ્ધનેતા બની ગયેલા ઈન્દ્ર ઉપર ઋષિઓ દેવત્વનું આરોપણ કરી તેને દેવતા બનાવી દીધો. આ સમગ્ર પ્રક્રિયાની અસર પરવર્તી સંસ્કૃત સાહિત્ય ઉપર પડી હોય તેમ જણાય છે. પછીના સમયમાં જે કોઈ યુદ્ધનેતાએ વિશેષ કે અસામાન્ય પરાક્રમો કર્યાં હોય તેને ઈન્દ્રની 'ઉપાધિ' આપી દેવામાં આવી છે.

### ૪.૧૦) વિશ્વની પ્રાચીન સંસ્કૃતિઓ :

આપણે આગળ નોંધ્યુ તેમ ઋગ્વેદમાં જે દાસ दस्यु, शम्बर, पिप्रु જેવી જાતિઓ કે રાજાઓના નામો પ્રાપ્ત થાય છે. તેનો આ મહાનિબંધમાં સંયુક્ત રીતે 'અનાર્યજાતિઓ' એવો અર્થ કરવામાં આવ્યો છે. એટલે ઋગ્વેદના મંત્રોમાં છૂટા–છવાયા ઐતિહાસિક વ્યક્તિઓના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે તે અહીં રજૂ કરવામાં આવ્યા છે. તેની સમજૂતી આપતાં પહેલા થોડી પૂર્વભૂમિકા તપાસવી પડશે તેની ચર્ચા કરીએ.

વર્તમાન સમાજ જે પૂર્ણ સભ્ય અવસ્થાએ પહોંચ્યો તે પહેલા તેની અવસ્થા અલગ–અલગ સ્થિતિઓમાંથી પસાર થતી આવી છે. પૂર્વ અવસ્થામાં માનવ જંગલી કે અસભ્ય અવસ્થામાં હતો. ધીમે–ધીમે તેને ભાષાનું જ્ઞાન થયું તેની જરૂરીયાતો વધી આ જરૂરીયાતોની પૂર્તિ માટે તેને પોતાનું ક્ષેત્ર સિમિત જણાયું એટલે અન્ય દેશોમાં ફરવા લાગ્યો અન્ય સંસ્કૃતિઓના સંપર્કમાં આવવાથી સંસ્કૃતિઓના આદાન–પ્રદાનથી અલગ–અલગ સંસ્કૃતિઓનો વિકાસ થયો. આ રીતે માનવ વિકાસની કીર્તિનું યશોગાન કરતી વિશ્વની કેટલીક સંસ્કૃતિઓ પ્રસિદ્ધ છે તેનું અહીં માત્ર વિહંગાવલોકન કરીએ.

### ૪.૧૦.૧) કટલ હુયુક સભ્યતા :

વર્તમાન ટર્કીના આનાતોલિયા પ્રદેશમાં ચાર ........ નદીના કિનારે ભુમધ્ય સાગરના પશ્ચિમે ૧૯૬૧માં પુરાતત્ત્વવેતા જેમ્સ મેલટે જમીનને ખોદીને તેમાંથી એક નગર

સંસ્કૃતિ રજૂ કરી હતી. તેમાંથી અલગ વસ્તુઓનું 'રેડિયો કાર્બન' પદ્ધતિથી પરીક્ષણ કરીને તેની ઉંમરની કલ્પના કરવામાં આવી કે તેનું આયુષ્ય આજથી લગભગ ૯૦૦૦ વર્ષ છે. એટલે તેનો સમય ઈ.સ. પૂર્વે ૬૫૦૦ થી ૭૦૦૦ સુધીના સમયમાં વિકસિત થયેલી માનવામાં આવે છે.[૧૯૪]

આ નગર સભ્યતા સમુદ્રના તટથી લગભગ ૧૦૦૦ ફુટ ઊંચે હતી. અહી વિકાસની પૂર્ણતા જોવા મળે છે. તેમાં શિલ્પ, ગૃહનિર્માણ, નગર નિર્માણ સહિત તેની અપૂર્ણ દક્ષતાનો પરિચય મળે છે. પરંતુ આ સભ્યતાનું પતન–વિનાશ કેમ થયો. અહીં રહેતા એ લોકો ક્યાં ગયા ? કેવા સંજોગોમાં આ નગર સંસ્કૃતિ નષ્ટ થઈ, તેનાં લિપિ ભાષાના કોઈ પુરાવા પ્રાપ્ત થતાં નથી.

### ૪.૧૦.૨) અસુરીય સભ્યતા :

વર્તમાન ઈરાક કે ઉતરાંશમાં નિગરિસ નદીના કિનારે આ સભ્યતા વિકસિત થઈ હતી. તે નદીના કિનારા ઉપર એક વિખ્યાત દેશ ફેલાયેલો હતો. તેનું નામ સુમૈર હતું જે આજનું બેલિલોન કહેવાય છે.

આ અસુરીય સભ્યતાનું પ્રાચીન નગર હતું 'असुर' આ શહેર ઉપર જ આજનું 'शरकत' જાહેર જોવા મળે છે. આ સંસ્કૃતિ પણ વિકસિત થઈ હતી. પરંતુ અસુર સમ્રાટોના કારણે કદાચ આ સંસ્કૃતીનો નાશ થયો હોય તેવું બની શકે છે.

### ૪.૧૦.૩) મિસ્ર સભ્યતા :

આ સભ્યતા પણ અતિ પ્રાચીન સભ્યતા છે. મિસ્રનાં રાજાઓએ અનુપમ પિરામીડની રચના કરી હતી. આ સભ્યતાના આ માત્ર નગરો, ગૃહો, શહેરો, શિલ્પ, સાહિત્ય જ નહી પરંતુ તેનું ઉન્નત આધ્યાત્મિકદર્શન, સાહિત્ય અને ભાષા, રસાયણ, ચિકિત્સાવિદ્યા, ધાતુવિદ્યા, નૌવિદ્યા, કાનુન શાસ્ત્ર, વગેરેનો વિકાસ થયો હતો. તેની લાઈબ્રેરી અને સાહિત્યભંડાર સમૃદ્ધ હતો. આમ મિસ્રી સભ્યતા માત્ર પોતાનો વિકાસ સાધ્યો નથી પરંતુ વિશ્વ સંસ્કૃતિના વિકાસમાં આ સભ્યતાનું યોગદાન રહ્યું છે.[૧૯૫]

### ૪.૧૦.૪) સિંધુખીણની સભ્યતા :

વિશ્વની પ્રાચીન સંસ્કૃતિમાં સિંધુખીણ સંસ્કૃતિનો સમાવેશ થાય છે. આ સંસ્કૃતિની જાણ ૧૯૨૧માં જોન માર્શલ દ્વારા થઈ. ભારતમાં પશ્ચિમ ભાગમાં સિંધુનદીના કિનારે

ખોદકામ કરતાં તેમાંથી મોહેજે–દડો નામનું નગર મળી આવ્યું. પુરાતત્વ ખાતા દ્વારા તેનું પરિક્ષણ કરતાં તેની ઉમર ઈ.સ. પૂર્વે ૧૯૦૦ થી ઈ.સ. પૂર્વે ૧૫૦૦ની માનવામાં આવે છે. આ સભ્યતાને સિંધુખીણની સભ્યતા એવું નામ આપવામાં આવ્યુ. આ ઉપરાંત સરસ્વતી નદીના કિનારે બાલીદંગન, ગુજરાતમાં લોથલ, ધોલાવીરા, આંધ્રપ્રદેશમાં દાઈમાલાદ તથા દિલ્હીમાં મણ્ડીવાલી નગરોના અવશેષો પ્રાપ્ત થયા છે.

આ બધા શહેરોની સંરચના આ બધું જોતા એવું અનુમાન કરી શકાય છે. કોઈ પરાધીન પ્રજા રાષ્ટ્રનો આવો વિકાસ કરી શકતી નથી. એટલે એ સમયે જો કોઈ પ્રજા ભારતવર્ષમાં રહેતી હશે તે પ્રજાએ આ રીતે ભારતની સંસ્કૃતિનો વિકાસ કર્યો હશે. હું એમ કહેવા માંગતો નથી કે આ બધી સંસ્કૃતિ અનાર્ય લોકોએ વિકસાવી હશે. પરંતુ કહેવાનો ભાવાર્થ એ થાય છે કે આર્યોનું ભારતવર્ષમાં આગમન થયું ત્યાં સુધીમાં સિંધુ સભ્યતા અને બીજા શહેરોનો સંપૂર્ણ વિકાસ થઈ ગયો હતો. તેનો અર્થ એ થયો કે આર્યોના આગમન પહેલા આ સભ્યતાનો વિકાસ કરનાર કોઈ પણ પ્રજા રહેલી હશે એ વાત સ્પષ્ટ છે.

ઋગ્વેદના મંત્રોમાં અમુક સંઘર્ષ દર્શાવતા મંત્રો પ્રાપ્ત થાય છે. તેમાં કોઈને કોઈ રાજાનો ઈન્દ્ર સાથે સંઘર્ષ રજૂ કરવામાં આવ્યો છે. આ રાજાઓ ક્યાં હતો. તેની સમજૂતી આપવાનો પ્રયત્ન કરું છું.

## ૪.૧૧) અનાર્ય જાતિઓ :

ભારતવર્ષમાં આર્યોનું આગમન થયું ત્યારે ભારતવર્ષમાં જે પ્રજા રહેતી જેવી કે દાસ, દસ્યુ. આ જાતિઓ માટે 'અનાર્ય' એવા શબ્દ આ મહાનિબંધમાં વપરાય છે. ઋગ્વેદના મંત્રોમાં તેના ઉલ્લેખો જોવા મળે છે. જે નીચે મુજબ છે.

### ૪.૧૧.૧) શમ્બર ।

'શમ્બર' શબ્દનો પ્રયોગ ઋગ્વેદના મંત્રોમાં વીસવખત[૧૯૬] થયો છે. તેના અર્થ બાબતે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. આચાર્ય યાસ્ક તેને વજ્ર એવો અર્થ બતાવે છે. પરંતુ ઋગ્વેદના વીસ મંત્રોમાં તેનું વર્ણન વાંચીએ તો તેને માનવ માનવો વધારે યોગ્ય ગણાશે. આથી ડૉ. સુધા રસ્તોગીજી ઈન્દ્રના પાર્થિવ શત્રુઓની હરોળમાં પ્રથમ તેનો ઉલ્લેખ કરે છે.[૧૯૭]

ઋગ્વેદમાં શમ્બરના પિતા તરીકે कुलितर[૧૯૮] ના નામનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે સમયમાં શમ્બર સાધન–સંપન્ન વૈભવી રાજા હતો. તેની પાસે ૯૯૯ કિલ્લાઓ હતાં. શત્રુઓથી બચવા માટે તેણે પર્વતો ભેદીને તેમાં કિલ્લાઓનું નિર્માણ કર્યુ હતુ. શમ્બર પોતે–પોતાને શ્રેષ્ઠ સમજતો હતો. તથા અન્ય લોકોને યજ્ઞ, કર્મકાંડ કે વગેરેમાં આસ્થા ન રાખતો હતો.[૧૯૯]

ઋગ્વેદના મંત્રોમાં શમ્બરનું આટલુ જીવંત વર્ણન જોવા મળે છે. તેના પિતાનુ નામ, તેના કિલ્લાઓનું વર્ણન તથા તેના વિચિત્ર સ્વભાવનું વર્ણન આ બધું જોતા તેને મેઘ કે અન્ય કોઈ અર્થમાં ન લેતા અનાર્ય–રાજા કે માનવો સૌથી વધારે તર્કસંગત છે.

ઋગ્વેદના મંત્રોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે તે અસંખ્ય કિલ્લાઓ ધરાવતો હતો.[૨૦૦] આથી આર્ય–નેતા ઈન્દ્ર પણ તેને સરળતાથી શોધી શક્યો નહી. ૪૦ વર્ષ સુધી ઈન્દ્રે શમ્બરને શોધવો પડ્યો. ઋગ્વેદમાં ઈન્દ્ર માટે કોઈ વસ્તુ અશક્ય નથી છતાં શમ્બર ૪૦ વર્ષ સુધી ઈન્દ્રને મળ્યો ન હોય તો શમ્બરની સંરક્ષણ વ્યવસ્થા કેટલી મજબૂત હશે તેની કલ્પના કરી શકાય.

ઋગ્વેદના મંત્રોમાં શમ્બર–ઈન્દ્ર વચ્ચે કોઈ પૂર્વની જાની દૂશ્મનઃવટ હોય તેવાં કોઈ પ્રમાણો પ્રાપ્ત થતાં નથી. તો પછી આપણને પ્રશ્ન થાય કે શા માટે શમ્બરનો વધ કર્યો ? આ પ્રશ્નનો પ્રત્યુતર વેદમંત્રમાં આપવામાં આવ્યો છે. બે આર્ય રાજાઓના નામો પ્રાપ્ત થાય છે જેના માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો. તેમાં ક્યારેક दिवादास[૨૦૧] માટે શમ્બરનો વધ કર્યો તો ક્યારેક 'अतिथिग्व' રાજા માટે શમ્બર સાથે સંગ્રામ કર્યો[૨૦૨] એવું વર્ણન પ્રાપ્ત થાય છે.

### ૪.૧૧.૨) दस्युः ।

ઋગ્વેદમાં આ दस्यु શબ્દનો પ્રયોગ ૧૫ વખત થયો છે. આ दस्यु તત્કાલિન અનાર્ય જાતિના રૂપમાં લગભગ બધાએ તેનો સ્વીકાર પણ કર્યો છે. આચાર્ય સાયણ दस्युः શબ્દનો અર્થ 'ખરાબ બોલનાર' એવો કરે છે. જે સર્વથા યોગ્ય છે. ૧૫ કે ૨૦ મંત્રોમાં દસ્યુનું વર્ણન તેના કાર્યોનું વર્ણન તથા તેની સાથે જે સંદર્ભ જોવા મળે છે જે હે ઈન્દ્ર તું દસ્યુને જાણ અને આર્યોને પણ જાણ.[૨૦૩] આવા સંદર્ભોના આધારે તેને એક જાતિ કલ્પવી એ યોગ્ય ગણાશે.

ઋગ્વેદના મંત્રોમાં દસ્યુઓની એક વિશેષતા જોવા મળે છે. તેઓ આર્યોથી વિરુદ્ધ પ્રકારનું વર્તન કરતાં બતાવવામાં આવ્યા છે. આ તેની વિશેષતા હતી કે તેની જાતિગત પરંપરા હતી. તે માટે મંત્રોમાં તેના વિશેષણો જોઈએ તો–

अदेवयुः ⟶ ॥८–७०–११॥

अब्रहमन् ⟶ ॥४–१६–९॥

अयश्वन ⟶ ॥८–७०–९॥

अवृत ⟶ ॥१–५१–८॥

अमानुसि ⟶ ॥८–७०–११॥

अन्यवृत्त ⟶ ॥८–७०–११॥

આ બધા વિશેષણોના આધારે તેનું વર્ણન કરીએ તો તે–દેવતાઓમાં શ્રદ્ધા ન રાખનાર, વ્રત નહિ કરનાર, યજ્ઞો ન કરનાર, દાન ધર્મ ન કરનાર આ અર્થો પ્રાપ્ત થાય છે. આ રીતે આર્યોથી વિપરીત વર્તન કરતાં આ દસ્યુઓથી દૂર કરવા અને તેનો વધ કરવાની પ્રાર્થના કરતાં પુરાવાઓ ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે.

**૪.૧૧.૩)** दास ।

ઋગ્વેદના મંત્રોમાં दास શબ્દનો ઉપયોગ લગભગ ૬૧ વખત થયો છે. ક્યારેક આ સાથે दस्यु નો પણ ઉલ્લેખ થયો છે. પરંતુ दास અને दस्यु સમાનાર્થી નથી તેઓ બન્ને અલગ–અલગ જાતિઓ છે.

દાસજાતિના લોકો આર્યોથી વિરુદ્ધ પ્રકારનું વર્તન કરતાં તેથી તેઓની વચ્ચે ધાર્મિક મતભેદ જોવા મળે છે. આર્યોની ધાર્મિક વિધિઓ તેને પસંદ ન હતી. તેથી આર્યોના ધિક્કારનું પાત્ર બનતા.

ઋગ્વેદના મંત્રોમાં તેનું સ્પષ્ટ વર્ણન પણ કરવામાં આવ્યું. તેના ચપટા નાકવાળા તથા શ્યામ વર્ણના હતાં. તેઓ પૈસા–ધન સંપત્તિની દષ્ટિએ સમૃદ્ધ હતાં. તેઓ ખૂબ જ ઉત્સાહિ પરાક્રમી અને મહેનતુ હતાં. આર્યો આ દાસોને દૂર કરવા ઈન્દ્રને પ્રાર્થના કરતાં કહે છે दास वर्णं अधरगुहाकः।[२०४]

## ૪.૧૧.૪) पणि के पणयः ।

पणि એકવચન અને પણયઃ બહુવચનવાળા શબ્દો ઋગ્વેદમાં અનેક વખત વપરાયો છે. આ શબ્દના અર્થમાં બધાજ વિદ્વાનો સહમત થઈ તેનો 'વેપારી પ્રજા' એવો અર્થ સ્વીકારે છે. તત્કાલીન આ વેપારી પ્રજા હોવાથી ગણતરીવાળા હતાં. થોડા કંજૂસ પણ હતાં. વ્યાપારની સાથે વ્યાજ–વટાવનો ધંધો પણ કરતાં. બહું ઊંચા વ્યાજે પૈસા વસૂલ પણ કરતાં હતાં. આ ઉપરાંત તેઓ દાન–ધર્મ–યજ્ઞાદિ કાર્યમાં પૈસા બગાડતા ન હતા, વિદ્વાન બ્રાહ્મણોને તેઓ દાન આપતા નહી તેથી આર્યોનાં તિરસ્કારનું પાત્ર બનતાં.

પણિઓના વ્યક્તિત્વ અને વ્યવસાયનો પરિચય આપતું ઋગ્વેદમાં સરમા–પણિ સંવાદસૂક્ત[૨૦૫] પ્રસિદ્ધ છે. તેના અધ્યયનથી કહી શકાય કે પણિઓ વેપારી પ્રજા હતી. તેઓ ગાયોનો ધંધો કરતાં. એક જગ્યાએથી બીજી જગ્યાએ ગાયોને લઈ જતી વખતે અન્યની ગાયોને પોતાની સાથે ભેળવી દેતાં. આ રીતે તેઓ ચોરી પણ કરતાં પણિઓની આ પ્રકારની વૃત્તિ છે અને તે માટે ઈન્દ્રએ પણિઓની શોધ કરવા માટે સરમા–નામની કૂતીને (જેને કુતરી સમજવામાં આવે છે. પરંતું ઋગ્વેદના વર્ણનો અનુસાર તે કુતરી માની શકાય તેમ નથી.) આ સરમા જ્યારે પણિઓના નિવાસસ્થાને જાય છે ત્યારે તેની વચ્ચે સંવાદ થાય છે ત્યારે સરમાં કહે છે મને ગાયો સોંપી દ્યો અને તમે અહીંથી ચાલ્યા જાવ. પણિઓ વસ્તું સ્થિતિ સમજીને તેને મનાવી લેવા પ્રયત્ન કરે છે. તેને પ્રલોભન આપતા કહે છે તું અમારી બહેન જેવી છે. તું અહીં રહે અમો તને ગાયોમાંથી ભાગ પણ આપીશું. પરંતુ સરમા કહે છે ભાઈ–બહેન જેવા કોઈ સંબંધો હું જાણતી નથી. તમે ગાયો મને આપી ચાલ્યા જાઓ. મારો સ્વામી ઈન્દ્ર આવશે તો તમને મારશે. ત્યારે પણિઓ કહે છે અમારી પાસે પણ કિલ્લાઓ અને સૈનિકો છે. પણિઓની માહિતી સરમાએ ઈન્દ્રને આપી અને ઈન્દ્રે પણિઓની ગાયો લૂંટી લીધી.

આ રીતે પણિઓની વેપારી વૃત્તિ અને પરાર્થ કશું ન કરવાની ભાવના માટે આર્યોને સાથે સંઘર્ષ થતા તથા ઈન્દ્રે આર્યની સહાયતા માટે આ પણિઓને લૂંટયાં.

## ૪.૧૧.૫) पिप्रु ।

ઋગ્વેદમાં પિપ્રુ જાતિના પણ ઘણી જગ્યાએ ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. પિપ્રુનો સામાન્ય અર્થ 'વિજેતા' એવો થાય છે. પરંતુ વેદમાં એક અનાર્ય જાતિવાચક અર્થમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે.

ઋગ્વેદના મંત્રો અનુસાર જોઈએ તો એક ઋષિજ્વન નામનો આર્ય રાજા છે જે ઈન્દ્રને રોજ સોમરસ આપે છે. આ પિપ્રુએ ઋષિજ્વનો દુશ્મન છે.[૨૦૬] આ બન્નેની દુશ્મનીનું પરિણામ એ આવ્યું છે. ઋષિજ્વને ઈન્દ્રને કહીને આ જંગલી પિપ્રુરાજાનો વધ કર્યો. પિપ્રુના પચાસ હજાર દાસો પણ આ સંગ્રામમાં ઈન્દ્રના હાથે હણાયાનો ઉલ્લેખ એક મંત્રમાં જોવા મળે છે.[૨૦૭]

પિપ્રુના આ ૫૦ હજાર સાથીઓથી એક કલ્પના એવી પણ કરી શકાય છે જે વ્યક્તિ આટલા દાસો–સૈનિકો રાખવા સમર્થ હોય તે આર્થિક રીતે સમૃદ્ધ હોવો જોઈએ તથા બીજી કલ્પના એ પણ કરી શકાય છે પિપ્રુ આ ૫૦ હજારની વસ્તીનો રાજા કે નેતા પણ હોઈ શકે.

અન્ય અનાર્ય રાજાઓની જેમ ઈન્દ્રને પિપ્રુ સાથે કોઈ પુરાની દુશ્મની નથી. પરંતુ આર્ય રાજા ઋષિજ્વની સહાયતા કરવા આ પિપ્રુનો વધ કર્યો.

### ૪.૧૧.૬) नमुचि ।

ઋગ્વેદના મંત્રોમાં 'नमुचि' નો લગભગ નવ વખત ઉલ્લેખ થયો છે. તેનો અર્થ 'મુક્ત ન કરનાર' એવો થાય છે અને આ અર્થ સાથે બધા વિદ્વાનો સહમત પણ છે.

ઋગ્વેદના ૫/૩–૭–૮ મંત્રોમાં તેને દાસ તરીકે રજૂ કરવામાં આવ્યો છે. જ્યારે ૧–૫૩–૭માં તેને માયાવી અસુર દાનવ તરીકે રજૂ કરવામાં આવ્યો છે. મંત્રોમાં ઈન્દ્ર અને નમુચિ વચ્ચે સારા સંબંધો–મિત્રતા બનાવવામાં આવી છે.[૨૦૮] આ બન્ને સાથે મળ ીને સુરામાન કહે છે. આમ છતાં ઈન્દ્રે નમુચિનો વધ કર્યો.[૨૦૯] આ રીતે પોતાના મિત્રને ફિણથી કે ડોક મરડીને મોતને ઘાટ ઉતારવામાં આવ્યો.

ઋગ્વેદના એક સૂક્તમાં કોના માટે કોનો વધ કર્યો તેની યાદી બનાવવામાં આવી છે.[૨૧૦] તેમાં કહેવામાં આવ્યું છે કે 'नाभिसाम्य' નામની સહાયતા માટે ઈન્દ્રે નમુચિનો વધ કર્યો.

### ૪.૧૧.૭) वर्चिन् ।

વર્ચિન પણ અનાર્ય રાજા કે નેતા માનવામાં આવે છે. ઋગ્વેદના મંત્રોમાં વર્ચિનો ચાર વખત ઉલ્લેખ થયેલો છે.[૨૧૧] વર્ચિનો બે વખત ઉલ્લેખ 'शम्बर'ની સાથે થયો છે

આથી શમ્બરને ઈન્દ્રનો માનવશત્રુ માનીએ તો વર્ચિનને પણ ઈન્દ્રનો માનવશત્રુ માની શકાય.

વર્ચિન અને શમ્બરના ઉલ્લેખ સાથે હોવાથી વર્ચિનને શમ્બરનો મિત્ર કે સંબંધી પણ માની શકાય.

ઋગ્વેદના મંત્રો અનુસાર વર્ચિનનો વધ પણ ઈન્દ્રે કર્યો છે. શમ્બરની જેમ વર્ચિનના શતસહસ્રવીરોને ઈન્દ્રે નષ્ટ કરી દીધા. એવા ઈન્દ્રને સોમરસ આપો.[૨૧૨]

અન્ય અનાર્ય રાજાનો જેમ વર્ચિન અને ઈન્દ્ર વચ્ચે મતભેદ મન–ભેદ, વેરભાવ હોવાના પ્રમાણો પ્રાપ્ત થતા નથી. છતાં ક્યાં કારણોથી ઈન્દ્રે તેનો વધ કર્યો તેના કારણો ઋગ્વેદમાંથી પ્રાપ્ત થતાં નથી.

## ૪.૧૧.૮) कुयवः ।

ઋગ્વેદના મંત્રમાં कुयवः નો ચારવાર ઉલ્લેખ થયેલો છે. कुयवः જાતિ–અનાર્ય નેતા કે રાજાનું નામ હોઈ શકે. ઋગ્વેદમાં એવો એક મંત્ર જોવા મળે છે. शुष्णं प्रिपुं कुयवं वृत्रं इन्द यदावधीः वि पुरः शम्बरस्य।[૨૧૩] આ મંત્ર અનુસાર કુયવને અનાર્ય રાજા કે નેતાઓની યાદીમાં મુકવામાં આવ્યો હોવાથી અનાર્ય જાતિનો માની શકાય. આ ઉપરાંત તેનું સમગ્ર માનવીરૂપ વર્ણન ઋગ્વેદના આ મંત્રમાંથી પ્રાપ્ત થાય છે.

**अव त्मना भरते केतवेदा अव त्मनो भरते फेनमुदन् ।**
**क्षीरेण स्नातः कुयवस्य योषे हते स्यातां प्रवणे शिफायाः ॥**

॥१–१०४–३॥

પ્રસ્તુત મંત્રમાં દૂધમાં સ્નાન કરતી યુવતી બે રાણીઓની ક્ષીપ્રા નદીમાં ડૂબી મરવાની કામના કરવામાં આવી છે. સાયણ આ મંત્રનો અર્થ બીજી રીતે કરીને કુયવ ધન ચોર હતો તેથી તેની રાણીઓ ક્ષિપ્રા નદીમાં સ્નાન કરે છે. પરંતુ આગળ નોંધ્યું તેમ આ અનાર્ય રાજા આર્થિક દષ્ટિએ ખૂબજ સમૃદ્ધ હતો. તેથી ફિણમાં નાહવાનું તેની અપાર સમૃદ્ધિનું પ્રતીક પણ હોઈ શકે.

રાજા કુયવ પણ અન્ય અનાર્ય રાજાઓની જેમ કિલ્લાઓ નિવાસી હતો. પણ અન્ય રાજાઓની જેમ કુયવનો પણ ઈન્દ્ર દ્વારા વધ કરવામાં આવ્યો.[૨૧૪]

## ૪.૧૧.૯) धुनि और चुमुरि ।

ઋગ્વેદમાં ધુનિ અને ચુમુરિનો ઉલ્લેખ એક જ વખત થયેલો જોવા મળે છે. વિદ્વાનો આ બન્ને પણ અનાર્ય રાજાઓની હરોળમાં મૂકે છે.

ઋગ્વેદમાં આ બન્ને રાજાઓને સુવડાવી દેવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. શમ્બરાદિ અનાર્ય રાજાઓની જેમ આર્યોની સહાયતા કરવા એટલે કે દભિતી નામના રાજાની સહાયતા કરવા માટે ઈન્દ્રે આ બન્નેનો વધ કર્યો. દભિતી ઈન્દ્રને નિયમિત સોમરસ આપતો હતો.[૨૧૫]

આ ઉપરાંત આ બન્ને યોદ્ધાઓની સાથે ઈન્દ્રે તેના ત્રીસ હજાર દાસોને નિદ્રાધીન કે બંદીવાન કર્યાનાં પુરાવા મળે છે.[૨૧૬] આ બન્ને કિલ્લાઓથી સુસજ્જ હતાં છતાં ઈન્દ્રે આ બન્નેનો વધ કર્યાનાં ઉલ્લેખો મળે છે.[૨૧૭]

## ૪.૧૧.૧૦) वृत्र ।

વૃત્રના વધ માટે જ  ઈન્દ્રનો જન્મ થયો હતો. આ વૃત્ર કોણ હતો એ બાબતે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. નિઢક્તના સમયમાં એટલે કે ઈ.સ. પૂર્વ ૧૧મી સદીમાં ઐતિહાસિકો માનવી માનતા હતાં. જ્યારે તેને મેઘ માનતા.[૨૧૮] જો કે અન્ય અનાર્ય રાજાઓની જેમ તેનું પણ જીવંત અને તાદશ વર્તન માનીએ તો પણ માની શકાય તેમ છે.

ઐતિહાસિકોની માન્યતા મુજબ વૃત્ર એક જીવંત માનવી હતો. ઋગ્વેદમાં તેના માતા–પિતાનું વર્ણન–તેનાં નામનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. તે મુજબ તેની માતાનું નામ દાનુ અને પિતાનું નામ ત્વષ્ટા હતું. બુદ્ધપ્રકાશ પ્રમાણે વૃત્ર એક માનવી હતો અને ધાર્મિક યાજ્ઞિક તથા કર્મકાંડી હતો.

ઋગ્વેદમાં પ્રાચીન ભાષ્યકારો વૃત્રને મેઘ માને છે. પરંતુ ઋગ્વેદના મંત્રોમાં તે સ્પષ્ટ માનવ સાબિત થાય છે. ઋગ્વેદ અનુસાર વૃત્રનું નિવાસસ્થાન અત્યંત ગુપ્તસ્થાને હતું. જ્યાંથી જલધારા વહેતી.[૨૧૯] તે જળમાં અને કોતરોમાં છુપાયેલો રહેતો.[૨૨૦] વળી તેના માતાપિતાના વર્ણનો જોતા વૃત્રને માનવ શત્રુ માની શકાય તેમ છે.

ઋગ્વેદના મંત્રમાં વૃત્ર–ઈન્દ્રના સંગ્રામનું વર્ણન વિશદ્ રીતે જોવા મળે છે. વૃત્ર પણ બળ અને શક્તિની બાબતમાં ઈન્દ્રનો સમોવડીયો હતો. જો ઈન્દ્રે આ સંગ્રામ સમયે સોમપાન ન કર્યુ હોત તો ઈન્દ્રનો વિજય થયો ન હોત.[૨૨૧] આ સંગ્રામ એટલો તો ભયંકર હતો કે ધાવાપૃથિવી અને બધાજ પ્રાણીઓ ભયથી કોપતા હતા, વૃક્ષો અને વેલીઓ ભયથી

ઝૂકવા લાગી. આ સંગ્રામથી સૌ તરફ ભયંકરતા ફેલાઈ ગઈ હને વજ ધારણ કરતાં ત્વષ્ટા પણ ભયભીત થઈ ધ્રુજતા હતા.[૨૨૨]

ઈન્દ્ર આટલો શક્તિશાળી હોવા છતાં પણ સામી છાતીએ આ વૃત્રનો સામનો કરી શક્યો નથી. જ્યારે વૃત્ર નિદ્રાધિન હતો ત્યારે તેને યુદ્ધ માટે જગાડ્યો. ઈન્દ્રે વૃત્રના બન્ને હાથ વજ્રથી કાંપી નાંખ્યા. છતાં પણ વૃત્ર ઈન્દ્ર સાથે યુદ્ધ કરતો રહ્યો. ત્યારે ઈન્દ્રે તેના ઉપર પ્રહાર કર્યા તથા અસંખ્ય અણીઓવાળા વજ્રથી વૃત્રનો વધ કર્યો.[૨૨૩]

આવા વર્ણન હોવાથી વૃત્રને માનવ માનીએ તો પણ સત્યની નજીક છીએ.

### ૪.૧૧.૧૧) इलीविशः ।

આ જાતિનો ઉલ્લેખ ઋગ્વેદના મંત્રોમાં માત્ર એક જ વખત થયો છે. આ જાતિનો વધ પણ ઈન્દ્રે કર્યાના ઉલ્લેખો મળે છે.[૨૨૪] આ પણ અનાર્ય જાતિનો રાજા છે. તેના વિશે બીજા કોઈ પ્રમાણો પ્રાપ્ત થતા નથી.

### ૪.૧૧.૧૨) અન્ય અનાર્ય જાતિઓ :

ઉપરોક્ત રીતે જોયેલી જાતિઓ ઉપરાંત कर्णज અને पर्णज આ બન્ને યોદ્ધાઓના પ્રમાણો મળે છે. આ બન્ને અનાર્ય યોદ્ધાઓ માનવામાં આવે છે. ઋગ્વેદમાં ઈન્દ્રના રથના પૈંડાનો ઉપયોગ પણ યુદ્ધ માટે કરે છે. તે રીતે આર્ય રાજા अतिथिग्व ની સહાયતા કરવા માટે ઈન્દ્રે આ બન્ને યોદ્ધાનો રથના પૈંડાથી વધ કર્યો.

**अहं गुङ्गुभ्यो अतिथिग्वमिष्कर मिषं न वृत्रतुर विक्षु धारयम् ।**
**यत् पर्णयघ्न उत वा करग्जहे प्राहं महे वृत्रहत्ये अश्रुश्रवि ॥**

॥૧૦-૪૮-૮॥

બીજી એક જાતિ હતી 'नार्मर'[૨૨૫] જેનું માત્ર નામ એક મંત્રમાં જોવા મળે છે. આ મંત્ર અનુસાર તેને ઈન્દ્ર उर्जयन्ती નામની નદીના કિનારે લઈ ગયો અને ત્યાં તેનો વધ કર્યો.

'નાવવાસ્ત્ય' નામની જાતિ કે રાજાનો ઉલ્લેખ પણ ઋગ્વેદના એક મંત્રમાં જોવા મળે છે. તેની પાસે એક સુંદરરથ છે. આ રાજા સાથે પણ ઈન્દ્રો સંઘર્ષ થયો.[૨૨૬]

'મૃગય' પણ ઈન્દ્રનો વિરોધી છે. તે પણ અનાર્ય રાજા તરીકે જોવા મળે છે. ઋગ્વેદમાં મૃગય નો ઉલ્લેખ ત્રણ વખત થયો છે. કેટલાક વિદ્વાનો મૃગયને પિપ્રુનું વિશેષણ

માને છે. પરંતુ ઈન્દ્ર સ્વમુખે એકરાર કરતાં કહે છે કે મેં શ્રુતવર્ણની સહાય કરવા મૃગય નામના અસુરનો વધ કર્યો.[૨૨૭]

## ૪.૧૨ સારાંશ નિષ્કર્ષ :

સમગ્ર રીતે આ અધ્યાયનો સારાંશ આપીએ તો આર્ય–અહીં જાતિવાચક અર્થમાં મોટા ભાગના મંત્રોમાં જોવા મળે છે. તેમજ અનાર્ય શબ્દનો ક્યાંય ઉલ્લેખ નથી. પરંતુ જે સ્થાનિક રાજાઓ–જાતિઓ હતી. તેના માટે સંયુક્ત રીતે 'અનાર્ય' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

આર્યોનું ભારતમાં આગમન થયું ત્યારે સિંધુખીણમાં વિકસીત સભ્યતા જોવા મળતી હતી. તેનો અર્થ થયો કે આર્યોના આગમન પહેલા ભારતવર્ષમાં અનેક રાજાઓ હતાં. બન્નેના જીવન સિદ્ધાંતો અલગ–અલગ હોવાથી બન્ને વચ્ચે મતભેદો સર્જાયા અને સંઘર્ષો થયા. પરંતુ આર્યો આગંતૂક હતાં. જ્યારે અનાર્યો સ્થાનિક પ્રજા હતી. તેથી આર્યોનો વિજય અશક્ય જણાતા દિવ્ય શક્તિવાળા ઈન્દ્રને આર્યોએ પોતાના રાજાના રૂપમાં સ્થાપીત કર્યા અને તેની મદદથી યુદ્ધો સરળતાથી જીતી શક્યાં.

આર્ય નેતા તરીકે ઈન્દ્રની ભૂમિકાની ચર્ચામાં વેદ મંત્રોની સહાયતાથી તેના વ્યક્તિત્વના તમામ પાસાનું નિરૂપણ કર્યુ છે. તેમાં ઋગ્વેદના અન્ય દેવતાઓ જેવી વિશેષતા જોવા મળતી નથી પરંતુ નબળાઈ વધુ જોવા મળે છે. દા.ત. સોમપાન, સ્ત્રીઆસક્તિ અને માંસભક્ષણ આ ત્રણ મુદ્દાઓનો વિચાર કરતાં તેને દેવતાની યાદીમાંથી બાકાત રાખવા મજબૂર કરે છે. વળી ઈન્દ્રના માતા–પિતાનો ઉલ્લેખો, તેના શરીરનું માનવ શરીર પ્રમાણે મળતું વર્ણન આ બધુ જોતા તેને દેવતા માનવા કરતાં અદ્વિતીય શક્તિ, આત્મવિશ્વાસુ અને પ્રજાપ્રિય આર્ય નેતા માનવા એ સર્વથા ઉચિત ગણાશે.

ઈન્દ્રના વ્યક્તિત્વનું એક મહાન પાસું એ પણ બતાવી શકાય કે તેઓએ અનાર્ય રાજાઓનો વધ કર્યો, પાણિઓનું ધન લૂંટ્યું પરંતુ સ્વાર્થ માટે નહિં પરાર્થે આ બધા પરાક્રમો કરતાં જોવા મળે છે.

ઈન્દ્રના અનાર્યો સાથે જ નહી દેવતાઓ સાથે યુદ્ધ થયાના પુરાવા પ્રાપ્ત થાય છે. મરુતૌ, અશ્વિનૌ, ત્વષ્ટા વગેરે સાથે પણ તેના સંઘર્ષો થયા છે.

એકંદરે કહીએ તેનું અત્યંત યુદ્ધ લાલસા જોવા મળે છે તથા પોતાની શક્તિ અને આત્મવિશ્વાસથી ગમે તેવા યુદ્ધમાં પણ વિજય પ્રાપ્ત કરી શકે છે. ❑

## પાદટીપ

१. ऋग्वेदसंहिता ॥१०-१६९-१॥

२. ऋग्वेदसंहिता ॥१०-१९१-३॥

૩. ભગવતગોમંડલ–ભાગ–૧, પૃ. ૨૧૮

૪. ભગવતગોમંડલ–ભાગ–૧, પૃ. ૨૧૮

૫. ભગવતગોમંડલ–ભાગ–૧, પૃ. ૨૧૮

૬. ભગવતગોમંડલ–ભાગ–૧, પૃ. ૨૧૮

૭. ऋग्वेद संहिता ॥१०-७५-३॥

૮. ऋग्वेद संहिता ॥१०-७५-४॥

૯. ऋग्वेद संहिता ॥५-६१-१९॥

૧૦. ऋग्वेद संहिता ॥५-६१-६॥

૧૧. ऋग्वेद संहिता ॥५-६१-९॥

૧૨. ऋग्वेद संहिता ॥१०-१३५-६॥

૧૩. ऋग्वेद संहिता ॥१०-४७-२॥

૧૪. मनुस्मृति ॥२-१९॥

૧૫. वैदिक साहित्य और संस्कृति-पृ. ३९२

૧૬. ऋग्वेदसंहिता ॥१-५१-८॥

૧૭. ऋग्वेदसंहिता ॥१-१०३-३॥

૧૮. ऋग्वेदसंहिता ॥१०-४९-३॥

૧૯. **સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ (પ્રશિષ્ટ)**
**–પ્રો. જીતેન્દ્ર દેસાઈ સાહેબ**
**પાશ્વ પ્રકાશન, બીજી આવૃતિ–૨૦૦૩, પૃ. ૫**

૨૦. ऋग्वेद में आर्येतर जातियों को दास या दस्यु कहा है। आर्यो न इन जातियों को जितकर अपने आधीन कर लिया था। आर्यो इन जातियों को अपने से हिन समजवे थे। दासजाति के लोग अच्छे शिल्पी थे जो भुवनौ और विशाल नगरोका निर्माण करते थें।

–डॉ. कृष्णकुमार, वैदिक साहित्य का इतिहास, पृ. ८६

૨૧. કાંતિલાલ વ્યાસ–ભાષા વિજ્ઞાન, પૃ. ૬૫૬
એન.એમ. ત્રિપાઠી પ્રા.લિ.–૧૯૭૮

૨૨. Indo Aryan and Hind, P. 54

૨૩. કાંતિલાલ વ્યાસ–ભાષા વિજ્ઞાન, પૃ. ૬૧૫

૨૪. કાંતિલાલ વ્યાસ–ભાષા વિજ્ઞાન, પૃ. ૬૧૫

૨૫. Cultral heritage of Indian
Ram Krishanmission Pablication, P. 54,55

૨૬. There was a time when the first neestors of Indian's the perisions, the Greeks, the Romens the slars the cetts and the Gemas were livening together whitin the same enclosurs, may be under the same root therefore, same farms of speech are preserved by all the members of the Aryan family.

-1961-dectvre of the science of language

૨૭. આનુવંશિક સંશોધન ડી.એન.એ. (ગુજરાતી)
ડૉ. પી.ડી. સત્યપાલ–પૃ. ૨

૨૮. शूदो का प्राचीन इतिहास–पृ. २१

૨૯. ऋग्वेदसंहिता ॥६–६१–१२॥

૩૦. शूदो का प्राचीन इतिहास–पृ. २१

૩૧. ऋग्वेदसंहिता ॥७–१८–३३॥

૩૨. वैदिक साहित्य का इतिहास, डॉ. बलदेव उपाध्याय, पृ. ३१८

૩૩. ऋग्वेदसंहिता ॥८–२२–७॥

૩૪. ऋग्वेदसंहिता ॥१०–३३–४॥

૩૫. ऋग्वेदसंहिता ॥८–८३–६–१८॥

૩૬. ऋग्वेदसंहिता ॥९–६–१२॥

૩૭. शूदोका प्राचीन इतिहास–पृ. २१

૩૮. ऋग्वेदसंहिता ॥६–२७–७॥

૩૯. ऋग्वेदसंहिता ॥५-२०-७॥

૪૦. एतरेयब्राह्मणम् ॥१-१४॥

૪૧. **આ ગણતરી–સાતવળેકરજીના પુસ્તક 'ऋग्वेद का सुबोध भाष्य' મુજબની છે.**

૪૨. ऋग्वेदसंहितासायणभाष्य ॥३-४९-१॥

૪૩. ऋग्वेदसंहिता ॥१०-९०-१३॥

૪૪. ऋग्वेदसंहिता ॥१०-१०२-१२॥

૪૫. ऋग्वेदसंहिता ॥४-१८-५॥

૪૬. ऋग्वेदसंहिता ॥४-१७-४॥

૪૭. ऋग्वेदसंहिता ॥१०-५४-३॥

૪૮. ऋग्वेदसंहिता ॥४-१८-१२॥

૪૯. ऋग्वेदसंहिता ॥३-४८-२॥

૫૦. ऋग्वेदसंहिता ॥२-३२-२॥

૫૧. ऋग्वेदसंहिता ॥९-३२-२॥

૫૨. ऋग्वेदसंहिता ॥४-१८-३॥

૫૩. ऋग्वेदसंहिता ॥३-१८-४॥

૫૪. ऋग्वेदसंहिता ॥३-४८-२॥

૫૫. ऋग्वेदसंहिता ॥४-१९-१०॥

૫૬. ऋग्वेदसंहिता ॥१०-१०-१२॥

૫૭. ऋग्वेदसंहिता ॥८-४५-५॥

૫૮. ऋग्वेदसंहिता ॥३-१८-१॥

૫૯. ऋग्वेद में इन्द–कृष्णदास अकादमी (सं. २०३८)
सुधा रस्तोगी, पृ. ५७

૬૦. ऋग्वेदसंहिता ॥१-८२-६॥

૬૧. ऋग्वेदसंहिता ॥१०-८६-९॥

૬૨. ऋग्वेदसंहिता ॥२-१६-२॥

૬૩. ऋग्वेदसंहिता ॥८-३३-५॥

૬૪. ऋग्वेदसंहिता ॥६-३९-२॥

६५. ऋग्वेदसंहिता ॥१०-२३-४॥

६६. ऋग्वेदसंहिता ॥३-५५-३॥

६७. ऋग्वेदसंहिता ॥८-९१-२॥

६८. ऋग्वेदसंहिता ॥१०-२९-३॥ ॥६-१७-१॥ ॥१०-७३-३॥ ॥१०-२७-२॥ ॥६-१७-११॥ ॥८-६६-१०॥ ॥४-१८-१३॥

६९. ऋग्वेदसंहिता ॥८-६६-४॥

७०. ऋग्वेदसंहिता ॥४-१८-३॥

७१. ऋग्वेदसंहिता ॥८-३३-१७॥

७२. ऋग्वेदसंहिता ॥४-१८-६॥ ॥१०-१२-४॥

७३. ऋग्वेदसंहिता ॥२-१५-७॥

७४. यास्कनिरुक्तम् ॥१-१६॥

७५. ऋग्वेदसंहिता ॥१-३२-१०॥

७६. ऋग्वेदसंहिता ॥२-३०-३॥

७७. ऋग्वेदसंहिता ॥१-५६-५॥

७८. ऋग्वेदसंहिता ॥१०-९०-६४॥

७९. ऋग्वेदसंहिता ॥१-३२-१०॥

८०. ऋग्वेदसंहिता ॥४-२६-३॥

८१. ऋग्वेदसंहिता ॥२-१९-६॥

८२. ऋग्वेदसंहिता ॥१-१०१-१२॥ ॥१०-१३८-२॥

८३. ऋग्वेदसंहिता ॥५-३०-९॥

८४. ऋग्वेदसंहिता ॥६-१८-८॥

८५. ऋग्वेदसंहिता ॥१०-१२-५॥

८६. ऋग्वेदसंहिता ॥१-९३-४॥

८७. ऋग्वेदसंहिता ॥६-३८-२॥

८८. ऋग्वेदसंहिता ॥६-४४-५॥

८९. ऋग्वेदसंहिता ॥२-५१-६॥

९०. ऋग्वेदसंहिता ॥१७-१२-८॥

९१. मूल भारतीय परिवार से अलग होकर जिस समय भारतीय व इरानी आर्य सम्मिलित ढप से रह रहे थे उस समय एक कुमारी कन्याने एक बालक उत्पत्ति हुई। अपने प्रभाव और पराक्रम से उसने विरोधीयो को नतमस्तक कर दिया। आर्योने इस व्यक्ति को शक्तिवाचक 'इन्द्र' के अभिधान विभूषित किया।

-डॉ. सुधा रस्तोगी, ऋग्वेद में इन्द्र

९२. यास्क निढक्तम् ॥७-१५॥

९३. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-१२९-६॥

९४. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-६२-१२॥ ॥१-१३९-११॥

९५. ऋग्वेदमन्त्रसंहिता ॥१-११३-१९॥

९६. ऋग्वेदमन्त्रसंहिता ॥२-२०-१३॥

९७. ऋग्वेदमन्त्रसंहिता ॥९-८७-२॥

९८. ऋग्वेदमन्त्रसंहिता ॥१-४५-२॥

९९. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१३९-११॥

१००. ऋग्वेदमन्त्रसंहिता ॥३-९-९॥

१०१. यास्क निढक्तम् ॥७-५॥

१०२. ऋग्वेदमन्त्रसंहिता ॥१-२७-१३॥

१०३. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-९-१३॥

१०४. ऋग्वेदमन्त्रसंहिता ॥९-९६-५॥

१०५. ऋग्वेदमन्त्रसंहिता ॥३-४९-१॥

१०६. ऋग्वेदमन्त्रसंहिता ॥४-४८-२॥

१०७. ऋग्वेदमन्त्रसंहिता ॥४-१८-१०॥ ॥१०-१११-२॥

१०८. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-१०-१२॥

१०९. ऋग्वेदमन्त्रसंहिता ॥४-१७-४॥

११०. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-५४-३॥

१११. ऋग्वेदमन्त्रसंहिता ॥४-१८-५॥

૧૧૨. ऋग्वेदमन्त्रसंहिता ॥४-१८-३/९॥

૧૧૩. ऋग्वेदमन्त्रसंहिता ॥३-४५-४॥

૧૧૪. ऋग्वेदमन्त्रसंहिता ॥२-९९-४॥

૧૧૫. ऋग्वेदमन्त्रसंहिता ॥१-५४-१॥

૧૧૬. ऋग्वेदमन्त्रसंहिता ॥१-७४-६॥ ॥१-१०४-८॥

૧૧૭. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१६-९॥

૧૧૮. ऋग्वेदमन्त्रसंहिता ॥८-८९-४॥

૧૧૯. ऋग्वेदमन्त्रसंहिता ॥१-५२-८॥ ॥१-५७-२॥

૧૨૦. ऋग्वेदमन्त्रसंहिता ॥६-१७-१०॥

૧૨૧. ऋग्वेदमन्त्रसंहिता ॥८-६-६॥

૧૨૨. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-८०-२॥

૧૨૩. ऋग्वेदमन्त्रसंहिता ॥७-१८-१८॥

**૧૨૪. ઋગ્વેદ–સપ્ત–મંડલ વ.મ. ભટ્ટ, પૃ. ૫૧**

૧૨૫. तैत्तरीय ब्राह्मणम् ॥२-२-३३॥

૧૨૬. ऋग्वेदमन्त्रसंहिता ॥८-१-१॥ ॥५-३१-१॥ ॥२-१६-४॥

૧૨૭. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१६५-८॥

**૧૨૮. ઋગ્વેદ–સપ્ત–મંડલ વ.મ. ભટ્ટ, પૃ. ૫૬**

૧૨૯. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-९६-५॥

૧૩૦. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१६-२॥

૧૩૧. ऋग्वेदमन्त्रसंहिता ॥२-११-७॥

૧૩૨. ऋग्वेदमन्त्रसंहिता ॥४-१८-१॥ ॥४-१८-२॥

૧૩૩. ऋग्वेदमन्त्रसंहिता ॥४-१८-५॥

૧૩૪. ऋग्वेदमन्त्रसंहिता ॥४-१८-३॥ ॥४-१८-९॥

૧૩૫. ऋग्वेदमन्त्रसंहिता ॥३-४८-४॥ ॥४-१८-१२॥

૧૩૬. ऋग्वेदमन्त्रसंहिता ॥८-४-४॥

૧૩૭. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-११९॥ (संपूर्ण सूक्त)

૧૩૮. ऋग्वेदमन्त्रसंहिता ॥८-३३-७॥

१३९. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१५-७॥

१४०. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१७०-२॥

१४१. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१७१-६॥

१४२. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१७४-२॥ ॥५-२९-१०॥ ॥५-३२-८॥

१४३. ऋग्वेदमन्त्रसंहिता ॥५-२९-१०॥

१४४. ऋग्वेदमन्त्रसंहिता ॥१-३३-४॥ ॥६-७-३॥ ॥५-७-११॥

१४५. ऋग्वेदमन्त्रसंहिता ॥३-३१-९॥ ॥८-७०-१॥

१४६. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१२-५॥ ॥७-१८-६॥ ॥४-२३-७॥

१४७. ऋग्वेदमन्त्रसंहिता ॥१-३२-१२॥ ॥२-१२-१२॥ ॥४-१७-१॥

१४८. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१२-३॥ ॥३-३०-३॥

१४९. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१४-६॥ ॥२-१९-६॥

१५०. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१२-१०॥ ॥१०-१८-३॥

१५१. ऋग्वेदमन्त्रसंहिता ॥१-८-१२॥ ॥६-२३-२॥ ॥६-२६-२॥

१५२. ऋग्वेद में इन्द-पृ. ११९

१५३. ऋग्वेद में इन्द्र, सुधा रस्तोगी, पृ. ११८

१५४. ऋग्वेदमन्त्रसंहिता ॥१-३३-१॥

१५५. ऋग्वेद में इन्द ॥१२१॥

१५६. ऋग्वेदमन्त्रसंहिता ॥७-६-९॥ ॥८-६३-९॥

१५७. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१२-३॥

१५८. ऋग्वेदमन्त्रसंहिता ॥७-६-२॥

१५९. ऋग्वेदमन्त्रसंहिता ॥४-४६-४॥

१६०. ऋग्वेदमन्त्रसंहिता ॥१-२३-२॥

१६१. ऋग्वेदमन्त्रसंहिता ॥४-४६-९॥

१६२. ऋग्वेदमन्त्रसंहिता ॥१-३३-६॥

१६३. ऋग्वेदमन्त्रसंहिता ॥८-८५-८॥

१६४. ऋग्वेदमन्त्रसंहिता ॥१-३८-९॥

१६५. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१००-५॥ ॥१-१७०-२॥

१६६. ऋग्वेदमन्त्रसंहिता ॥५-५९-६॥

१६७. ऋग्वेदमन्त्रसंहिता ॥५-५५-६॥

१६८. ऋग्वेदमन्त्रसंहिता ॥५-५४-११॥

१६९. ऋग्वेदमन्त्रसंहिता ॥९-१-१०॥

१७०. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-२१-९॥

१७१. ऋग्वेदमन्त्रसंहिता ॥७-८६-३॥ ॥७-८६-४॥

१७२. ऋग्वेदमन्त्रसंहिता ॥१-२४-१५॥ ॥६-७४-४॥ ॥७-६५-६॥

१७३. ऋग्वेदमन्त्रसंहिता ॥१-१९-२॥

१७४. ऋग्वेदमन्त्रसंहिता ॥३-४४-७॥

१७५. ऋग्वेदमन्त्रसंहिता ॥८-७८-७॥

१७६. ऋग्वेदमन्त्रसंहिता ॥१०-४३-५॥

१७७. ऋग्वेदमन्त्रसंहिता ॥४-३०-२॥

१७८. ऋग्वेदमन्त्रसंहिता ॥२-१३-१८॥ ॥२-२४-२॥

१७९. ऋग्वेदमन्त्रसंहिता ॥२-२४-१२॥

१८०. ऋग्वेदमन्त्रसंहिता ॥१-४०-८॥

१८१. ऋग्वेदमन्त्रसंहिता ॥४-५०-५॥

१८२. ऋग्वेदमन्त्रसंहिता ॥२-४२-२॥

१८३. ऋग्वेदमन्त्रसंहिता ॥६-७३-१/२॥

१८४. अथर्ववेद ॥३-१०-१२॥

१८५. तैत्तिरीयब्राह्मणम् ॥१-१-६-१॥

१८६. शतपथब्राह्मणम् ॥३-२-१८/१२॥

१८७. केनोपनिषद ॥४-२॥

१८८. रामायण ॥३-५९-५६॥

१८९. रामायण ॥३-५-५॥

१९०. रामायण ॥७-२८-११॥

१९१. महाभारत-सभापर्व ॥५०-६०॥

१९२. महाभारत-सभापर्व ॥१२-१२॥

१९३. सद्य ह जान: वृषभ कनीन: ॥३-४८-१॥
१९४. भारत के मूल निवासी और आर्य आक्रमण
स्वप्न कुमारबिस्वास, ओरियन्स बुक-२००२, पृ. १७
१९५. वही, पृ. २०
१९६. ऋग्वेदसंहिता ॥१-१०१-२॥ ॥१०-३-९॥ ॥२-१९-६॥ ॥६-१८-६॥
॥४-३०-१४॥ ॥१-१३०-७॥ ॥२-१९-६॥ ॥२-९४-६॥
॥७-१८-२०॥ ॥२-१२-११॥ ॥१-१३०-७॥ ॥६-२६-५॥
॥३-४७-४॥ ॥१-५४-४॥ ॥२-१९-६॥ ॥४-२६-३॥
॥१-१३०-७॥
१९७. ऋग्वेद मे इन्द, पृ. १५८
१९८. ऋग्वेदसंहिता ॥४-३०-१४॥
१९९. ऋग्वेदसंहिता ॥७-१८-२०॥
२००. ऋग्वेदसंहिता ॥१-१३०-७॥ ॥२-१९-६॥ ॥२-१४-६॥
२०१. ऋग्वेदसंहिता ॥१-१३०-७॥
२०२. ऋग्वेदसंहिता ॥४-२६-३॥
२०३. ऋग्वेदसंहिता ॥१-५१-८॥
२०४. ऋग्वेदसंहिता ॥२-११-४॥
२०५. ऋग्वेदसंहिता ॥१०-१०-८॥
२०६. ऋग्वेदसंहिता ॥५-२६-११॥ ॥१-९९-११॥
२०७. ऋग्वेदसंहिता ॥४-१६-१३॥ ॥६-२०-७॥
२०८. ऋग्वेदसंहिता ॥१०-६-२०॥
२०९. ऋग्वेदसंहिता ॥२-१४-५॥
२१०. ऋग्वेदसंहिता ॥१०-६-२०॥
२११. ऋग्वेदसंहिता ॥२-१४-६॥ ॥४-१०-५॥ ॥६-४७-२१॥
२१२. ऋग्वेदसंहिता ॥१-१४-६॥
२१३. ऋग्वेदसंहिता ॥१-१०३-८॥
२१४. ऋग्वेदसंहिता ॥१-१०४-५॥

२१५. ऋग्वेदसंहिता ॥६-११-३॥

२१६. ऋग्वेदसंहिता ॥४-३०-२१॥ ॥२-१३-९॥

२१७. ऋग्वेदसंहिता ॥९-१८-८॥

२१८. निढक्त ॥१-१६॥

२१९. ऋग्वेदसंहिता ॥१-३२-१०॥

२२०. ऋग्वेदसंहिता ॥२-३०-३॥

२२१. ऋग्वेदसंहिता ॥१-५६-५॥

२२२. ऋग्वेदसंहिता ॥१०-९०-६॥

२२३. ऋग्वेदसंहिता ॥१-३२-१०॥

२२४. ऋग्वेदसंहिता ॥१-३२-१२॥

२२५. ऋग्वेदसंहिता ॥२-१३-९॥

२२६. ऋग्वेदसंहिता ॥१-३६-१८॥

२२७. ऋग्वेदसंहिता ॥१०-४९-५॥

OOO

# પંચમો અધ્યાયઃ

# આર્ય–અનાર્ય સંઘર્ષ

---


પ.૧ પૂર્વભૂમિકા

પ.૨ ઋગ્વેદની યુદ્ધવિભાવના

પ.૨.૧ ઋગ્વેદમાં રણવાદ્ય

પ.૨.૨ઋગ્વેદમાં સૈન્ય

પ.૨.૩ યુદ્ધમાં વપરાતાં સાધનો

પ.૨.૪ યુધ્ધમાં રથનો પ્રયોગ

પ.૨.પ યુધ્ધમાં અ✓ાદિ પ્રાણીઓનો પ્રયોગ

પ.૩ ઋગ્વેદમાં યુધ્ધ પ્રસંગો

પ.૩.૧ આર્યોનું આર્યો સાથે યુધ્ધ

પ.૩.૨ આર્યો–દૈત્યોનો સંઘર્ષ

પ.૩.૩ આર્યો–અનાર્ય યુધ્ધો

પ.૩.૩.૧ ઈન્દ્ર–શમ્બર યુધ્ધ પ્રસંગ

પ.૩.૩.૨ इन्द्र–पणि संग्राम

પ.૩.૩.૩ इन्द्र–पिपु युध्ध

પ.૩.૩.૪ इन्द्र–नमुचि युध्ध

પ.૩.૩.પ इन्द्र–धुनि–चमुरीयुध्ध

પ.૩.૩.૬ ઈન્દ્ર–વૃત્ર યુધ્ધ

પ.૩.૩.૭ इन्द्र–वर्चिन युध्ध

પ.૩.૩.૮ इन्द्र–कुयव युध्ध

પ.૩.૩.૯ ઈન્દ્ર કર્ણજ અને પર્ણય યુધ્ધ

પ.૩.૩.૧૦ इन्द्र–वृगद युध्ध

પ.૩.૩.૧૧ અન્ય નાના યુધ્ધો

પ.૪ યુદ્ધોની સમીક્ષા

પ.પ પારસ્પારિક વિરોધો

પ.૬ પારસ્પરિક વિરોધોની સમીક્ષા

❍ પાદટીપ

## પંચમો અધ્યાયઃ

# આર્ય–અનાર્ય સંઘર્ષ

### પ.૧) પૂર્વભૂમિકા :

વેદોની કાવ્યમયવાણીમાં વિસ્વમંગલ કામના કરવામાં આવી છે. તેમાં તત્ત્વજ્ઞાન, ધર્મ અને ઈશ્વરની અનુભૂતિઓની સાથે તત્કાલિન ઈતિહાસનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે. વેદના વિદ્વાનોએ આ વાસ્તવિક્તાનો સહજપણે સ્વીકાર પણ કર્યો છે. ઋગ્વેદમાં આવતો 'दासराज्ञप्रसङ्ग' ઐતિહાસિક સંગ્રામ તરીકે પ્રસિધ્ધ છે. આ યુધ્ધ વર્ણનમાં ૧૦ આર્ય રાજાઓ અને અનાર્ય રાજાઓના વર્ણનો પ્રાપ્ત થાય છે. આ રાજાઓની સાથે–સાથે કેટલાક અનાર્ય કે આર્યેતર દાસ–દસ્યુ રાજાઓના નામો જોડાયેલા છે. જેમકે અતિથિગ્વની સહાયતા કરવા માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો, કે દિવોદાસ રાજાની મદદ કરવા માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો દિવોદાસ અને અતિથિગ્વ આ રાજાઓને ઐતિહાસિક માનવામાં આવે છે. તેથી શમ્બર આદી જાતિના લોકોને આર્યેતર કે અનાર્ય રાજાઓ સ્વીકારી શકાય તેમ છે.

સામાન્ય રીતે આત્મરક્ષા વિજયપ્રાપ્તિ કે અન્યની સંપતિ લુંટવા માટે યુધ્ધ થાય છે. એટલે યુધ્ધમાં જય–પરાજય નિશ્ચિત હોતો નથી છતાં જે બધી રીતે બળવાન શક્તિ સમ્મપન હોય તેનો વિજય અવશ્ય થાય છે. આર્યો જ્યારે ભારત વર્ષમાં પ્રવેશ્યા ત્યારે સપ્તસિંધીની ભવ્યતાથી તેઓ ખૂબજ પ્રભાવિત થયા સાથે–સાથે ભારત વર્ષમાં આ સમયવસતિ અનાર્ય પ્રજા સાથે તેના અસંખ્ય લોકો સાથે સંઘર્ષો થયા આ સંઘર્ષ કે યુધ્ધોનું પડઘો ઋગ્વેદના મંત્રોમાં પ્રાપ્ત થાય છે. વેદના વિદ્વાનોએ આ યુધ્ધોનું અધ્યયન કરી તેની ચર્ચા કરી છે અહીં તેઓના મંતવ્યોની સમીક્ષા કરવી યથા સ્થાને ગણાશે.

### પ.ર) ઋગ્વેદની યુદ્ધવિભાવના :

ઋગ્વેદમંત્રસંહિતામાં કેટલાક મંત્રોમાં યુદ્ધની સ્પષ્ટ વિભાવના જોવા મળે છે. અલબત્ત ક્રમશઃ નિબંધના રૂપમાં યુદ્ધનું વિવરણ પ્રાપ્ત થતું નથી છૂટા–છવાયા મંત્રોમાં

યુદ્ધની વિભાવના પ્રકટ થાય છે. ઋગ્વેદસંહિતાના મંત્રોના આધારે ઋષિઓના વિચારો નોંધવાનો પ્રયાસ કરીએ.

(૧) ઋગ્વેદનું પ્રસિદ્ધ સંવાદ–સૂક્ત સરમા–પણિ સંવાદસૂક્ત કૂટનીતિનો ઉત્તમ નમૂનો છે. ચોરાયેલી ગાયોનો પત્તો લગાવવા માટે સરમા નામની દૂતીને મોકલવામાં આવે છે જે દેવોની કૂતરી છે પરંતુ ઋગ્વેદના મંત્રોનો અભ્યાસ કરતાં એ કૂતરી જાણતી નથી. બીજી એક જગ્યાએ વૃષાકપિના ઘરે યજ્ઞમાં ઈન્દ્રને પધારવાનું આમંત્રણ મળે છે એટલે ઈન્દ્ર ઈન્દ્રાણી સાથે ત્યાં જાય છે પરંતુ ત્યાં ઈન્દ્રનું અપમાન થાય છે. એ જોઈને ઈન્દ્રાણી ઈન્દ્રને કહે છે– परा हीन्द धासि वृषाकपेरतिव्यथिः नो अहं विन्दस्यन्यत्र सोमपीत्तये।[1] અર્થાત્ તને બીજી જગ્યાએ ભોજન મળ તું નથી તેથી તું આ અધમના ઘરે આવ્યો ? ઈન્દ્ર તેને સમજાવી કહે છે કે अयमेभि विचाकराद् विचिन्वन् दासमार्यम्।[2] હું અહીં ભોજનના લોભથી નથી આવ્યો મારો મુખ્ય ઉદેશ્ય એ છે કે અહી આવવાથી દાસ રાજાઓની ગતિવિધિની જાણ થાય. અહીં સ્પષ્ટ ઈન્દ્રની કૂટનીતિનો પ્રયોગ જોવા મળે છે.

(૨) ઋગ્વેદસંહિતામાં દુર્ગોનું વર્ણન પ્રાપ્ત થાય છે દુર્ગોનું મુખ્ય પ્રયોજન શત્રુઓથી બચવા માટે દુર્ગોની રચના થતી. દસ્યુ અને દાસરાજાઓના દુર્ગોનું વર્ણન અસંખ્ય મન્ત્રોમાં જોવા મળે છે જેનો ઈન્દ્રએ નાશ કર્યો હતો.[3]

(૩) ઋગ્વેદના સમયમાં સ્ત્રીઓ પણ રણમોરચો સંભાળતી. અનાર્ય સ્ત્રીઓ ઈન્દ્રની સામે યુદ્ધ કરવા આવી હતી. જોકે આર્ય સ્ત્રીઓની સેનાનું વર્ણન મળતું નથી. દાસ અન દસ્યુ લોકો પોતાની સ્ત્રી સેનાને આગળ કરતા હતા જેમ કે स्त्रियो हि दास आयुधानि चक्रे किं मा करन्बाला अस्य सेनाः।[4]

(૪) ઋગ્વેદનાં યુદ્ધોમાં માયાનો પણ પ્રયોગ થતો. તેમજ માયોનો ઉત્તર માયાથી આપવામાં આવતો. ઋગ્વેદમાં વરાહસુર સાથે નિગ્રહના સમયમાં ઈન્દ્ર અને વિષ્ણુએ માયાનો પ્રયોગ કર્યો હતો.[5]

(૫) વર્તમાન સમયના પક્ષપલટાની જેમ તત્કાલીન યુગમાં રાજાઓમાં ભેદ–પડાવી તેનો પક્ષપલટો પણ કરવામાં આવતો. એવા ઘણા રાજાઓ હતા જે આર્ય રાજાઓના પક્ષમાં હતા છતાં દાસ દસ્યુઓની સાથે મળેલા હતા. જેની જાણ

ઈન્દ્રને થતાં તેને આ અપરાધ માટે દંડ આપવામાં આવ્યો હતો. જેમ કે उतत्या सद्य आर्या सरयोरिन्द्र पारतः आर्णाचित्ररथा વધીઃ।[૬]

(૬) યુદ્ધ શરૂ થયા પહેલા ''वीरपान महोत्सव'' નામનો એક ઉત્સવ ઉજવાતો તેમાં સૈનિકોની કાર્યક્ષમતા વધે તે માટે તેને પ્રોત્સાહન આપવામાં આવતું. તેમજ યુદ્ધના અંતે 'विजयमहोत्सव' ઉજવાતો તેમાં સૈનિકોને તેના કાર્યનું સન્માન કરવામાં આવતું તથા ભવિષ્યમાં થનારા યુદ્ધ માટે તેને પ્રોત્સાહિત કરવામાં આવતા. જો યુદ્ધ લાંબા સમય સુધી ચાલે તેમ હોય તો, વચ્ચે પણ પાન મહોત્સવ ઉજવવામાં આવતો તેનાં પ્રમાણો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે. જેમ કે यस्यत्यच्छम्बरं मदे दिवोदासाय रंधयः। अयं स सोम इन्द्रः ते सुतः पिबः।[૭]

(૭) યુદ્ધમાં અનિવાર્ય રીતે એકબીજાની સહાયતા પ્રાપ્ત કરવામાં આવતી જેમ કે વૃત્ર–સાથેના યુદ્ધમાં ઈન્દ્રને મઢતોએ સહાય કરી હતી. દાસરાજ્ઞયુદ્ધમાં ઈન્દ્ર પણ વિષ્ણુને મદદ માટે પ્રાર્થના કરી હતી.

(૮) યુદ્ધમાં વિવિધ વ્યૂહરચના પણ કરવામાં આવતી હતી. ઋગ્વેદમાં આ પ્રકારના ઘણા મંત્રો મળે છે અહીં એક મંત્ર જોઈએ.

*इन्द्र आसां नेता बृहस्पति दक्षिणा यज्ञः पुर एतु सोमः ।*
*देवसेनानामभिञ्जतीनां जयन्तीनां मढतो यन्त्वग्रम् ॥*[૮]

અહીં યુદ્ધ માટે પૂર્વ તૈયારી માટે એક વ્યૂહરચના બતાવતા કહ્યું છે કે ઈન્દ્ર સેનાનો નાયક છે તેથી સૈન્યની સંપૂર્ણ જવાબદારી તેની રહેશે તેમજ બૃહસ્પતિ, દક્ષિણા, યજ્ઞ અને સોમ તે (સેનાની) આગળ રહેશે. તેમજ શત્રુઓના નાશ કરનાર અને વિજયયુક્ત દેવસેનામાં સૌથી આગળ મઢતો રહેશે. આ પ્રકારના મંત્રોમાં દેવસેના (આર્યસેના) યુદ્ધ માટે કેવી તૈયારી કરી વ્યૂહરચના ગોઠવે છે તેનું વર્ણન ઘણા મંત્રોમાં જોવા મળે છે.

(૯) યુદ્ધોમાં વિવિધ પ્રકારનાં વાહનોનો પ્રયોગ પણ કરવામાં આવતો જેમાં દેવતાઓ માટે વિમાનની સગવડ પણ હતી. તેમજ અન્ય વાહનોમાં રથ, અશ્વ જેવાનો મોટા ભાગે પ્રયોગ થતો. જેની ચર્ચા આગળ કરવામાં આવશે.

**(૧૦)** યુદ્ધમાં વિવિધ હથિયારોનો પ્રયોગ થતો તેમાં ઈન્દ્રનું આયુધ વજ્ર હતું તે ત્વષ્ટાએ બનાવ્યું હતું. એ ઉપરાંત ધનુષ્ય–બાણ વગેરેનો ઉપયોગ પણ કરવામાં આવતો હતો. રક્ષા માટે કવચ પણ અનિવાર્ય ગણાતું.

**(૧૧)** યુદ્ધપૂર્ણ થતાની સાથે વિજયમહોત્સવમાં પારિતોષિક પ્રદાન કરવામાં આવતું તથા દૂરથી યુદ્ધ માટે આવેલા યોદ્ધાઓને વિદાય સમારંભ ગોઠવીને તેને વિદાય આપવામાં આવતી.

આમ આપણે ઉપરોક્ત રીતે જોયું તેમ ઋગ્વેદના મંત્રોમાં યુદ્ધના વિવિધ પાસાઓ વિશેની માન્યતા ક્યા પ્રકારની હતી તેના સબળ પુરાવાઓ પ્રાપ્ત થાય છે. આ પુરાવાઓના આધારે આપણે એક વાત સ્પષ્ટ નોંધી શકીએ કે ઋગ્વેદના સમયમાં યુદ્ધો થતાં અને યુદ્ધ હોય એટલે તેમાં ઈતિહાસ પણ હોય. અહીં એક વિદ્વાનનો મત પણ નોંધનીય છે. ऋग्वेद के मंत्रोमें तत्कालीन समाजिक स्थिति का वर्णन भी उपलब्ध होता है और ऐतिहासिक तथ्य भी।[૯]

### ૫.૨.૧) ઋગ્વેદમાં રણવાદ્ય :

ગુજરાતી લોકસાહિત્યમાં 'ઢોલ' એક એવું વાદ્ય છે જેને અમુક પ્રકારે વગાડવામાં આવે તો સૈનિકોને શુરાતન ચડે છે, જુસ્સો આવે છે. એટલે યુદ્ધના સમયે આ પ્રકારનાં વાદ્યોનો ઉપયોગ થતો હતો. તેનો અર્થ એ થાય કે વાદ્યો હૃદય મનને ઉત્તેજિત કરે છે. કોઈપણ શુભ કાર્યમાં વિવિધ વાદ્યોનો ઉપયોગ થાય છે. જેવી રીતે કોયલનુ મધુર કૂંજન મયૂરોનો કેકારવ, સિંહની ગર્જના, તથા મેઘની મહાન ગર્જના સાંભળવાથી વીરતાનો ભાવ ઉદ્દીપ્ત થાય છે તેમ રણમોરચે સૈનિકોને પ્રોત્સાહિત કરવા માટે રણવાદ્યોનો પ્રયોગ ઋગ્વેદકાળથી કરવામાં આવ્યો છે. વીર–આર્યજાતિ ઋગ્વૈદિક સમયથી આ પ્રકારના રણવાદ્યનો ઉપયોગ કરે છે. તેનું પ્રમાણ ઋગ્વેદના આ મંત્રમાં પ્રાપ્ત થાય છે. જેમકે–

*उवस्वरति गर्गरो गोधा परिसनिष्वणात् ।*
*पिंगा परि चनिष्कददिन्द्राय बहमोतम् ॥*[१०]

### ૫.૨.૨) ઋગ્વેદમાં સૈન્ય :

આત્મરક્ષા, વિજય અને પડોશીઓના ધનને લૂટવા માટે યુદ્ધો થતાં રહે છે. ઋગ્વેદમાં પણ ઘણાં યુદ્ધો જોવા મળે છે. યુદ્ધ માટે સૈન્ય અનિવાર્ય છે. ઋગ્વેદમાં સૈન્ય માટે મોટા

ભાગે 'સેના' શબ્દનો પ્રયોગ થયો છે. જોકે અમૂક મંત્રોમાં 'પૃતના' શબ્દ પણ સેના કે સૈન્ય માટે પ્રયોજાતો જોવા મળે છે.

*इषुधिः सङ्क्षा पृतनाश्च सर्वाः पुष्टे निनद्धो जयति प्रसूतः ।*[૧૧]

સેનાના સૈનિકોનાં વસ્ત્રોનું વર્ણન મળતું નથી પરંતુ સૈનિકો મુષ્ટિ યુદ્ધ કરતાં હતાં તેનાં દષ્ટાંતો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે જેમકે

नि येन मुष्टिहत्यया नि वृत्रा ढणधामहै।[૧૨] અર્થાત્ ધન પ્રાપ્ત કરીને આપણે દુશ્મનોને મુષ્ટિ–યુદ્ધમાં રોકી રાખીશું. તેમજ પાયદળ પણ રથવાળા સૈનિકો સાથે યુદ્ધ કરે છે. જેમકે–युष्मदेति मुष्टिहा बाहुजूतो युष्मत् सदश्वो मढतः सुवीरः।[૧૩] જોકે સૈનિકો તરીકે મઢતોનો કેટલાક વિદ્વાનો સૈનિકો તરીકે સ્વીકાર કરે છે. કારણ કે મઢત સમાન આકૃતિવાળા, સમાન વય ધરાવતા તથા સમાન આભૂષણોવાળા બતાવવામાં આવે છે. તેથી આ સમાનતા સૈનિકો જેવી લાગે છે. અને મઢતો યુદ્ધમાં ઈન્દ્રને સાથ આપતા રહ્યા છે. તેથી તેને સૈનિકો પણ માની શકાય.

### પ.ર.૩) યુદ્ધમાં વપરાતાં સાધનો :

ઋગ્વેદમાં જ્યાં યુદ્ધનો પ્રશ્ન આવે છે ત્યાં નેતાનો ઈન્દ્ર જ છે એટલે મોટાભાગે ઈન્દ્રના હાથમાં તો 'વજ્ર' જોવા મળે છે.

ઋગ્વેદમાં 'વજ્ર'ના અનુસંધાને વિશેષણો આપવામાં આવ્યાં છે. 'वज्रिन' वज्रीवत् જેવા અનેક મંત્રોમાં વજ્રનો ઉલ્લેખ જોવા મળે છે. ઈન્દ્રે મોટાભાગના શત્રુઓને વજ્રથી વધ કર્યો છે.

વજ્રના નિર્માતા ત્વષ્ટા છે. આ વજ્ર ધાતુમાંથી બનેલું માનવામાં આવે છે.[૧૪] ક્યારેક લોઢામાંથી બનેલુ[૧૫] માનવામાં આવે છે. તેને કેટલાક મંત્રોમાં ચારધારવાળું[૧૬] તો કેટલાક મંત્રોમાં અસંખ્ય ધારોવાળું[૧૭] વર્ણવ્યું. જ્યારે તેમાં અનેક સાંધા છે.[૧૮] અને હજારો અણીઓ છે.[૧૯] તથા અમુક મંત્રોમાં તીક્ષ્ણ પણ કહ્યું છે.[૨૦]

જ્યારે ધનુષ્ય અને બાણનો ઉપયોગ પણ કરવામાં આવતો. મંત્રોમાં કહેવામાં આવ્યું છે કે અમે ધનુષ્ય દ્વારા દુશ્મનોની ગાયો જીતીએ તથા તેમનો વધ કરીએ વળી ધનુષ્ય શત્રુઓની અભિલાષા નષ્ટ કરે. અમે ધનુષ્ય દ્વારા બધી દિશામાં રહેલા શત્રુઓને જીતી લઈએ.[૨૧]

ધનુષ્ય કાષ્ટ કે ધાતુઓના ડંડામાંથી બનાવવામાં આવતું બન્ને છેડાઓથી વાળીને બન્ને છેડે દોરી બાંધવામાં આવતી. જે દોરી ગાયના ચામડામાંથી બનાવવામાં આવતી. બાણ કાન સુધી ખેંચીને છોડવામાં આવતું. આથી તેને 'कर्ण–योनि' પણ કહેવામાં આવે છે. તેમ જ બાણના સમૂહને પીઠના રાખવાના 'ભાથા'ને 'નિષંગ' કહેવામાં આવે છે. જેમકે सुधन्वा इषुमन्तो निषङ्गिणः।[૨૨] ધનુષ્ય અને બાણના વર્ણન માટે 'આયુધસૂક્ત' નોંધનીય છે. ॥૯–૭૫॥

સૈનિકો માટે કવચનો ઉપયોગ પણ થતો હતો. જ્યારે કોઈ પણ યોદ્ધો યુદ્ધમાં જતો ત્યારે ધનુષ્ય–બાણ તથા કવચથી યુક્ત થઈને જતો.[૨૩]

સૈનિકો મસ્તક ઉપર शिस्त्राण–ટોપી ધારણ કરતાં હતાં. એ લોખંડમાંથી[૨૪] બનાવવામાં આવતી. જોકે કોઈક જગ્યાએ સુવર્ણ નિર્મિત બનાવવામાં પણ આવે છે.[૨૫] શિરત્રાણ પહેરનાર સૈનિકો ને 'शिप्रिन्' કહેવામાં આવે છે.

ઋગ્વેદમાં તલવાર,[૨૬] ભાલા,[૨૭] બછી તથા ગોફણમાં રાખીને દૂર ફેકી શકાય તેવા ગોળા તથા ગોળીઓ વગેરેનો પણ ઉપયોગ કરવામાં આવતો.[૨૮] આ પ્રકારના હથિયારોનો ઉપયોગ કરવાનો પણ ઘણા મંત્રોમાં પ્રયોગ થયેલો જોવા મળે છે. આ બધાના પ્રયોગમાં આર્યોની અભ્યાસકુશળતા અને નિપુણતાના દર્શન થાય છે. આટલું જ નહીં પરંતુ જ્યાં યુદ્ધ થવાનું છે ત્યાં વૈદ્યો–ડોક્ટરો પણ સાથે જતાં તેનું કાર્ય ઘાયલ–સૈનિકોને વિવિધ ઔષધિઓના પ્રયોગ કરીને પુનઃ કાર્યક્ષમ બનાવવામાં આવતા આ સૈનિકોની વિશેષતા એ હતી કે તેઓ ડોક્ટર–વૈદ્ય હોવાં છતાં પૂર્ણ રૂપમાં તાલીમ પામેલા સૈનિકોની જેમ યુદ્ધ કરતા અને અશ્વારોહણ કરતા.[૨૯] તેમજ યુદ્ધમાં ગુપ્ત માહિતી મેળવવા જાસૂસ–ગુપ્તચર પણ રાખવામાં આવતા ઋગ્વેદના મંત્રોમાં ગુપ્તચર માટે 'द्रापि'[૩૦] શબ્દનો પ્રયોગ જોવા મળે છે.

## ૫.૨.૪) યુધ્ધમાં રથનો પ્રયોગ :

ઋગ્વેદના મંત્રોમાં રથનો પ્રયોગ સમાન્ય છે. સૂર્ય, ઉષા, ઈન્દ્ર આદિ દેવતાઓના વાહન તરીકે તેવો રથનો પ્રયોગ કરતા આવ્યા છે. ઈન્દ્રનો રથ સુવર્ણમાંથી બનાવવામાં આવ્યો હતો. રથ ખેર તથા શિશમના લાકડમાંથી પણ બનાવવામાં આવ્યો.[૩૧] અન્ય માટે આ પ્રકારના રથનો પ્રયોગ કરવામાં આવતો જ્યારે રાજનેતાઓ જેવા કે ઈન્દ્રાદિ સુવર્ણ

રથનો પ્રયોગ કરવામાં આવતો રથના વાહક તરીકે અ✓ોને જોતરવામાં આવતા–એટલે કે અ✓ો તેનેં ખેંચતા તથા ક્યારેક ઘોડીઓનો પ્રયોગ પણ કરવામાં આવતા.[૩૨] જે વ્યક્તિ યુધ્ધમાં આયુધોનો પ્રયોગ કરવાનો છે તે રથ ચલાવતો નથી પરંતુ તેની પાસે બીજો એક માણસ બેસીને અ✓નો ચલાવે છે. તેને 'સારથિ'[૩૩] કહેવામાં આવે છે. વંદમંત્રોમાં તેના માટે 'સવ્યષ્ઠા' એવા શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે.

જ્યારે રથ લઈને સંગ્રામમાં જવાનું હોય ત્યારે રથ–ચક્રનેમિ–ધરી, અ✓ો તથા લગામ વગેરેનું નિરીક્ષણ કરવામાં આવતું કારણ કે વિજયપ્રાપ્તિ માટે રથનાં આ બધાં અંગોનું સુદઢ હોવું અનિવાર્ય ગણવામાં આવતું તેમજ યુદ્ધમાં રથનો સારથિ પણ હિમ્મતવાન અને આત્મવિ✓ાસુ હોવો જોઈએ તેમજ લગામ પકડવા માટે તેની આંગળીઓ પણ મજબૂત હોવી જોઈએ.[૩૪]

## ૫.૨.૫) યુધ્ધમાં અ✓ાદિ પ્રાણીઓનો પ્રયોગ :

અ✓ો એ આર્યોનું પ્રિય પ્રાણી છે. અ✓ વગર આર્યોની કલ્પના કરવી અશક્ય છે. એટલે જ સપ્તસિધુના પ્રદેશમાં ઉન્નત અને સારા વંશના ઘોડાઓ મળતા. અ✓ની સાથે આર્યોને અત્યંત પ્રેમ હતો. તેઓ વાહન–વ્યવહાર–યાતાયાત માટે અ✓ોનો ઉપયોગ કરતાં તેમજ યુધ્ધમાં પણ અનિવાર્ય રીતે અ✓નો પ્રયોગ કરતાં સાથે સાથે ઊંટ પણ યુધ્ધ માટે મહત્ત્વનું પ્રાણી ગણવામાં આવતું ઘોડાઓ પગ ડાબલાઓથી ધૂળ ઉડાડતા રથની સાથે હણહણાટી કરતાં શતુઓને લાતો મારીને પાડી દે છે. તેમજ યુધ્ધના વાહન તરીકે ઊંટનો પણ પ્રયોગ કરવામાં આવતો.[૩૫]

## ૫.૩) ઋગ્વેદમાં યુધ્ધ પ્રસંગો :

ઋગ્વેદ આર્ય સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતીક છે. ભારતીય સંસ્કૃતીની ગંગોત્રી છે. ઋગ્વેદમાં ૧૦૫૨૮ સૂક્તોમાં વિભિન્ન વિષયોનું નિરુપણ જોવા મળે છે. ધર્મ આધ્યાત્મિક વિચારો, સમાજિક સમસ્યાઓ અને તેનું નિરાકરણ તેમજ પ્રાકૃતિક સૌંદર્ય વિશેની ઋષિઓની અનુભૂતિનો સંગ્રહ છે. આ બધાની સાથે–સાથે તેમાં સામાજિક સ્થિતનું પણ વર્ણન જોવા મળે છે. આર્યો ભારતવર્ષમાં જે યુધ્ધો કર્યા છે તેનું વર્ણન પણ ઋગ્વેદના મંત્રોમાં જોવા મળે છે. ઋગ્વેદમાં યુધ્ધોનું વર્ણન કરતાં સ્વતંત્ર સૂક્તો રચાયાં નથી. પરંતુ છૂટા–છવાયા મંત્રોમાં સંગ્રામોનું વર્ણન પ્રાપ્ત થાય છે. આ સંગ્રામો કેટલા અને કેવા પ્રકારના હતા તેનો વિસ્તારભયે સંક્ષિપ્ત પરિચય પ્રાપ્ત કરીએ.

ઋગ્વેદમાં ત્રણ પ્રકારનો સંગ્રામ જોવા મળે છે.

(૧) આર્યોનું આર્યો સાથે યુધ્ધ

(૨) આર્યોનું અનાર્યો સાથે યુધ્ધ

(૩) આર્યોનું દાનવો–દૈત્યો સાથે યુધ્ધ

આ ત્રણે પ્રકારનાં યુધ્ધો વિશે માહિતી પ્રાપ્ત કરીએ.

### ૫.૩.૧) આર્યોનું આર્યો સાથે યુધ્ધ :

ઋગ્વેદમંત્ર સંહિતામાં જોવા મળતું "दासराज्ञयुध्ध" એ આર્યોના આર્યો સાથેના યુદ્ધનો ઉત્તમ એ સર્વમાન્ય નમૂનો છે. दासराज्ञ युध्ध ને પ્રાચીન અને અર્વાચીન તથા દેશી અને વિદ્વાનો અભ્યાસીઓ અને વિવેચકો ઐતિહાસિક પ્રસંગ માને છે. એટલે આ યુધ્ધમાં જે રાજાઓના ઉલ્લેખો આવે છે તેને પણ ઐતિહાસિક માનવા પડે છે.

ઋગ્વેદનાં યુધ્ધોની વિશેષતા એ છે કે યુધ્ધોમાં પુરોહિતોને મહત્ત્વનું સ્થાન અપાતું. પુરોહિતો રાજાની સાથે સૈન્યને દોરવણી આપતા. દાસરાજ્ઞયુધ્ધ વાસ્તવમાં બે પુરોહિતોના સંઘર્ષનું પરિણામ છે. એમાં એવું બનેલું કે ભરત વંશના રાજાઓ જે સરસ્વતી અને યમુના વચ્ચેના પ્રદેશમાં વસતા હતા. ભરતવંશનો પ્રતાપી રાજા દિવોદાસ હતો. આ દિવોદાસ રાજાનો આર્યરાજાઓ જેવા કે પુરુઓ, યદુઓ, અને તુર્વસુઓ સાથે સંઘર્ષ ચાલતો હતો અને બીજી બાજુ અનાર્ય રાજાઓ શમ્બર વર્ચિન જેવા રાજાની સાથે પણ સંઘર્ષ ચાલુ હતો. દિવોદાસ ઈન્દ્રની સહાયતાથી અનાર્ય રાજાઓના સામ્રરાજ્યને ખંડિત કર્યું. એટલે અનાર્યરાજાઓનું રાજ્ય દિવોદાસના હાથમાં આવ્યું જ્યારે દિવોદાસની સત્તા સ્વીકારી લીધી. દિવોદાસનો પુત્ર સુદાસ પણ અંહકારી અને શક્તિશાળી રાજા બન્યો. ત્યારે તેના પુરોહિત વિ✓ામિત્ર હતા. પરંતુ સુદાસે કોઈ પણ કારણસર વિ✓ામિત્રને પુરોહિત પદેથી દૂર કરી તેની જગ્યાએ વસિષ્ઠને સ્થાપિત કર્યા.

વસિષ્ટ એટલે વૈદિકસાહિત્યની શ્રેષ્ઠ વ્યક્તિ તેના દ્વારા રચવામાં આવેલું સાતમું મંડળ બધાં મંડળોમાં સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. તેના જન્મ વિશે વિદ્વાનોમાં મતભેદ પ્રાપ્ત થાય છે. પરંતુ તેનું પુરોહિત કાર્ય અદ્વિતીય હતું. વિ✓વામિત્રએ સુદાસે ત્યાગ કર્યો અને વસિષ્ઠને પુરોહિત તરીકે સ્થાન આપ્યું તે વિ✓ામિત્રને ગમ્યું નહીં એટલે સુદાસ સામે

બદલો લેવા માટે ભરતો સામે ૧૦ આર્ય રાજાઓને તૈયાર કરી તેની સામે યુધ્ધ કરવાની તૈયારી કરી. તેમાં પાંચ પ્રસિદ્ધ રાજાઓ હતા. પુરુ, યદુ, તુર્વસુ, અને દ્રહ્યુ અને અન્ય પાંચ બીજા ઓછા પ્રભાવશાળી અને પ્રતાપી રાજાઓ જેવા કે અલિન, પક્થ, ભલાનસ, શિવ અને વિષાણી.[૩૬] આ રાજાઓનો જે સંઘર્ષ થયો તેને દાસરાજ્ઞ યુધ્ધ તરીકે[૩૭] ઓળખાવમાં આવે છે.

ભરતવંશના રાજા સુદાસ અને અન્ય રાજાઓનો સંગ્રામ પરુષ્ણી નદીના કિનારે થયો હતો. વસિષ્ઠના પુરોહિત પદે સુદાસનો વિજય થતાં ખુશ થઈને સુદાસે તેને પ્રશંસા કરી દાન આપ્યું સુદાસનું આ વિજયગાથા ને અભિવ્યક્ત કરતાં બે સૂક્તોમાં તેનું વર્ણન પ્રાપ્ત થાય છે.[૩૮]

સુદાસ રાજાનો યુધ્ધમાં વિજય થતાં સમગ્ર લોકમાં આર્યો–અનાર્યો બધા જ રાજાઓ ઉપર તેનો પ્રભાવ પડ્યો. કોઈપણ રાજા તેનો વિરોધ કરવા માટે તૈયાર જ થતો નહીં. ત્યારથી ભરત વંશના રાજાઓ પ્રભાવ એટલે જ રહ્યો જે મહાભારતના યુગ સુધી રહ્યો.

આમ ઋગ્વેદસંહિતામાં જોવા મળતો આ સંઘર્ષ આર્યો સાથેનો સંઘર્ષ કરી શકાય જે વિ✓મિત્ર નામના પુરોહિત દ્વારા કરવામાં આવ્યો હતો.

## ૫.૩.૨) આર્યો–દૈત્યોનો સંઘર્ષ

ઋગ્વેદસંહિતમાં એવાં નામો પ્રાપ્ત થાય છે જે સંપૂર્ણ રૂપમાં માનવ તરીકે સ્વીકારી શકાય તેમ નથી તેને દૈત્યો કે દાનવો કહેવામાં આવે છે. આર્યોએ ઈન્દ્રને નેતા બનાવ્યો હતો તેથી સંઘર્ષમાં મોટા ભાગે ઈન્દ્રના નામનો ઉલ્લેખ જ થયેલો છે.

ઋગ્વેદમાં બલ, અહિ જેવા દાનવો–દૈત્યો જે આર્યોનો વિરોધ કરતા હતા. તેમાં બલ એક એવો દાનવ છે જે ઋગ્વેદના મંત્રોમાં સંપૂર્ણ માનવના રૂપમાં જોવા મળતો નથી તેનો ઈન્દ્રની સાથે સંગ્રામ થયો તેનું વિસ્તૃત વર્ણન ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે.

## ૫.૩.૩) આર્યો–અનાર્ય યુધ્ધો :

ઋગ્વેદ મંત્ર સંહિતાના અનેક મંત્રોમાં આર્ય–અનાર્યના યુધ્ધના પડઘાઓ પડેલા જોવા મળે. છે. મહાશોધ નિબંધ નો આ મુખ્ય મુદ્દો હોવાથી તેની સમીક્ષા આગળ મુદાઓ વિશેષ રૂપમાં કરવામાં આવી છે.

(૧) ઋગ્વેદમાં બે વર્ગો પ્રાપ્ત થાય છે આર્યો અને અનાર્યો. અનાર્યો આમતો દક્ષિણ ભારતના વતની હતાં તેઓ કાળા રંગના અને શિવને પૂજનારા હતાં. તેઓને આર્યોના ધર્મમાં વિશ્વાસ ન હતો. આર્યો તેમને તિરસ્કારની નજરે જોતાં હતાં. ઋગ્વેદમાં આવા આર્ય–અનાર્ય લોકોના યુધ્ધ વર્ણનો પ્રાપ્ત થાય છે.[૩૯]

(૨) ઋગ્વેદમાં અનાર્યો તરફ કટૂભાષાનો પ્રયોગ મળે છે. ઋગ્વેદના સમયમાં આર્યોને ભારતના આદિવાસીઓનો સામનો કરવો પડ્યો હતો. આદિમવાસીઓએ એક–એક ઈશ ઉપર સંઘર્ષ કર્યો હતો. આર્યોનું શતુઓ સાથે યુધ્ધવર્ણન વિધ્યમાન છે.[૪૦]

(૩) ભારતમાં આર્યોએ ત્રણ પ્રકારનું નિયોગ કાર્ય કર્યુ હતું. દેશ ઉપર વિજય પ્રાપ્ત કરવો, તેનો વિકાસ અને સાંસ્કૃતિક પ્રદાન કરવાનો. આદિમવાસીઓને જીતીને તેને પોતાના પક્ષમાં લેવાપણ અનિવાર્ય હતાં.[૪૧]

(૪) સિંધુખીણમાં વસતી ટ્રવિડીયન જાતિએ ઊંચા પ્રકારનો સાંસ્કૃતિક વારસો વિકસાવ્યો હતો. છેલ્લે આવેલી અને આર્યો તરીકે પ્રસિધ્ધ થયેલી પ્રજાએ સિધુખીણની સંસ્કૃતિનો નાશ કર્યો. આર્યો અને જાતિઓને અનાર્ય તરીકે ઓળખતાં હતા.[૪૨]

(૫) સપ્તસિંધુના પ્રદેશમાં પ્રવેશ્યા પછી આર્યો કાંઈ સરળતાથી પોતાનું સામરાજ્ય સ્થાપિત કરી શક્યા ન હતાં. ખાસ્સી બે ત્રણ સદીઓ સુધી તેમણે આર્યેત્તર પ્રજા સાથે ખુનખાર જંગ ખેલવો પડ્યો. ભારતવર્ષમાં એ સમયે ત્રણ જાતિઓ વસતી. સપ્તસિંધુના પ્રદેશમાં વસતી દસ્યુ કે દ્રવિડજાતિ. હિમાલયની તળેટીમાં વસતી કિરાતજાતિ, અને સપ્ત સિંધુથી દુરવસતી નિષાદ જાતિ.[૪૩]

વેદોમાં જે યુધ્ધવર્ણનો પ્રાપ્ત થાય છે તેના પાંચ પ્રકારો બતાવી શકાય જેમ કે **(૧)** પ્રાણીઓનું યુધ્ધ **(૨)** દાનવોનું યુધ્ધ **(૩)** દૈત્યોનું યુધ્ધ **(૪)** દસ્યુઓનું યુધ્ધ **(૫)** આર્યોનું આર્યો સાથે નું યુધ્ધ.[૪૪]

ઉપરોક્ત રીતે વિદ્વાનોએ આર્ય–અનાર્ય યુધ્ધ પ્રસંગોની સમીક્ષા પોતાના ગ્રન્થોમાં કરેલી છે. આવા મંતવ્યો (તેની યાદી કરીએ તો વિસ્તાર વધી જાય)ની સમીક્ષા કરીએ તો એકવાત સ્પષ્ટ થાય કે વેદોમાં પણ ઈતિહાસ સ્પષ્ટ પ્રતિબિંબિત થાય છે. વળી માત્ર વર્ણનો જ નહીં પરંતુ ભૌગોલિક વિસ્તારોના સ્પષ્ટ ઉલ્લેખો પણ પ્રાપ્ત થાય છે. વળી

વર્તમાન સમયમાં તો મોહેજજો દડો અને હડપ્પાના ભગ્ન અવશેષો એ વાતની ખાત્રી આપે છે અહીં વિશાળ ભવનો અને સમૃધ્ધ શહેરો હતા. એ સિંધુ ધારીના ધ્વસ પણ આર્યનેતા ઈંદ્રના હાથે થયો એવુ પણ માનવામાં આવે છે.

ઋગ્વેદના અમૂક મંત્રોમાં આર્યો અને અનાર્યોના યુધ્ધ પ્રસંગોની રજુઆત થયેલી છે. ઋગ્વેદના મંત્રોના આધારે આ પ્રકારના યુધ્ધ પ્રસંગોનું મૂલ્યાંકન–વર્ણન કરીએ.

### ૫.૩.૩.૧) ઈન્દ્ર–શમ્બર યુધ્ધ પ્રસંગ :

ઋગ્વેદના અલગ–અલગ ૧૦ મંત્રોમાં શમ્બર શબ્દનો પ્રયોગ થયેલો છે. શમ્બરને બધા જ વિદ્વાનો અનાર્ય રાજા કે નેતાઓની યાદીમાં મૂકે છે. કેમકે દિવોદાસ અને અતિથિગ્વ નામના આર્યરાજાઓની સહાયતા કરવા માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો છે. દિવોદાસ અને અતિથિગ્વને ઐતિહાસિક રાજાઓ તરીકે બધા વિશ્વાનો સ્વીકારે છે તેમજ સુધા રસ્તોગીજી ઈન્દ્રના પ્રાર્થિવ શત્રુઓમાં પહેલી હરોળમાં મુકે છે તેથી શમ્બરા એક અનાર્ય રાજા કે નેતાના રૂપમાં જોવા મળે છે.

ઋગ્વેદના કેટલાક મંત્રમાં શમ્બરના કિલ્લાઓ, તેના નગરો તથા તેના પિતાના નામના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. શમ્બર રાજાની વિશેષતા એ હતી કે પોતાના ભગવાન–શ્રેષ્ઠ તરીકે માનતો હતો. આર્યોને ઈન્દ્રના કોઈ પણ પ્રભાવમાં આવતો નહિ. આથી ઈન્દ્રે તેનો વધ કર્યો. ઋગ્વેદમાં જોવા મળતા પ્રમાણો અનુસાર જાઈએ તો–

*उन दासं कौलितरं बृहतः*
*पर्वनाऽधि अवाहाभिन्द शम्बरम् ॥*[૪૫]

ઋગ્વેદના પ્રસ્તુત મંત્રમાં અનાર્ય–દાસ શમ્બરને કૌલિતરનો યુગ બતાવવામાં આવ્યો છે. અહીં પ્રયોજાયેલ 'દાસ' વિશેષણ શમ્બરને અનાર્ય રાજા કે નેતા તરીકે રજુ કરે છે. ઋગ્વેદના ઋષિઓએ શમ્બરના અસંખ્ય કિલ્લાઓનું વર્ણન કરતાં કહે છે કે,

*अध्वर्यवो यः शतं शम्बरस्य*
*पुरो बिभदाश्मनध पूर्वीः*
*यो वर्यिनः शतभिन्दः सहस्तं*
*मपावपद भरता सोममस्मै॥*[૪૬]

પ્રસ્તુત મંત્ર બીજા મંડળમાં ઋતિ ગૃત્સમય દ્વારા રજુ કરવામાં આવ્યો છે. આ મંત્રમાં શમ્બરના ૧૦૦ કિલ્લાઓ હતાં અને ઈન્દ્રે તેનો નાશ કર્યો એવું બતાવવામાં આવ્યું છે. 'પૂર્વીઃ' શબ્દ આપણું ધ્યાન ખેંચે તેવો છે. તેનો અર્થ સાતવલેકરજી 'પ્રાચીન' એવો કરે છે. તેનો અર્થ એ થયો કે વેદમંત્રોની રચના થઈ ત્યારે શમ્બરના કિલ્લાઓ પ્રાચીન હતા. એટલે શમ્બર રાજા તરીકે સાબિત થાય છે. આ ઉપરાંત શમ્બરના વિષયમાં બીજો મંત્ર પણ જોવા લાયક છે.

*दिवोदासाय नवतिं च नवे*
*न्दः पुरौ व्यैरच्छम्बरस्य ॥*[૪૭]

પ્રસ્તુત મંત્રમાં ઈન્દ્રના ૯૯ નગરો ઈન્દ્રે તોડ્યા હતાં એવા પ્રમાણો મળે છે. બીજી આ મંત્રની વિશુષતા એ છે કે દિવોદાસની સહાયતા કરવા માટે આ શમ્બરના ૯૯ નગરો તોડવામાં આવ્યા છે.

આ ઉપરાંત એક મંત્ર ૧–૧૩૦–૭ મુજબ શમ્બરના ૯૦ કિલ્લાઓનો ઈન્દ્રે ધ્વંસ કર્યાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. જો કિલ્લાઓ અને નગરોની સંખ્યામાં અતિશયોક્તિ હોય તો પણ શમ્બરા સમૃધ્ધ અને વૈભવી કિલ્લાઓ ધરાવતો અનાર્ય રાજા હતો એ વાત તો સ્પષ્ટ થાય છે. શમ્બર અને ઈન્દ્ર વચ્ચે દુશ્મનાવટ ન હતી છતાં ઈન્દ્ર શમ્બરનો પીછો કરતો એટલે ઈન્દ્રથી બચવા શમ્બરે અસંખ્ય કિલ્લાઓનું નિર્માણ કર્યુ હોય એમ પણ બને. શમ્બરના આટલા નગરો અને કિલ્લાઓના વર્ણનથી તેની સમૃધ્ધિ અને તેની સુરક્ષા વ્યવસ્થા કેટલી વ્યવસ્થિત હતી તેની કલ્પના કરી શકાય. શમ્બર શક્તિશાળી અને સમૃધ્ધ રાજા હતો એટલે ઈન્દ્ર પણ તેને સરળતાથી શોધી શક્યો ન હતો. ઋગ્વેદના એક મંત્ર અનુસાર ૪૦ વર્ષ સુધી ઈન્દ્રે શમ્બરની શોધ કરી હતી ત્યારે શમ્બર સાથે તેની મૂલાકાત થઈ આ રહ્યો તે મંત્ર–

*यः शम्बरं पर्वतेषु क्षियन्ते*
*यत्वारिंश्या शरद्यन्वविन्दन ॥*[૪૮]

(હે લોકો પર્વતમાં છુપાયેલા શમ્બરને ચાલીસ શરદમાં શોધી કાઢ્યો તે આ ઈન્દ્ર છે.)

ઈન્દ્ર શમ્બરને સતત શોધતો હતો. ચાલીસ શરદ અર્થાત્ ૪૦ વર્ષ સુધી તેનું આ કાર્ય ચાલુ રહ્યું. સામે પક્ષે શમ્બર ઈન્દ્રથી બચવા માટે અલગ–અલગ પ્રકારના કિલ્લાઓનું નિર્માણ કરતો રહયો તેથી શમ્બર ના ૯૯ કે ૧૦૦ કિલ્લાઓના વર્ણનમાં જરાપણ અતિશયોક્તિ નથી. આ મંત્રમાં પણ ૧૦૦ કિલ્લાઓનો ઈન્દ્રે નાશ કર્યાનો ઉલ્લેખ જોવા મળે છે. જેમ કે,

*अहं पुरो मन्दसानो व्यैरं*
*नवे साकं नवती शम्बररस्य ॥*[૪૯]

શમ્બરના આટલા વિશદ્ વર્ણનથી એવું કહી શકાય કે કૌલિતર નામના દાસનો યુગ હતો તેની પાસે અસંખ્ય મિલ્લાઓ અને નગરો હતા. જેનો ઈન્દ્રના હાથે ધ્વંસ થયો હતો. શમ્બર આટલો શક્તિશાળી અને શમૃધ્ધ રાજા હતો છતાં ઈન્દ્રની સામે તેણે પોતાની સ્ત્રીઓને પણ યુધ્ધે ચાડાવી હતી. એટલે શમ્બરની સ્ત્રીઓ પણ ઉટલી ખુમારીવાળી હતી તેનો ખ્યાલ આવે છે. જોકે શમ્બરે ઈન્દ્રની સામે સ્ત્રીનું સૈન્ય ઊભુ કર્યુ હતું કે પોતાની સ્ત્રીઓ હતી તેની માહીતિ ઋગ્વેદના આ એક મંત્રમાં જોવા મળે છે–

*स्त्रियो हि दास आयुधानी यक्रे*
*किं मा करन्नबला अस्य सना:*
*अन्तहर्यरव्ययुभे अस्य धेने*
*अथोप प्रैद युधये दस्युमिन्द: ॥*[૫૦]

પ્રસ્તુત મંત્રમાં દાસ શમ્બરે ઈન્દ્રનો વિરોધ કરવા એક સૈન્ય બતાવ્યું પરંતુ ઈન્દ્રે વિચાર્યુ કે સ્ત્રીઓ મારું શું કરી લેશે. એટલે સ્ત્રીઓના સૈન્યમાંથી બે ખૂબસુરત સ્ત્રીઓને કેદ કરી લીધી એટલે બાકીની  સ્ત્રીઓ ચાલી ગઈ પછી ઈન્દ્ર દસ્યુઓના સૈન્ય પર તૂટી પડ્યો. આમ શમ્બર બધી જ રીતે તૈયાર અને સમૃધ્ધ અનાર્ય દાસ રાજા હતો. છતા પણ ઈન્દ્રના વજ્રથી તે બચી શક્યો નહિ. ઈન્દ્ર અને શમ્બરના સંગ્રામની ભયંકરતા ઋગ્વેદના આ મંત્રમાં દષ્ટિગોચર થાય છે. જેમ કે–

*न्वं दिवो बृहन: सानु कोपयो*
*ऽव त्वनो धृषता शम्बरं भिनत् ॥*[૫૧]

આમ સુખી સંપન્ન રાજા શમ્બરનો ઈન્દ્રના હાથે વધ થયો. પરંતુ એકવાત નોંધનીય ગણાવી શકાય કે ઋગ્વેદના મંત્રોમાં ઈન્દ્ર અને શમ્બર વચ્ચે પુરાણી દુશ્મનાવટ કે વેરભાવના ઉલ્લેખો મળતા નથી. છતાં દાસ શમ્બરનો ઈન્દ્રે શા માટે વધ કર્યો ? આ પ્રશ્નનો પ્રત્પુત્તર પણ વેદમંત્રો જ આપે છે જેમ કે –

*शततम् वस्यै सर्वनाता*
*दिवोदासमतिथिग्वं यदावम् ॥*[५२]

આ મંત્ર અનુસાર શમ્બરનો વધ ઈન્દ્રે દિવોદાસ માટે કે અતિથિગ્વ માટે કર્યો છે એમ સૂચવે છે. દિવોદાસ પ્રસિધ્ધ આર્ય રાજા હતો. દાસરાજ્ઞયુધ્ધ વખતે પણ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જે યજ્ઞ સમયે અતિથિઓને ગાયોનું દાન આપે છે. આ રીતે ઈન્દ્રનો માનીતો રાજા છે તેથી તેની સહાયતા કરવા માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો.

ઉપરોકત મંત્રનો સામાન્યતયા એવો અર્થ પણ આપી શકાય કે દિવોદાસ જે ભરતવંશનો પ્રતાપી રાજા છે જે અનહદ દાનેશ્વરી છે આ શમ્બર અને દિવોદાસ વચ્ચે કોઈ દુશ્મનાવટ હશે તેથી દિવોદાસના કહેવાથી આર્યનેતા ઈન્દ્રે તેનો વધ કર્યો હશે.

ઋગ્વેદના કેટલાક અભ્યાસીઓ शम्बर શબ્દનો અર્થ 'मेघ' કરે છે. પરંતુ શમ્બર સાથે વપરાયેલા બધા જ મંત્રોમાં તેનુ વર્ણન મેઘ કરતાં એક જીવંત દાસ જાતિ–અનાર્ય જાતિનો વ્યકિત્ રાજા કે લોકનેતા માનવો ઉચિત્ત છે. વળી છેલ્લે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે દિવોદાસની સહાયતા કરવા માટે ઈન્દ્રે શમ્બરનો વધ કર્યો આથી શમ્બરનો અર્થ 'मेध' એ બંધ બેસતો થતો નથી. વળી જયારે शम्बर શબ્દનો પ્રયોગ થયો છે ત્યારે તેની સાથે વિશેષણ તરીકે 'दास' કે 'दस्यु' એવા શબ્દોનો પ્રયોગ પણ થયેલો છે તેથી તેને અનાર્ય–જાતિનો રાજા કે લોકનેતા સર્વથા ઉચિત ગણાશે અંતમાં કહી શકાય કે–

– શમ્બર દાસ જાતિના કૌલિતરનો યુગ હતો.

– અસંખ્ય કિલ્લાઓ અને નગરનો સ્વામી હતો.

– પોતાને સર્વશ્રેષ્ટ માનનારા વ્યક્તિ હતો.

– ઈન્દ્રની સામે સ્ત્રીઓને પણ યુધ્ધમાં મોકલી હતી.

– ઈન્દ્રે ૪૦ વર્ષ પછી તેનો વધ કર્યો

– દિવોદાસ નામના આર્ય રાજાની સહાયતા માટે તેનો વધ કર્યો.

– દિવોદાસ ભરતવંશનો પ્રતાપી રાજા હતો.

### ૫.૩.૩.૨) इन्द्र–पणि संग्राम

ઋગ્વેદના મંત્રોમાં પણિ કે 'પણયઃ' એવા શબ્દોનો પ્રયોગ થયેલો છે. આ પણિઓને પ્રાચીન વ્યાપારી પ્રજા તરીકે સર્વ વિદ્વાનો સ્વીકારે છે. આ પ્રજા સપ્તસિંધુના પ્રદેશથી દૂર વસતી વ્યાપારી પ્રજા છે.આ ખૂબ જ કંજુસ પ્રજા હતી. ધનવાન હોવા છતાં તેઓ આર્યોના યજ્ઞ પ્રસંગોમાં દાન આપતા નહી તથા ગાયોનો વ્યાપાર કરતાં હતાં. તેથી અન્યની ગાયોને ચોરીને પોતાની ગાયોમાં ભેળવી દેતા. આથી આ પ્રજા સાથે પણ ઈન્દ્રનો સંઘર્ષ થયાના ઉલ્લેખો ઋગ્વેદ સહિતામાં પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદસંહિતાના મંત્રોમાં જ્યાં પણિઓનો ઉલ્લેખ થયો છે ત્યાં અવશ્ય ગાયોનો ઉલ્લેખ પણ જોવા મળે છે. જેમ કે

**आदङ्गिराः प्रथमं दधिरे वय**<br>
**इदागयः शम्या ये सुकुन्ययोः ।**<br>
**सर्वे पणे समविन्दन्त भोजन**<br>
**पश्वावन्तं गोमन्तमा पशु नरः ॥**[૫૩]

પ્રસ્તુત મંત્રમાં કહેવામાં આવ્યું છે કે અંગિરા ઋષિએ અગ્નિ પ્રદિપ્ત કરીને તેમાં અન્નની પહેલી આહુતિ હોમી. તેથી ખૂબજ પ્રસન્ન થઈને ઈન્દ્રે પણિઓ પાસેથી તેમની ગાયો અને ધન ઝુટવીને અંગિરાને પ્રદાન કર્યુ.

સાતવળેકરજી આ મંત્રને એવી રીતે સમજાવે છે કે ઈન્દ્રે યજ્ઞથી પ્રસન્ન થઈ અંગિરાને બે વસ્તુઓની ભેટ આપી જે ગાયો–પણીઓ પાસેથી લઈ આવ્યો (૨) તેનું ધન લઈ અંગિરાને પ્રદાન કર્યું.

પરંતુ આ ગાયો કોની હતી ? તેનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી. અંગિરાની ગાયો હતી કે પછી ખૂબજ પ્રસન્ન થયેલા ઈન્દ્રે પોતાની શક્તિથી ગાયો પણિઓ પાસેથી પડાવીને અંગિરાને પ્રદાન કર્યુ. બીજુ પણિઓ પાસેથી ધન લૂટીને અંગિરાને દાન કર્યુ. આ ધન પણ કોનું હતું, ઈન્દ્રે આ ધન શા માટે લૂટી લીધું તેની કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી.

આપણે એ સારાંશ આપી શકીએ કે પણિઓ ગાયોનો વ્યાપાર કરતાં તેથી ગાયોને એક જગ્યાએથી બીજી જગ્યાએ ગાયોને લઈ જવામાં અન્યની ગાયોને પોતાની ગાયો સાથે ભેળવી દેતા, એટલે શક્ય છે કે અંગિરાની ગાયો પણિઓ ચારી ગયા હોય એટલે અંગિરાએ ગાયો પાછી મેળવી આપવા માટે, ઈન્દ્રને પ્રસન્ન કરવા યજ્ઞ કરી અને ગાયોની પુનઃપ્રાપ્તિ કરી હોય !

બીજો પ્રશ્ન એ છે કે ઈન્દ્રે અંગિરાને ધનનું પ્રદાન કર્યુ ? આ ધન પણિઓ પાસેથી લુંટવામાં આવ્યું. અહીં પણ ઈન્દ્રનુ અનાર્ય લોકો પ્રત્યેનું અયોગ્ય વર્તન જોવા મળે છે. પણિઓ ધનવાન હતા. પરંતુ યજ્ઞો કરતાં નહી તેમજ યજ્ઞો કરનારને પ્રોત્સાહન આપતા નહી તેથી એવા કંજુસ લોકોનું ધન લૂંટી ઈન્દ્રે યજ્ઞ કરનાર અંગિરાઓને આપ્યું હોય એમ બની શકે.

ઋગ્વેદમંત્રસહિતામાં પણિઓના વ્યક્તિત્વ અને વ્યવસાયને રજુ કરતું સરમા–પણિ સંવાદસૂકત[૫૪] પ્રસિધ્ધ છે. જેમાં સરમા–જે દેવોની કુતરી છે. અને પણિઓનો સંવાદ રજુ કર્યો છે. પરંતુ સરમાનું વ્યક્તિ અને ખુમારી જોતા તે કુતરી જેવી લાગતી નથી બલ્કે ઈન્દ્રની કોઈ સ્ત્રી દૂતી હોય તેવી જણાય છે.

સરમા–પણિ સંવાદસૂક્ત અનુસાર જોઈએ તો સરમા પણિઓના નિવાસ્થાને જઈને ગાયોની શોધ કરી પણિઓને કહે છે તમે ગાયો મને આપીને અહીંથી ચાલ્યા જાઓ. પરંતુ પણિઓ વ્યાપારી પ્રજા હોવાથી વિચારોને સરમાને પ્રલોભન આપતા કહે છે અમે તને બેન માનીશું અને ગાયોમાંથી પણ ભાગ આપીશું અને તું અહીં રોકાય છે. ત્યારે સરમા કહે છે હું એવો ભાઈ–બહેનનો કોઈ સંબંધ જાણતી નથી. એવા પ્રલોભનો આપી અને મને લોભાવવી શકય નથી તેના જ શબ્દોમાં જોઈએ–

*नाहं वेद भातृत्वं ना स्वसृत्व*
*भिन्दो विदुरडिगरसश्च धोराः ॥*
*गोकामा मे अच्छदयन यदाय*
*मपात दुत प्रणयो वरीयः ॥*[५५]

સરમા ધમકી આપીને કહે છે હું આવા ભાઈ–બહેનના સંબંધો જાણતી નથી હું ઈન્દ્ર અને અંગિરસોના પ્રભાવને જાણું છું તેથી પણિઓ કહે છે, એ ઈન્દ્ર કોણ છે તેનો

પ્રભાવ કેવો છે ? ત્યારે સરમા કહે છે તે અત્યંત બળવાન અને તેજસ્વી છે. તેના વજ્રથી તમે બચી શકશો નહી. ત્યારે પણિઓ કહે છે કે અમે પણ સૈન્ય અને યોધ્ધા તથા સસ્ત્રનો પ્રયોગ કરી શકીએ છીએઃ અમે તેને ગાયો કોઈ પણ સંજોગોમાં આપીશું નહી ! સરમા–પણિ સંવાદસૂક્તમાં એક ખાસ વિશેષતા જોવા મળે છે પણિઓ ઈન્દ્રના પ્રભાવથી અજ્ઞાન છે એટલે સરમાને પુછે કે કેવો તારો સ્વામી છે ! તેનો પ્રભાવ કેવો છે !

આમ ઋગ્વેદમંત્રસંહિતામાં ઘણા મંત્રોમાં ઈન્દ્ર અને પણિઓના સંઘર્ષનું ચિત્રણ મળે છે. પરંતુ આ પણિઓનો વધ ઈન્દ્રે કર્યો નથી તેના ધન–દોલત ગાયો આદિ લુટી લેવાના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. આ વ્યાપારી પ્રજાને પૈસા કમાવા વિના કોઈપણ બાબતમાં રસ ન હતો તેથી દાન–ધર્મ પ્રત્યે તેઓ ઉદાસીન રહેતા તેથી આર્યોના તિરસ્કારનું પાત્ર બનતા એટલે ઋગ્વેદના મંત્રોમાં પણિઓના વિનાશની કામના કરવામાં આવી છે, જેમકે–

*ग्रावाण: सोम नो हि कं*
*सरिवत्वनाय वावशुः*
*गही न्य? त्रिण पणि वृको हि षः ॥*[૫૬]

પ્રસ્તુત મંત્રમાં ભેડીયા–વરૂ જેવા પણિઓથી દૂર રાખવા તથા તેના નાશની કામના કરવામાં આવી છે.

આમ પણિઓ અનાર્ય વ્યાપારી પ્રજા છે અને તેના કંજુસ સ્વભાવના લીધે આર્યોના તિરસ્કારનું પાત્ર બની છે. તેથી ઈન્દ્રના હાથે તેની ગાયો ધનસંપત્તિ લુંટી લેવામાં આવી છે. પરંતુ ઈન્દ્રને પણિઓનો વધ કર્યો નથી તેની સંપત્તિ લુટીને અંગિરસોને દાનમાં આપી છે.

## ૫.૩.૩.૩) इन्द्र–पिपु युध्ध –

ઋગ્વેદમંત્રસંહિતામાં ઈન્દ્રના પ્રાથિવ શત્રુઓમાં પિપુનો પણ સમાવેશ થાય છે. ઋગ્વેદમાં  પિપુ શબ્દનો પ્રયોગ લગભગ ૧૨ વખત થયો છે. પ્રિપુ શબ્દનો સામાન્ય અર્થ વિજેતા એવો કરવામાં આવે છે જ્યારે મેકડોનલ[૫૭] તેનો અર્થ ‘દાનવ’ એવો કરે છે. જ્યારે તેના પ્રસ્તુત વર્ણનના આધારે તેને અનાર્ય જાતિનો રાજા કે લોકનેતા તરીકે જોઈ શકાય તેમ છે. વળી પ્રિપુને અનાર્ય જાતિનો માનવા માટેનું બીજુ મહત્ત્વનું કારણ એ છે કે

શમ્બરા આદિ રાજાઓની સાથે તેનું નામ જોડવામાં આવ્યું છે. તેથી અનાર્ય રાજા કે લોકનેતાના રૂપમાં તેને માની શકાય.

આ પિપુ નામના રાજાને ઈન્દ્રે ખૂબજ હેરાન કર્યો તેના પુરાવાઓ ઋગ્વેદના મંત્રોમાં જોવા મળે છે જેમ કે–

*त्वं पिप्रुं मृगयं शूशुवास*
*मृनिश्वने वैदथिनाय रन्धीः*
*पश्वाशन् कृष्णा नि वपः सहसा*
*ऽन्कं न पुरो गरिमा वि दर्दः॥*[५८]

પચાસ હજાર કાળા વર્ણવાળા અસુરોથી અતિ બળવાન પ્રિપુ અને મૃગયને ધિદથિના પુત્ર ઋજિશ્વાનની સહાયતા કરવા માટે હણ્યા.

આ મંત્રમાં આ બન્ને અસુર યૌધ્ધાઓ સાથે પચાસ હજાર કાળારંગના અસુરો પણ હતા તેથી તે રાજા કે લોકનેતા હોઈ શકે. પરંતુ ઈન્દ્રે તેનો વધ કર્યો. આટલુ જ નહિં પણ લોકો જેમ પુરાણા કપડાં ફાડી નાખે તેમ તેના અસંખ્ય નગરોનો નાશ પણ ઈન્દ્રે કર્યો. પચાસ હજાર માણસોની સાથે આ બન્ને યોધ્ધાઓની હત્યા કરવામાં આવી છે તેનું વર્ણન ઋગ્વેદમાં આબેહુબ રીતે આપવામાં આવ્યુ છે, જેમ કે–

*अस्य स्तोमेभिरौशिज ऋजिश्वा*
*वग्त्रं दश्द्वृषमेण पिप्रोः*
*सुन्वा यद्येजतो दीदयद्गीः*
*पुर इयानो अभि वपसा भूत॥*[५९]

ઋગ્વેદમંત્ર સંહિતામાં ઈન્દ્રની બે નબળાઈઓ ઉડીને આંખે વળગે તેવી છે તે બે સોમાશક્તિ અને સ્તુતિશ્રવણ પ્રિયતા એ જ્યારે અત્યંત સોમપાન કરે છે ત્યારે તેને કાંઈ ભાન રહેતું નથી અને તેને સોમરસ આપે છે તેનુ ગમે તેવું અશક્ય કાર્ય પણ પારપાડે છે તેમજ તેની કોઈ પ્રેમપૂર્વક સ્તુતિ કરે તો તેનું કોઈપણ કાર્ય ઈન્દ્ર પાર પાડે છે. પ્રસ્તુત મંત્રમાં ઈન્દ્રની આ નબળાઈ જોવા મળે છે. ઋજિશ્વાન જે ઈન્દ્રનો પ્રિય આર્ય રાજા છે જે

ઈન્દ્રને નિયમીત સોમરસ આપે છે. તેનું પ્રિય કરવા તેની સહાયતા કરવા માટે પિપુ નામના અનાર્ય રાજાનો વધ કર્યો. અન્ય અનાર્ય રાજાઓની જેમ પ્રિપુ પણ અસંખ્ય કિલ્લાઓ ધરાવતો હતો. અન્ય રાજાઓના કિલ્લાઓનું જેમ પ્રિપુઃના કિલ્લાઓનું વર્ણન પણ ઋગ્વેદમાં જોવા મળે છે.

*वि पिप्रोरहिमायस्य दव्ठहाः*
*पुरो वजिञ्ठवसा न दर्दः ।*
*सुदामन् नद् रेक्णो अप्रमृष्य*
*भृजिश्वने दात्रं दाशुषे दाः ॥*[૬૦]

પ્રસ્તુત મંત્રમાં પિપુના અસંખ્ય કિલ્લાઓનું ભેદન કરવામાં આવ્યું છે તેવી રજુઆત છે. સાથે ઋજિશ્વાનને ઘણુ બધુ ધન આપી તેની સાથે તેનું રક્ષણ કરવાનું અભયવચન પણ ઈન્દ્ર દ્વારા આપવામાં આવ્યું છે.

આ ઉપરાંત ઋગ્વેદના એક મંત્રમાં શમ્બર આદિની સાથે अव्रतीब કહીને પિપુને અનાર્યની શ્રેણીમાં મૂકવામાં આવ્યો છે જેમ કે–

*यो व्यैसं जाहषाणेन मन्युना*
*यः शम्बरं या अहन् पिप्रुमवतम ॥*[૬૧]

આમ પિપ્રુ–ઈન્દ્ર સંગ્રામનું સમગ્રતયા મૂલ્યાંકન કરીએ તો એક તથ્ય અહીં સ્પષ્ટ થાય છે કે અન્ય અનાર્ય રાજાઓની જેમ ઈન્દ્રને પિપ્રુ સાથે કોઈ વૈરભાવ ન હતો પરંતુ ઋજિશ્વાન નામનો આર્ય રાજા છે જે ઈન્દ્રને સોમરસ આપે છે તેની સહાયતા કરવા માટે ઈન્દ્રે આ યોધ્ધાનો વધ કર્યો.

## ૫.૩.૩.૪) इन्द्र–नमुचि युध्ध –

ઈન્દ્રના માનવત્રુઓમાં નમુચિનો પણ સમાવેશ થાય છે. ઋગ્વેદમંત્ર સંહિતામાં 'નમુચિ' શબ્દનો ૧૦ વખત ઉલ્લેખ થયો છે. તેનો સામાન્ય અર્થ જોઈએ તો ને+भुयति= મુક્ત ન કરનારો એવો અર્થ થાય છે. ઋગ્વેદમાં નમુચિ માટે એક જગ્યાએ 'અસુર' શબ્દનો પ્રયોગ થયેલો છે.[૬૨] તેમજ ઋગ્વેદમાં બે જગ્યાએ તેના માટે દાસ શબ્દનો પ્રયોગ પણ થયેલો છે.[૬૩] તથા એક જગ્યાએ તેના માટે 'માયાવી' શબ્દનો પ્રયોગ પણ થયેલો

છે.[૬૪] જયારે પાણિની અનુસાર તેનો અર્થ 'મુક્ત ન કરનાર' એવો માનવામાં આવે છે.[૬૫] આ બધા અર્થમાંથી તેના દાસ વિશેષણના આધારે તેને અનાર્ય–રાજા કે તેના માનવો વધારે યોગ્ય છે. વળી અન્ય અનાર્ય રાજાઓની યાદીમાં પણ તેનું નામ જોવા મળે છે તેથી તેને અનાર્ય રાજા માનવો વધારે યોગ્ય છે. આ ઉપરાંત ઋગ્વેદના મંત્રોમાં દાસ તરીકે તેનું સ્પષ્ટ વર્ણન કરવામાં આવ્યું છે જેમ કે–

*वि षु मृधो जनुषा दानमिन्व*
*न्नहन् गवा मधवन् त्संचकान ।*
*अन्ना दासस्य नमुचे शिरो*
*य दवतर्या मनवे गातुमिच्छन् ।।*[૬૬]

પ્રસ્તુત મંત્રમાં નમુચિનો એક દાસ તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અને બેરહમીથી નમુચિના મસ્તક કાપી લેવામાં આવ્યું છે. એટલું જ નહી તેની આગળ ચર્ચા કરતાં પણ કહેવામાં આવ્યું છે કે–

*युजं हि मामकृथा आदिदिन्द*
*शिरो दासस्य नमुचेमर्थायन् ।।*[૬૭]

મેઘની જેમ ગર્જના કરતાં આ દાસ નમુચિના મસ્તકના ટૂકડે–ટૂકડા કરી નાખ્યાં તથા મઢતો માટે સ્વર્ગ અને પૃથ્વીમાં વિભાજીત કરી નાખ્યા.

ઋગ્વેદસંહિતાના મંત્રોમાં એવું પણ બતાવવામાં આવ્યું છે કે ઈન્દ્ર–અને નમુચિ બન્ને મિત્રો હતાં અને બન્ને સાથે બેસીને સુરાપાન કરતાં હતાં. જેમ કે–

*युवं सुरामश्विना नमुचावासुरे सचो ।*
*विपिपाना शुभस्पती इन्द्र कर्मस्वावतम् ।।*[૬૮]

આ મંત્રમાં ઈન્દ્ર–નમુચિ સાથે બેસીને સોમપાન કરે છે. આથી તેમની મિત્રતા સૂચિત થાય છે. આ ઉપરાંત ઋગ્વેદના બીજા મંડળમાં ૧૪માં સૂકતમાં ઈન્દ્રની સ્તુતી કરવામાં આવી છે. ત્યાં કહેવામાં આવ્યું છે કે હે લોકો ઈન્દ્ર અસુરોનો હણનાર છે. તેને સોમરસ આપો. તેમાં જ નમુચિનો વધ કરતાં કહેવામાં આવ્યું છે કે–

*यः पिप्रुं: नमुचिं यो ढधिकां ।*
*तस्मा इन्दायान्धसो जुहोत ॥*[૬૯]

ઋગ્વેદસંહિતના મંત્રોમાં નમુચિનો 'નાભિસાપ્ય' સાથે સંબંધ બનાવવામાં આવ્યો છે. બે મંત્રો એવા છે જેમાં કહેવાયું છે કે સાભિસાપ્યની સહાયતા કરવા માટે નમુચિનો વધ કરવામાં આવ્યો જેમ કે–

*नम्या यदिन्द्र सरव्यो परावतिं*
*निबर्हयों नमुचि नामे मायितम् ॥*[૭૦]

આ ઉપરાંત ઋગ્વેદના ૬ઠ્ઠા મંડળના આ મંત્રમાં નાભિસાપ્યનો સંબંધો ઉપર વધુ પ્રકાશ પાડતા કહેવાયુ છે કે–

*प्र श्येनो न मदिरमशुमस्मै शिरो*
*दासस्य नमुचेर्मथायन् ।*
*प्रावन्नाभी साप्यं ससन्तं*
*प्रणगाया समिषा सं स्वस्ति ॥*[૭૧]

પ્રસ્તુત મંત્રમાં કહેવામાં આવ્યું છે કે નાભિસાપ્ય ઈન્દ્રનો મિત્ર કે હિનેચ્છુ છે. જે ઈન્દ્રને સોમરસ અથવા સ્તુતિઓનું પ્રદાન કરે છે–આપે છે. તેની સહાયતા કરવા માટે ઈન્દ્રે નમુચિનો વધ કર્યો. એટલું જ નહિં નમુચિ જ્યારે સૂતો હતો ત્યારે તેની ઉપર પ્રહાર કર્યો. ससन्तं..... તેમજ નમુચિની સંપત્તિ અને અન્ન નાભિસાપ્યને આપી દીધી તેના બદલામાં નમભિસાપ્યએ ઈન્દ્રને મસ્ત સોમરસ આપ્યો.

આ મંત્રનો સારાંશ કે સરળ અર્થમાં કહેવું હોય તો નાભિસાપ્યની સહાયતા કરવા માટે નમુચિનો વધ કરી તેની સંપત્તિ લુટી લેવામાં આવી. અહીં નાભિસાપ્ય અને નમુચિ વચ્ચે કોઈ વિરોધ હોવો જોઈએ. નમુચિ અનાર્ય કે દાસ રાજા હતો. એટલે તેની પાસે સંપત્તિ ઘણી હતી આથી ઈન્દ્રની મદદ મેળવીને નાભિસાપ્યે તેની સંપતિ મેળવી લીધી તેવું બની શકે. સમગ્ર સંગ્રામનો નિષ્કર્ષ આપવો હોય તો નીચે મુજબ આપી શકાય.

– નમુચિ દાસ રાજા હતો.

– નાભિસાપ્યની મદદ કરવા ઈન્દ્રે તેનો વધ કર્યો.

– નમુચિ  મેઘની જેમ ઈન્દ્ર સામે ગર્જના કરતો.

– નમુચિના મસ્તકના ટૂકડે–ટૂકડા કરી નાખ્યા

– બાજપક્ષી સમાન ઈન્દ્રે નમુચિનો વધ કર્યો

## ૫.૩.૩.૫) इन्द्र–धुनि–चमुरी युध्ध –

ઋગ્વેદમંત્રસંહિતામાં આ બન્ને નામો સયુંક્ત રીતે પ્રયોજાયેલા જોવા મળે છે. તેનો સંયુક્ત રીતે લગભગ ૧૧ વખત પ્રયોગ થયેલો છે. મૈકડોનલ તેને આદિમ–અનાર્ય રાજા તરીકે સ્વીકારે છે. તેમજ શમ્બરાદિ અનાર્ય રાજાઓની સાથે તેનું નામ જોડાયેલું હોવાથી આપણે તેને અનાર્ય દાસ રાજા માની એ તો પણ યોગ્ય ગણાશે.

ઋગ્વેદના મંત્રમાં આ બન્ને યોધ્ધાઓનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે–

*तवे ह त्यदिन्द विश्वमाजौ*
*ससस्तौ धुनीचुमुरी या ह सिष्वप ।*
*दीदयदित् तुभ्यं सोमेभिः*
*सुन्वन् दभीतिरिध्मभुति पवथ्य ? कः ।।*[७२]

ઈન્દ્રે આ રીતે ધુનિ–ચુમુરી નામના વીર યૌધ્ધાઓનો વધ કર્યો આથી અત્યંત ખુશ થઈને દભિતી નામના રાજાએ ઈન્દ્રની સ્તુતિ કરી તેને સોમરસ પ્રદાન કર્યો. આ દભિતી સોમરસ બનાવે છે. જેની સહાયતા કરવા માટે ઈન્દ્રે આ બન્ને યૌધ્ધાઓનો વધ કર્યો હતો. ધુની–ચુમુરીનો વધ કર્યાનું પ્રમાણ મળે છે. જેમ કે–

*अस्वापयद् दभीतये सहस्रा गिशसं हथैः ।*
*दासानामिन्दौ मायया ।।*[७३]

પ્રસ્તુત મંત્રમાં બન્ને યોધ્ધાઓ એટલે કે ધુની–ચુમુરીને ત્રીસહજાર સૈનિકોની સાથે દભિતીની સહાયતા માટે સુવડાવી દેવામાં આવ્યા છે. ત્રીસ હજાર સૈનિકોનું પોષણ કરતાં આ રાજાઓની સમૃધ્ધિની પણ કલ્પના કરી શકાય. ત્રીસ હજારનું સૈન્ય હોવાં છતાં ઈન્દ્રનો

સામનો કરી શક્યા નહી તેથી ઈન્દ્રની પણ અનુપમ શક્તિ જોવા મળે છે. તેમજ અન્ય અનાર્ય રાજાઓની જેમ ધુની અને ચુમુરીના દુર્ગોનું વર્ણન પણ જોવા મળે છે જેમકે–

*स यो न मुहं न मिथू जनो भूत्*
*सुमन्तुनामा चुमुरि धुनि च ।*
*वृणक पिप्रुं शम्बरं शुष्णा मिन्दः*
*पुरां च्यौताय शयथाय नू चित् ॥*[७४]

પ્રસ્તુત મંત્રમાં ધનુ અને ચુમુરીને શમ્બરાદિ અસુર કે દાસ રાજાઓની હરોળમાં મૂકીને તેના નગરોનો નાશ કરવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રસંગનો સારાંશ આપવો હાય તો આ રીતે સંક્ષેપમાં રજુ કરી શકાય–

– ધુનિ–ચુમુરીનો વધ ઈન્દ્રે કર્યો.

– દભિતી નામના રાજાની સહાયતા માટે

– દભિતી ઈન્દ્રને સોમરસ  આપે છે.

– દભિતી ઈન્દ્ર માટે સ્વાદિષ્ટ ભોજન પણ બનાવે છે.

## ૫.૩.૩.૬) ઈન્દ્ર–વૃત્ર યુધ્ધ :

ઋગ્વેદમંત્રસંહિતામાં વૃત્રનો વધ એ ઈન્દ્રનું પ્રધાનકાર્ય માનવામાં આવે છે. પરંતુ ઋગ્વેદમાં તેના સ્વરૂપ વિશે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. યાસ્કના સમયમાં વૃત્રને ઐતિહાસિકો ઐતિહાસિક વ્યક્તિ માનતા. પરંતુ અહીં ઋગ્વેદમાં પ્રાપ્ત વર્ણહોના આધારે તેને ઐતિહાસિક માની અનાર્ય શ્રેણીમાં મૂકીને ઈન્દ્ર સાથેના તેના યુધ્ધની સમીક્ષા કરવામાં આવી છે.

વૃત્રનો એક અર્થ 'જળને રોકનાર' એવો કરવામાં આવે છે. આ અર્થ પ્રમાણે એક મત એવો પણ આપી શકાય કે તત્કાલિન અનાર્ય લોકો કૃષિમાં સિંચાઈ કરવા માટે નદીઓ ઉપર બંધ બાંધીને નદીના પ્રવાહને રોકતા હતાં. જ્યારે અન્યના કહેવાથી ઈન્દ્રે આ બંધો તોડીને નદીના પ્રવાહને મૂક્ત કર્યા હશે અને આ બંધ બાંધનાર વૃત્રનો વધ કર્યો હશે. સમયાન્તરે ઈન્દ્ર ઉપર દેવત્વનું આરોપણ થયું એટલે વૃત્રને મેઘ માનવામાં આવ્યો. નહિતર ઋગ્વેદના પ્રાપ્ત મંત્રોમાં તેનું સ્વરૂપ માનવના રૂપમાં પ્રાપ્ત થાય છે. એટલું જ

નહિં પરંતુ તેને અન્ય અનાર્ય દાસ જાતિના લોકોની સાથે મૂકવામાં આવ્યો છે. આ રહ્યો એવો મંત્ર–

*दासपत्नीरहिगोपा अनिष्ठन निरुध्धा*
*आपः पणिनव गावः ।*
*अपां बिलमपिहितं यदासीन*
*वृत्रं जधन्वा अप तद्र बवार ॥*[૭૫]

જેવી રીતે પણિઓ ગાયોને સંતાડી રાખે તેમ દાસ વૃત્ર દ્વારા બંધન અને અહિ દ્વારા સુરક્ષિત જલપ્રવાહ સ્થિર હતો. તે વૃત્રના મૃત્યુ પછી જલપ્રવાહ વહેવા લાગ્યો.

પ્રસ્તુત મંત્રમાં વૃત્રનો અર્થ જ સ્પષ્ટ થાય છે તે દાસ જાતિનો હતો. તે જળને બંધન કરતો જ્યારે તેનો સાચો મિત્ર અહિં તે જળનું રક્ષણ કરતો. અન્ય અનાર્ય રાજાઓ કે નેતાઓની સાથે તસ શબ્દનો પ્રયોગ થયેલો છે તેમ આ વૃત્રની સાથે પણ દાસ શબ્દ જોડાયેલો હોવાથી તેને અનાર્ય વ્યક્તિ માની શકાય. એથી પણ વિશેષ તેની માતાનાં નામાનો ઉલ્લેખ પણ ઋગ્વેદમાં જોવા મળે છે. જેમ કે–

*उतरा सूरधरः पुत्र आसीद्*
*दानु शये सहवत्सा न धेनु :॥*[૭૬]

આ મંત્રમાં તેની માતા તરીકે દાનુનો ઉલ્લેખ થયેલો છે. એટલુ જ નહી પણ તેના રહેઠાણનું પણ વિસ્તૃત વર્ણન પ્રાપ્ત થાય છે.

*अतिष्ठन्तीनामनिवशनानां ।*
*काष्ठानां मध्ये निहितं शरीरम् ॥*[૭૭]

સ્થિર ન રહેવા વાળી અને અટકી ન શકે તેવી વસ્તુમાં વૃત્રનું નિવાસ સ્થાન છે. જો કે અહિં काष्ठानां –શબ્દોનો અર્થ સૂચક છે તે મુજબ જોઈએ તો લાકડામાંથી એવું કોઈ વાહન બનાવ્યું હોય જે સ્થિર પણ ન રહિ શકે અને તેને અટકાવી પણ ન શકાય. તેમ જ કેટલાક મંત્રોમાં તેને કોહરોમાં છુપાઈને રહેનારો બતાવવામાં આવ્યો છે. કોઈ પણ માણસ આ વૃત્રનો સામનો કરવા શક્તિમાન ન હતાં. આથી ઈન્દ્રે પોતાની માતાની આજ્ઞાથી વૃત્રનો વધ કરવાનું બિડુ ઝડપ્યું.[૭૮] જેમ કે–

*एवा हि मां तवसं जज्ञुढत्रं*
*कमत्कर्मन् वृपणमिन्द देवाः ।*
*वर्धी वृत्रं वज्रेण मन्दसानो*
*ऽपे व्रजं महिना दाशुषे तव ॥*[७९]

ઋગ્વેદમાં ઈન્દ્ર–વૃત્રના યુધ્ધની ભયંકરતાનું વર્ણન પણ પ્રાપ્ત થાય છે. વૃત્ર સાથેના યુધ્ધમાં વૃત્ર અને અહિનો પડકાર જોઈને, તેનો યુધ્ધનો ઉત્સાહ જોઈને બધા દેવતાઓ ભયથી પલાયન થઈ ગયા હતા.[૮૦] વેદમંત્રોમાં એવા પણ ઉલ્લેખો મળે છે કે ઈન્દ્ર–વૃત્રના યુધ્ધમાં જો ઈન્દ્રે સોમપાન ન કર્યુ હોત તો તેનો વિજય થાત નહિ. એટલું જ નહિં આ યુધ્ધની ભયંકરતા એટલી હતી કે ધાવા પૃથિવી ધ્રુજવા લાગ્યા. વેલીઓ અને વૃક્ષો નીચે ઢળવા લાગ્યાં તેમજ પ્રત્યેક વસ્તુ અસ્થિર થઈ ગઈ. તેમજ વજ્રનું સર્જન કરનાર તત્વષ્ટા પણ ભયભિત થઈ ધ્રુજવા લાગ્યા. ત્યારે ઈન્દ્ર જ્યારે વૃત્ર ઉપર પ્રહાર કરે છે. ત્યારે આજીજી કરતી, તેની માતા દાનું વચ્ચે પડે છે જેમ કે–

*नीयवया अभवद् वृत्रपुत्रे*
*न्दो अस्या अव वधर्जभार ।*
*उत्तरा सुरधरः पुत्र आसीद*
*दानुः शये सहवत्सा न धेनुः ॥*[૮૧]

આચાર્ય સાતવળેકરજી આ મંત્રનો અનુવાદ આ રીતે આપે છે. 'इन्द्रने जब वृत्र पर वज्र केका ओर वृत्र नीचे दब गया तब वृत्रनी माता वृत्र को बचाने के लिए वृत्र पर लेट गई। इस प्रकार अपते पुत्र की सुरक्षा के लिए उसके उपर लेट जाने परभी इन्द्रने नीचे से वज्र धीककर वृत्र को मार दिया ॥[૮૨] આ મંત્રમાં જે ઉપમા આપવામાં આવી છે. તે જોતા વૃત્રને જીવંત માનવી માની શકાય તેમ છે. જેમ કે दानुः शये सहवत्सा धेनुः। જેમ ગાય પોતાના વાછરડાને વહાલ કરે તેમ પોતાના વહાલસોયા પુત્રની રક્ષા માટે ઈન્દ્રના વજ્રના પ્રહારો પોતાના શરીર ઉપર સહીને પોતાના પુત્રને બચાવવા પ્રયત્ન કરે છે. આટલું વાત્સલ્ય સભર વર્તન તો માત્ર માનવ માતા જ કરી શકે. આમ સમગ્ર ઈન્દ્ર વૃત્ર પ્રસંગનો સારાંશ આપવો હોય તો આ રીતે આપી શકાય જેમ કે–

- વૃત્ર મેઘ નહી પણ દાસ વ્યક્તિ હતો.
- તેની માતાનું નામ દાનું હતુ.
- શક્તિશાળી અહિ જેવા યૌધ્ધાઓ તેના સહાયક હતાં.
- દેવો પણ તેના બળથી પરિચીત હતો.
- ઈન્દ્રે પોતાની માતાની આજ્ઞાથી વૃત્રનો વધ કર્યો.
- મઢતૌએ આ યુધ્ધમાં ઈન્દ્રને સહાય કરી
- ઈન્દ્રના વજ્રથી વૃત્રનો વધ થયો.

## ૫.૩.૩.૭) इन्द्र–वर्चिन युध्ध :

વર્ચિન શબ્દનો પ્રયોગ ઋગ્વેદમાં ત્રણથી ચાર વખત થયો છે. વિદ્વાનો તેનો અર્થ અલગ–અલગ રીતે આપે છે. પરંતુ ઋગ્વેદના મંત્રમાં તેને દાસજાતિમાં મુકવામાં આવ્યો છે. अहन् दास। वृषभो वस्तयन्तो द्रवजे वर्चिन शम्बर च।[૮૩] તેથી અહી વર્ચિન શબ્દના અન્ય અર્થોનો વિચાર ન કરતા અનાર્ય જાતિનો વ્યક્તિ માનીને તેની ચર્ચા કરવામાં આવી છે. વર્ચિનનો ઉલ્લેખ હમેંશા શમ્બરની સાથે જ થયો છે. પરંતુ શમ્બર પિપ્રુ જેવો વર્ચિન પ્રભાવશાળી રાજા નથી. માત્ર લોકનેતા હોય તેવું જણાય છે. લોકોના સમુહને એકઠો કરીને ઈન્દ્રનો વિરોધ કરતો હતો તેવું વર્ણન જોવા મળે છે. જેમ કે–

***यो वर्चिन शतमिन्दः सहस्र***
***मपावपद् भरता सोममस्मै ॥***[૮૪]

પ્રસ્તુત મંત્રમાં વર્ચિનનાં શહસ્ર વીરોનો વધ કર્યોના ઉલ્લેખો જોવા મળે છે. આમ વર્ચિન રાજા તો નહી પરંતુ લોકોને એકલ કરીને ઈન્દ્રો વિરોધ કરનાર ક્રાન્તિકારી લોકનેતા ગણાવી શકાય. ઈન્દ્રની વિઢદ્ધ કાર્ય કરવાની કોશિક કરી પણ પોતાના મિશનમાં સફળ થયો નહી.

## ૫.૩.૩.૮) इन्द्र–कुयव युध्ध :

કુયવનનો સમાન્ય અર્થ 'ખરાબ ફસલ' એવો કરવામાં આવે છે. વેદના વિદ્વાનો તેના અર્થોની રીતે કલ્પના કરે છે. જ્યારે વેદ મંત્રોમાં તેને શમ્બર પિપ્રુ વગેરે અનાર્યોની યાદીમાં મુકવામાં આવ્યા છે. જેમ કે शुष्णं प्रिपुं कुयवं वृत्रमिन्दः यदावधीवि पुरः

शम्बररस्य।[૮૫] અહીં અનાર્યોની શ્રેણીમાં તેની દાસ તરીકેની રજુઆત થઈ છે. આથી તેને અનાર્ય નેતા કે રાજા તરીકે અહીં સ્વીકાર્યો છે. એથી વિશેષ ઋગ્વેદના મંત્રોમાં તેનું સ્પષ્ટ માનવી કરણ થયેલું જોવા મળે છે. જેમ કે–

*अव त्मना भरते केतवद*
*अवत्मना भरते फेनमुदन ।*
*क्षीरेण स्नान कुयवस्य योषे*
*हते ते स्थातां प्रवणे शिफायाः ॥*[૮૬]

પ્રસ્તુત મંત્રમાં કહેવામાં આવ્યું છે. કે ધનને જાણનારા અસુર કુયવ સ્વયં બીજાનું ધન ચોરાવે છે. અને સ્વયં પાણી રોકીને તેમાં બેસે છે. ત્યારે કુયવની સ્ત્રીઓ તે પાણીથી સ્નાન કરે છે. તે બન્ને સ્ત્રીઓ ક્ષિપ્રા નદીના પ્રવાહમાં ડૂબીને મરી જાઓ. અહીં કુયવ માટે અલગ–અલગ વિશેષણો આપવામાં આવ્યા છે તેની સમીક્ષા કરીએ.

केतवेदा त्मना अवभरते –ધનને જાણનાર કુયવ સ્વયં અન્યનું ધન ચોરાવે છે. તેમાં પહેલું વિશેષણ વિચારવાલાયક છે તેઓ ધનના જાણકાર છે અર્થાત્ તેની પાસે ઘણું ધન છે તેણે પણ ધનને ભોગવ્યું છે. છતાં લોભવશ અન્યના ધનની ચોરી પણ કરે છે. સામાન્ય, અતિ ધનવાન, લોભી અને કંજુસ પણ હોય છે. આથી કુયવ પણ જ્યારે સમય તક મળે ત્યારે અન્યના ધનની ચોરી પણ કરાવે છે. બીજી વિશેષતા એ છે કે પોતાના વિસ્તારમાંથી પસાર થતી નદીના પ્રવાહને રોકીને તે પાણીનો સિંચાઈમાં ઉપયોગ કરે છે.

क्षीरेण સ્નાતા कुयवस्य योषे–કુયવની સ્ત્રીઓએ પાણીમાં સ્નાન કરે છે. ત્યારે કુયવે અટકાવેલા પાણીમાં આ સ્ત્રીઓ સ્નાન કરે છે. તેની પણ ક્ષિપ્રા નદીના પ્રવાહમાં ડૂબી મરવાની કામના કરવામાં આવી છે.

આમ કુયવ અનાર્ય રાજા કે નેતા છે તે ખૂબજ ધનવાન છે તેની સ્ત્રીઓ ક્ષિપ્રા નદીના પાણીમાં સ્નાન કરે છે. પરંતુ તેનો નાશ થયો એમ માનવામાં આવે છે. ક્ષિપ્રા નદીની તેજધારામાં તે બન્ને સ્ત્રીઓ મૃત્યુ પામી છે.[૮૭] વળી આગળ ક્ષિપ્રા નદીનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે તેમાં જે ફિણ ઉત્પન્ન થાય છે તે દાસ દસ્યુઓ માટે ઘાતક અને આર્યો માટે પૌષ્ટિક અને કલ્યાણકારક છે.[૮૮]

### ૫.૩.૩.૯) ઈન્દ્ર કર્ણજ અને પર્ણય યુધ્ધ :

ઋગ્વેદસંહિતાના મંત્રોમાં આ બન્ને યૌધ્ધાઓના ઉલ્લેખ માત્ર બે વખત થયો છે. આ બન્ને યૌધ્ધાઓને ઈન્દ્રના માનવશત્રુઓ માની શકાય તેવું તાદશ વર્ણન ઋગ્વેદના મંત્રોમાં પ્રાપ્ત થાય છે. જેમ કે–

*न्वं करञ्जमुत पर्णज वधी*
*स्तेजिष्ठयातिथिग्वस्ये वर्तनी ।*
*त्वं शना वङ्गृदस्याभिनत् पुरो*
*ऽनानुदः परिषूता ऋजिश्वना ॥*[૮૯]

પ્રસ્તુત મંત્રમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે અતિથિગ્વની સહાયતા કરવા માટે તેનાં માર્ગમાં બાધક બનેલા કર્ણજ અને પર્ણય નામના યૌધ્ધાઓનો તીક્ષ્ણ હથિયારો વડે વધ કરવામાં આવ્યો. આથી પણ વિશેષ સ્પષ્ટ કરતો બીજો મંત્ર પણ નોંધનીય છે. જેમકે–

*अहं गुङ्गुभ्यो अतिथिग्मविष्कर*
*मिषं न वृत्रतुरं विक्षु धारयम् ।*
*यत् पर्णयघ्र उत वा करञ्जहे*
*प्राहं महे वृत्रहत्ये अशुश्रवि ॥*[૯૦]

પ્રસ્તુત મંત્રમાં કહેવામાં આવ્યું છે કે ગંગુઓના દેશની રક્ષા કરવા માટે અતિથિગ્વના પુત્ર દિવોદાસને મૂક્યો હતો. જે અન્ન ઉત્પાદન કરીને પ્રજાનું કલ્યાણ કરે તેવો રાજા છે. તેનો આ કર્ણજ અને પર્ણજન નામના યૌધ્ધાઓ સાથે સંઘર્ષ થયો તેમાં તેની સહાયતા કરવા માટે આ બન્ને યૌધ્ધાઓનો વધ કરવામાં આવ્યો.

આ બન્ને મંત્રોમાંથી એક વાત સ્પષ્ટ થાય છે કે દિવોદાસ ભરત વંશનો પ્રતાપી રાજા હતો. ઈન્દ્રે તેને ગંગુદેશમાં રાજા તરીકે મૂક્યો હતો. આ રાજા પ્રજાપાલક અને કર્તવ્ય નિષ્ઠ રાજા હતો. પરંતુ આ બન્ને યૌધ્ધાઓ કર્ણજ અને પર્ણજ તેનો વિરાધ કર્યો હશે આથી આર્ય નેતા ઈન્દ્રે આ બન્ને યૌધ્ધાઓને યમ–સદન મોકલ્યા.

## ૫.૩.૩.૧૦) इन्द्र–वृगद युध्ध :

આ રાજાનો ઋગ્વેદના મંત્રોમાં બે વખત ઉલ્લેખ થયો છે. તે મુજબ જોઈએ તો ઋજિશ્વાનનો તે દુશ્મન હતો. તેની સહાયતા માટે ઈન્દ્રે વૃદગનો વધ કર્યો જેમ કે–

त्वं शता वडगृदस्या भिनन् ऽनानुद : परिभूता ऋजिश्वना।[९१] પ્રસ્તુત મંત્રમાં કહેવાયું છે કે ઋજિશ્વાનની સહાયતા કરવા માટે ઈન્દ્રે વૃગદના शतापुर :એકસો નગરો નષ્ટ કર્યા.

માત્ર બે મંત્રોમાં નિર્દશીત આ વૃગદ બહુ પ્રતાપી રાજા જણાતો નથી. છતાં પણ ઈન્દ્રના પ્રાર્થિવ શતુઓમાં તેનું નામ સામેલ કરવામાં આવ્યુ છે.

## ૫.૩.૩.૧૧) અન્ય નાના યુધ્ધો :

ઋગ્વેદમંત્રસંહિતામાં આ પૂકારના મહાસંગ્રામોની સાથે અનેક નાના સંગ્રામો પણ જોવા મળે છે ઋગ્વેદના એકાદ–બે મંત્રોમાં તેનું વર્ણન જોવા મળે છે. આ બધાજ સંગ્રામોની યાદી કરીએ તો બીનજરૂરી વિસ્તાર થઈ જાય તેથી વિસ્તારભયનો દોષ ટાળવા માટે તેનો માત્ર નિર્દેશ કરીએ.

કુવયવ ને પણ ઈન્દ્રનો શત્રુ માનવામાં આવે છે તેનો ઋગ્વેદના માત્ર એક મંત્રમાં ઉલ્લેખ થયો છે.[૯૨] આ મંત્રોનો પૂર્વાપર સંબંધ જોતા કુવયવને ઈન્દ્રનો માનવશત્રુ માનવામાં કોઈ સમસ્યા આવે તેમ નથી તેમજ મુળમંત્રમાં આસપાસના મંત્રોમાં તેના નગરો નષ્ટ કરવામાં આવ્યાના વર્ણનો જોવા મળે છે. તેથી સુધા રસ્તોગીજી પણ કુવયવને ઈન્દ્રનો માનવ શત્રુ માને છે.[૯૩]

આ ઉપરાંત दुलीविशं[९४]– આ શબ્દનો ઋગ્વેદસંહિતાના મંત્રોમાં માત્ર એકજ વખત ઉલ્લેખ થયેલો જોવા મળે છે. વેદના ભાષ્યકારે તેને મેઘ માને છે. પરંતુ ત્યાં તેનુ વર્ણન જોતા તે માનવશત્રુ તરીકે રજુ થયો હોય તેવું જણાય છે.

અન્ય નાના રાજાઓ કે લોકનેતાઓના રૂપમાં ઈન્દ્રનો વિરોધ કરનારા नार्मर[९५] नववास्त्य[९६] તથા मृगय[९७] वृषशिप[९८] તેમજ मरव[९९] નામના અનાર્ય પ્રજાના પ્રતિનિધિઓનો ઉલ્લેખ માત્ર ઋગ્વેદના મંત્રોમાં એકજ વખત થયા છે. આ બધાએ ઈન્દ્રનો

વિરોધ કર્યાનું વર્ણન પણ જેતે મંત્રોમાં પ્રાપ્ત થાય છે અને ઈન્દ્ર દ્વારા તેનો વધ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત अनशाने ढधिका किमीदिन જેવા અનેક ઈન્દ્ર શત્રુઓના ઉલ્લેખો ઋગ્વેદમાં પ્રાપ્ત થાય છે.

ઋગ્વેદમંત્રસંહિતામાં જે પ્રસિધ્ધ છે તેવા બે મહાસંગ્રામો ઈન્દ્ર–અહિ સંગ્રામ અને ઈન્દ્ર–બલ સંગ્રામ આ બે સંગ્રામમાં જે બે અહિં અને બલ છે તેના અર્થ અને સ્વરૂપ બાબતે વિદ્વાનોમાં એક મત જોવા મળતો નથી વળી ઋગ્વેદના મંત્રોમાં પણ તેનું માનવ સ્વરૂપ સંપૂણ સ્પષ્ટ થતું નથી આથી આ બન્ને અનાર્ય જેવા છે છતાં સંપૂર્ણ સપષ્ટતાના અભાવે તેનો સમાવેશ અહી અનાર્ય રાજા કે નેતાઓમાં કરવામાં આવ્યો નથી

## ૫.૪) યુદ્ધોની સમીક્ષા :

ઉપરોકત રીતે જે મન્ત્રોમાં સંઘર્ષનું પ્રગટ સ્વરૂપ જોવા મળે છે હજું પણ આવા ઘણા બધા સંગ્રામો બતાવી શકાય છે. પરંતુ વિદ્વાનો જેના અર્થ બાબતે સ્પષ્ટ નથી તેવા મંત્રોનો અહીં પ્રયોગ કરવામાં આવ્યો નથી.

આ અધ્યાયની શરૂઆતમાં આપણે નોંધ્યું છે કે યુધ્ધ હમેંશા ત્રણ બાબતોને આધિન હોય છે. વિજય પ્રાપ્તિ, તેની ઉપર કબજો અને અન્યના ધન–સંપતિ લુંટી લેવા માટે થાય છે. ઋગ્વેદમંત્ર સંહિતામાં જાવા મળતા સંગ્રામોમાં આ ત્રણેય બાબતો દ્રષ્ટિ ગોચર થાય છે. વિનાશ યુધ્ધ સાથે અવિભાજય રીતે જોડાયેલો હોય છે. તેથી ઉપરોક્ત સંગ્રામોમાં બન્ને પક્ષે ઘણો વિનાશ થયો હશે એવું માની શકાય.

આ સંગ્રામોમાં એક વિશેષતા એ જોવા મળે છે કે તમામ સંગ્રામોમાં હમેંશા ઈન્દ્રનો વિજય થયો છે. અનાર્ય લોકોનો વધ અને તેના કિલ્લાઓ અને નગરનો ધ્વંસ એ જાણે ઈન્દ્રનું પ્રધાન કાર્ય હોય એવું જણાય છે. આ ઉપરાંત આ સંગ્રામોમાં ઈન્દ્રની અનુપમ શારીરિક શક્તિનો પણ પરિચય પ્રાપ્ત થાય છે. તથા ઈન્દ્રના સ્વભાવક વિશેષતાઓ જેવી કે સ્તુતિપ્રિયતા અને સોમરસ રસ પ્રત્યે આસકિત પણ જોવા મળે છે. આ બે બાબતો જે એને આપે છે તેનું ગમે તેવું અશક્ય કામ પણ ઈન્દ્રે સાંધી આપ્યું છે. શમ્બર પિપું વર્ચિત જેવા રાજાઓ સાથે ઈન્દ્રને કોઈ વ્યક્તિ વિરોધ નથી છતાં વેદ મંત્રોમાં બતાવ્યા મુજબ દિવોદાસ, ઋજિશ્વાન, દભિતી, નાભિસાપ્ય જેવા આર્ય રાજાઓની સહાયતા કરવા માટે અનાર્ય રાજાઓના કિલ્લા અને નગરો સહિત તેનો વિનાશ કર્યો.

પ્રસ્તુત આર્ય–અનાર્ય સંઘર્ષમાં બીજી મહત્ત્વની વિશેષતા એ જોવા મળે છે કે અનાર્ય રાજાઓ પોતાનું બલિદાન આપી દીધું છે પરંતુ ઈન્દ્રની સતા–આર્યોની સતાનો સ્વીકાર કર્યો નથી સિંધુ ઘાટીની સભ્યતા એટલે સૂવિકસીત હતી કે આર્યોએ અહી પોતાની સતા જમાવવા માટે અથાગ પ્રયત્નો કર્યા અને અનાર્યો વિરુધ ઈન્દ્રને સતત ઉશ્કેરતા રહ્યા અને અનાર્યોનો વધ થતો રહ્યો. આ સંગ્રામો અનાર્ય રાજાઓની ખુમારી અને શમ્બર જેવા વીરની વીરતા પણ પ્રશંસનીય છે. જેણે ચાલીસ વર્ષ સુધી ઈન્દ્રનો સતત સામનો કર્યો અને ચાલીસ શરદ પછી ઈન્દ્રના હાથે હાકયો.

આર્ય–અનાર્ય સંઘર્ષમાં મહત્વની વિશેષતા એ જોવા મળી કે મોટાભાગના અનાર્ય રાજાઓના કિલ્લાઓ અને નગરનું ધ્વંસનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. એટલે તેમાં અતિશયોક્તિ હોય તો પણ તે રાજાઓ આર્થિક રીતે સૂબી સંપન્ન અને વૈભવી હોય તેવી કલ્પના પણ કરી શકાય.

ઋગ્વેદસંહિતાના વિવિધ મંત્રોમાં અનાર્ય લોકોને 'પાણીને રોકનાર' તરીકે રજુ કરવામાં આવ્યું છે. દા.ત. વુત્ર જે પાણીને રોકી રાખનો અને અહિ તેનું રક્ષણ કરતો. તેમજ કુવય જેણે પણ રોકી રાખ્યું હતું અને તેની બન્ને સ્ત્રીઓ તે પાણીમાં સ્નાન કરતી. ઈન્દ્રે વૃત્રનો વધ કરીને પાણીને મુક્ત કર્યુ. આ માટે આપણે કલ્પના કરી શકિએ કે અનાર્ય નદીપ્રવાહ ઉપર બંધ બાંધીને તે પાણીનો ખેતીમાં ઉપયોગ કરતાં હશે એટલે નદીનો પ્રવાહ આગળના પ્રદેશ જતો અટકી જતો હશે. ઈન્દ્રે આ બધા બંધોને તોડીને જળને મુક્ત કર્યુ હશે આ સંદર્ભમાં સુધા રસ્તોગીજીનું આ વિધાન યોગ્ય જ ગણાય તેમ છે. आर्योने सिंधुघाटी में बने हुओ अनेक बांध इत्यादि भी नष्ट कर दिए। आज भी मोहेनजोदडो से कुछ पश्चिम में अनेक अेसे ध्वस्त बाध मिलने है जा सिंधुघाटी में लोग ने बनाये होगे ।[100] સ્સ્તોગીજીનું આ વિધાન પ્રસ્તુત યુધ્ધ પ્રસંગોનું મૂલ્યાકન કરતાં યોગ્ય લાગે છે. કેમ કે પરિશ્રમી અને શાંત અનાર્ય પ્રજાએ પોતાનો વિકાસ કરવા માટે ખેતીને મહત્ત્વનું સાધન માન્યું હશે વરસાદની અનિયમિતતા સામે આ પ્રકારના બંધ બાંધીને તે પ્રજા ખેતી કરતી હશે.

એકદરે આ સંગ્રામોને એક નવાયુગની પૂર્વ ભૂમિકા કરી શકાય કે આ સંઘર્ષના અંતે બને લોકોનો સમન્વય થયો–સમાધાન થયું અને સૂવ્યવસ્થિત આર્ય–સંસ્કૃતિનો ઉદય થયો.

## ૫.૫) પારસ્પારિક વિરોધો :

કોઈ પણ જાતિ પ્રત્યે વિરોધ એકતો તેની સામે સંગ્રામ કે યુધ્ધ કરીને પ્રદર્શિત કરી શકાય અને બીજીરીતે તેના પ્રત્યે અમુક લોકો વચ્ચે યુધ્ધ પ્રસંગોનો આપણે આગળ જોયા અહીં આ બન્ને પ્રકારના લોકો એકબીજા પ્રત્યે કેવી માન્યતા ધરાવતા એકબીજા પ્રત્યે કેવા પૂર્વગ્રહો ધાવતા તેના વિવિધ મૂદાઓની ચર્ચા કરીએ.

ઋગ્વેદમંત્રસંહિતામાં મુખ્યત્વે ત્રણ શબ્દનો વધુ ૫ડતો પ્રયોગ થયેલો છે જે અનાર્યોના સંદર્ભોમાં પ્રયોજાય છે. તેમાં સૌથી વધારે दस्यु શબ્દનો પ્રયોગ ૮૪ વખત થયોછે અને એ પણ આ પ્રકારના લોકો માટે જયારે ‘દાસ શબ્દનો પ્રયોગ ૬૧ (એકસઠ)વખત થયો છે જયારે અસુર શબ્દનો ઘણા મંત્રોમાં પ્રાપ્ત થાય છે પરંતુ તેશબ્દ જાતિવાચક અર્થમાં બહું પ્રયોજાતો નથી.આમ दास दस्यु शम्बर प्रिपु वर्चित વગેરે અનાર્ય લોકો માટે આ બન્ને શબ્દો પ્રયોજાય છે. દા.ત તરીકે अत दासं कौलितरं वृरतः पर्वताडधि अवाहान्निन्द शम्बरम ॥[૧૦૧] જયારે આ મહાનિબંધમાં અનાર્ય જાતિઓ તરીકે તેનો અર્થ કરવામાં આવ્યો છે.

ઋગ્વેદમંત્રસંહિતામાં આર્યો–અનાર્ય દાસ–દસ્યુ પ્રત્યે કેવો વર્નાવ કરતાં તેનું પ્રતિબિંબ ઋગ્વેદના મંત્રોમાં પ્રાપ્ત થાય છે તેની સમીક્ષા કરીએ.

(૧) *विद्वान* ***व्रजिन दस्यवे इतिमस्या***
***ऽऽर्य सहो वर्धया धुम्रामिन्द् ॥***[૧૦૨]

અર્થાત હે.. ઈન્દ્ર સ્તોતાઓના શતુ–દસ્યુઓ ઉ૫ર આયુધ્ધ ફેક અને આર્યોનું યશ અને બળમાં વધારો કર.

પ્રસ્તુત મંત્રમાં કહેવામાં આવ્યું છે હે ઈન્દ્ર સ્તોતાએ ઓ એટલે કે જે તારી સ્તુતી કરે છે તેના શત્રઓ દસ્યું લોકો છે તેનો વધ કરવા માટે તેના ઉ૫ર શસ્ત્રનો પ્રહાર કર અને આર્યોનું યશ અને શકિતમાં વધારો કર.

કેટલાક વિદ્વાનો આ મંત્રોનો અર્થ આપતા કહે છે કે અહીં દરાબ માણસનો નાશ અને શ્રેષ્ઠ પુરુષોના યશ અને બળમાં વધારો કર એવો બનાવે છે.

પરંતુ આ મંત્રોનો પૂર્વ સંદર્ભ જોઈએ તો તેમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે હે ઈન્દ્ર તું તારા બળ ઉપર શ્રધ્ધા ધરાવે છે. તેમજ દસ્યુઓના નગરોનો નાશ કરતો તું વિચરણ કરી રહયો છે. તેવું તું સ્તોતાઓ દુશ્મનો નો નાશ કર અને આર્યોનું રક્ષણ કર.

આ મંત્રના પૂર્વભાગમાં વપરાયેલું વિશેષણ 'दासीः पुरो विभिन्द्रन –દાસોના નગરને તોડનાર તું એવો શબ્દવપરાયેલ એટલે दस्यु – ખરાબ માણસ એવો અર્થ બંધ બેસતો નથી એટલે દસ્યુ શબ્દનો અર્થ જાતિના અર્થમાં અને 'આર્ય' શબ્દનો અર્થ પણ જાતિના અર્થમાં બતાવી શકાય.

આમ આ મંત્રમાં દસ્યુ– અનાર્ય જાતિના વિનાશની ઈન્દ્રને પ્રાર્થના કરવામાં આવીછે.

**(૨) शुभं नुं ते शुष्मे वर्धयन्त :**
**शुभं वज्रं बार्होदधाना:।**
**शुभं स्त्वमिन्द वावृधाना अस्मे**
**दासीर्विश : सूपेण सहया: ॥[१०३]**

પ્રસ્તુત મંત્રનો અર્થ જોઈએ તો "ઈન્દ્ર સ્વયં પાપ રહિત છે તેનું વજ્ર પણ નિષ્કલંક છે માત્ર દાસોની સેનાનો જ નાશ કરે છે." ગુજરાતી વિદ્વાન સાતવલેકરજી આ મંત્રનો અનૂવાદ આ રીતે આપતાં કહે છે કે इन्द्र स्वयं पापरहित है ॥ जा शकितमान है फिरभी पाप नहि करता उसका कज्र निष्कलंक कै केवल दासो की सेना को विनष्ट करता है ॥[१०४]

ઈન્દ્ર સર્વશકિતમાન છે છતાં પોતે કોઈપણ પ્રકારનું પાપ કરતો નથી તેનું વજ્ર પણ નિષ્કલંક છે માત્ર દાસોની સેનાનો નાશ કરે છે. આ શબ્દોમાં દાસજનો પ્રત્યે ક્રૂરતાનો ભાવ જોવા મળે છે. બીજા લોકો માટે વજ્ર નથી માત્ર દાસોની સેનાનો વિનાશ કરવા માટે જ વજ્ર હોય તેવું જણાય છે.

दासीर्विश : सूर्येण सहया :। એમાં વપરાયેલો દાસ શબ્દ જાતિવાચક અર્થમાં વપરાયેલો છે. આથી આ મંત્રમાંથી અથ અર્થ નિષ્પજા કરી શકાય તેમ નથી.

(૩) पुरू यत् ते इन्द्र सन्त्युक्था
गवे चकथोर्वरास युध्यन्।
ततक्षे सूर्याय चिदोकसि स्वे
वृषा समत्सु दासस्य नाम चित् ॥[૧૦૫]

અર્થાત્ "હે.... તારું વર્ણન કરનારા એક સૂક્તો છે તેમાં એજ વર્ણન છે કે તે ઉપજાઉ ભૂમિમાં પાણી વહેવા લાયક બનાવ્યા તે જ સૂર્યને પોતાના સ્થિર કર્યો તથા યુધ્ધોમાં દાસોના નામને નષ્ટ કર્યુ.

પ્રસ્તુત મંત્રમાં ઈન્દ્રની સ્તુતિ કરવામાં આવી છે. તેમાં ઈન્દ્રના કાર્યોની પ્રશંસા કરતાં કહ્યું છે કે ઈન્દ્ર બધા જ સૂક્તોમાં તારી જ પ્રશંસા છે ત સૂર્યને સ્થિર કરી શકે તેવો શક્તિશાળી છે. અને યુધ્ધોમાં દાસોના નામને પણ તે નષ્ટ કર્યુ છે. દાસજનો નો પ્રત્યે કેવો ભાવ છે. તે ઉપરોક્ત મંત્રોમાં જોવા મળે છે. તેના નામપ્રત્યે પણ ઈન્દ્રને નફરત હોય તેવું ઉપરોક્ત મંત્રમાં જોવા મળે છે.

(૪) *हिरण्ययुमत भागे ससान*
*हनवी दस्युन प्रार्य वर्णमावत् ॥*[૧૦૬]

હે.... ઈન્દ્ર તે અનેક પ્રકારના સોનાના અલંકાર તથા ભોગ પ્રદાન કર્યા, તથા દસ્યુઓને હણીને આર્યોની રક્ષા કરી.

પ્રસ્તુત મંત્રમાં સ્પષ્ટ રીતે આર્યો પ્રતયેનો પક્ષપાત સ્પષ્ટ રીતે જોવા મળે છે. ઈન્દ્ર આર્યોને ગાયોનું વિવિધ પ્રકારના આભૂષણોનું અને વિવિધ ભોગોનું દાન કરીને હમેંશા આર્યોનું કલ્યાણ જ કરે છે. કારણ કે આર્યો ઈન્દ્રની સ્તુતિ કરે છે. તેની સત્તા સ્વીકરે છે. જ્યારે દાસ દાસ્યુઓ તેનો વિરોધ કરે છે. આ મંત્રની સમજુતી સાતવેળકજી આ મુજબ આપે છે. ઈન્દ્રને દુષ્ટોને મારકર આર્યો કી ઉત્તમ રક્ષા કી. દાસ્યુ ઓર આર્ય યે દો પ્રકાર કે લોગ થે ઈનમેંસે દસ્યુઓ કો માર ઔર આર્યા કી સુરક્ષાકી.[૧૦૭] આમ્ આર્યો અને ઈન્દ્રને અનાર્યો પ્રત્યે પૂર્વગ્રહ હોય તેવું જણાય છે.

(૫) *विक्तस्मात् सीमधर्मां इन्द्र दस्युन् विशो*
*दासीरकृणोरप्रशस्ताः।*
*अबोधेयाममृणतं नि शतु*
*नविदन्देथामपेचितृं वधत्रैः॥*[૧૦૮]

હે..... ઈન્દ્ર તે જ આ દસ્યુઓને નીચા કર્યા તથા જે પ્રજા ગુલામ બની ને રહે છે. તેને નિન્દનીય બનાવ્યા. હે ઈન્દ્ર સોમ તમે બન્નેએ દુશ્મનો રોકયા અને શસ્ત્રોથી માર્યો. ન્યોર તમને આટલું સન્નમાન મળયું

પ્રસ્તુતમંત્રમાં સોમ અને ઈન્દ્રની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવી છે. તેઓ આર્યોને ખૂબ જ પ્રિય છે. આર્યો તેને બહુ સન્માન આપે છે. તેથી અર્યોનું હમેંશા તેઓ કલ્યાણ કરતાં રહે છે. આ મંત્રમાં પ્રયોજવામાં આવેલા બધા જ વિશેષણોમાં દાસ–દસ્યુઓ પ્રત્યેની કટૂભાવના પ્રબળ રીતે વ્યક્ત થતી જોવા મળે છે. તેનો વિસ્તૃત અર્થ જોઈએ તો –

- सी दस्युन वित्तस्मात् अधमान अकुणो – ઈન્દ્ર તે દસ્યુઓને બધાની નીચા કર્યા– અર્થાત્ આર્યો કરતા ઉતરતી કક્ષાના કર્યા તેના નગરો કિલ્લાઓ તેની ખેતી આદિ ભાંગી પડી તેથી તેઓ ચારે બાજુથી બેકાર બની ગયા તેમજ જે કાંઈ ધનસંપત્તિ હતી તે ઈન્દ્રે લુટી લીધી આ અર્થમાં ઉતરતી કક્ષાના કહ્યા છે.
- दासीः विशः अप्रशस्ताः अकुणो –દાસભાવવાળી પ્રજા –જે ગુલામ છે તેને નિંદા યોગ્ય બનાવ્યા. આનાર્યો દાસોને બધી રીતે લુંટી ચલાવી તેને ગુલામ પણ બનાવ્યા હોય એવું આ શબ્દો દ્વારા જાણવા મળે છે.

આ મંત્રનો સારાંશ આપીએ તો ઈન્દ્ર આર્યો માટે બધી જ વ્યવસ્થા કરીછે. જ્યારે આર્યત્તર–અનાર્ય પ્રજા પ્રત્યે કઠોરતા પૂર્વક તેનો વિરોધ અને વિનાશ કર્યો. તેનુ માન–સન્નમાન અને સંપત્તિ પણ લુંટી લેવાઈ હોય તેવું આ મંત્રમાંથી જાણવા મળે છે. એટલે જ ગુલામ પ્રજાને નિંદનીય ગણવામાં આવે છે.

(૬) *अकर्मा दस्युरभि नो अमन्तु*
*रन्यव्रतो अमानुष।*
*त्वं तस्या मित्रसहन्*
*वर्धदासस्ये दम्भय॥*[૧૦૯]

હે ઈન્દ્ર જો કર્મહીન, બધાનું અપમાન કરનારા, યજ્ઞાદિ કર્મોમાશૂન્ય આસુરીવૃતિ–વાળા દસ્યુઓ અમારી ચારે બાજુ પડ્યા છે તે દસ્યુજાનિ દંડ આપી નષ્ટ કરો.

પ્રસ્તુત મંત્રમાં દંસ્યુઓને દંડ આપી તેનો વિનાશ કરવાની કામના કરવામાં આવી છે. અહીં જાણે બે સંસ્કૃતિઓ વચ્ચે ભેદરેખા કરવામાં આવી હોય તેવું લાગે છે. (૧) આર્ય સંસ્કૃતિ અને બીજી દસ્યુઓની અનાર્ય સંસ્કૃતિ અનાર્ય લોકોની વાસ્તવિક સ્થિતિ આ મંત્રમાં રજુકરવામાં આવી છે. અહીં દસ્યુઓને અલગ–અલગ વિશેષણો આપવામાં આવ્યા છે. તેઓ વેદકન કર્મ કરતા નથી આર્યોના યજ્ઞાદિ કાર્યમાં વિ√ાસ ન હોવાથી તેને યજ્ઞકાર્યમાં સાથ સહકાર આપતા નથી તેમજ આર્યોના દેવતાઓમાં પણ તેને કોઈ જાતનો વિ√ાસ નથી. આર્યો જે પ્રવૃતિ કરે છે. તેનાથી તેઓ વિરૂધ પ્રવૃતિ કરે છે. કારણ કે તેની સંસ્કૃતિ અલગ હતી તેઓ 'શિશ્નદેવ'ની પુજા કરતા હતાં તેનો ઉલ્લેખ પણ ઋગ્વેદમાં છે.૭૨

આમ આર્ય અને અનાર્ય લોકોની સાંસ્કૃતિક ભિન્નતા તેના સંઘર્ષનું પાયાનું કારણ બતાવી શકાય તેથી આર્યો પોતાના નેતા ઈન્દ્રને કહે છે આવા દસ્યુઓને દંડ આપી તેનો વિનાશ કરો.

આ મંત્ર ૧૦ મંડળનો છે. પરંપરા ૧૦માં મંડળને ખૂબ જ અર્વાચીન ગણે છે એટલે કે ૧૦ મંડળની રચના થયા સુધીમાં તો આ બન્ને સંસ્કૃતિઓ વચ્ચે સમન્વય પણ ગઈ ગયો છતાં પણ અનાર્યો પ્રત્યેનો આર્યોને પુર્વગ્રહ આ પ્રકારના મંત્રોમાં જોવા મળે છે.

(૭) *अययेमि विचाकशद्*
*वियिन्वन् दासमार्दम् ॥*[११०]

આર્થત્ હું ઈન્દ્ર દાસોને દૂર કરતો અને આર્યોને શોધનો યજ્ઞમાં આવું છું.

પ્રસ્તુત મંત્ર ઈન્દ્રની ઉક્તિ છે તેઓ પોતે પણ આર્ય અને અનાર્ય વચ્ચે ભેદ રાખે છે. જ્યારે યજ્ઞાદિ થતાં હોય છે. ત્યારે ઈન્દ્ર ત્યાં આવીને આર્યોને આ કાર્ય બદલ કોઈ પણ મુશ્કેલી નું નિવારણ કરે છે અને તેને પ્રોત્સાહન આપે છે. આથી ઉત્સાહી બનેલા આર્યો આ પ્રકારના શ્રેષ્ઠ કાર્ય કરતાં કહે છે.

જ્યારે અનાર્ય દાસોને ઈન્દ્ર યજ્ઞોથી દૂર રાખે છે. આમ તો અનાર્યને યજ્ઞાદિ કાર્યમાં વિ√ાસ ન હોવાથી તેઓ આ પ્રકારના કાર્યો કરતાં નહિં છતા ઈન્દ્ર તેને આ યજ્ઞોથી દૂર રાખતો એવું સ્વમુખે કહે છે.

આ મંત્રમાં પણ દાસ અને 'આર્યળ' આ બનને શબ્દો જાતિવાચક અર્થમાં પ્રયોજવામાં આવ્યા છે.

(૮) *दासं वर्णमधरं गृहाकः ॥*[१११]

પ્રસ્તુત મંત્રાર્ધ બીજા મંડળનો છે તેના રીચયતા ઋષિ ગૃત્સમદ્ર છે. પરંપરા બીજા મંડળને પ્રાચીન માને છે. તેમાંથી આ મંત્ર લેવામાં આવ્યો છે.

આ મંત્રનો અર્થ એવો થાય છે જેણે સમગ્ર વિધને અડક કર્યુ અને દાસવર્ણને ગુચમાં ધકેલી લીધા. દાસ શબ્દ આ મંત્રમાં સ્પષ્ટ રીતે જાતિવાચક અર્થમાં પ્રયોજાયેલા છે. દાસો પ્રત્યે કૃરણા રાખવામાં આવતી તેનું પ્રતિબિંબ અહીં જોઈ શકાય છે.

આપણે આગળ નોંધ્યું તેમ ઋગ્વેદના અલગ મંત્રોમાં ૬૧ વખત દાસ શબ્દનો ઉપયોગ થયેલો છે. દાસજનો પ્રત્યે કુરતાપૂર્વક નો વ્યવહાર થતા તેનું સામાજિક અપમાન અન્ય રીતે જોવા મળે છે. સામાન્ય રીતે પરાજિત પ્રજાને દાસ તરીકે રાખવામાં આવતી અહીં આ પ્રકારના દાસ જનોને દૂર ગૂફાઓમાં ધકેલી દેવા માટેની ઈન્દ્રને પ્રાર્થના કરવામાં આવી છે. આચાર્ય સાયણ આ દાસોને વર્ણવ્યવસ્થાનો ચોથો વર્ગ માને છે.

**પ.૬) પારસ્પરિક વિરોધોની સમીક્ષા :**

ઋગ્વેદસંહિતામાં આવા ૐ મંત્રો પ્રાપ્ત થાય છે. પરંતુ વિસ્તાર ભયે તેનો ઉલ્લેખ અહી કરવામાં આવ્યો નથી, કેમ કે બધા જ મંત્રોમાં આ રીતે દાસ–દસ્યુઓ પ્રત્યે શોષણ, અપમાન તથા વિનાશની કામના કરવામાં આવી છે. આર્યો યજ્ઞપ્રિય હોવાથી તેણે ઈન્દ્ર દ્વારા આ દાસ–દસ્યુઓનું ધન પણ લૂટતા અમે તેના પ્રત્યે કૂરતા પૂર્વકનું વર્તન કરતાં હતાં.

આર્યો–અનાર્યો વચ્ચે આ પ્રકારનું વમનસ્ય શા માટે હતું. એક બીજા પ્રત્યે આ પ્રકારની કામના શા માટે કરતાં તેની ચર્ચા આગળના પ્રકરણમાં કરવામાં આવશે.

❑❑❑

१. ऋग्वेदसंहिता ॥१-८६-१२॥ पूर्वाध
२. ऋग्वेदसंहिता ॥१-८६-१२॥ उतरार्ध
૩. ऋग्वेदसंहिता ॥४-२८-३॥
४. ऋग्वेदसंहिता ॥५-३०॥॥
૫. ऋग्वेदसंहिता ॥१-१६१॥
૬. ऋग्वेदसंहिता ॥४-३०-१८॥
૭. ऋग्वेदसंहिता ॥६-४३-१॥
૮. ऋग्वेदसंहिता ॥१०-१०३-८॥
૯. प्राचीनभारत में हिन्दू राज्य-पृ. ५३
૧૦. ऋग्वेदसंहिता ॥८-५८-७॥
૧૧. ऋग्वेदसंहिता ॥६-७५-५॥
૧૨. ऋग्वेदसंहिता ॥१-८-२॥
૧૩. ऋग्वेदसंहिता ॥५-१८-४॥
૧૪. ऋग्वेदसंहिता ॥१-५२-८॥
૧૫. ऋग्वेदसंहिता ॥१-५७-२॥
૧૬. ऋग्वेदसंहिता ॥४-२२-२॥
૧૭. ऋग्वेदसंहिता ॥६-१७-१०॥
૧૮. ऋग्वेदसंहिता ॥८-६-६॥
૧૯. ऋग्वेदसंहिता ॥१-८०-२॥
૨૦. ऋग्वेदसंहिता ॥७-१८-१८॥
૨૧. ऋग्वेदसंहिता ॥६-७५-२॥
૨૨. ऋग्वेदसंहिता ॥५-५७-२॥
૨૩. ऋग्वेदसंहिता ॥१-३१-१५॥
૨૪. ऋग्वेदसंहिता ॥४-३७-४॥
૨૫. ऋग्वेदसंहिता ॥२-३४-४॥

૨૬. ऋग्वेदसंहिता ॥१-१३२-२०॥
૨૭. ऋग्वेदसंहिता ॥७-१८-१७॥
૨૮. ऋग्वेदसंहिता ॥६-६-५॥
૨૯. ऋग्वेदसंहिता ॥७-३८-१॥
૩૦. ऋग्वेदसंहिता ॥१-२५-१३॥
૩૧. ऋग्वेदसंहिता ॥३-५३-१९॥
૩૨. ऋग्वेदसंहिता ॥६-८६-३७॥
૩૩. ऋग्वेदसंहिता ॥२-१६-९॥
૩૪. ऋग्वेदसंहिता ॥१-३७-२२॥
૩૫. ऋग्वेदसंहिता ॥१-१३८-२॥
૩૬. જ્ઞાન ગંગોત્રી શ્રેણી–ભારતદર્શન ભાગ–૧, પૃ. ૪૨
૩૭. ऋग्वेदसंहिता ॥७-८३॥
૩૮. ऋग्वेदसंहिता ॥७-३३॥ ॥१७-१८॥

**૩૯.** વૈદિક સાહિત્યનો ઈતિહાસ, પાર્શ્વ પ્રકાશન, ૨૦૦૭, પૃ. ૭૩
**૪૦.** प्राचिन भारत मुं हिन्दु राज्य, बाबु वृदावनदास-पृ. ५३
**૪૧.** हिन्दू सभ्यता-डॉ. राधामुकुन्द मुखर्जी-पृ. ८३
**૪૨.** સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ, પ્રો. જિતેન્દ્ર દેસાઈ, પૃ. ૧
**૪૩.** ભારતદર્શન–ભાગ ૧ (આદીયુગ) જ્ઞાનગંગોત્રી શ્રેણી–પૃ. ૧૯
**૪૪.** वेदो में भारतीय संस्कृति पंडित आद्यदत्त ठाकुर, पृ. ४१०
**૪૫.** ऋग्वेदसंहिता ॥४-३०-१४॥
**૪૬.** ऋग्वेदसंहिता ॥२-१४-६॥
**૪૭.** ऋग्वेदसंहिता ॥२-१९-६॥
**૪૮.** ऋग्वेदसंहिता ॥२-१२-११॥
**૪૯.** ऋग्वेदसंहिता ॥४-२६-३॥

**૫૦.** ऋग्वेदसंहिता ॥५–३०–९॥

**૫૧.** ऋग्वेदसंहिता ॥१–५४–४॥

**૫૨.** ऋग्वेदसंहिता ॥४–२६–३॥

**૫૩.** ऋग्वेदसंहिता ॥१–८३–४॥

**૫૪.** ऋग्वेदसंहिता ॥१०–१०८॥

**૫૫.** ऋग्वेदसंहिता ॥१०–१०८–१०॥

**૫૬.** ऋग्वेदसंहिता ॥६–५१–१४॥

**૫૭.** વૈદિક માઈથોલોજી હિન્દી અનુવાદ–પૃ. ૩૦૭

**૫૮.** ऋग्वेदसंहिता ॥४–१६–१३॥

**૫૯.** ऋग्वेदसंहिता ॥१०–१९–११॥

**૬૦.** ऋग्वेदसंहिता ॥६–२०–७॥

**૬૧.** ऋग्वेदसंहिता ॥१–१०१–२॥

**૬૨.** ऋग्वेदसंहिता ॥१०–१३१–४॥

**૬૩.** ऋग्वेदसंहिता ॥५–३०–७/८॥

**૬૪.** ऋग्वेदसंहिता ॥१–५३–७॥

**૬૫.** अष्टाध्यायी ॥६–३–७५॥

**૬૬.** ऋग्वेदसंहिता ॥५–३०–७॥

**૬૭.** ऋग्वेदसंहिता ॥५–३०–८॥

**૬૮.** ऋग्वेदसंहिता ॥१०–१३१–४॥

**૬૯.** ऋग्वेदसंहिता ॥२–१४–६॥

**૭૦.** ऋग्वेदसंहिता ॥१०–१३१–४॥

**૭૧.** ऋग्वेदसंहिता ॥६–२०–६॥

७२. ऋग्वेदसंहिता ॥८-२०-१३॥

७३. ऋग्वेदसंहिता ॥४-३०-२१॥

७४. ऋग्वेदसंहिता ॥६-१८-८॥

७५. ऋग्वेदमंत्रसंहिता ॥१-३२-११॥

७६. ऋग्वेदमंत्रसंहिता ॥१-३२-९॥

७७. ऋग्वेदमंत्रसंहिता ॥१-३२-१०॥

७८. ऋग्वेदमंत्रसंहिता ॥४-१८-११॥

७९. ऋग्वेदमंत्रसंहिता ॥१०-२८-७॥

८०. ऋग्वेदमंत्रसंहिता ॥४-१८-११॥

८१. ऋग्वेदमंत्रसंहिता ॥१-३२-९॥

८२. ऋग्वेद का सुबोध भाष्य-भाग १, पृ. ७१

८३. ऋग्वेदसंहिता ॥६-४०-२१॥

८४. ऋग्वेदसंहिता ॥२-१४-६॥

८५. ऋग्वेदसंहिता ॥१-१०३-८॥

८६. ऋग्वेदसंहिता ॥१-१०४-३॥

८७. ऋग्वेदसंहिता ॥१-१०४-४॥

८८. ऋग्वेदसंहिता ॥१-१०४-४॥

८९. ऋग्वेदसंहिता ॥१-५३-८॥

९०. ऋग्वेदसंहिता ॥१०-४८-८॥

९१. ऋग्वेदसंहिता ॥१-५३-८॥

९२. ऋग्वेदसंहिता ॥१-१७४-७॥

९३. ऋग्वेद में इन्द्र-सुधा रस्तोगी-पृ. १६७

९४. ऋग्वेदसंहिता ॥१-३३-१२॥

**९५.** ऋग्वेदसंहिता ॥२-१३-८॥

**९६.** ऋग्वेदसंहिता ॥६-२०-११॥

**९७.** ऋग्वेदसंहिता ॥४-१६-१३॥

**९८.** ऋग्वेदसंहिता ॥७-१९-४॥

**९९.** ऋग्वेदसंहिता ॥९-१०१-१३॥

**१००.** ऋग्वेद में इन्द्र-सुधा रस्तोगी-पृ. ११९

**१०१.** ऋग्वेदसंहिता ॥४-३०-१४॥

**१०२.** ऋग्वेदसंहिता ॥१-१०३-३॥

**१०३.** ऋग्वेदसंहिता ॥२-११-४॥

**१०४.** ऋग्वेद का सुबोध भाष्य, भाग-२, पृ. २३

**१०५.** ऋग्वेदसंहिता ॥५-३३-४॥

**१०६.** ऋग्वेदसंहिता ॥३-३३-९॥

**१०७.** ऋग्वेद का सुबोध भाष्य, भाग-२, पृ. ८५

**१०८.** ऋग्वेदसंहिता ॥४-२८-४॥

**१०९.** ऋग्वेदसंहिता ॥१०-२२-८॥

**११०.** ऋग्वेदसंहिता ॥७-२१-५॥

**१११.** ऋग्वेदसंहिता ॥२-१२-४॥

OOO

# છઠ્ઠો અધ્યાયઃ

# સંઘર્ષ, સમન્વય અને સાંસ્કૃતિક ઉદય


૬.૧ પૂર્વભૂમિકા

૬.૨ આર્ય–અનાર્ય સંઘર્ષ

૬.૩ સંઘર્ષના કારણો

૬.૩.૧ અસ્તિત્વ માટેનો સંઘર્ષ

૬.૩.૨ સાંસ્કૃતિક ભિન્નતા

૬.૪ સંઘર્ષના અંતે સમન્વય અને પરિણામ

૬.૪.૧ બન્ને પક્ષોનો વિનાશ

૬.૪.૨ અનાર્યોની દયાજનક સ્થિતિ

૬.૪.૩ સામાજિક પરિવર્તન

૬.૪.૪ દેવતાઓની ઉપાસના

૬.૪.૫ યજ્ઞકાર્યનો વિકાસ

૬.૪.૬ નારી સન્માન

૬.૪.૭ આર્યોનું અધ્યાત્મચિંતન

૬.૪.૮ વિશ્વકલ્યાણની ભાવના

૬.૪.૯ સંસ્કૃત ભાષાનો વિકાસ

૬.૪.૧૦ સાંસ્કૃતિક સમન્વય

❍ પાદટીપ

## છઠ્ઠો અધ્યાયઃ

# સંઘર્ષ, સમન્વય અને સાંસ્કૃતિક ઉદય

### ૬.૧) પૂર્વભૂમિકા :

ઈ.સની અઢારમી સદીમાં પશ્રિમમાં ભાષા વિજ્ઞાનની શરૂઆત થઈ. તેઓ ભાષાઓનું વૈજ્ઞાનિક દષ્ટિથી સંશોધન થયા. તેમાં કેટલાંક વિદ્વાનોએ સંસ્કૃત ભાષાનું અધ્યયન કર્યુ. ત્યારે સંસ્કૃત ગ્રીક અને લેટિન આ ભાષા અત્યંત સામ્ય દેખાયું ત્યાર બાદ ભાષાઓ અને ભારતની ભાષાઓના તુલનાત્મક અભ્યાસો શરૂ થયા. એમાં જોવા મળ્યું કે ભારતીય સંસ્કૃત, હિન્દી, મરાઠી, તેમજ ઈટાલિયન ફ્રેંચ, સ્પેનિશ, ગ્રીક કેલ્ટીક સ્લાવ, આઈરિશ, લેટિન, ગ્રીક આ બધી ભાષામાં અત્યંત સમાનતા જોવા મળે છે. આથી આ ભાષાઓમાં લોહીનો સંબંધ જોઈ શકાય એટલે આ ભાષા પરિવારને ‘ભારોપીય–ભાષા પરિવાર’ એવું નામ આપવામાં આવ્યું. આ ભાષાઓના બોલનારો અત્યાનિક સામ્યના આધારે એવું સૂચવાયુ કે આ વિવિધ ભાષાઓ બોલનારો અત્યંત પ્રાચીન કાળમાં કોઈ એક જગ્યાએ રહેતા હતાં. પાછળથી તેઓ જ્યારે અન્ય પ્રદેશમાં સ્થિર થઈ રહેતાં હશે ત્યાંથી સ્થાનિક ભાષાના પ્રભાવથી અલગ–અલગ ભાષાઓ વિકસી હશે.

આ બધી ભાષાઓનો કોઈ માતૃભાષા હશે ભાષા વિદો તેનો આદિમ ભાષાને ‘ભારત–યુરોપીય’ ભાષા કરે છે. અને તે ભાષા બોલનારને ‘આર્ય’ કે ‘વિરોસ’ કહેવામાં આવે છે. પ્રાચીન ભારતીય આર્યો, ઈરાનીઓ અને જર્મનો એ મૂળ પ્રજાના શુધ્ધ વંશ જ હોવાનું કહેવાય છે.[૧] આ આદિમ ભારતીય–પ્રજાઓ ઊંચી, મોટા અંગવાળી લાંબા નાક, ભૂરી આંખો અને સોનેરી વાળ અને સફેદ ચામડી ધરાવતી આર્ય જાતિની હોવાથી સંભાવના મનાય છે, આ પ્રજા આદિમ સ્થિતિમાં ખાસ ઉચ્ચ કક્ષાની ભૌતિક સત્યના ખીલવી શકી ન હતી. પરંતુ સામાજિક દષ્ટિએ ખૂબ જ સંટઠીન પ્રજા હોવાનું જણાય છે.

આદિમ–ભારોપીય પુજા નું મૂળ નિવાસ્થાન ક્યું હશે તેના માટે કોઈ ચોક્કસ પ્રદેશ બનાવી શકાય તેમ નથી. મોટા ભાગના વિદ્વાનો રશિયામાં યુરોઝિયામાં સપાટ

પ્રદેશની દક્ષિણે આવેલી યુરલની પર્વતમાળા નો પ્રદેશ ભારત–યુરોપીય પ્રજાનું નિવાસ્થાન હોવાનું માને છે. કારણ કે આ પ્રદેશમાં જંગલી ઘોડાની વસ્તી હતી. આ લોકો કે ઘોડા પાળવાનો પ્રારંભ કર્યો આ શોખ તેની ભૌતિક સંસ્કૃતિના ઉત્કર્ષમાં એક મહત્વના સોપાન રૂપ સિધ્ધ થઈ શીધ્રગામી અ✓ તેને વાહન તરીકે મળતા દૂરના દેશો સાથે સંપર્ક શીધ્ર બન્યો અને અન્ય દેશો સાથે સંબંધોમાં તેમજ સાંસ્કૃતતિક પ્રસારમાં ક્રાન્તિ આવી.

આ પ્રજાની ટોળીઓ નવા નિવાસ્થાનથી શોધ કરતી પશ્ચિમ અને દક્ષિણ દિશા તરફ જવા લાગી. તેની શક્તિ અને સમયાનુસાર વર્તવાની કુનેહના લીધે બધી જ જગ્યાએ પોતાની સત્તા સ્થાપવા લાગ્યા. આવો એક સમુહ પૂર્વ પશ્ચિમ તથા યુરોપના પ્રદેશમાં સ્થિર થયો અને ધીમે ધીમે તેનું પ્રસારણ અન્ય દેશોમાં થાવ લાગ્યા. એટલે સુમાનિયા બગ્લેરિયા જેવા દેશોમાં થઈને એશિયામાઈનોર સુધીમાં તેનો વિસ્તાર થયો. આ સમુહા લોકોનો ત્યાંના રહિશો સાથે ભળી ગયા તેમણે તેમજ ભાષા એના ઉપર સ્થાપી આ સંપર્ક અને સમન્વય થતાં ગ્રીક સંસ્કૃતિનો ઉદય થયો.

આદિમ ભારોપી પ્રજાનો એક સમુહ ઈરાનમાં થઈ ખૈભરછાટ ના માર્ગે હિન્દીમાં પ્રવેશ્યો. જો કે ભારતમાં આર્યોનું સ્વાગમન ધીમી ગતિએ થયેલું જણાય છે. ભારતમાં આ સમયે દાસ, દરચુ જેવી જાતિના લોકો વસતા હતો. આર્યોનું આગમન ભારતમાં ક્યા સમયે થયું તેનો ચોક્કસ સમય બનાવવો મુશ્કેલ છે. આર્યોના આગમન સમયે ભારતમાં દવિડ અને ઓસ્ટ્રિક લોક વસતા હતા. આર્યોએ સૌ પ્રથમ દ્રવિડ લોકોને દાસ અને દસ્યુ તરફથી ઓળવ્યા હતાં. આ બન્ને જાતિએ સિંધુ ખીણની સંસ્કૃતિનો વિકાસ કર્યો હતો. આર્યોની સરખામણીએ તેઓ શાંત અને સમાધાન કારી વલણ ધરાવતા હતાં.

આમ આર્યોનું આગમન ધીમી–ગતિએ તથા પૂર્વ અયોજન વગર હિન્દમાં થયા છે. અહિં આવ્યા પછી અહિં સંસ્કૃતિ, વાતાવરણ ખેતી તથા સંપૂર્ણ પરિવેશ જોતા અહિં સ્થાયી થવાનું વિચાર્યુ હશે.

## ૬.૨) આર્યો–અનાર્ય સંઘર્ષ :

આર્યો જયારે ભારતમાં આવ્યા ત્યારે સ્થાનિક પ્રજા સાથે તેના સંઘર્ષ થયા આર્યોએ એ પ્રકારનું વાતાવરણનું નિર્માણ કર્યુ હતું કે તેઓ સતત શતુઓનો ડર લાગતો હતો. તેઓ પોતાના આરાધ્ય–દેવ લોકનેતા ઈન્દ્રને પ્રાર્થના કરતા કહે છે કે દેવ અમારા દુશ્મનો

અમારાથી દૂર રહો.[૨] આગળથી યા પાછળથી ઉત્તરથી કે દક્ષિણથી જે અમારા દુશ્મનો છે તેને હે ઈન્દ્ર તમે દૂર કરો.[૩] હે ઈન્દ્ર યજ્ઞના શતઓનો નાશ કરો.[૪] ચોરોની જેમ મુસાફરો નું ધન લુંટવાવાળા હે ઈન્દ્ર જો યજ્ઞ કરતા નથી તેનું ધન લુંટીને તે ધન યજ્ઞ કરનારાઓ ને આપી દો.[૫] તેમજ આર્યોનો વિરોધ કરનારા આ લોકો કાળા રંગના, નીચા કદના, વ્રતોનું પાલન નહી કરનારા અને ચપડાનાક વાળા અને લિંગપૂજક કહ્યા છે. આમે ચારે બાજુથી આ પ્રકારના શતુઓથી ઘેરાયેલા છીએ. તેનો નાશ કરો. આવી ઈન્દ્રને અનેક પ્રાર્થના કરવામાં આવી છે.

ઈન્દ્ર આર્યોના રાજા કે નેતા હતો. આર્યોને આગળ લાગવા તેમજ તેનું કલ્યાણ કરવું એ પણ ઈન્દ્રનું કાર્ય હતું. આથી ઈન્દ્ર આર્યોના કહેવાથી અનાર્ય લોકોનો ભયંકર રીતે વિનાશ કરવાની શરૂઆત કરી. ઋગ્વેદના મંત્રોમાં આ સંઘર્ષનું વર્ણન ઘણું વિશદ્ રીતે પ્રાપ્ત થયું છે. તે મુજબ જોઈએ તો દિવોદાસની મદદ કરવા માટે પર્વતરાજ શમ્બરના ૯૦ નગરોનો નાશ કર્યા. જ્યારે વર્ચિનના ૧૦ હજાર પુરો નો નાશ કર્યા. આર્ય રાજા સુદાસ કે દભિતીની સહાયતા કરવા માટે ઈન્દ્રે કર્ણજ અને પર્ણજ નો નાશ કર્યા. રાજા ઋજિ✓ાને સહાયતા કરવા માટે વૃગદના ૧૦૦ નગરોનો નાશ કર્યો. ઈન્દ્રે કાળા રંગના ૬૦,૦૦૦ દાસોની સૈન્યનો નાશ કર્યો. ચમુરિ નામના દાસ રાજાના ૬૦,૦૦૦ સૈનિકો સાથે તેનો વધ કર્યો. આમ ઋગ્વેદના મંત્રોમાં જોવા મળતો આર્યો અને અનાર્યોનો સંઘર્ષ ઘણો લાંબો અને ખૂનખરાબાથી ભરેલો છે.

આ સંઘર્ષની એક સારી બાબત એ બતાવી શકાય છે આ સંઘર્ષમાંથી દ્રવિડ પ્રજાએ કરેલ તેના વિરોધથી તેનું બળ–વૈભવ અને સબળ વિરોધના દર્શન થાય છે. જ્યારે જ્યારે આર્યોના ઝનુની અને આક્રમણકારી સ્વભાવના દર્શન થાય છે.

અહીં આપણો મુદ્દો એ છે કે આર્યો–અનાર્યો સાથે સંઘર્ષ થયો તેના પરિણામો શું આવ્યા ? તેના પાયાના કારણો ક્યા હતા તેની સમીક્ષા કરીએ

## ૬.૩) સંઘર્ષના કારણો :

આર્યો–અનાર્ય સંઘર્ષ એક શૌર્યકથા જ નહીં પરંતુ એક સંસ્કૃતિના વિસ્તરણની મુખ્ય કથા છે. પણ આ સંઘર્ષનું મુખ્ય કારણ શું હતું. તેની અહીં સમીક્ષા કરીએ.

**૬.૩.૧) અસ્તિત્વ માટેનો સંઘર્ષ :**

ઈ.સ. ૧૮૫૬માં જ્હોન મર્સલ દ્વારા રેલ્વે લાઈનો સ્થાપવા માટે વર્તમાન સિંધ પ્રદેશનું ખોદકામ થતું હતું. ત્યારે તેમાંથી જે અવશેષો મળ્યા તેને મોહેજોદડો અને હડપ્પા સંસ્કૃતિના હતાં. તેનો અર્થ 'મૃત કો ની ડેરી' એવો થાય છે. તેમાંથી જુદા–જુદા અવશેષો દ્વારા એવું જાણવા મળ્યું કે આ શહેરો સમુધ્ધ હતાં તેની નગર રચના આવાસ, નિર્માણ તથા રનાનાગર વગેરેનું નિર્માણ જોતા તે અત્યંત વૈભવિ રીતે બનાવેલા હતાં. વિદ્વાનોએ આ અવશેષો ને સિંધુખીણની સંસ્કૃતિ એવું નામ આપું.

સિંધુખીણની સંસ્કૃતિ કે અસુરી સભ્યતા સમૃધ્ધ હતી. આ પ્રકારની સભ્યતાનું નિર્માણ આદિમ ભારતમાં વસતી અનાર્ય જાતિના દાસ, ધરયું કે કિરાત અથવા નિષાદ જાતિએ કર્યુ હતું. એટલે આર્યોના આગમન સુધીમાં આ જાતિઓ સંપૂર્ણ રીતે સુવિકસીત અને પોતાનો ધર્મ અને સંસ્કૃતિથી સજજ હતી. આ જાતિઓના અલગ–અલગ લોકો પોત–પોતાના વ્યવસાય સાથે જોડાયેલા હતાં વેપાર, વાણિજય અને અને કૃષિનો પણ અત્યંત વિકાસ થયો છે. સિંચાઈ માટે સિંધુઘાટીની નદીઓ ઉપરા અનેક બંધો બાંધવામાં આવ્યા હતાં આ સંઘર્ષમાં ડૉ. સુધા રસ્તોગીનુ વિધાન અહી નોંધવા યોગ્ય છે. ''આજે પણ મોહેન્જા–દડો ને પશ્ચિમમાં અનેક એવા ધ્વસ્ત બંધો જોવા મળે છે જે સિંધુ ઘાટીમાં લોકોએ બનાવ્યા હતા.[૬] એનો અર્થ એ થયો કે અનાર્ય જાતિઓ એ ખેતીનો પણ પૂર્ણ રૂપમાં વિકાસ કર્યો સૌંદર્યમાં વસતી અનાર્ય પ્રજા પોતાના નીનિત્તા ના ધર્મને આધિન હતી. તેની સંસ્કૃતી અને તેની માન્યતાઓ અલગ હતી. બહારથી આવેલી આર્ય પ્રજા આવા પ્રદેશમાં પોતાની વર્ચસ્વ સત્તા કે કબજો મેળવવા માટે પ્રયત્ન કરે એ સ્વાભાવિક હતુ. એટલે આર્યોએ આ પ્રદેશમાં સ્થાન જમાવવું હતું. અને અનાર્યો પોતાનો પ્રદેશ પોતાનો વિસ્તાર અને પોતાની સંસ્કૃતી બચાવવી હતી. આ પાયાના કારણ માટે બન્ને વચ્ચે સંઘર્ષ થતો હતો.

આગળ આપણે નોંધ્યુ તેમ આર્યોનું આગમન ટોળીનો સ્વરૂપમાં થયું હતું. તેઓ માત્ર અ✓ સાથે અહીં આવ્યા હતાં. અહીંના ભવનો તેની રહેણી કરણી આ બધું જોતા તેના મનમાં આ પ્રદેશ વસી ગયો હોય અને કાયમી વસવાટ કરવાની ઈચ્છા થઈ હોય એટલે તેઓ અનાર્ય લોકોને પોતાને તાબે થાવ માટે પોતાનો સ્વીકાર કરવા માટે દબાણ આપું હશે. જ્યારે અનાર્યોએ તેને સાથે સમાધાન કરવાને બદલે તેનો વિરોધ અને પ્રતિકારા

કર્યો આથી બન્ને જાતિઓ વચ્ચે સંઘર્ષ થયો. પરંતુ આર્યો અનાર્યોની સરખામણીમાં ઓછી સંખ્યામાં હતાં. એટલે તેણે સર્વ શક્તિમાન એવા એક યોધ્ધાને રાજા નેતા તરીકે નિયુક્ત કર્યો અને તેની આગેવાની નીચે અનાર્યો સાથે નો સંગ્રામ ચાલું રાખ્યો. ઈન્દ્રના નેતા પદે અનાર્યો સાથેની લડાઈમાં આર્યો નો વિજય થયો. વિજય થતા આર્યોએ કદાચ અનાર્યોની મિલ્કત અને તેના ધન–સંપત્તિ પણ લૂંટી લીધા હોય એવું પણ બની શકે આમ આર્યો અને અનાર્યોનો સંઘર્ષ વર્તમાન ભારતીયો અંગ્રજો વચ્ચે ચાલતો એવો સંગ્રામ બતાવી શકાય. અંગ્રજોએ ભારતવર્ષમાં પોતાની સત્તા સ્થાપવી હતી. જ્યારે ભારતીયોએ પોતાનું સ્વરાજ્ય પ્રાપ્ત કરવું હતું. એટલે ભારતીયો અંગ્રજી શાસન અને સત્તાનો વિરોધ દર્શાવતા હતા. એની જેમ આર્યોએ સિંધુ ઘાટી અને ભારતવર્ષમાં પોતાની સત્તા સ્થાપીત કરવી હતી. જ્યારે અનાર્ય સ્વરાજ્ય ઈચ્છતાં હતાં તેથી આ બન્ને વચ્ચે સંઘર્ષ સંર્જાયો હતો.

### ૬.૩.૨) સાંસ્કૃતિક ભિન્નતા :

આર્ય–અનાર્ય સંસ્કૃતિઓ બન્ને એકબીજાથી વિરૂધ પ્રકારની સંસ્કૃતી છે. આ સંસ્કૃતિના ધરાકો પણ વિભિન્ન સ્વરૂપમાં જોવા મળે છે. આથી સાંસ્કૃતિક ભિન્નતા પણ સંઘર્ષનું કારણ બને છે.

અનાર્ય– કે દાસ દાસ્યું લોકો નીચા કદના, શ્યામ વર્ણના ચપટાનાક વાળા, યજ્ઞ ન કરનારા, થોડા કંજુસ, દાન ધર્મ ન કરનારા, દેવો ને ન માનનારા, શિશ્નદેવાની પુજા કરનારા તથા આવ્રતી તથા ખરાબ ભાષા બોલનારા હતાં. જ્યારે આર્યો આ બધાથી તદ્દન વિરુધ સ્વભાવના હતાં. આર્યો જેવા કે ઊંચા કદના, ચળકતા વાળવાળા, સફેદચામડીવા, ભુરી આંખો વાળા તેમજ દેવતાઓની સત્તા માનનારા યજ્ઞમાં વિ✓ાસ કરનાર તથા વિવિધ પ્રકારના વૃતો અને નિયમોનું પાલન કરનારા હતાં. આમ બન્ને ના વિચારો, માન્યતાઓ અને કાર્ય અલગ–અલગ હોવાથી બન્ને વચ્ચે સંઘર્ષ થતાં.

આર્યો યજ્ઞપ્રિય જાતિ હતી. પરંતુ આર્યો પાસે એટલા સાધનો કે સંપત્તિ નથી જ્યારે અનાર્યો પાસે તમામ સાધનો અને સંપત્તિ છે પણ તેને યજ્ઞમાં રસ નથી. એટલે આ પ્રકારના યજ્ઞ ન કરાનાર લોકોના વધની કામના કરવામાં આવી છે. તેમજ યજ્ઞો કરતાં નથી એમનાં માટે કહેવાયું છે તેઓ યજ્ઞ કરતાં નથી તેથી હે ઈન્દ્ર તેમનું ધન લુંટીને જે યજ્ઞો કરે છે. તેઓને આપી દો.

સિન્ધુ સભ્યો ના લોકો અ✓થી અપરિચિત હતાં જ્યારે વૈદિક આર્યો અ✓પ્રિય હતાં. આર્યો માટે ગાય માતા સમાન હતી. જ્યારે વૃષભને શ્રેષ્ઠ માનતા. ધાર્મિક ક્ષેત્રમાં પણ તેઓ માતૃદેવી તથા સર્પૂ પૂજક હોય તેવું જણાય છે. વૈદિક આર્યો અગ્નિ પૂજક હતા. જ્યારે અનાર્યો મૂર્તિ પૂજક હતાં. આ ઉપરાંત અનાર્યો શિશ્નદેવોની પૂજા પ્રચલિત હતી. એક મંત્ર અનુસાર જોઈએ તો न यादव इन्द्र जुजूवेनो न वन्दना सविष्ठ धधामिः। स शर्धदयो विष्णुस्य जन्तो मा शिश्नदेवा अपि गुर्ऋतं नः ॥[७] અર્થાત્ હે ઈન્દ્ર રાક્ષસ અમારું ધન ન લુટે હે બળશાળી વીરા અમારા આન્તરીકશતુઓ જ્ઞાનના સાધનોથી અમારો વધ ન કરે તે આર્ય ઈન્દ્ર વિષમ મનુષ્યો પર પણ સતા ચલાવવાની ઈચ્છા કરે છે. શિશ્નપૂજક અને બ્રહ્મચર્યનું પાલન કરનાર અમારા યજ્ઞની પાસે ના આવે છે. આ મંત્રમાં અનાર્યઓ  દેવતાની વાત કરવા માં આવી છે. તેઓ અશિશ્નદેવો –'લિંગયોનિ' ની પૂજા કરનારા છે તેમજ તેઓ બ્રહ્મચર્ય નું પાલન પણ કરતાં નથી. જ્યારે આર્યો દેવતાઓની પૂજા કરે છે. અને બ્રહ્મચર્યનું પાલન કરનાર છે.

આ ઉપરાંત આર્યોનું સૌથી મહત્વનું લક્ષણ હોય તો દેવતાઓમાં શ્રધ્ધાં પ્રકૃતિના વિવિધ તત્વોમાં દેવત્વનું આરોપણ કરીને તેઓની અનન્ય ભાવે અને શ્રધ્ધાથી ભક્તિ કરવી એ આર્યોની શ્રધ્ધાનું પ્રતિક છે. આર્યો પ્રકૃતિના વિવિધ તત્વોના ગુણગાન ગાતા તેની પાસે અલગ–અલગ યાચનાઓ કરે છે. જેમ કે ઈન્દ્ર તું અમોને ધન આપ, ગાયો આપ, અમને પુત્ર–પુત્રોઓ અને ઉત્તમ આભૂષણો આપ, જ્યારે અનાર્ય જાતિના કોઈ લોકો આવી યાચના કરતા જોવા મળતા નથી. એનો અર્થ એ થાય કે દેવતાઓ માં તેને બિલકૂલ વિ✓ાસ નથી.

આમ વિભિન્ન સંસ્કૃતિના કારણે મતભેદ ધરાવતા આર્યો–અનાર્યો વચ્ચે શરૂઆતના તબ્બકે સંઘર્ષો થયા હશે તેનું પ્રતિબિંબ વેદોમાં પડે છે. આર્યો ને પોતાના રિવાજો માન્યતાઓ પ્રિય હતાં, જ્યારે અનાર્યો પોતાની સંસ્કૃતિ વહાલી હતી. આથી પોત–પોતાના વિચારો છોડીને બીજી સંસ્કૃતિમાં ભળી જવું એ સહેલું નથી. આથી સાંસ્કૃતીક ભિન્નતા પણ આ સંઘર્ષો મુખ્ય પાયો ગણાવી શકાય.

આમ અસ્તિત્વ માટે તથા સાંસ્કૃતિક ભિન્નતા આ સંઘર્ષન કારણો બતાવી શકાય. આ સંઘર્ષમાં આર્યોનો સતત વિજય થતો રહ્યો છે. તેનું કારણ કે આર્યો સંગઠીન હતાં અને ઈન્દ્ર જેવા નેતા સાથે હતો. જ્યારે અનાર્યોમાં સંગઠન ન હતાં જ્યારે આર્યો અનાર્યોની

અપેક્ષાએ ભૌતિક રીતે ઊતરતી કક્ષા હતા લડાયક ગુણોમાં અને વ્યવસ્થામાં તેમજ અનુભવ અને વ્યવહાર બુધ્ધિમાં ચડીયાતા હતા. એટલે અનાર્યો પર છુટક–છુટક વિજય પ્રાપ્ત કર્યા. અસંખ્ય અનાર્યોની હત્યા કરવામાં આવી અને જેવો જીવીત રહ્યા તેને દાસ તરીકે રાખવામાં આવ્યા આમ આર્યો પણ ઘણું નુકસાન સહન કરવું પડ્યું હશે અનાર્યોની વસાહનો યથાવત્ તેના સથમાં આવ ગઈ હોય એવું બનતું નથી. એટલે તેણે ઘણાં કષ્ટો પણ સહન કરી. સિધુઘાટીમાં પોતાની વિજય પતાકા લહેરાવી વિન્દય પર્વત સુધી સમગ્ર ઉત્તર ભારતમાં ફેલાઈ ગયા ત્યારે તેને 'આર્યાવત્' કહેવા લાગ્યા.

### ૬.૪) સંઘર્ષના અંતે સમન્વય અને પરિણામ :

આર્યો અને અનાર્યો નો સંઘર્ષ લાંબા સમય સુધી ચાલ્યો હતો. તેમાં અનાયોની સ્થિતિ કદાચ વધુ દયાજનક થઈ હશે એમ સામા પક્ષે આર્યોએ પણ ઘણું સહન કરવું પડ્યું હશે. છતાં અમુક સમય પછી બન્ને વચ્ચે સમાધાન થયું છે. અને બન્ને સંસ્કૃતિઓ વિમન્વય થયો હશે બંને પ્રજાઓની પ્રજાઓમાં જાતિમિશ્રણ પણ થયા અંતે તેમની સભ્યતા એમના વિચારો, ભાષાઓ અને ધર્મોનો સમન્વય સંધાયો તેમાંથી તેમાંથી ભારતીય પ્રજા અને હિદુ ધર્મ તેમજ હિન્દુ સંસ્કૃતિ પ્રગટયા.

આ સમગ્ર પ્રક્રિયામાંથી પાંગરેલી સમન્વિય સંસ્કૃતિમાં આર્યો અને આર્યેત્તર પ્રજા પોતા–પોતાનું યોગદાન આપી એક યુગની શરૂઆત કરી. તેના પરિણામો આ મુજબ બતાવી શકાય

### ૬.૪.૧) બન્ને પક્ષોનો વિનાશ :

કોઈ પણ યુધ્ધ હોય તેના સંભવિત સારા પરિણામો હોય પરંતુ તેનું તાત્કાલિક પરિણામ વિનાશ હોઈ શકે આર્ય–અનાર્યો ના આ મહાસંગ્રામ વિનાશની કલ્પના એક ધ્રુજારી ચડાવે તેવી છે. આનાર્યો છુટક–છુટક અને અસંગઠીન હોવાથી તેનો વિનાશ વધારે બતાવવામાં આવ્યો છે. વેદમંત્રો અનુસાર જો સંખ્યા ગણવામાં આવે તો આંકડો કરોડો સુધી પહોંચી એમ છે. જેમ કે વર્ચિનના ૧૦,૦૦૦૦ પુત્રો, કૃષ્ણ નામના અસુરના ૫૦,૦૦૦ સૈનિકો ચમુરિના ૬૦,૦૦૦ દાસો અંસુમત્તિ નદીના કિનારે રહેતા કૃષ્ણ ના ૧૦,૦૦૦ હજાર સૈનિકો – આમ એકદરે આટલા માણસોની હત્યા ઈન્દ્ર દ્વારા કરવામાં આવ્યાનું વંદમંત્રોમાં કહેવામાં આવ્યું છે. આ ઉપરાંત બીજા અનેક અનાર્ય લોકોને 'દાસ'

તરીકે રાખવામાં આવ્યા તે અલગ આ રિપોર્ટ તો અનાર્ય લોકોની જાન હાનિના છે. તેની મિલ્કતોને કેટલું નુકસાન થયું હશે તેનો અંદાજ તો વેદમંત્રો મંત્રોમાંથી મળે છે. તેમનું મોહેન્જો–દડો અને હડપ્પાના અવશેષો પણ બનાવે છે. એક સુવ્યસ્થિત અને વૈભવી નગરસંસ્કૃતિનો વિનાશ કરવામાં આવ્યો છે.

સામાપક્ષે આર્યો એ પણ નુકસાન ભોગવવું પડ્યું હશે પરંતું તેની વિશેષતા એ હતી કે તેઓ સંગઠીન અવસ્થામાં હતાં અને ઈન્દ્ર જેવા શક્તિશાળી યૌધ્ધાનો સહકાર પ્રાપ્ત થયો હોવાથી આર્યોના પક્ષે ઓછો વિનાશ થયો હશે જો કે વેદમંત્રોમાંથી આર્યોના વિનાશ ના ઉલ્લેખો પ્રાપ્ત થયા નથી.

આમ સંગઠીન અને લડવાનાં અશક્ત નરમ પ્રકૃતિની અનાર્ય પ્રજાનો આર્ય પ્રજા સામે પરાજય થયો અને અ સંગ્રામની તેને ભારે કિંમત ચુકવણી પડી.

**૬.૪.૨) અનાર્યો ની દયાજનક સ્થિતિ :**

આર્યોએ એક જ સૂત્ર અપનાવ્યું હતું दासवर्णं अधरः ग्रहाशकः। ૨–૧૪–૪ –આ મંત્ર જ બનાવે છે. અનાર્ય લોકો પ્રત્યે ક્યાં પ્રકારનું વર્તન કરવામાં આવતું કેટલાંક અનાર્યોની હત્યા કરવામાં આવી જ્યારે કેટલાકને દાસ બનાવવામાં આવ્યા અને કેટલાંક લોકો વસાહતોથી દૂર જંગલોમાં છૂપાઈને રહેવા લાગ્યાં. વળી ઈન્દ્ર પણ અનાર્ય કે દાસોને પોતાનાથી દૂર રાખવા પ્રયત્ન કરે છે. તેનો સ્વમુખે કહે છે. હું દાસ દસ્યુંઓને દૂર કરતો અને આર્યો ને શોધતો યજ્ઞ સ્થળે આવું છું. આર્ય માત્ર અનાર્ય ઉપર વિજય પ્રાપ્ત કરીને તેના સ્વામી બનીને રહેતા નથી પરંતું તેનું અસ્તિત્વ પણ મિટાળી દેવાની કામના કરતા જોવા મળે છે. આની સાક્ષી વેદમંત્રો જ આપે છે. હે ઈન્દ્ર દાસોની સાથે યુધ્ધ કરીને તેનું નમ પણ મિટાળી દીધું મેં દસ્યુ જાતિને ‘આર્ય’ જેવા નામથી વંચિત રાખ્યા. મે (ઈન્દ્ર) દાસજાતિ નું નામ પણ મિટાળી દીધુ. આમ આર્ય એ આદિમ–ભારતીયોને પોતાનું પણોનો અહેસાસ પણ થવા દિધો નથી. તેને પરાજીત થયા પછી કોઈ પ્રકારના અધિકારો આપવામાં આવ્યા નથી. પશુઓની જેમ તેમનું શોષણ અને તેની ઉપર શાસન કરવામાં આવ્યું છે.

મોહેન્જો–દડો અને હડપ્પા તથા ધોલાવીરા જેવા સંશોધને પુરાતાત્વિક નિર્દેશ એવો મળે છે. કે તે નગર સભ્યતા બીજુ કાંઈ નહી પરંતુ વિપુલ ધનસંપત્તિ અને વ્યાપાર વ્યવસ્થાનું ફળ હતું. મોટા–મોટા નગરો, લાખો લોકોના શ્રમથી ચમકતા મીનારા,

શીલ–મહોરે ધાનુમય મૂનિ, પથ્થરો અને પાકી ઈંટો વગેરે સન્દેહાતીન રૂપમાં શામન્નવાદી અને પુજાતંત્રીય વ્યવસ્થાના થી વચ્ચે, આર્થીક સંરચનાની કહાની છે. આવી જાહોજલ્લાદી ભોગવનાર અનાર્ય પ્રજા મહાન હતી આ ભારતવર્ષના સુજલા સુફલા દેશના તેઓ સ્વામી હતાં. તેને આ બધુ છોડી અને ઈન્દ્રના તાબે થવું પડ્યું અને જો ઈન્દ્રની સત્તાનો ન કરે તો તેની સજાયે મોત મળતી.

આમ આ મહાસંગ્રામમાં અનાર્યો અત્યંત દયાજનક સ્થિતિમાં મુકાયા હતા.

**૬.૪.૩) સમાજિક પરિવર્તન :**

વિ✓ની પ્રજા ઉપર વિજય પ્રાપ્ત કરનારી આર્ય પ્રજાઓ અનાર્ય પ્રજા પણ વિજય મેળવી લીધો. તેઓ સંખ્યાની દષ્ટિએ ઓછા હતાં. આથી આ પ્રદેશમાં પ્રર્વતમાન વાતાવરણને પરિણામે સુવ્યવસ્થિત જીવનરીતિઓ સ્વીકાર કરવો એમ ને માટે આવશ્યક બન્યો હતો. ધીમે ધીમે આર્યોએ પોતાની જીવન સિધ્ધાંતો અને લાક્ષણિકતાઓનો ત્યાગ કરવો પડ્યો. તેમનું ધીમી ગતિએ ભારતીય કરણ થયું આ ભારતીય કરણની વ્યવસ્થાનો આધાર આર્યોની સમાજ વ્યવસ્થા રહ્યો. અને મોટા ભાગના અનાર્ય લોકો આર્યો એ ગોઠવેલી સમાજ વ્યવસ્થામાં સામેલ થઈ ગયા. આર્યો અને અનાર્યોની મિશ્રિત સંસ્કૃતિમાં ઉપ્લાક સમાજિક પરિવર્તન થયા જેમ કે આર્યોના આગમન પહેલા ભારતમાં માતૃપ્રથા પ્રચલિત હતી. આર્યોએ અહીં પિતૃપ્રધાન કુટુંબપ્રથા અપનાવેલી અને મોટાભાગના અનાર્ય લોકોએ એ પ્રથા સહજ રીતે અપનાવી લીધી.

આર્યો નું સૌથી સામાજિક પ્રદાન તો એ છે કે સમાજ અને વ્યક્તિને નજરમાં રાખીને આશ્રમની વિભાવના એ ભારતીય સંસ્કૃતિનુ મળેલી આર્યોને વિશિષ્ટ ભેટ છે. કર્મના કોઈપણ પાસાનો વિચાર કર્યા વગર વ્યક્તિની ભૌતિક અને આધ્યાત્મિક આકાંક્ષા સિધ્ધ કરવાનો ઉત્તમ વિચાર આશ્રમ વ્યવસ્થામાં રહેલો છે.

તપોવન શિક્ષણ પધ્ધતિ એ પણ આર્યોની અનુપમ ભેટ છે. તપોવનોમાં સામાન્ય–અનાર્ય માણસ અને રાજપુત્રો એકી સાથે અભ્યાસ કરતાં ત્યાંના સુંદર વાતાવરણમાં આધ્યાત્મિક અને લૌકિક સમયસ્યાઓનું ચિંતન થતું હતું. આથી આ આશ્રમો જ્ઞાનના કેન્દ્રસમા બની ગયા.

સમાજિક પરિવર્તન નાં પ્રવાહમાં આર્યોને અનાર્ય પાસેથી ઘણો વારસો મળયો. જે આર્યોના સામાજિક ઈમારતના પાયારૂપ ગણાય છે. કથાનકો, દંતકથાઓ, યોગસાધના, શિવભક્તિ જેવા ધાર્મિક વિચારો અનાર્ય પ્રજાની દેણ છે.

આમ આર્ય–અનાર્ય સંસકૃતિના સમન્વયથી ઘણા સમાજિક પરિવર્તનો થયા તેમાં બન્ને પ્રજાનું યોગદાન રહ્યું. બન્ને પ્રજાના સારા પાસાઓમાંથી એક ગળી સમાજવ્યવસ્થામાં અસ્તિત્વમાં આવી

### ૬.૪.૪) દેવતાઓની ઉપાસના :

સમગ્ર ઋગ્વેદસંહિતામાં ૧૦૫૨૮ મંત્રો આવેલા છે. તેમાંથી મોટાભાગના મંત્રો એટલે લગભગ ૯૦૦૦ મંત્રોમાં વિવિધ દેવ–દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના કરવામાં આવ્યા છે. આર્યો પ્રકૃતિપ્રિય પ્રજા છે. પ્રકૃતિના જે તત્ત્વને જોયું તે તત્ત્વ તેના મનમાં વસી ગયું અને તેના ઉપર દેવન્યનું આરોપણ કરીને તેની પૂર્ણશ્રધ્ધાથી ભક્તિ કરવા લાગ્યા. પરિણામે ઋગ્વેદના મોટા ભાગના મંત્રોમાં દેવતાની સ્તુતિ પ્રાર્થન કે યાચના જોવા મળે છે. પરંતુ આ દેવતાઓની ઉપાસનાનો આર્યો કરતાં હતા. પરંતું સંઘર્ષના અંતે બન્ને વચ્ચે સમન્વય થતાં એકબીજી સંસ્કૃતીના સિધ્ધાતો એકબીજાએ સ્વીકારી લીધા.

આપણે આગળ નોંધ્યું તે પ્રમાણે અનાયે લોકોને વૈદિક દેવતાઓમાં વિ⁄ાસ ન હતો. પરંતુ તેઓ શિશ્નદેવા ની પૂજા કરતા હતા. સિંધુખીણની સંસ્કૃતિમાંથી મળેલા અવશેષો પણ તેની સાક્ષી પુરે છે. આર્યો આ પધ્ધતિ પણ અપનાવી લીધી પરંતુ તે માન્યતાને મૂળમાંથી પરિવર્તન કરી લીધી લિંગયોનિની પૂજા ને આર્યો એ શિવ–શક્તિના રૂપમાં ફેરવી નાખી આર્યો અને અનાર્યોના સમન્વયથી કેટલાક વૈદિક દેવતાઓનો નાશ થયો અને કેટલાક નવા દેવતાઓની કલ્પના કરવામાં આવી. ઈન્દ્ર, વાયુ, અગ્નિ, આદિ ઋગ્વેદના દેવતાઓનો પ્રભાવ અને મહત્વ ઘટવા લાગ્યું અને નવા દેવતાઓનું મહત્વ વધતું ગયું. બીજી બાજુ ઋગ્વેદ માં ઢદોઃ ગણતાં તેને 'શિવ' નું સ્વરૂપ આપીને તેનું મહત્વ વધ્યું. આ ઉપરાંત બ્રહ્માજી, ગણેશ, ઉમા, સરસ્વતી જેવી વિવિધ દેવીએ ની કલ્પના પણ કરવામાં આવી. તેના ઉપાસના વિધિઓમાં પણ વિવિધતા જોવા મળે છે.

## ૬.૪.૫) યજ્ઞકાર્ય નો વિકાસ :

વિ✓નું પ્રાચીન સાહિત્ય એ વૈદિક સાહિત્ય છે. તેમાં ચાર સંહિતા સૌથી પ્રાચીન માનવામાં આવે છે. તેમાં પણ ઋગ્વેદસંહિતા ના ૨ થી ૮ મંડળો સવિશેષ પ્રાચીન માનવામાં આવ્યા છે. ઋગ્વેદના બધા જ મંડળોની મંત્ર સંખ્યા ૧૦૫૨૮ છે. જ્યારે તેમાંથી મોટાભાગના મંત્રોમાં એટલે કે ૯૦૦૦ મંત્રો દેવાઓની સ્તુતિ પરક છે. બાકીના મંત્રોમાં સામાજિક સમસ્યાઓ દુષણો અને તેનું નિવારણ આપવામાં આવ્યું છે. એટલે ઋગ્વેદમાં યજ્ઞોનું વિધાન કરવામાં આવ્યું નથી. પરંતુ ઋગ્વેદકાલિન આર્યોને યજ્ઞકાર્ય પ્રિય હોય તેવું ઋગ્વેદના મંત્રોમાં જોવા મળે છે. અલગ–અલગ મંત્રોમાં ઈન્દ્ર, અગ્નિ વગેરે દેવતાઓને યજ્ઞમાં પધારવા આહ્વાન કરવામાં આવે છે. અને યજ્ઞકર્તા છે. તેઓ કોઈપણ અશક્ય કામ ઈન્દ્ર દ્વારા પૂર્ણ થાય છે. તેમજ જે અનાર્ય છે જેઓ યજ્ઞ કરતા નથી તેઓનું વર્ણન પણ પ્રાપ્ત છે. એટલે ઋગ્વેદમાં જે આર્યો યજ્ઞપ્રિય છે. જ્યારે અનાર્ય યજ્ઞકાર્યની વિરૂધની પ્રજા છે. તેવું બનાવવામાં આવ્યું છે. એટલે ઋગ્વેદના સમય સુધી તો યજ્ઞોનો વ્યાપક રીતે સ્વીકાર થયો હોય તેવું માન શકાય તેમ નથી પરંતુ બ્રાહ્મણકાળમાં યજ્ઞોનો પૂર્ણ વિકાસ થયો હશે તેથી યજ્ઞોના વિવિધ પ્રકારો વગેરેનું વિસ્તૃત વર્ણન બ્રાહ્મણ ગ્રન્થોમાં જોવા મળે છે. તેનો અર્થ એ થયો કે સંહિતા કાળ પછીના સમયમાં આર્યો–અનાર્યો ના સંઘર્ષ પછી સદીઓ વિતી ગયા પછી બધા જ લોકોએ સમાન રીતે યજ્ઞો કરવાની શરૂઆત કરી હશે એટલે આટલી વિસ્તૃત રીતે તેનું વર્ણન જોવા મળે છે.

બ્રાહ્મણ ગ્રન્થોમાં કુલ મળીના એકવીસ પ્રકારના યજ્ઞોનુંવિધાન બનાવવામાં આવ્યા છે. આ યજ્ઞો જેવા કે अग्निय्येम यज्ञ, अत्यगिनष्टोम, उक्ध्य, षोडशी, वाजपेय, अतिराग, आप्तोर्याम अग्निहोत्र, दशपूर्णमास, आग्रयण, चार्तृमास, निढढ पशुप्रबन्ध, सौगमणी पिण्डपिठ, औपासना, होम, वैक्तदेव, पार्वण, अष्टका, मासिकश्राध, श्रवणा, અને शूलगाव તેમજ યજ્ઞના પાંચ મુખ્ય સાધનોનું પણ વિસ્તૃત વર્ણન મળે છે. તે પાંચ સાધનો એટલે– (૧)देवताः યજ્ઞમાં કોઈ પણ દેવતાનું આહવન કરવામાં આવે છે. એ દેવતાઓની સૃષ્ટિ આદિકાળથી ઉત્પન્ન થયેલી છે. એ દેવતા વગર યજ્ઞ થઈ શકતો નથી. (૨) હોમવાનું दव्य : દેવતા માટે યજ્ઞમાં આહુતિ માં આપવામાં આવતા ધાન્યને હવિદવ્ય કહેવાય છે. આ દેવતાઓ યજ્ઞમાં આવીને પોતાનો ભાગ આરોગે છે. તેથી अग्निमुखाः वै दवाः– કહેવામાં આવે છે. યાજ્ઞિક લોકો એવું માને છે કે

યજ્ઞમાં અગ્નિ માં હોવામાં આવેલી આહુતિ અમૃત રૂપી બની જાય છે. અને દેવતાઓમાં તેને આરોગે છે. (૩) મન્ત્ર: એટલે દેવતાઓને યજ્ઞમાં આવે છે. (૪) ઋત્વિજ યજ્ઞ કરવા માટે ચાર પ્રકારના ઋત્વિજ અનિવાર્ય છે. જેમાં હોના, અધ્વર્પ્ર, ઉદ્ગાતા અને બ્રહ્મા આ ચાર ઋત્વિજો વગર યજ્ઞકાર્ય સંપન્ન થતું નથી. (૫) દક્ષિણા: યજ્ઞના અંતમાં યજ્ઞકર્તા યજમાને આ ચારે પ્રકારના ઋત્વિજોને વિવિધ પ્રકારની દક્ષિણા આપવી પડે છે.

આ પાંચ અંગો વડે યજ્ઞનું કાર્ય સમ્પન થાય છે. જો આ આ પાંચ અંગોમાંથી એકાદ પણ પોતાના કાર્યોમાં ભૂલ કરે તો યજ્ઞોનું ઈચ્છીત ફળ મળતું નથી.

આમ યજ્ઞ ભાવનોના વિકાર ઉતર વૈદિકકાળમાં વધે વિસ્તૃત રીતે જોવા મળે છે. એટલે કે સાર્વત્રિક રીતે લોકો યજ્ઞ કરતાં તેમજ આત્મ સુધ્ધિ, દેહશુધ્ધિ તેમજ સ્વર્ગની પ્રાપ્તિ માટે પણ યજ્ઞ કરવામાં આવતા.

**૬.૪.૬) નારી સન્નમાન :**

ઋગ્વેદસંહિતાના મંત્રોમાં નારી–સ્ત્રી વિષયક ૧૦ મંત્રો જોવા મળે છે. જ્યારે પ્રથમ મંડળના ૧૭૧માં સૂક્તોના મંત્રોનું દર્શન લોપામુદ્રા નામની સ્ત્રી ઋષિકાએ પોતાના પતિ અગસ્ત્યની સાથે કર્યુ છે. અપાલા અને રોમશા તથા ઘોષા પણ સ્ત્રી ત્રિષકાઓ છે તેણે પણ ઈન્દ્રનું સ્તવન કર્યુ છે. પરંતુ આ સ્ત્રીઓ તો પોતાની સમસ્યામાંથી મુક્તિ મેળવા માટે ઈન્દ્રને પ્રાર્થના કરતી હોય એવું લાગે છે. છતાં પણ એટલું જરૂર કહી શકાય કે આર્ય સ્ત્રીઓ શિક્ષત હતી. અને આ રીતે પોતાની રીતે મંત્રોનું સર્જન કરી શકે તેમ હતી. જ્યારે અનાર્ય સ્ત્રીઓ વિશેને કોઈ ઉલ્લેખો પ્રાપ્ત થતાં નથી. માત્ર બે મંત્રોમાં કુવયવ અને નમુચિની સ્ત્રીઓના ઉલ્લેખો ઋગ્વેદમાં મળે છે. તે અનુસાર જોઈએ તો કુવયવ ની બે સ્ત્રીઓ ક્ષિપ્રા નદીના પાણીમાં સ્નાન કરે છે. તેને ડૂબી મરવાની કામના કરવામાં આવી છે. જ્યારે નમુચિએ સ્ત્રીઓએ સ્ત્રીઓનું સૈન્ય બનાવી ઈન્દ્રની સામે યુધ્ધ કરવા માટે મોકલે તી હતી.

ઋગ્વેદસંહિતામાં ૧૦ મંત્રોમાં જે સ્ત્રીની સ્થિતી રજુ કરવામાં આવી છે તે આ મુજબ બતાવી શકાય આર્યોની માન્યતા અનુસાર દિકરીના, પત્નીના કે માતાના રૂપમાં સ્ત્રી સન્નમાન પાત્ર છે. સ્ત્રીને સહધર્મચારિણી ગણીને કોઈ ઉત્સવ કે મહત્ત્વના કાર્યમાં તેને સાથે લઈ જવામાં આવતી ગૃહની માત્ર સ્વામી નહી પરંતુ તેનો પતિઉપર પૂર્ણ

અધિકાર રહેતો પતિ એજ સ્ત્રીઓ માટે સર્વ શ્રેષ્ઠ માનવામાં આવતો જોકે બુહપત્નીત્વની પ્રજા હોય એવા પુરાવાઓ પણ ઋગ્વેદમાંથી પ્રાપ્ત થાય છે. રાજાઓ ચાર પત્ની રાખી શકાતા મહર્ષિ યાજ્ઞવકવ્યને બે પત્નીઓ હતી. ત્રસદસ્યુ નામના કુમારે પૌઢકુત્સની ૫૦ કન્યાઓ સાથે લગ્ન કર્યાના ઉલ્લેખો મળે છે. કન્યા બાળપણમાં પોતાને પિતાને આધીન તથા વિવાહબાદ પોતાને પતિને આધિન રહતી. નૈતિક્તાનું સ્તર ઊંચુ હતું. જોકે અપવાદ સ્વરૂપ કિસ્સાઓ પણ પ્રાપ્ત થાય છે.

આમ ઋગ્વેદકાળમાં સ્ત્રીસન્નમાન ઠીક ઠીક રહી શકાય તેવું હતું. પરંતુ બ્રાહ્મણ કાળ અને ઉપનિષદોના સમયમાં સ્ત્રીનું સ્થાન શ્રેષ્ઠતમ કહી શકાય તેવું જોવા મળે છે. તેમાં ખારીની બે સ્થિતિ જોવા મળે છે. સયોદવાહા જે સ્ત્રી બ્રહ્મચર્ય પૂર્ણ કરીતે ગૃહસ્થાશ્રમમાં જોડાતી અને આશ્રમના નિયમોનું પાલન કરતી તે માતૃત્વ ધારણ કરતી હતી. જ્યારે બ્રહ્મવાદિની સ્ત્રીઓ પોતાનું સંપૂર્ણ જીવન બ્રહ્મ ચિંતનમાં અને બ્રહ્મ વિષયક વ્યાખ્યાનમાં પસાર પણ બતાવી શકાય છે. તેમાં મૈત્રેયી અને સ્ત્રીઓ અધ્યાત્મક ક્ષેત્રે યોગદાન પણ બતાવી શકાય છે. તેમાં મૈત્રયી અને બીજી ગાર્ગી.

આમ એકદરે જોઈએ તો આર્યોએ સ્ત્રી સન્નમાન પૂર્ણ રીતે વ્યક્ત કર્યુ છે. ઋગ્વેદના સમયમાં તો અમુક યજ્ઞો કાર્યમાં સ્ત્રીની કોઈપણ પણ પ્રકારનું કામ સોંપવામાં આવતું નહી જ્યારે ઉપનિષદનો સમયમાં રૂદયાગ જેવા યજ્ઞમાં શિક્ષિત સ્ત્રીઓ જ સંપૂર્ણ યજ્ઞકાર્ય કરી શકતી. એટલે શૈષણિક યોગ્યના કહી શકાય કે નારીનું ઉદાન ચીરત્ર ઉચ્ચ આદર્શ, શૈક્ષણિક યોગ્યતા, સામાજિક સહયોગ જેવા ગુણોના લીધે નારી ચરિત્ર પુર્ણ સન્નમાન સાથે રજુ થયું છે.

### ૬.૪.૭) આર્યોનું અધ્યાત્મક ચિંતન :

ઋગ્વેદસંહિતાના મંત્રોમા અધ્યાત્મકચિંતન પ્રમાણમાં ઓછું જોવા મળે છે. કેમ કે ઋગ્વેદના મંત્રોનો મોટા ભાગ દેવતાઓની સ્તુતિ કે પ્રાર્થના રોકાયેલા છે. જ્યારે આ મંત્રોને બાદ કરીએ તો સૃષ્ટિની ઉત્પત્તિ વિષયક સૂક્તોમાં અધ્યત્મ ચિંતન જોવા મળે છે. જ્યારે અનાર્ય વિષયક જે મંત્રો પ્રાપ્ત થાય છે. તેમાં અધ્યાત્મકો અભાવ છે.

વૈદિક સંહિતાઓ પછી બ્રાહ્મણ ગ્રન્થો, આરણ્યકો અને ઉપનિષદો એ આર્યોની અનુપમ કૃતિઓ છે. એમની રચના અનાર્ય વિદ્વાનોએ પણ ફાળો આપ્યો છે. આમ જ્ઞાનના

પ્રત્યેક ક્ષેત્રમાં તેમના સૂક્ષ્મ વિવચેન અને વિચારોની ક્રમબધના જોવા મળે છે. આર્યોની આત્મ વિદ્યાનું શિખર ઉપનિષદોમાં સર થયેલું જોવા મળે છે. જો કે ઉપનિષદો ના સમયમાં પણ યજ્ઞ પરંપરા તો ચાલું જ હતી. પરંતુ તેની સાથે સાથે તત્વદર્શનની ચળવળે જોર પકડયું હતું. ઋગ્વેદમાં આર્યોને ઘણા પશ્નો ઉદ્‌ભવ્યા હતાં એ વિચારો સૃષ્ટિની ઉત્પત્તિ અને પરમ સત્ય વિશેના હતાં તે પ્રશ્નો નું સમાધાન આ ઉપનિષદોમાં વિ✓ના સુસંવાદી અને નિયમિત તંત્રનો એક સ્રષ્ટા હોવાનો આર્યોને ખ્યાલ આવ્યો.

ઉપનિષદો મુજબ નિર્જીવ અને સજીવ બધા જ પદાર્થો પરમાત્મામાંથી ઉત્પન્ન થયા છ. એનાથી તેઓ ટકી રહ્યા છે. અને અંતે એમા જ ભળવાના છે. પરમાત્મા પિંડમાં અને બ્રહ્માંમાં વસેલા છે. પરમાત્મા અવિનાશી, એક અદ્વિતીય, અને અવિકારી છે. તથા તે વાળી થી પર છે. અને ઈન્દ્રિયાતીન છે. એ જણાય જાય તો બાકી કશું જાણવાનું રહેતું નથી. ઉપનિષદોમાં તેને નેતિ નેતિ નેતિ કહી એવા શબ્દોથી વર્ણવાય છે. એટલે કે સત ચિત અને આનંદરૂપ છે. જીવાત્મા આ પંચભૂતના બનેલા શરીરથી ભિન્ન છે. જીવાત્મા અને પરમાત્મા વચ્ચે ગાઢ સંબંધ છે. આ પરમાત્મા સત્ય સ્વરૂપ નો સાક્ષાતકાર કરવો એ ઉપનિષદોનું હાર્દ છે.

ઉપનિષદો કર્મ અને પુનર્જન્મના સિધ્ધાંત પણ રજુ કરે છે. જોકે આ સિધ્ધાતોના બીજ ઋગ્વેદમાંથી પ્રાપ્ત થાય છે. આ સિધ્ધાંત માણસનું મૃત્યું થતાં તેનું શરીર મૃત્યું પામે છે. આત્મા મરતો નથી તે બીજુ શરીર ધારણ કરે છે. કર્મના ફળ અનુસાર માણસ સુખ, દુઃખ કે મોક્ષની પ્રાપ્તિ કરે છે.

આમ ઋગ્વેદમાંથી પ્રગટ થયેલી અધ્યાત્મની ગંગોત્રી ઉપનિષદોમાં પૂર્ણ થાય છે. ઋગ્વેદના ઋષિઓના મનમાં જે પ્રશ્નો જન્મ્યા હતાં તેનું સમાધાન આ ઉપનિષદોના અધ્યાત્મીજ્ઞાન થી થાય છે. આમ ઉપનિષદોનું સર્જન આર્યોની અનુપમ ભેટ છે.

### ૬.૪.૮) વિ✓કલ્યાણની ભાવના : (રાષ્ટ્ર પ્રેમ)

*अयं निजः परोवेति गणना लधुयेतसाम् ।*
*उदारचरितानां तु वसुधैव कुदुम्बकम् ॥*

ઋગ્વેદના મંત્રોમાં માણસ પોતાની બુધ્ધિ પ્રમાણે જે .... શોધે તે મળી રહે તેમ છે. તેમાં પ્રકૃતિના વિવિધ તત્વોમાં દેવત્વ પણ જોઈ શકાય અધ્યાત્મ ચિંતનના બીજ પણ

જોઈ શકાય, તાત્કાલિન સમયના સંઘર્ષનું પ્રતિબિંબ પણ જોઈ શકાય તેમ વિ✓મંગલ કામના કે રાષ્ટ્રપ્રેમ પણ નિહાળી શકાય. વૈદિક આર્યોએ ઉદારતાનો આશ્રય લઈને સંહીણતા ને પોતાની પાસે આવવા દીધી નથી. પરિણામે વૈદિક સાહિત્યમાં વિ✓બંધુત્વની ભાવનાનો વિકાસ થયેલો જોવા મળે છે. જો કે ઋગ્વેદ મંત્રસંહિતા નો પ્રશ્ન છે ત્યાં સુધી તેમાં છેક ૧૦ મંડળમાં વિ✓ મંગલ કામના જોવા મળે છે. અને ૧૦ મંડળ વિદ્વાનો પુર્ણ રીતે અર્વાચીન ગણે છે. આથી આર્યો સંપૂર્ણ રીતે સ્થિર થયા ત્યાર પછી તેઓ વિ✓ મંગલ કામના અને શાંતિનો સંદેશ આપે છે. પરંતુ ત્યાર પછીના સાહિત્યમાં એટલે સામવેદ, યર્જુવેદ, અને અથર્વવેદ માં પણ રાષ્ટ્રભાવના અને વિ✓કલ્યાણની ભાવના વ્યક્ત થયેલી જોવા મળે છે.

ઋગ્વેદમાં ૧૦ મંડળોમાં વૈદિક આર્યો ઈ✓રને માત્ર પ્રાર્થના નથી કરતાં પરંતુ સમગ્ર વિ✓ના કલ્યાણ માટે આ આશીર્વાદ માગે છે. આર્યો વ્યક્તિ અને સમાજથી ઉપર જઈને સમગ્ર વિ✓ની પ્રજા માટે મંગલમય ભવિષ્ય માટે પ્રાર્થના કરે છે. આવી જ ભાવના ઋગ્વેદના આ મંત્રમાં વ્યક્ત થતી જોવા મળે છે.

*सं गच्छध्वं संवदध्वम, सं वो मनांसि जानताम् ।*
*देवा भागं यथा पूर्व सं जानानो उपासते ॥*

આ મંત્રનો ભાવાર્થ એ છે કે જેવી રીતે આદિકાળથી વિદ્યમાન દિવ્ય શક્તિઓથી સમ્પન્ન સૂર્ય–ચંદ્રાદિ દેવ પરંપરા અવિરોધ ભાવથી પ્રેમથી પોતાના કાર્ય કરે છે. એવી રીતે અમે પણ એવા જ ભાવથી પ્રેરાઈને એક કાર્યમાં પ્રવૃત થઈ સદ્‌ભાવથી રહિએ તેમજ ૧૦ મંડળના દષ્ટા ઋષિ અગિરસ માનવમાત્રને ઉપદેશ આપતા કહે છે કે

***समानी व आकूतिः समाना हृदयानि वः ।***
***समानवस्तु वो मनः यथा वः सुसहासिति ॥***

૧૦–૧૬૬/૪

ઋષિ કહે છે બધા જ માનવીઓના ચિત્ત હૃદય, તથા મન સમાન હો, ત્યારે જ વિ✓ના બધા જ પ્રાણીઓ પરસ્પર સૌહાર્દ થી રહી શકે

અહીં એક નોંધનીય વાત એ છે રાષ્ટ્રપ્રેમ વ્યક્ત મંત્રોમાં ક્યાર 'રાષ્ટ્ર' શબ્દનો પ્રયોગ થયેલો નથી તેથી કદાચ આર્યા ભારતવર્ષ નહી પરંતુ વિ✓કલ્યાણની ભાવના

વ્યક્ત કરવામાં આવી છે. આ સંદર્ભ માં શ્રી પ્રવિણચંદ્ર ચિ. પરીખનું વિધાન નોંધવા યોગ્ય છે. ''શરૂઆતમાં આર્ય ટોળીઓ અનાર્યો સાથે લડતી અનાર્યો ઉપર વિજય પ્રાપ્ત થતાં શ્રેષ્ઠતા સાબિત કરવા માટે અંદરો અંદર લડાયો થવા લાગી આર્યો અંદરો અંદર ઝઘડાવા લાગ્યા. આ આંતરિક સંઘર્ષમાં છેવટે ભારતોનો વિજય થયો તેનું આધિપત્ય સ્થાપતા તેના નામ પરથી 'ભારતવર્ષ' એવું નામ પડ્યું.'' એટલે આર્યોએ વ્યક્તિ રીતે ભારતને સંબોધીને રાષ્ટ્રપ્રેમ રજુ કર્યાના પુરાવાઓ ઋગ્વેદમાંથી પ્રાપ્ત થતાં નથી.

ઋગ્વેદ પછીના સાહિત્યમાં પણ વિ✓મંગલ કામના જોવા મળે છે. વિ✓ શાંતિ વિ✓બંધુત્વની ઉદ્દાત ભાવનાથી ઓતપ્રેત વેદિક મંત્રોમાં માનવમાત્રના પરસ્પર પ્રેમ, સોહાર્દ ની ભાવના ઉત્પન્ન થાય છે. એવી કામના કરવામાં આવી છે યજુર્વેદમાં કહેવાયું છે.

*मित्रस्याहं चक्षुषा सर्वाणि भूतानी समीक्षे ।*
*मित्रस्य यक्षुष समीक्षामहे ॥ यजु ।३६–१८।।*

હું મિત્રની દષ્ટિથી બધાને દેખુ તથા આપણે બધા એક બીજાને મિત્ર પ્રાપ્તિ કરે એટલા માટે સવિતા દેવીને પ્રાર્થના કરવામાં આવી છે. જેમ કે

*विक्तानि देव सवितर्दुरितानि परासुव ।*
*यद्र भद्रं तन्न आसुव ॥ यजु ।३०–३ ॥*

હે સવિતા દેવી બધા જ પાપ કર્મોથી અમને દૂર કરો અમને બધી જ જગ્યાએથી કલ્યાણ કારક વસ્તુઓ પ્રાપ્ત થાય.

આમ વિ✓કલ્યાણની ઉદ્દાત ભાવનો વેદમંત્રોમાં જોવા મળે છે. જે સમગ્ર માનવ જાતિ માટે આદર્શ અને શ્રેષ્ઠર છે.

### ૬.૪.૯) સંસ્કૃતભાષાનો વિકાસ :

વિ✓માં આજે ૨૫૦૦ ભાષાઓ પ્રાપ્ત થાય છે. આ ભાષાઓના વૈજ્ઞાનિક અભ્યાસોની શરૂઆત ભાષાવિજ્ઞાન દ્વારા આ ભાષાઓના તુલનાત્મક અભ્યાસો થયા. એમાં ભાષાઓમાં જોવા મળતા આંતરિક સામ્યના આધારે તે ભાષાઓને ૧૩ પરિવારોમાં વિભાજન કરવામાં આવ્યું જે ભાષામાં વચ્ચે લોહિના સંબંધો જોવા મળ્યાં તે ભાષાઓને

જે–તે પરિવારમાં મુકવામાં આવી આ રીતનો એક પરિવાર એટલે ‘ભારોપીય–પરિવારની ભાષાઓ આ પરિવારમાં આવતી ભાષાઓ ભારતમાં અને યુરોપીય દેશોમાં બોલવામાં આવે છે. એટલે કે જર્મન, લેટિન, ગ્રીક, આલ્બેનિયન, અર્મેની સ્લાવોનિક, અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, હિન્દી, પંજાબી આ બધી ભાષાઓ કોઈ એક ભાષામાંથી ઉત્તરી આવેલી છે. આથી બા બધી ભાષાઓ માં અત્યંત સમાનતા જોવા મળે છે.

આ આટલી સમાનતા શા માટે જોવા મળે છે. તેનો જવાબ આપતા ભાષાવિદો કહે છે. વિ✓ની પ્રજાના સ્થાળાંતરને લીધે એક ભાષાના શબ્દો–બીજી ભાષાના જન્મે છે. આ પ્રશ્ને વિસ્તૃત સમજવા માટે આપણે ભાષાવિજ્ઞાનીકોના વિચારોની વિસ્તૃત ચર્ચા કરીએ.

ભારતમાં આર્યોના આયમન પૂર્વ સિંધુઘાટીમાં આર્ય –અનાર્ય જાતિઓ નિવાસ કરતી હતી. તેમાં ખાસ કરીને દાસ, દસ્ય, દવિડીના નિષાદ, અને કિરાતજાતિના લોકો વસતા હતાં તેની ભાષા સુવ્યસ્થિત હતી. આ સમયે આર્યોનું આગમન ભારતમાં થયું. તેઓ ભારત ઈરાની ભાષા સાથે લઈ આવ્યા હતાં. કારણ કે આર્યો ઈરાનમાં થઈને ભારતમાં વસ્યા હતાં તેથી તેઓ ભારતમાં આવ્યા ત્યારે તેઓને ઈરાની ભાષાનું જ્ઞાન હતું. જ્યારે તેઓ ભારતમાં આવ્યા ત્યારે તેણે ભારતમાં જ વૈદિક સાહિત્યની રચના કરી એ વૈદિક સાહિત્યમાં જે મંત્રો જોવા મળે છે તેમાં સંસ્કૃત ભાષા છે. પરંતુ આર્યોના મનમાં ઈરાની ભાષાની છાપ હોવાથી ઈરાની ઓના ધર્મગ્રન્થ અવેસ્તા અને વૈદિક સંસ્કૃતમાં સમાનતા જોવા મળે છે.

આર્યોના ભારત આગમન પછી આર્યોએ યજ્ઞ અને કર્મકાંડોની શરૂઆત કરી. આ યજ્ઞ અને કર્મકાંડીની વિધિ વિધાનોની ભાષા જે વૈદિક ભાષાનું નુતન સ્વરૂપ કહી શકાય આ ભાષાને બ્રાહ્મગ્રન્થોનું સંસ્કૃત કહી શકાય આ સમયે ભારતવર્ષમાં પણ અનાર્ય લોકોએ આ આર્યભાષા સ્વીકારી લીધી અને સમગ્ર ભારતમાં આર્ય ભાષાના પ્રસાર થયો. આર્યો અને અનાર્યોઓના સંયુક્ત પ્રયાસોથી ગદ્યાત્મક બ્રાહ્મણો અને ઉપનિષદોની નવીન ભાષાના પાયા પર જે એક સંસ્કારેલી ભાષાનુંનિર્માણ થયું તે ‘સંસ્કૃત’ ભાષા કહેવાયું

આ ભાષા શિષ્ટજનોની ભાષા તરીકે ઓળખાવા લાગી અને વૈદિકકાળ પછી પ્રાચીન ભારતની શિષ્ટ અને સુવ્યવસ્થિત ભાષા તરીકે સ્થાપીત થઈ. ત્યારે પછીના સમયમાં બૌધૌ અને જૈનોએ પણ આ ભાષાને સ્વીકારી અને મહામુની પાષ્ણનીએ આ ભાષાનો

પુનઃ ઉધારણ કરી સુવ્યવસ્થિત કરી. આમ ભાષાવિદ ચેટરજી સાહેબ શબ્દોમાં કહીએ તો અનાર્ય ભાષા બોલનારી જુદી–જુદી જાતિઓ તથા આર્યભાષીઓ વચ્ચે આર્ય ભાષા મજબુત અને શક્તિશાળી બંધન સમાન બની. સંસ્કારિક્તાનો જે સમન્વય તેની પાછળ રહેલો છે. તેને કારણે સર્વ સમુહોના લોકો તેની પોતાની ભાષા તરીકે સ્વીકારી શક્યા.

આમ આર્યો–અનાર્યો ના સાંસ્કૃતિક સમન્વયમાંથી સંસ્કૃત ભાષાનો વિકાસ થયો. અનાર્ય ભાષના સિધા શબ્દો પણ સંસ્કૃતમાં તેના તેજ સ્વરૂપો સ્વીકાર્ય બન્યા. ત્યારબાદ લૌકિક સંસ્કૃત અને તેમાંથી ભારતના વિવિધભાગમાં બોલાતી ભાષા ગુજરાતી, હિન્દી, મરાઠી, પંજાબી, જેવી ભાષાનો વિકાસ થયો. એટલે આ ભાષાનો વિકાસએ સંસ્કૃત ભાષાનો વિકાસ ગણાવી શકાય.

### ૬.૪.૧૦) સાંસ્કૃતિક સમન્વય :

આર્યો–અનાર્યોના સંઘર્ષ બાદ બન્ને સમન્વય સંધાયો. આર્યતરો એ આર્ય ભાષા પણ અમનાળી લીધી પરિણામે મોટા ભાગના આર્યેતરોના જીવન, ધર્મ, તત્વજ્ઞાન ઐતિહાસિક અને પૌરાણિક પરંપરાઓનું આર્યકરણ થયું. આ સમન્વયથી ભારતીય સંસ્કૃતિનો દેહ બંધાયો.

આર્યો–અનાર્યોની વિભાવનાઓ કેવી પ્રબળ હતી તેની માહીતી ઋગ્વેદ પછીના સાહિત્યમાંથી મળે છે. આર્ય–અનાર્યો થોડો સમય પોત–પોતાની સંસ્કૃતિને વળગી રહ્યા હશે. પોતાના વિચારો શુધ્ધ રહે એ માટે ઘણા પ્રયત્નો પણ કર્યા હશે. પરંતુ આ સિધ્ધાંત લાંબા સમય સુધી ચાલ્યો નહી હોય કેમ કે આર્યોની સંખ્યા પ્રમાણમાં અનાર્યો કરતાં ઓછી હતી જ્યારે સતા અને શક્તિ ની બાબતમાં આર્યો ચડીયાતા હતાં એટલે એકબીજાની સંસ્કૃતિઓ સ્વીકાર્ય વગર ચાલે તેમ પણ ન હતું. વળી આર્યોના લગ્નસંબંધો પણ અનાર્ય સ્ત્રીઓ સાથે થાય છે. આથી એ સ્ત્રીઓ પોતાની સાથે પોતાના રિત–રિવાજો અને પરંપરાઓ પણ લઈ આવી હશે તે બધુ આર્યોએ સ્વીકારી લીધું હશે.

આમ અનાર્ય સંસ્કૃતિનું કાપડ અને સંસ્કૃતિનું સીતારાઓથી ભારતીય સંસ્કૃતિનું પટોળું વણાયેલું છે. જે સમન્ય અને એ સમજપૂર્વકના સમન્વયનું પરિણામ છે.

❑

## પાદટીપ

૧. જ્ઞાનગંગાની શ્રેણી–ભારતદર્શન ભાગ–૧ (ઈતિહાસયુગ પૃ–૧૬

૨. ઋગ્વેદસંહિતા ॥૧૦–૧૨૮–૯॥

૩. ઋગ્વેદસંહિતા ॥૧૦–૧૩૧–૧॥

૪. ઋગ્વેદસંહિતા ॥૧૦–૧૧૬–૫॥

૫. ઋગ્વેદસંહિતા ॥૧–૧૦૮–૬॥

૬. ऋग्वेदमें इन्द – સુધા રસ્તોગી પૃ–૧૧૩ (૧૧૬)

૭. ઋગ્વેદસંહિતા ॥૭–૨૧–૫॥

ooo

## પરિશિષ્ટ–૧

## ઋગ્વેદ મંત્ર સંહિતામાં પ્રસિદ્ધ દેવતાઓ માટે પ્રયોજીત મંત્રોની યાદી (ખિલ સૂક્તો સાથે)

| | ૧ મંડળ | બીજું મંડળ | ત્રીજું મંડળ | ચોથું મંડળ | પાંચમુ મંડળ | છઠ્ઠું મંડળ | સાતમું મંડળ | આઠમું મંડળ | નવમું મંડળ | દસમું મંડળ | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ાનું નામ | મધુરછન્દા ઋષિ | ગૃત્સમઢ ઋષિ | વિ✓ામિત્ર ઋષિ | વામદેવ ઋષિ | અત્રિ ઋષિ | ભારદ્વાજ ઋષિ | વસિષ્ઠ ઋષિ | કણ્વાગિરા ઋષિ | અલગ–અલગ ઋષિઓ | નારાયણ ઋષિ | |
| ૨૮ | ૧૯૧ સૂક્તો | ૪૨ સૂક્તો | ૬૨ સૂક્તો | ૫૮ સૂક્તો | ૮૭ સૂક્તો | ૭૫ સૂક્તો | ૧૦૪ સૂક્તો | ૧૦૩ સૂક્તો | ૧૧૪ સૂક્તો | ૧૯૧ સૂક્તો | |
| | ૨૦૦૬ મંત્રો | ૪૨૯ મંત્રો | ૬૧૭ મંત્રો | ૫૮૮ મંત્રો | ૭૨૭ મંત્રો | ૭૬૫ મંત્રો | ૮૪૧ મંત્રો | ૧૭૧૬ મંત્રો | ૧૧૦૮ મંત્રો | ૧૭૪ મંત્રો | |
| | ૪૬૯ | ૧૩૬ | ૨૧૯ | ૧૯૩ | ૧૮૪ | ૨૭૮ | ૧૭૨ | ૮૬૭ | – | ૪૨૪ | |
| ન | ૪૦૭ | ૭૮ | ૧૮૬ | ૧૨૬ | ૧૨૦ | ૧૬૨ | ૧૧૮ | ૨૭૧ | – | ૨૮૨ | |
| નૌ | ૨૧૩ | ૧૧ | ૦૯ | ૨૩ | ૪૮ | ૨૨ | ૫૬ | ૧૯૮ | – | ૫૪ | |
| દેવો | ૧૫૨ | ૧૭ | ૫૪ | ૧૦ | ૧૨૦ | ૬૫ | ૮૨ | ૫૮ | – | ૨૬૪ | |
| ો | ૧૩૫ | ૧૬ | ૦૩ | – | ૧૧૮ | ૧૮ | ૫૦ | ૭૪ | – | ૧૭ | |
| | ૮૪ | – | ૦૭ | ૧૮ | ૧૬ | ૧૨ | ૪૧ | ૦૧ | – | ૦૪ | |
| | ૩૯ | – | – | ૦૧ | ૦૧ | – | ૧૧ | ૦૨ | – | ૪૦ | |
| ાવઢણૌ | ૩૭ | – | ૦૩ | – | ૫૯ | ૧૧ | ૩૮ | ૨૫ | – | – | |
| ા | ૩૧ | ૧૧ | – | – | ૦૮ | – | ૨૭ | ૧૪ | – | ૦૧ | |
| પૃથિવી | ૨૩ | ૦૪ | – | ૦૮ | – | ૦૬ | ૦૩ | – | – | ૦૩ | |
| ગ્નિ | ૨૨ | – | ૦૮ | – | ૦૭ | ૨૫ | ૨૦ | ૨૨ | – | ૦૫ | |
| તા | ૧૭ | ૧૧ | ૦૩ | ૧૩ | ૧૪ | – | ૧૦ | – | – | ૦૯ | |

# પરિશિષ્ટ–૧

## ઋગ્વેદ મંત્ર સંહિતામાં પ્રસિદ્ધ દેવતાઓ માટે પ્રયોજીત મંત્રોની યાદી (ખિલ સૂક્તો સાથે)

| | ૧ મંડળ | બીજું મંડળ | ત્રીજું મંડળ | ચોથું મંડળ | પાંચમુ મંડળ | છટ્ઠું મંડળ | સાતમું મંડળ | આઠમું મંડળ | નવમું મંડળ | દસમું મંડળ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ાનું નામ | મધુરછન્દા ઋષિ | ગૃત્સમઢ ઋષિ | વિ✓ામિત્ર ઋષિ | વામદેવ ઋષિ | અત્રિ ઋષિ | ભારદ્વાજ ઋષિ | વસિષ્ઠ ઋષિ | કણ્વાગિરા ઋષિ | અલગ–અલગ ઋષિઓ | નારાયણ ઋષિ |
| ર૮ | ૧૯૧ સૂક્તો | ૪૨ સૂક્તો | ૬૨ સૂક્તો | ૫૮ સૂક્તો | ૮૭ સૂક્તો | ૭૫ સૂક્તો | ૧૦૪ સૂક્તો | ૧૦૩ સૂક્તો | ૧૧૪ સૂક્તો | ૧૯૧ સૂક્તો |
| | ૨૦૦૬ મંત્રો | ૪૨૯ મંત્રો | ૬૧૭ મંત્રો | ૫૮૮ મંત્રો | ૭૨૭ મંત્રો | ૭૬૫ મંત્રો | ૮૪૧ મંત્રો | ૧૭૧૬ મંત્રો | ૧૧૦૮ મંત્રો | ૧૭૪ મંત્રો |
| | ૧૭ | ૧૫ | – | – | ૦૧ | – | ૦૫ | – | – | – |
| | ૧૪ | ૦૨ | – | ૦૭ | ૦૧ | – | ૦૯ | ૧૩ | – | ૦૭ |
| સ્પતિ | ૦૯ | – | ૦૩ | ૦૯ | – | – | ૦૬ | – | – | ૩૨ |
| ાયુ | ૧૦ | – | – | ૦૯ | ૦૩ | – | ૧૦ | – | – | – |
| સ્ | ૦૮ | – | – | – | – | – | ૦૮ | – | – | ૩૬ |
| ણસ્પતિ | ૧૧ | ૨૮ | – | – | – | – | ૦૬ | – | – | ૦૨ |
| દિત્ય | ૦૩ | ૧૭ | – | – | – | – | ૧૬ | ૫૧ | – | ૦૩ |
| | – | – | – | – | – | ૪૦ | – | ૦૪ | ૦૧ | ૦૭ |
| ી | ૧૭૦૯ | ૩૪૬ | ૪૯૬ | ૪૧૭ | ૭૦૦ | ૬૩૯ | ૬૮૮ | ૧૬૦૦ | ૧૧૦૮ | ૧૧૭૨ |
| | ૨૯૭ | ૮૩ | ૧૨૧ | ૧૬૧ | ૨૭ | ૧૨૬ | ૧૫૩ | ૧૧૬ | – | ૫૭૬ |

ાણતરી આચાર્ય સાતવલેકરજી મુજબની છે.

## પરિશિષ્ટ–૨

## ઋગ્વેદસંહિતામાં વપરાયેલા છંદોની ગણતરી (ખિલ સૂક્તો સાથે)

| | મંડળ–૧ | મંડળ–૨ | મંડળ–૩ | મંડળ–૪ | મંડળ–૫ | મંડળ–૬ | મંડળ–૭ | મંડળ–૮ | મંડળ–૯ | મંડળ–૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ું નામ | ૧૯૧ સૂક્તો ૨૦૦૬ મંત્રો | ૪૩ સૂક્તો ૪૨૯ મંત્રો | ૬૨ સૂક્તો ૬૧૭ મંત્રો | ૫૮ સૂક્તો ૫૮૮ મંત્રો | ૮૭ સૂક્તો ૭૨૭ મંત્રો | ૭૫ સૂક્તો ૭૬૫ મંત્રો | ૧૦૪ સૂક્તો ૮૪૧ મંત્રો | ૧૦૩ સૂક્તો ૧૭૧૬ મંત્રો | ૧૧૪ સૂક્તો ૧૧૦૮ મંત્રો | ૧૯૧ સૂક્તો ૧૭૪ મંત્રો |
| ુપ | ૭૦૭ | ૨૧૪ | ૪૦૦ | ૪૦૭ | ૨૮૫ | ૪૮૦ | ૫૯૫ | ૮૧ | ૧૪૯ | ૮૮૧ |
| ત્રી | ૫૦૪ | ૫૩ | ૯૯ | ૧૧૧ | ૮૫ | ૧૩૩ | ૬૧ | ૭૪૮ | ૬૦૬ | ૧૨૦ |
| ી | ૩૫૪ | ૧૩૦ | ૫૦ | ૩૪ | ૧૦૯ | ૪૪ | ૩૯ | ૨૧ | ૧૬૮ | ૩૩૯ |
| ષ્ટુપ | ૧૩૫ | ૦૫ | ૨૫ | ૨૩ | ૧૫૮ | ૪૦ | ૦૮ | ૧૦૭ | ૫૦ | ૨૫૮ |
| | ૦૨ | – | – | ૦૧ | – | – | – | – | – | – |
| ન | ૧૦૩ | – | – | ૦૪ | ૪૯ | ૦૨ | ૦૧ | ૮૧ | ૧૯ | ૮૧ |
| ટ | ૦૫ | ૦૨ | – | ૦૧ | – | – | – | – | – | – |
| ીક | ૧૯ | – | ૧૦ | ૦૫ | ૧૫ | ૦૯ | ૦૧ | ૨૦૭ | ૪૧ | ૦૯ |
| ટ | ૧૨ | ૨૧ | ૦૬ | ૦૧ | ૧૦ | ૦૭ | ૬૯ | ૧૬ | ૨૭ | ૧૨ |
| રી | – | – | – | ૦૧ | – | ૦૭ | ૦૧ | ૦૭ | – | ૪ |
| શકવરી | ૧૩ | ૦૩ | – | – | – | ૦૧ | – | – | – | – |
| તે | ૮૦ | ૦૧ | ૨૭ | – | ૦૯ | ૪૦ | ૬૫ | ૪૨૬ | ૪૫ | ૩૮ |
| નિચુત | – | – | – | ૦૧ | ૦૭ | ૦૨ | ૦૧ | ૨૨ | – | ૦૬ |
| ષ્ટિ | ૬૫ | – | – | – | – | – | – | – | ૦૩ | – |

ગણતરી આચાર્ય સાતવળેકરજી મુજબની છે.

# સંદર્ભગ્રન્થોની સૂચિ

## સંસ્કૃત ગ્રન્થો


(१) अग्निपुराणम् ।
आचार्य बलदेव संपादित
चौखम्बा संस्कृत सीरीज,
वाराणसी – १९६६

(२) अथर्ववेदसंहिता ।
आचार्य बलदेव संपादित
वैदिक यन्त्रालय
अजमेर वि. सं. २०६२

(३) अमरकोश ।
पंडित शिवदत्त संपादित
निर्णय सागर प्रेस
बम्बई – १९४४

(४) इशावास्योपनिषद् ।
સરસ્વતી પુસ્તક ભંડાર
અમદાવાદ–૧૯૯૨

(५) ऐतरेयारण्यकम्
એ.બી.કીથ સંપાદિત
ઓકસફોર્ડ યુનિવર્સિટી
લંડન–૧૯૦૯

(६) ऐतरेयोपनिषद ।
आनंदाश्रम संस्कृत ग्रंथावली
१९३५

(७) ऋग्वेद संहिता ।
वैदिक संशोधन मण्डल
पुना – १९५१

(८) तैत्तिरीयोपनिषद ।
आचार्य नारायणराम संपादित
निर्णयसागर प्रेस
बम्बई – १९४८

(९) बृहदारण्योकोषनिषद ।
आचार्य नारायणराम संपादित
निर्णयसागर प्रेस
बम्बई – १९४८

(१०) मुण्डकोपनिषद ।
आचार्य नारायणराय संपादित
निर्णयसागर प्रेस
बम्बई – १९४८

(११) मनुस्मृति
मस्तु साहित्यवर्धक कार्यालय
अमदावाद – १९७३

(१२) मैत्रायणीय संहिता ।
पंडित सातवलेकर संपादित
स्वाध्यायमण्डल सतारा
बम्बई – १९८८

(१३) यजुर्वेदः
मोतीलाल बनारसीदास
दिल्ही – १९९०

(१४) पुराणेषु इन्द्रचरीतम् ।
नाग प्रकाशन
प्रथमावृत्ति - १९९०

## हिन्दी ग्रन्थो

(१) ऋग्वेद का सुबोध भाष्य ।
पंडित सातवलेकरजी
स्वाध्याय मण्डल (वलसाड)
१९६५

(२) ऋक् प्रातिशाख्य ।
सिद्धेक्तर भट्टाचार्य
काशी हिन्दु विक्तविद्यालय,
वाराणसी-१९७०

(३) ऋक्सूक्तसन्चय
प्रकाश प्रकाशन अमदावाद - २००३

(४) ऋग्वेद में इन्द्र ।
कृष्णदास संस्कृत सीरीज - १२
सुधा रस्तोगी
२०३८

(५) काव्यप्रकाश ।
डो. अम्बालाल प्रजापति,
पार्क्त प्रकाशन
अहमदाबाद

(६) छन्दशास्त्रम् ।
पंडित केदारनाथ शर्मा
परिमल पब्लिकेशन प्रा. लि.
१९८१

(७) निढक्तम् ।
आनंदाश्रम ग्रन्थावली
पुना - १९२१

(८) प्राचीन भारत में हिन्दु राज्य
बाबु वृन्दावनदास
साहित्य प्रकाशन,
मालिवाडा,
नई सडक - दिल्ही १९७२

(९) प्राचीन भारत की संग्रामिक्ता
पंडित रामदीन पाण्डेय
बिहार राष्ट्रभाषा परिषद
पटना - ३, १९५७

(१०) भारत की गुलामी के बाइसौ साल
प्रदिपकुमार मौर्य
भारतीय दलित साहित्य अकादमी
दिल्ही - २००२

(११) भारत के मूलनिवासी और आर्य आक्रमण
स्वप्न कुमार विक्तास
ओरियन बुक्स
कोलकाता - २००२

(१२) वैदिक मादूथोलोजी
अनु. रामकुमार राय
चौखम्बा विद्याभवन
वाराणसी - १९६१

(१३) वैदिक छन्दो भीमांसा ।
पंडित युधिष्ठिर संपादित
रामलाल कपुर ट्रस्ट
अमृतसर - १९५९

(१४) वैदिक साहित्य ।
(ज्ञानपीठ लोकदिप ग्रन्थमाला)
पंडित रामगोविंद त्रिवेदी
भारतीय ज्ञानपीठ - काशी
बनारस - १९५०

(१५) वेदो में भारतीय संस्कृति ।
पंडित आथादत ठाकुर
हिन्दी समिति
सुचना विभाग
लखनाउ - १९३७

(१६) वैदिक साहित्य और संस्कृति
आचार्य बलदेव उपाध्याय
शारदा मन्दिर काशी
१९६७

(१७) वैदिककोश
सूर्यकान्त शास्त्री
हिन्दी विक्तविद्यालय
१९६५

(१८) वैदिक सम्पत्ति ।
शेठ सुखी वल्लभदास
बम्बई - १९९६

(१९) वैदिक इन्डेक्स । (हिन्दी अनुवाद)

चौखम्बा विद्याभवन

काशी - १९६५

(२०) संस्कृत हिन्दी कोश

वामन शिवराम आप्टे

अमर पब्लिकेशन

सती चौतरा

वाराणसी

## ગુજરાતી ગ્રન્થોની સૂચિ

(૧) ઋગ્વેદપ્રવેશિકા

એલ. વી. જોશી

નારાયણ કંસારા અને અન્ય

સરસ્વતી પુસ્તકભંડાર

અમદાવાદ – જૂન ૧૯૯૭

(૨) ઋગ્વેદ ૭ મંડલ

વસન્તકુમાર મ. ભટ્ટ

સરસ્વતી પુસ્તક ભંડાર – ૧૯૯૯

(૩) કાવ્યપ્રકાશ

ગૌતમ પટેલ અને અન્ય

સી. જમનાદાસની કંપની અમદાવાદ – ૧૯૯૫

(૪) પાણિનીય શિક્ષા

ડૉ. જયદેવભાઈ શુક્લ

ગુજરાત યુનિ. અમદાવાદ–૧૯૭૬

(૫) પ્રશિષ્ટ સંસ્કૃત છન્દો
ડો. જી. એસ. શાહ
સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ–૧૯૯૩

(૬) ભગવદ્ગોમંડલ : ભાગ–૨
શ્રી ભગવતસિંહજી રચિત
ગોંડલ નગરપાલિકા ગોંડલ
પ્રથમાવૃત્તિ – ૧૯૪૪

(૭) ભાષાવિજ્ઞાન
(અદ્યતન સિદ્ધાંત વિચારણા)
ડો. કાન્તિલાલ બળદેવરામ વ્યાસ
એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
મુંબઈ.

(૮) રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને ગુજરાત
ડો. શાંતિલાલ દેસાઈ, યુનિ. ગ્રન્થ નિર્માણ બોર્ડ
બીજી આવૃત્તિ – ૧૯૯૯

(૯) વેદપરિચય ભાગ–૧ થી ૫
આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળે✓ર
યુનિ. ગ્રન્થ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ. મે થી ઓગસ્ટ – ૧૯૭૧

(૧૦) વિ✓ની પ્રાચીન સાંસ્કૃતિઓ
ચંદ્રકાંત બક્ષી, અશોક પ્રકાશન–૨૦૦૮

(૧૧) વૈદિક સાહિત્યનો ઈતિહાસ
પાર્✓ પબ્લિકેશન
અમદાવાદ – ૨૦૦૩

(૧૨) વૈદિક સોમવલ્લી અને સોમરસ

ડો. હંસાબેન હિંડોચા

પ્રકાશક – ડો. હંસાબેન હિંડોચા

(૧૩) સમાજવિજ્ઞાન

ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ

ગાંધીનગર

પ્રથમાવૃત્તિ – ૨૦૦૬

(૧૪) સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ

પ્રો. જીતેન્દ્ર દેસાઈ

પાર્✓ પ્રકાશન

અમદાવાદ – ૨૦૦૩

(૧૫) જ્ઞાન ગંગોત્રી શ્રેણી – ૨૨

ભારત દર્શન – ૧

(ઈતિહાસ – આદિયુગ)

પ્રવિણચન્દ્ર ચિ. પરીખ

એસ. પી. યુનિ. વ. વિદ્યાનગર

પહેલી આવૃત્તિ – જા. ૧૯૮૨

## અંગ્રેજી ગ્રન્થ

Vedic Index

A. A. Macdonelland

A.B. Keith, Indian Texts, Series

Motilal banarasidas, Varanasi - 1958

## સામાયિકો

(१) वेद कथाङ्क

गीता प्रेस

गोरखपुर

वि. सं. २०६१

(૨) યુગશક્તિ ગાયત્રી (ગુજરાતી)

પંડિત લીલાપત શર્મા

ગાયત્રી તપોભૂમિ મથુરા દ્વારા પ્રકાશિત

૨૫–૧૦–૨૦૦૦નો અંક